# શ્રી સામાયિક સૂત્ર.

સંસ્કૃત-છાયા સાથે.

( વિધિ, હેતુ, વિવેચન સહિત. )

(મુનિમહારાજ શ્રી ચારિત્રવિજયજીની સહાયતાથી)


સંયોજક અને પ્રકાશક,

મોહનલાલ દલીચંદ દેશાઈ.

બી. એ. એલ્ એલ્. બી.

( હાઇકોર્ટ વકીલ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ. )



વીર સંવત્ ૨૪૩૭.    ઈ. સ. ૧૯૧૧.


જામનગરવાળા સ્વ. શેઠ પ્રેમચંદ કેશવજી તરફથી
પોતાની પત્નિના વાર્ષિક તપના ઉદ્યાપન
નિમિત્તે જૈન બંધુઓને ભેટ.


આવૃત્તિ ૧ લી.    નકલ ૨૦૦૦.



સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન છે.



અમદાવાદ.

ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

કીંમત મફત.



P. P. Ac. Gunratansuriji M.S.    Jin Gun Aaradhak Trust

સમકિત નવિ લહ્યું રે, એ તો રૂલ્યો ચતુર્ગતિ માંહે;
ત્રસ થાવરકી કરૂણા કીની, જીવ ન એક વિરાધ્યો,
તીન કાલ સામાયિક કરતાં, શુદ્ધ ઉપયોગ ન સાધ્યો. સમકિત.
બાહ્ય ક્રિયા સબ ત્યાગ પરિગ્રહ, દ્રવ્ય લિંગ ધર લીનો;
દેવચંદ્ર કહે આવિધ તો હમ, બહુત વાર કર લીનો. સમકિત.

—દેવચંદ્રજી.

**सामाइअ पोसहसं ठिअस्स जीवस्स जाइ जो कालो।**
**सो सफलो बोधव्वो, सेसो संसार फल हेऊ॥**

અર્થ—સામાયિક તથા પૌષધમાં સ્થિત થયેલા જીવનો જે કાળ જાય તે સફળ જાણવો, અને શેષ કાળ છે તે સંસાર ઉપાર્જન કરવાનો હેતુ છે.

‘ મમતા પરિહાર કરો સઘળે,
સમતા સમ સુખ ન કયાંય મળે;
ઘડી બે સમતા થકી ધ્યાન ધરો,
દરરોજ સામાયિક જૈન કરો. ’

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# અનુક્રમણિકા.

## ૧. સામાયિક વિચાર.


| નંબર. | પૃષ્ટ. |
|---|---|
| ૧. પ્રસ્તાવ.... ... ... | ૧ |
| ૨. સામાયિકનું સ્થાન. ... | ૨ |
| ૩. સામાયિકનો શબ્દાર્થ... | ૪ |
| ૪. સામાયિકનાં લક્ષણ.... | ૫ |
| ૫. ૧–સમતા. ... ... | ૫ |
| ૬. સમતાવંત અને સમતાહીનનું ચિત્ર. ... | ૬ |
| ૭. સમતાવંતની વૃત્તિ. ... | ૭ |
| ૮. સમતાનું વિશેષ સ્વરૂપ અ. સ્થિતિસ્થાપકતા.. | ૭ |
| ૯. બ. સ્થિરતા. ... ... | ૭ |
| ૧૦. સર્વ યોગ વિશુદ્ધિ. ... | ૧૧ |
| ૧૧. મનની મુખ્યતા. ... | ૧૧ |
| ૧૨. મનઃશુદ્ધિ. ... ... | ૧૨ |
| ૧૩. વચનશુદ્ધિ. ... ... | ૧૫ |
| ૧૪. કાયવિશુદ્ધિ. ... ... | ૧૫ |
| ૧૫. પાંચ અતિચાર. ... | ૧૬ |
| ૧૬. અતિચારવિચાર ... | ૧૭ |
| ૧૭. એક શંકા. ... ... | ૧૭ |
| ૧૮. તે શંકાનો ઉત્તર. ... | ૧૭ |
| ૧૯. અતિચારનું નિવારણ... | ૧૯ |
| ૨૦. સામાયિકના ૩૨ દોષ. | ૧૯ |
| ૨૧. સામાયિકમાં ટાળવાના ૩૨ દોષ–સજ્ઝાય.... | ૧૯ |
| ૨૨. ૧૦ મનના દોષ. ... | ૨૦ |
| ૨૩. ૧૦ વચનના દોષ ... | ૨૧ |
| ૨૪. ૧૨ શરીરના દોષ. ... | ૨૨ |
| ૨૫. ઉપસંહાર. ... ... | ૨૩ |
| ૨૬. ૨–સંયમ. ... ... | ૨૩ |
| ૨૭. ૩–શુભ ભાવના. ... | ૨૪ |
| ૨૮. (૧) મૈત્રીભાવના.... | ૨૪ |
| ૨૯. (૨) કરૂણા ભાવના.. | ૨૫ |
| ૩૦. (૩) પ્રમોદભાવના.... | ૨૬ |
| ૩૧. (૪) માધ્યસ્થભાવના. | ૨૬ |
| ૩૨. ભાવનાનો ઉપસંહાર... | ૨૬ |
| ૩૩. ૪–આર્તરૌદ્ર ધ્યાનનો ત્યાગ | ૨૭ |
| ૩૪. આર્તધ્યાન–૪ પ્રકાર.... | ૨૭ |
| ૩૫. રૌદ્રધ્યાન–૪ પ્રકાર. ... | ૨૮ |
| ૩૬. અપધ્યાનપર ઉપસંહાર. | ૨૯ |
| ૩૭. ચાર અંગનું અવલંબન. | ૩૦ |
| ૩૮ સામાયિક પ્રશંસા. ... | ૩૧ |
| ૩૯. સામાયિક મોક્ષનું અંગ છે. | ૩૧ |
| ૪૦ સામાયિક એકાંતે નિરવદ્ય છે. ... ... | ૩૨ |
| ૪૧. સામાયિકનાં આઠ નામ અને તેપર દૃષ્ટાંત. ... | ૩૩ |
| ૪૨. ૧. સમભાવ–સામાયિક ઉપર દૃષ્ટાંત ... ... | ૩૪ |


P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

| નંબર. | પૃષ્ટ. |
|---|---|
| ૪૩. ૨. સમયિક-સામાયિક -દયાભાવ ઉપર દૃષ્ટાંત. | ૩૫ |
| ૪૪. ૩. સમવાદ-સામાયિક ઉપર દૃષ્ટાંત.... ... | ૩૬ |
| ૪૫. ૪. સમાસ-સામાયિક ઉપર દૃષ્ટાંત.... ... | ૩૮ |
| ૪૬. ૫. સંક્ષેપ-સામાયિક ઉપર દૃષ્ટાંત. ... ... | ૩૯ |
| ૪૭. ૬. અનવદ્ય-સામાયિક ઉપર દૃષ્ટાંત.... ... | ૪૦ |
| ૪૮. ૭. પરિજ્ઞા-સામાયિક ઉપર દૃષ્ટાંત. ... ... | ૪૦ |
| ૪૯. ૮. પ્રત્યાખ્યાન-સામાયિકપર દૃષ્ટાંત. ... | ૪૧ |
| ૫૦. સામાયિકના પ્રકાર. ... | ૪૩ |
| ૫૧. વિનય. ... ... ... | ૪૪ |
| ૫૨. સદ્ગુરૂ મહિમા. ... | ૪૪ |
| ૫૩. આચારશુદ્ધિ. ... ... | ૪૫ |
| ૫૪. શરીરશુદ્ધિ. ... ... | ૪૬ |
| ૫૫. વસ્ત્રશુદ્ધિ. ... ... | ૪૬ |
| ૫૬. ઉપકરણશુદ્ધિ.... ... | ૪૭ |
| ૫૭. ઉપકરણો. ... ... | ૪૮ |
| ૫૮. ૧ ચરવળો. ... ... | ૪૯ |
| ૫૯. ૨ કટાસણું. ... ... | ૫૦ |
| ૬૦. ૩ મુહપત્તી ... ... | ૫૧ |
| ૬૧. મુહપત્તિના હેતુ ... | ૫૧ |
| ૬૨. ૪ પુસ્તકાદિ. ... ... | ૫૨ |
| ૬૩. ધર્મોભ્યાસ ... ... | ૫૨ |
| ૬૪. નોકારવાળીની સઝ્ઝાય. | ૫૪ |
| ૬૫. ઉપકરણ કે અધિકરણ. | ૫૬ |
| ૬૬. ઉનની ઉપયોગીતા ... | ૫૭ |
| ૬૭. ૫-સ્થાપનાચાર્ય. ... | ૫૭ |
| ૬૮. સ્થાનશુદ્ધિ. ... ... | ૫૮ |
| ૬૯. ઉપાશ્રય... ... ... | ૫૮ |
| ૭૦. કરજ વગરનાએ ઉપાશ્રયમાં જવું ... ... | ૫૯ |
| ૭૧. આડંબરની જરૂર ... | ૬૧ |
| ૭૨. સામાયિક કરવાનું ઘર. | ૬૧ |
| ૭૩. વિધિશુદ્ધિ. ... ... | ૬૨ |
| ૭૪. વિધિમાં હેતુ હોય છે. | ૬૩ |
| ૭૫. વિધિ-હેતુ ... ... | ૬૩ |
| ૭૬. વિધિ-અવિધિ વિચાર | ૬૪ |
| ૭૭. સામાયિકનું સ્વરૂપ ... | ૬૫ |
| ૭૮. (૧) દ્રવ્યથી સામાયિક. | ૬૫ |
| ૭૯. (૨) ક્ષેત્રથી સામાયિક. | ૬૬ |
| ૮૦. (૩) કાળથી સામાયિક. | ૬૬ |
| ૮૧. (૪) ભાવથી સામાયિક. | ૬૭ |
| ૮૨. વિશેષ ... ... | ૬૭ |
| ૮૩ સામાયિકનો કાળ કેમ ગાળવો | ૬૮ |
| ૮૪. પુસ્તકોનો ક્રમ ... ... | ૬૯ |
| ૮૫. સામાયિકનો રૂઢાર્થ ... | ૭૨ |
| ૮૬. સામાયિક કરનારના પ્રકાર. | ૭૩ |
| ૮૭. સામાયિક નયની અપેક્ષાએ | ૭૩ |
| ૮૮. ,,-સાતનયનો વિશેષ મત. | ૭૫ |
| ૮૯. સામાયિકનું સ્વરૂપ, નિશ્ચય નયથી. ... ... ... | ૭૬ |
| ૯૦. સામાયિક, ચાર નિક્ષેપે | ૭૭ |
| ૯૧. સામાયિકમાં પમાતાં ૯ તત્ત્વોમાંના કેટલાંક ... | ૭૮ |
| ૯૨. સામાયિકનું માહાત્મ્ય-ફળ. | ૭૯ |


P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ૨. સામાયિક સૂત્ર.


| નંબર. | પૃષ્ઠ. |
|---|---|
| ૧ મંગલાચરણ. ... | ૮૩ |
| ૨ પ્રથમ વિધિ. ... | ૮૩ |
| ૩ ,, માં રહેલ રહસ્ય. | ૮૩ |
| ૪ **નવકાર** (નમસ્કાર) સૂત્ર. | ૮૫ |
| ૫ ,, સંસ્કૃત છાયા. | ૮૫ |
| ૬ ,, અર્થ પાઠ. ... | ૮૬ |
| ૭ ,, વિવેચન પાઠ. | ૮૬ |
| ૮ ૧ અરિહંત–શબ્દાર્થ. | ૮૭ |
| ૯ ,, –૧૨ ગુણ. | ૮૭ |
| ૧૦–૧૧ ૨ સિદ્ધ સ્વરૂપ તથા ૮ ગુણ. ... ... | ૮૯ |
| ૧૨ પ્રસ્તાવ. ... ... | ૯૧ |
| ૧૩ ૩ આચાર્ય–શબ્દાર્થ. | ૯૧ |
| ૧૪ ,, ના ૩૬ ગુણ. | ૯૨ |
| ૧૫ ૪ ઉપાધ્યાય–શબ્દાર્થ. | ૯૩ |
| ૧૬ ,, ના ૨૫ ગુણ. | ૯૫ |
| ૧૭ ,, અગીઆર અંગ. | ૯૫ |
| ૧૮ બાર ઉપાંગ... ... | ૯૬ |
| ૧૯ ૧૫ અંગ ને ૧૨ ઉપાંગની સઝાય. ... | ૯૭ |
| ૨૦ ચરણસિત્તેરી. ... | ૯૭ |
| ૨૧ કરણસિત્તેરી. ... | ૯૯ |
| ૨૨ ૫ સાધુ–શબ્દાર્થ. ... | ૧૦૧ |
| ૨૩ ,, મુનિરાજના ૨૭ ગુણ. ... ... | ૧૦૨ |
| ૨૪ ઉપસંહાર. (પરમેષ્ઠિના ૧૦૮ ગુણનો ) ... | ૧૦૩ |
| ૨૫ નવકારનો મહિમા.... | ૧૦૪ |
| ૨૬ '**પંચિંદિય**' સૂત્રનો ક્રમ હેતુ. ... ... | ૧૦૪ |
| ૨૭ ,, વિધિ. ... | ૧૦૬ |
| ૨૮ પંચિંદિય–મૂળપાઠ. | ૧૦૬ |
| ૨૯ ,, સંસ્કૃત છાયા. | ૧૦૬ |
| ૩૦ પંચિંદ્રિય અર્થ પાઠ. | ૧૦૭ |
| ૩૧ ,, વિવેચન પાઠ. | ૧૦૭ |
| ૩૨ ઇંદ્રિયવિષય અને વિકાર. | ૧૦૮ |
| ૩૩ નવવિધ બ્રહ્મચર્ય. | ૧૦૯ |
| ૩૪ ચાર પ્રકારના કષાય. | ૧૧૦ |
| ૩૫ પાંચ પ્રકારના મહાવ્રત. | ૧૧૦ |
| ૩૬ પંચવિધ આચાર. ... | ૧૧૧ |
| ૩૭ પાંચ સમિતિ. ... | ૧૧૧ |
| ૩૮ ત્રણ ગુપ્તિ.... ... | ૧૧૧ |
| ૩૯ '**ઇચ્છામિ ખમાસમણ**'નો ક્રમ હેતુ. | ૧૧૪ |
| ૪૦ સામાયિકમાં પ્રણિપાતસંખ્યા. ... ... | ૧૧૫ |
| ૪૧ ,, વિધિ અને તેના હેતુ. ... ... | ૧૧૬ |
| ૪૨ ઇચ્છામિ ખમાસમણ–પ્રણિપાતસૂત્ર. મૂળપાઠ. ... ... | ૧૧૬ |
| ૪૩ ,, સંસ્કૃત છાયા. | ૧૧૬ |
| ૪૪ ,, અર્થ પાઠ. | ૧૧૬ |
| ૪૫ ,, ભાવાર્થ પાઠ. | ૧૧૭ |
| ૪૬ ,, વિવેચન પાઠ. | ૧૧૭ |
| ૪૭ ,, પ્રણિપાતદોષ. | ૧૧૭ |
| ૪૮ તે દોષના વર્જનથી થતા ગુણો. ... ... | ૧૨૦ |
| ૪૯ '**ઇરિયાવહી**' પાઠનો ક્રમહેતુ. ... ... | ૧૨૦ |
| ૫૦ ,, વિધિ. | ૧૨૧ |
| ૫૧ ઇરિયાવહી સૂત્ર–મૂળપાઠ. ... ... ... | ૧૨૨ |
| ૫૨ ઇરિયાવહી સસ્કૃત પાઠ. | ૧૨૨ |

| નંબર. | | પૃષ્ઠ. |
|---|---|---|
| ૫૩–૫૪ | ઇરિયાવહી અર્થ-પાઠ–ભાવાર્થપાઠ ... | ૧૨૩ |
| ૫૫ | ,, વિવેચનપાઠ. | ૧૨૭ |
| ૫૬ | 'તસ્સઉત્તરી'ના પાઠનો ક્રમ હેતુ. ... | ૧૩૨ |
| ૫૭ | તસ્સઉત્તરી–મૂળપાઠ. | ૧૩૨ |
| ૫૮ | ,, સંસ્કૃતછાયા. | ૧૩૩ |
| ૫૯ | તસ્સઉત્તરી અર્થપાઠ | ૧૩૨ |
| ૬૦ | ,, ભાવાર્થપાઠ | ૧૩૪ |
| ૬૧ | ,, વિવેચનપાઠ. | ૧૩૫ |
| ૬૨ | 'અન્નથઉસસિએણં' એ પાઠનો ક્રમ હેતુ. | ૧૩૫ |
| ૬૩ | 'અન્નથઉસસિએણં'–મૂળ પાઠ ... ... ... | ૧૩૬ |
| ૬૪ | ,, સંસ્કૃત છાયા. | ૧૩૭ |
| ૬૫ | ,, અર્થપાઠ. | ૧૩૮ |
| ૬૬ | ,, ભાવાર્થપાઠ. | ૧૪૦ |
| ૬૭ | ,, વિવેચનપાઠ | ૧૪૦ |
| ૬૮ | કાયોત્સર્ગમાં ટાળવાના દોષ. | ૧૪૧ |
| ૬૯ | ,, સઝાય. | ૧૪૨ |
| ૭૦ | પ્રતિજ્ઞા. | ૧૪૪ |
| ૭૧ | 'લોગસ્સ સૂત્ર'ની વિધિ | ૧૪૪ |
| ૭૨ | લોગસ્સસૂત્રનો ક્રમ હેતુ | ૧૪૫ |
| ૭૩ | લોગસ્સસૂત્રનો-મૂળપાઠ | ૧૪૬ |
| ૭૪ | ,, સંસ્કૃત છાયા. | ૧૪૭ |
| ૭૫ | ,, અર્થપાઠ. | ૧૪૮ |
| ૭૬ | ,, ભાવાર્થપાઠ. | ૧૫૮ |
| ૭૭ | ,, વિવચનપાઠ. | ૧૫૯ |
| ૭૮ | મુહપત્તીની પડિલેહણા | ૧૬૦ |
| ૭૯ | મુહપત્તીનીપડિલેહવાનોહેતુ. | ૧૬૧ |
| ૮૦ | મુહપત્તી કઇ રીતે પડીલેહવી ? | ૧૬૧ |
| ૮૧ | અંગનીપચીશ પ્રતિલેખના. | ૧૬૨ |
| ૮૨ | મુહપત્તી પાડલેહતાં ચિંતવવાના પચાશ બોલ. | ૧૬૩ |
| ૮૩ | મુહપત્તી પડિલેહવાનો વિશેષ હેતુ. | ૧૬૫ |
| ૮૪ | મુહપત્તીના પચાસ બોલ સઝાય. | ૧૬૭ |
| ૮૫ | મુહપત્તીના બોલથીલાભ. | ૧૬૯ |
| ૮૬ | 'કરેમિભંતેસૂત્ર' પહેલાંની વિધિ. | ૧૬૯ |
| ૮૭ | ,, ક્રમહેતુ. | ૧૭૦ |
| ૮૮ | 'કરેમિભંતે'–મૂળપાઠ. | ૧૭૦ |
| ૮૯ | ,, સંસ્કૃત છાયા | ૧૭૧ |
| ૯૦ | ,, અર્થપાઠ | ૧૭૧ |
| ૯૧ | ,, ભાવાર્થપાઠ | ૧૭૨ |
| ૯૨ | ,, વિવેચનપાઠ. | ૧૭૩ |
| ૯૩ | ,, પછીની વિધિ | ૧૭૪ |
| ૯૪ | સ્વાધ્યાય કર્યા પહેલાંની વિધિ. | ૧૭૫ |
| ૯૫ | સામાયિક કેમ લેવું–પારવું ? બેસીને કે ઉભા રહીને ? | ૧૭૬ |
| ૯૬ | સામાયિક પારવાનો વિધિ. | ૧૭૭ |
| ૯૭ | વિધિમાં સવળો હાથ રાખવાનો હેતુ. | ૧૭૮ |
| ૯૮ | 'સામાઇયિવયજુત્તો'–મૂળ પાઠ. | ૧૭૯ |
| ૯૯ | ,, સંસ્કૃત છાયા. | |
| ૯૯ અ. | ,, અર્થપાઠ. | ૧૮૦ |
| ૧૦૦ | ,, ભાવાર્થપાઠ. | ૧૮૧ |
| ૧૦૧ | ,, વિવેચનપાઠ | ૧૮૧ |
| પરિશિષ્ટ અ. | સુગુરૂને શાતાપૃચ્છા. | ૧૮૨ |
| પરિશિષ્ટ બ. | નવવિધ–નવ પ્રકારે બ્રહ્મચર્ય. | ૧૮૩–૧૯૦ |
| | સ્વાધ્યાયકાળ | |

# શુદ્ધિપત્રક.

| પૃષ્ટ. | પંક્તિ. | અશુદ્ધ. | શુદ્ધ. |
|---|---|---|---|
| ૩ | ૧૦ | પ્રોષધોપવાસ. | પોષધોપવાસ. |
| ૪ | ૭ | પ્રમાદવર્તી. | પ્રમાદવર્જી. |
| ૬ | ૮ | **સમનાહીન.** | **સમતાહીન.** |
| ૬ | ૧૧ | અનો. | અને. |
| ૬ | ૧૨ | કરવ. | કરવા. |
| ૯ | ૨૨ | **यादशी तादशी.** | **यादशी तादशी.** |
| ૧૪ | ૧૩ | પાંચ મિનિટ. | અંતર્મુહૂર્ત. |
| ૧૮ | ૧૦ | પશ્ચાતાપ. | પશ્ચાત્તાપ. |
| ૨૦ | ૧૪ | **कितीं.** | **कित्ती.** |
| ૨૨ | ૩ | સાપવી. | આપવી. |
| ૩૧ | ૨૦ | અગ. | અંગ. |
| ૪૩ | ૮ | પાળતુ | પાળવું. |
| ૪૮ | ૯ | આઆએ. | આણાએ. |
| ૫૧ | ૩ | નિર્દેશેશ. | નિર્દેશેલ. |
| ૫૧ | ૨૨ | સામાયિકમ. | સામાયિકમાં. |
| ૫૬ | ૧૦ | કેવલી ભગવાન્ પણ. | ( આ ન જોઇએ. ) |
| ૫૬ | ૧૧ | ધ્યાન ધરતાં મોક્ષ પામે છે. | ધ્યાન ધરતાં મનુષ્ય કેવલી બને છે અને મોક્ષ પામે છે. |
| ૫૬ | ૨૮ | હેતુએ | હેતુઓ. |
| ૭૪ | ૧૦ | સંજન. | સંજત. |
| ૭૮ | ૧૩ | આશ્રયરૂપ. | આશ્રવરૂપ. |
| ૮૦ | ૨૭ | **बंघइ.** | **बंधइ.** |
| ૮૧ | ૧૧ | **तित्व.** | **तिव्व.** |
| ૮૮ | ૧૬ | ભૂષણ. | દૂષણ. |

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# નિવેદન.

આપણા મહાન્ નિઃસ્વાર્થી અને ઉપકારક આચાર્યો આપણા ઉપર કલ્યાણ કરવા અર્થેજ જે જે ક્રિયાઓ અને તેની વિધિઓ કરી ગયા છે, તેમાં પરમ રહસ્ય–તત્ત્વ સમાયેલું છે. આ રહસ્ય તેઓએ પ્રકટ કરેલું છે, એમ સૂક્ષ્મરીતે વિચારનારને સ્પષ્ટરીતે જણાઈ આવે તેમ છે; છતાં આપણી નજર ટૂંકી હોવાને લીધે, પરંપરાએ ચાલી આવેલી ક્રિયા અને તેની વિધિ ઓઘશ્રદ્ધાએ કરવા ખાતર કર્યા કરવાને લીધે, અને તેનો મર્મ સમજવાના પ્રયત્નો ન કરવાને લીધે તે તે ક્રિયા અને તેની વિધિ કરતાં છતાં પણ તેનું જોઇએ તેટલું ફળ આપણે પ્રાપ્ત કરી શકતા નથી, એ શંકા વિનાનું છે.

હાલનો જમાનો બુદ્ધિપ્રધાન વિશેષ છે, એટલે હાલની ઉછરતી પ્રજાને કોઈ કાર્ય કરવાનું કહેવામાં આવે છે તો તે યુક્તિપૂર્વક તેની બુદ્ધિમાં આવે તેવાં પ્રમાણોથી સમજાવવામાં ન આવે, તો ગળે ઉતરતું નથી, અને તેથી તે ક્રિયા કરવાથી વિમુખ રહે છે; આ વાત ધ્યાનમાં લઈ આપણા ક્રિયાકાંડમાં જે જે વિધિ સહિત ક્રિયાઓ આચરવાની કહેવામાં આવી છે, તેમાં શું શું તાત્પર્ય, રહસ્ય સમાયેલું છે તે જેટલે અંશે વિશેષ સ્પષ્ટતાથી સમજાવાય, તેટલે અંશે તે ઉછરતી પ્રજા આપણી પવિત્ર ધર્મક્રિયાઓ પ્રત્યેની વિમુખતા દૂર કરી શકાય તેમ છે, તેથી તે સમજાવવાનો અહીં થોડો ઘણો પામર પ્રયાસ કરવામાં આવ્યો છે.

સામાયિક એ પવિત્ર ધર્મક્રિયા છે, અને તે ધર્મક્રિયા યોગ્ય રીતે આચરવા માટે અમુક સૂત્રોનું તેમાં પઠન કરવાનું છે, અને તે પાઠ બોલતાં પહેલાં તથા પછી અમુક વિધિ કરવાની છે. આ બધાનું મુખ્ય રીતે શું રહસ્ય છે, તે સામાન્યરીતે વિસ્તારથી સમજાવવા માટે આ પુસ્તકના પહેલા ભાગનું નામ **સામાયિક વિચાર** આપી તેને અલગ પાડેલ છે. આ મનનપૂર્વક વાંચ્યા પછી ખરી સામાયિક ક્રિયા અને તેની વિધિમાં ઉતરવું બહુ અનુકૂળ, અને આનંદદાયક થઈ પડશે. તે ક્રિયાનો સમાવેશ બીજો ભાગ નામે **સામાયિક સૂત્ર**માં કરવામાં આવેલ છે,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અને તેમાં દરેક સૂત્ર મૂળ, તેનો અર્થ, અને તેપર વિવેચન, તેનો ક્રમ અમુકજ રાખવાનો હેતુ, તેની પહેલાંની અને પછીની વિધિ વગેરે હેતુ સાથે મૂકવામાં આવ્યું છે.

આ પુસ્તકમાં લગભગ બધી વિધિમાં હેતુ ગુરૂગમથી ક્ષયોપશમાનુસાર બતાવવા પ્રયત્ન કર્યો છે, તે સંબંધી અહીં નિવેદન કરવાનું કે જે જે વિધિ આ સામાયિક સૂત્રમાં છે, તેના યોજનાર શિષ્ટ–આપ્ત પુરૂષો હતા, અને આપ્ત પુરૂષો એક પણ પ્રવૃત્તિને હેતુ વિના ગતિ આપતા નથી. પરંપરાએ ચાલી આવેલું માટે તે કર્તવ્ય છે એટલુંજ સ્વીકારી લેવાનું નથી, પરંતુ તેમાં કંઈ હેતુભૂત રહસ્ય રહેલ છે તે શોધી કાઢવાની જરૂર છે. ક્રિયાથી હેતુ સમજાય નહી, એ ક્રિયા કરનારની ખામી સૂચવે છે. બુદ્ધિબળથી વિચારતાં દરેક ક્રિયાના અનેક કારણો સમજાય છે; અને તે તે કારણો શોધકની વિવેકબુદ્ધિપર આધાર રાખે છે.

દષ્ટિ વિશાળતા માટે પ્રસિદ્ધ થયેલ મુનિમહારાજ શ્રી ચારિત્રવિજયજી દરેક ધર્મક્રિયા જેવી કે ભણાવાતી પૂજાઓ, દેવવંદન, સામાયિક. પ્રતિક્રમણ આદિ આવશ્યક ક્રિયાઓના હેતુ **ज्ञानस्य फलं विरतिः** એ સૂત્ર પ્રમાણે લોકો ક્રિયાજડ ન થતાં કેમ વધારે સમજે, અને ક્રિયા કરતાં પહેલાં તે સંબંધીનું આવશ્યક જ્ઞાન કેમ પ્રાપ્ત કરે અને પ્રચલિત ક્રિયા કે જે નિર્જીવ જોવામાં આવે છે તેમાં જીવન કેમ મૂકાય તે માટે ઉપદેશદ્વારા અનેક પ્રયાસો કરે છે. ઉપદેશની અસર અમુક વખત સુધી લોકના હૃદય ઉપર રહે છે, તેથી જે સાધનથી તે અસર લાંબા વખત સુધી રહી શકે, તે સાધન લોકસંમુખ મૂકવાનું વધારે હિતકારક છે. આ સાધન પુસ્તક છે, કારણ કે હમણાંના સમયમાં એકી વખતે એક પુસ્તકની હજારો નકલો પ્રેસદ્વારા થઇ શકે છે, અને તેથી તેનો ઘણા માણસો ઘણા વખત સુધી લાભ લઇ શકે છે. આવા હેતુથી ઉક્ત મુનિશ્રીની સહાયતાથી સ્વ. રા. મોહનલાલ અમરશીએ એક પુસ્તક સામાયિકપર બહાર પાડયું હતું; તે ખપી જવાથી સામા-

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

યિક વિષય અને તેનાં સૂત્રો ઉપર વિશેષ વિસ્તારથી, અને સમજ સાથે લખી પ્રજાસંમુખ મૂકવાની મને પ્રેરણા થઈ, અને તેથી આમાં જે કંઈ છે તે લખવાનો પ્રયાસ થયો છે.

ઉક્ત મુનિશ્રીએ આ પુસ્તક અથથી ઇતિ સુધી વાંચી સુધારવાની જે અમૂલ્ય સહાયતા આપી છે, તેને માટે આ લખનાર અંતઃકરણપૂર્વક આભાર માને છે. આ પુસ્તકનો પ્રથમ ભાગ લખવામાં 'જૈનધર્મપ્રકાશ' માં સામાયિક પર અનુક્રમે જુદા પ્રગટ થયેલા રા. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ, અને રા. મનઃસુખલાલ કીરતચંદ મ્હેતાના લેખોનો આધાર અને કોઇ સ્થળે ઉતારા પણ લીધા છે એ જણાવી તેની આજ્ઞા લઈ તે બંધુઓનો ઉપકાર હું સ્વીકારૂં છું. આ સીવાય બીજા ઉપકારી અનેક ગ્રંથોનો જેવા કે:–ધર્મબિંદુ, ધર્મરત્નપ્રકરણ, અધ્યાત્મકલ્પદ્રુમ, અધ્યાત્મસાર પ્રશ્નોત્તર, સ્વ. શેઠ ભીમશી માણેકનું પ્રતિક્રમણસૂત્ર, પ્રતિક્રમણહેતુ, વગેરે વગેરેનો આધાર લેવામાં આવ્યો છે તેથી તે સર્વનો ઋણી હું થયો છું.

ઉપર જણાવેલ સર્વ સહાય અને આધારથી જે જે મળ્યું છે, તે સૌ યોગ્ય ક્રમમાં ગોઠવી, વિસ્તારી, સંયોજી પ્રજાની દૃષ્ટિ આગળ મેં નમ્રતાથી ધરેલ છે; અને તેથી તે કેવી સાર્થકતા પામે છે તે વિચારવાનું તેના શીરેજ છે. દરેક પાઠશાળા, શિક્ષણયોજના, ધર્મના અભ્યાસક્રમમાં સામાયિકને સ્થાન મળ્યું છે, અને મળતુંજ રહેશે, અને તેમાં સામાયિકપરના આ પુસ્તકને સ્થાન મળશે તો આ લખનાર પોતાના પ્રયાસની વિશેષ સફલતા થઈ છે એમ સ્વીકારશે.

આ પુસ્તક મુનિમહારાજ શ્રી ચારિત્રવિજયજીએ સાદ્યંત જોઈ તેમાં સુધારો અને વધારો કરેલ છે, પણ આ પુસ્તક છપાતી વખતે તેઓ વિહારમાં હતા તેથી પ્રુફો જોઈ શકયા નથી, તેથી પ્રુફ્સ જોવામાં વિશેષ બની તેટલી કાળજી મેં રાખી છે, છતાં તેમાં દૃષ્ટિ કે બુદ્ધિના દોષથી અથવા બીજા પ્રકારે જો કંઇ ભૂલચૂક, સ્ખલના, ભંગ, વગેરે કંઇ થયું હોય, તો તે મારે શીર છે, અને તેને માટે '**तन्मे मिथ्या भूयात्**'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એવી હૃદયપૂર્વક યાચના છે, અને તે સંબંધે સુજ્ઞ જનો પ્રત્યે એ યાચના છે કે કંઈપણ ભૂલ સુધારવાનું, હાનિ વૃદ્ધિ કરવાનું લાગે, તો તેમણે મને જણાવવા કૃપા કરવી; તો હું તેની યોગ્યતાનું અનુસરણ કરવા કદી પણ વિસરીશ નહિ.

यत्किंचिदुत्सूत्रमथ प्रयोगं
निरर्थकं चात्र मया निबद्धं ।
प्रसद्य तच्छोध्यमलं सुधीभिः
परोपकारो हि सतां स्वधर्मः ॥

મુંબઈ, તા. ૫-૧૨-૧૯૧૦ } પ્રશમરસપિપાસુ
મોહનલાલ દલીચંદ દેશાઈના
સમભાવપૂર્વક નમસ્કાર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# શિક્ષકને બે શબ્દ.

સામાયિક એ હમેશની આવશ્યક ક્રિયા છે તે ઠસાવવાની સાથે તેનો હેતુ પણ તે શું વસ્તુ છે એની સાથે સમજાવવાની જરૂર છે, કે જેથી તે તે આદરવા યોગ્ય છે એમ પૂરેપૂરો નિશ્ચય થાય.

વસ્તુ સમજાવવા પહેલાં તે વસ્તુ શું છે તેનો સંપૂર્ણ ખ્યાલ પ્રથમ આપવાની જરૂર છે; તેથી સામાયિકનાં સૂત્રો સમજાવીએ તે પહેલાં સામાયિક શું છે વગેરેનું તાદૃશ્ય ચિત્ર પહેલાં ખડું કરી પૂરી રીતે બતલાવવું જોઇએ, તેથી આમાં સામાયિકના બે ભાગ પાડયા છે. ૧. સામાયિક વિચાર અને ૨. સામાયિક સૂત્ર. ૧. સામાયિક વિચારમાં સામાયિકમાં બોલાતાં સૂત્રો સિવાયનું તે સંબંધે જે જે જાણવું આવશ્યક છે એટલે કે તે શું છે ? તેમાં શું શું ઉપકરણો છે ? સામાયિકનો વખત કઈ રીતે ગાળવા યોગ્ય છે ? મન વચન, અને કાયાની કઈ સ્થિતિ તે સમયમાં અનુકૂળ છે ? વગેરે વગેરે જરા વિસ્તારપૂર્વક લખેલ છે. આથી પ્રથમ આરંભે પ્રસ્તાવનારૂપે દિગ્દર્શનરૂપે સામાયિકનું અવલોકન થાય છે. ૨. સામાયિકસૂત્રમાં જે જે સૂત્રો અનુક્રમે બોલવાનાં છે તે અનુક્રમનો હેતુ, પછી તે બોલ્યા પહેલાંની વિધિ, મૂળસૂત્ર, મૂળસૂત્ર કે જે માગધી ભાષામાં છે તેનું સંસ્કૃત અવતરણ, તેના અર્થ અને ભાવાર્થ અને તે પછી તે દરેકપર વિવેચન આપેલ છે.

આ સૂત્રો મોઢે રાખવાની ખાસ જરૂર છે, તેથી તે શુદ્ધ ઉચ્ચાર, સંપદા પૂરી થાય ત્યારે વિરામ કરવાના નિયમ સાથે વિદ્યાર્થી પાસે ગોખાવવા–મોઢે કરાવવાની જરૂર છે, પરંતુ તેની સાથે આ યાદ રાખવાનું છે કે તે સાવ ગોખણીયું જ્ઞાન થઇ ન જવું જોઇએ; કારણકે તેમ થતાં તે ઉપરચોંટીયું જ્ઞાન હોઈ નિરર્થક બને છે. મોટા મોટા શબ્દોના જ્ઞાનને બદલે, અને એકદમ કડકડાટ બોલી જવાના પોપટીઆ જ્ઞાનને બદલે તેમના વિચાર સરસ બનાવવા માટે શિખવવાની મૂળ વસ્તુનું જ્ઞાન આપવાની અગત્ય છે; આ ધ્યાનમાં રાખીને દરેક સૂત્રનો હેતુ, તેનો અર્થ, અને તે પર વિવેચન આપેલ છે, તો તે પૂરેપૂરૂં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિદ્યાર્થીના મનમાં ઉતરેલ છે કે નહિ તેપર ખાસ લક્ષ રાખવું. માત્ર એકબે દાખલા તરીકેઃ—

**નવકાર**–નવકાર એટલે શું ? ઉત્તર–નમસ્કાર. કેને ? ઉત્તર–પંચ પરમેષ્ટીને, અને તેથી તેને **પંચપરમેષ્ઠીસ્તવઃ**–પંચપરમેષ્ઠીનું સ્તવન કહેવામાં આવે છે. નવકાર પહેલું શા માટે મૂકવામાં આવ્યું ? ઉત્તર કે તે મહામંગલ છે; પછી તેમાં જેને નમસ્કાર કરવામાં આવેલ છે તે કોણ છે ? તેના ગુણ શું છે ? વગેરે હકીકતો આ પુસ્તકમાં વિસ્તારથી આપેલ છે તે સમજાવવી.

વિશેષ. વાક્યમાં અમુક અમુક જગ્યાએ વધુ કે ઓછા પ્રમાણમાં અટકવાનું હોય છે, અને તેથી જેને આપણે 'વિરામચિન્હો'–અલ્પવિરામ, અર્ધવિરામ, પૂર્ણવિરામ આદિ કહીએ છીએ તે યોજાયાં છે, તેવીજ રીતે સૂત્રમાં અમુક અમુક સ્થળે વિરામવાનું છે અને તેને **'સંપદા'** એ નામનો પારિભાષિક શબ્દ છે. સંપદા એટલે વિશ્રામસ્થાન. જ્યા જ્યાં સંપદા કહી છે, ત્યાં ત્યાં બરાબર અટકવાનું છે એ ખાસ ધ્યાનમાં રાખવાનું છે, કારણ કે તેમ ન થાય તો કેટલીક વખત અર્થનો અનર્થ થાય છે, જેવી રીતઃ—

૧. **કેશરખાયા**–આમાં બે રીતે એટલે કેશર ખાયા અને કેશ રખાયા એમ લેતાં બંનેના અર્થ જુદા થાય છે.

૨. **દીવાનથી** દરબારમાં, છે અંધારૂં ઘોર. આમાં 'દીવાનથી' એને એકજ શબ્દ ગણીએ તો તેનો અર્થ પ્રધાનથી એમ થાય છે, અને જો તેને 'દીવા' અને 'નથી' એ બેની વચે 'સંપદા' મૂકી બે શબ્દમાં વહેંચી નાંખીએ તો દીવા દરબારમાં નથી તેથી ઘોર અંધારૂં છે, અને પહેલાંમાં દીવાન એવો મૂર્ખ છે કે તેથી દરબારમાં અંધારૂંજ ચાલે છે. એવો જૂદોજ અર્થ થાય છે.

૩ **तातेन कथितं पुत्र ! लेखं लिख ममाज्ञया ।**
**नतेन लिखितो लेखः पितुराज्ञा न लोपिता ॥**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અર્થ—પિતાએ પુત્રને કહ્યું કે મારી આજ્ઞા છે કે તું લેખ લખ.
(પુત્રે) નમ્ર થઇ લેખ લખ્યો, અને પિતાની આજ્ઞા ન લોપી.

આ અર્થ ખરો છે, પણ જો '**નતેન**' એ એક શબ્દને બે શબ્દ નામે **ન** અને **તેન**માં વહેંચી નાંખીએ તો એવો અર્થ થાય કે તેણે (પુત્રે) લેખ ન લખ્યો અને પિતાની આજ્ઞા ન લોપી, એવો અસંબદ્ધ અર્થ થાય છે.

વળી પારિભાષિક શબ્દો જેવા કે સામાયિક, સંપદા, ઇરિયાવહી (ઇર્યાપથિકી), કાઉસગ્ગ (કાયોત્સર્ગ) વગેરે સર્વનો અર્થ બરાબર સમજાવવાનો છે. શબ્દોના અર્થ બરાબર વિદ્યાર્થીને ઠસ્યા છે કે નહિ તે પણ જોવાનું છે. ઘણી વખત એવું બને છે કે વિદ્યાર્થીને 'વોસિરામિ' 'પજ્જુવાસામિ' 'મિચ્છામિ દુક્કડં' વગેરેનો અર્થ પૂછતાં 'વોસરાવું છું', 'પર્યુપાસું છું','મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ' એમ કડકડાટ કહી દે છે, પરંતુ વોસરાવું છું, પર્યુપાસું છું, દુષ્કૃત નો અર્થ શું? તેથી તમે શું સમજ્યા? એવું પૂછતાં કંઇપણ જવાબ આપી શકતા નથી. આ ખરેખર યોગ્ય કે ઇચ્છવા યોગ્ય બીલકુલ નથી, તો આવો કઢંગો દેખાવ વિદ્યાર્થી તરફથી ન થાય એમ થવું જોઇએ છે.

ગુરૂ પાસે જતાં તેમને સુખશાતા પૂછવાનું આવશ્યક છે, અને તેમ પૂછતાં જે 'ઇચ્છકાર સુહરાઈ' વગેરે બોલાય છે તે સામાયિક સૂત્રમાં નથી તેથી તેમાં ન મૂકતાં છેવટે પરિશિષ્ટમાં મૂકયું છે, તો તે વિદ્યાર્થીને શિખવવું આવશ્યક છે કે જેથી ગુરૂવંદન વિશેષ સારી રીતે થઈ શકે; પણ તે સામાયિક કરતી વખતે બોલવાનું નથી.

નવવાડ બ્રહ્મચર્યની કહી છે, અને તેનું સૂચન 'પંચિંદિય' સૂત્રમાં આવે છે, પણ તેનો વિસ્તાર કરતાં કામવિષયનો વિસ્તાર થાય છે, આ વિસ્તાર વિદ્યાર્થીની નાની વયને અનુરૂપ નથી, તેથી તેને સામાયિક સૂત્ર એ ભાગમાં આપવામાં આવેલ નથી. ગૃહસ્થને તે જાણવાનું છે, તેથી તેને છેલ્લે પરિશિષ્ટમાં આપવામાં આવેલ છે.

**મોહનલાલ.**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

( કપૂર હોયે અતિ ઉજળું-એ દેશી. )

પહેલું સામાયિક કરોરે, આણી સમતા ભાવ;
રાગ શેષ દૂરે કરોરે, આતમ એહ સ્વભાવરે.

પ્રાણી, સમતા છે ગુણગેહ,
એતો અભિનવ અમૃત મેહરે- પ્રાણી. ૧

આપે આપ વિચારીએરે, રમીએ આપ સ્વરૂપ;
મમતા જે પરભાવનીરે, વિષમો તે વિષકૂપરે. પ્રાણી. ૨

ભવભવ મેલી મૂકીઆંરે, ધન કુટુંબ સંજોગ;
વાર અનંતી અનુભવ્યાંરે, સવિ સંજોગ વિજોગરે. પ્રાણી. ૩

શત્ર મિત્ર જગ કો નહીંરે, સુખ દુઃખ માયા જાલ;
જો જાગે ચિત્ત ચેતનારે, તો સવિ દુઃખ વિસરાલરે. પ્રાણી. ૪

સાવદ્ય જોગ સવિ પરિહરોરે, એ સામાયિક રૂપ;
હુવા એ પરિણામથીરે, સિદ્ધ અનંત અરૂપરે. પ્રાણી. ૫

-વિનયવિજયજી.


P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## રાગ ધન્યાશ્રી.

( શ્રી જ્ઞાનપુંજ યશોવિજય ! પ્રણામ હું મહાત્મને—એ રાહ )

મોક્ષ અંગ સામાયિક, વ્રત સુચિત્ત ધારીએ.
સમતાદેવીને આરાધી, પ્રેમથી સંપૂર્ણ સાધી;
કલ્યાણી છે ભગવતી, તેનાથી તરીએ તારીએ. મોક્ષ ૧
ઇંદ્રિય વિષયના વિકાર. કષાય ક્રોધ આદિ ચાર;
સંયમના સુસાધને, સર્વથા નિવારીએ. મોક્ષ. ૨
વિનય ને વિધિવિવેક, ક્રિયા કરો સહેતુ છેક;
સર્વ પ્રત્યે મૈત્રીભાવ, કરૂણાને પ્રસારીએ. મોક્ષ. ૩
અપ્રમાદે જાગૃતિ, યથા નિભાવી આત્મસ્થિતિ;
સુધ્યાન ભાવના થકી, વિભાવને વિસારીએ. મોક્ષ. ૪
મુનિતણા આચારમાં, કે જગતના વ્યાપારમાં;
જે જે અંશે રાગ-દ્વેષ, મોહને સંહારીએ. મોક્ષ. ૫
દિવ્ય અક્ષય આત્મ અંશ, સ્પષ્ટ સ્ફૂરતા તદ્દંશ;
આત્મગુણઘાતી કર્મ, ધ્વંસ કરી વિદારીએ. મોક્ષ. ૬
આત્મધર્મમાંહી રમણ, આત્મજ્યોતિમાં વિલસન;
મોક્ષપ્રાપ્તિ મેળવી, સ્વને સ્વથી ઉદ્ધારીએ. મોક્ષ. ૭

—મોહનલાલ.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# સામાયિકવિચાર.

૧.

## પ્રસ્તાવ.

રાગ તોડી.

કથણી કથે સબ કોઈ, રહણી અતિ દુર્લભ હોઈ,
શુક રામકો નામ વખાણે, નવિ પરમાથ તસ જાણે:
યાવિધ ભણી વેદ સુણાવે, પણ અકલ કલા નવિ પાવે. કથણી.–૧
ષટ્‌ત્રિંશ પ્રકારે રસોઈ, મુખ ગણત તૃપ્તિ નવિ હોઇ;
શિશુ નામ તસ નહિ લેવે, રસ સ્વાદત સુખ અતિ વેદે. કથણી.–૨
બંદીજન કડખા ગાવે, સુણુ શૂરા શીષ કટાવે;
જવ રૂંડમુંડતા ભાસે, સહુ આગળ ચારણ નાસે. કથણી.–૩
કથણી તો જગત મજૂરી, રહણી હે બંદિ હજૂરી;
કથણી સાકર સમ મીઠી, રહણી લાગત હે અનીઠી. કથણી.–૪
જબ રહણીકા ઘર પાવે, કથણી તબ ગિણતી આવે;
અબ ચિદાનંદ ઇમ જોઈ, રહણીકી [૧]સેજ રહે સોઈ. કથણી.–૫

અર્થ–બધા કોઈ કથણી કથે છે, પણ રહણી–તે પ્રમાણે કરવું તે અતિ દુર્લભ છે, આ સંબંધે દૃષ્ટાંતો આપે છે કેઃ—

પોપટ રામનું નામ વખાણ્યા કરે છે–ગાયાં કરે છે, પણ તેનો પરમાર્થ શું છે તે જાણતો નથી; તેવીજ રીતે (પંડિતો) વેદ ભણીને લોકને સુણાવે છે, પણ તેની ન કળી શકાય તેવી કળા જાણતા નથી.૧

છત્રીસ પ્રકારની રસોઇનાં નામ ગણતાં મુખને તૃપ્તિ થતી નથી, તેથી બાલક છે તે તે રસોઇનું નામ લેતો નથી પણ તેના રસનો એકદમ સ્વાદજ લે છે, અને તેથી સુખ મેળવે છે. ૨

બંદીજન એવા ભાટ ચારણો (લડાઇના મેદાન પર) કડખાં એટલે યુદ્ધ ગીતો ગાય છે, અને તે સુણીને શૂરા (ઉત્સાહથી) પોતાના માથાં

૧ પાઠાંતર–તેજ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કપાવે છે, અને ધડ અને માથાં જૂદાં પડવાનું તે ચારણને પોતાને દેખાય છે ત્યારે તે સહુથી પહેલાં નાસી જાય છે. ૩

તેથી કહ્યું છે કેઃ—

જગતની મજૂરી જેવી કથણી છે, જ્યારે રહણી તે જગતથી પર છે એટલે બંદિ-આત્માની હજુર રહેનારી છે. વ્યવહારે કથણી સાકર સમાન ગળી લાગે છે જ્યારે રહણી અનિષ્ટ-કડવી લાગે છે. ૪

આ કથણી જ્યારે રહણીનું ઘર પ્રાપ્ત કરે છે એટલે ઉચ્ચાર તે આચારરૂપ થાય છે ત્યારેજ તે ઉચ્ચાર ગણત્રીમાં છે-કામના છે. આવું **ચિદાનંદ** જોઇને રહણીની પથારીમાં સૂવાનું વિશેષ પસંદ કરે છે.- પાઠાંતરે **ચિદાનંદ** આવું અત્યારે જુએ છે કે રહેણીનું તેજ-પ્રકાશ સુશોભિત છે. ૫.

ઉપરનું પદ આપી અહીં એ સમજાવવાનો હેતુ છે કે સામાયિક શું છે, ? તેમાં મન, વચન, કાયાની પ્રવૃત્તિ કેવી હોવી જોઇએ ? વગેરે અનેક બાબતો આ પુસ્તકના પ્રથમ ભાગ નામે સામાયિક વિચારમાં બતાવવાનો આરંભ કરીએ તે પહેલાં મનનો નિશ્ચય એ થવો જોઇએ કે તે સારી વસ્તુ છે, અને તે કઇ રીતે સારી છે તેનું જોઇએ તેટલું જ્ઞાન મેળવીએ, ત્યાર પછી તે જ્ઞાનને ક્રિયામાં મૂકવાની જરૂર છે. જ્ઞાન અને ક્રિયા એ બંનેના સંપૂર્ણ સંગમથી મોક્ષ કહેલ છે, તો પ્રસ્તાવમાં વિનતિ છે કે સામાયિકનું રહસ્ય જાણ્યા પછી તે રહસ્યને ક્રિયામાં ઉતારવું, કારણ કે તેમ નહિ થાય તો મેળવેલું જ્ઞાન નકામું છે-કથણી અને શ્રવણ ક્રિયા વગર શૂન્ય છે.

## ૨.

## સામાયિકનું સ્થાન.

મોક્ષમાર્ગ ત્રણ સાધનના ભેગા કરવાથી પ્રાપ્ત કરી શકાય છે. તે ત્રણ સાધન સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ ચારિત્ર છે. સમ્યક્ ચારિત્રના બે ભેદ છે. ૧ દેશવિરતિ, એટલે અમુક અંશે વિરતિ એટલે વ્રત, ૨ સર્વ વિરતિ એટલે સર્વ અંશે વિરતિ. દેશવિરતિ શ્રાવકોનો આચાર છે, કારણકે તેમણે જ્યાં સુધી સંસારનો ત્યાગ કર્યો નથી, ત્યાં સુધી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેમનાથી સર્વ અંશે વિરતિ પાળી શકાતી નથી. સર્વ વિરતિ મુનિનો આચાર છે. દેશવિરતિ શ્રાવકનાં બાર વ્રત કહ્યાં છે, તેમાં પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત છે. અણુવ્રત એટલે સાધુના પાંચ મહાવ્રતથી અણુ એટલે નાનાં વ્રત. આ વ્રત નામે સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ, સ્થૂલ મૃષાવાદવિરમણ, સ્થૂલ અદત્તાદાનવિરમણ, સ્થૂલ અબ્રહ્મ–મૈથુન–વિરમણ અને સ્થૂલ પરિગ્રહવિરમણ, બહુધા પ્રસિદ્ધજ છે. ગુણવ્રત એટલે જેનાથી અણુવ્રતને ગુણ–વૃદ્ધિ થાય છે તે. તે ત્રણ છે નામે દિગ્વ્રત, ભોગોપભોગમાનવ્રત, અનર્થ દંડ–વિરમણવ્રત; અને શિક્ષાવ્રત એટલે શિક્ષારૂપ–સુંદર ધર્માભ્યાસના સ્થાનરૂપ છે. આ ચાર નામે **સામાયિકવ્રત**, દેશાવકાસિકવ્રત અને પ્રોષધોપવાસ છે. આ ઉપરથી સમજી શકાશે. **સામાયિક** એ બારવ્રતમાંનું એક ( નવમું ) વ્રત છે, અને તે શિક્ષાવ્રત છે, એટલે તેમાં અગર તેથી સુંદર ધર્માભ્યાસ સાધી શકાય છે.

પ્રતિક્રમણ એ શબ્દ આવશ્યક સૂચવે છે; કારણકે એ ક્રિયાનું મૂળ નામ " આવશ્યક ક્રિયા છે. " આ આવશ્યકમાં છ આવશ્યક સમાય છે; આવશ્યક એટલે અવશ્ય ક્રિયાને વિષે રૂઢ એવા સાધુ પ્રમુખ અવશ્ય કરે તે; અથવા જેનાથી જ્ઞાનાદિ ગુણ અને મોક્ષ એ સમસ્ત પ્રકારે વશ કરાય તે; તેમજ ઇંદ્રિય, કષાયાદિ ભાવશત્રુ જેનાથી સમસ્ત પ્રકારે વશ કરાય તે. આ પ્રતિક્રમણની આવશ્યક ક્રિયામાં છ અધ્યયન–આવશ્યક છે. તેનાં નામ સામાયિક, ચતુર્વિંશતિસ્તવ ( ચોવિસંથો ), વંદનક ( વાંદણાં ), પ્રતિક્રમણ ( પડીકમણું ), કાયોત્સર્ગ ( કાઉસગ્ગ ), અને પ્રત્યાખ્યાન ( પચ્ચખાણ. ) આમાં સામાયિકનો અધિકાર, સર્વ સાવદ્ય ( પાપસહિત ) યોગની વિરતિ ( વિરમવાપણું–અટકવાપણું ) એ છે. આ સામાયિકથી ચારિત્રાચારની અને વીર્યાચારની શુદ્ધિ થાય છે.

શ્રાવકને પ્રતિમાદિ તપસ્યા કરવાનું કહ્યું છે. પ્રતિમા એટલે અભિગ્રહ–નિયમવિશેષ. આ પ્રતિમા અગીઆર છે, તેમાં પહેલી **દર્શન** પ્રતિમા, બીજી **વ્રત** પ્રતિમા અને ત્રીજી **સામાયિક** પ્રતિમા કહી છે. સામાયિક પ્રતિમા સમજવા માટે પહેલી બે પ્રતિમા જાણવી જોઇશે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દર્શન પ્રતિમા [१]રાજાભિયોગાદિ છ આગાર રહિત, શ્રદ્ધાન પ્રમુખ ચાર ગુણે કરી સહિત એવા સમકિતને ભય, લોભ, લજ્જા આદિ દોષ વડે અતિચાર ન લગાડતાં એક માસ સુધી પાળવું, અને ત્રિકાળ દેવપૂજા વગેરે કરવું તે.

વ્રતપ્રતિમા તે બે માસ સુધી ખંડના તથા વિરાધના વગર પાંચ અણુવ્રત પાળવાં, તથા પ્રથમ પ્રતિમાની ક્રિયા પણ સાચવવી.

**સામાયિક પ્રતિમા**—ત્રણ માસ સુધી ઉભયકાળ પ્રમાદ વર્જી બે ટંક સામાયિક કરવું તથા ઉપર કહેલ બંને પ્રતિમાની ક્રિયા પણ સાચવવી તે. આ ક્રિયા માટે કહ્યું છે કે "**सामाइय मुभवयसंझं**" એટલે ઉભયસંધ્યં એટલે પ્રભાતે અને સંધ્યાએ બંને વખત સામાયિક કરવાનું નક્કી થાય છે. આથી પણ સમજાય છે સામાયિકની જરૂર દરેક સ્થલે રહેલી છે.

## ३.

## સામાયિકનો શબ્દાર્થ.

સામાયિકના સુંદર અને ગંભીર આશયવાળા જુદા જુદા અર્થ થઈ શકે છે. તેમાંના મુખ્ય ત્રણ અર્થ લઇએ. પ્રથમતો **समानां मोक्ष-साधनं प्रति सदृशसामर्थ्यानां–सम्यग्दर्शनज्ञानचारित्राणां + आयः लाभः** એટલે મોક્ષસાધન પ્રત્યે સમ કહેતાં સરખું સામર્થ્ય છે જેનું એવા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર એ ત્રણનો આય કહેતાં લાભ જેમાં છે તે, બીજો **समस्य–रागद्वेषान्तरालवर्तितया मध्यस्थस्य सतः–आयः–सम्यग्दर्शनादिलक्षणः समायः** એટલે મધ્યસ્થ ભાવનો લાભ થવો કેમકે રાગ, દ્વેષ મધ્યસ્થપણામાં અંતરાયરૂપ છે અગર એ હેતુથી

---

१. આગાર એટલે છૂટ, મોકળ. તે છ છે.

છ આગાર નામેઃ–**१** રાજાભિયોગ–રાજાનો અભિયોગ–હુમલો, જોરાવરીઃ ૨. ગણાભિયોગ–ગણ એટલે જ્ઞાતિ તથા પંચાયતની જોરાવરી ૩. બલાભિયોગ–બલવંત ચોર, મ્લેચ્છાદિની. ૪. દેવાભિયોગ–કોઈ દુષ્ટ દેવતાની. ૫. ગુરૂનિગ્રહ–માતપિતાદિ ગુરૂ તરફના આગ્રહથી. ૬. વિત્તિકંતાર–દુકાલ આદિની આપત્તિથી. આ છથી કરવું પડે, તો તેને માટે આગાર–છૂટ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાગદ્વેષને ટાલી સમ્યગ્દર્શનાદિ છે લક્ષણ જેનું એવો જે લાભ તે; અથવા ત્રીજો **सर्वजीवमैत्रीभावलक्षणस्य आयः सामायः** એટલે સર્વ જીવ સાથે મૈત્રીભાવ કરવો એ જેનું લક્ષણ છે એવો જે લાભ તે. આનો અર્થ એક **सावद्ययोगपरिहार निरवद्ययोगानुष्ठानरूपो जीवपरिणामः** એટલે સાવદ્યયોગ એટલે પાપસહિતયોગનો ત્યાગ અને નિરવદ્યયોગનું અનુષ્ઠાન કરવું એ રૂપ જીવનો જે પરિણામ તે સામાયિક કહીએ; અને સાવદ્યયોગનો ત્યાગ એટલે આર્ત અને રૌદ્ર એ બે ધ્યાનનો ત્યાગ, અને મન, વચન, કાયાના પાપભાવને રોકવા તે.

૪.

## સામાયિકનાં લક્ષણ.

**समता सर्वभूतेषु संयमः शुभभावना ।**
**आर्तरौद्रपरित्याग स्तद्धि सामायिकं व्रतं ॥**

ભાવાર્થ—સર્વ જીવો પ્રત્યે સમભાવ રાખવો, સંયમ એટલે પાંચે ઇંદ્રિયના વિકારોને વશ કરવા, ઉત્તમ ભાવના રાખવી, અને આર્ત અને રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરી ધર્મ અને શુકલ ધ્યાનને ધ્યાવવું તે સામાયિક વ્રત કહેવાય છે. આ રીતે ચાર લક્ષણ છે કે જે ટુંકામાં કહીએ તો સમતા અને મનની એકાગ્રતામાં સમાઇ જાય છે. એટલે ઉપરના શબ્દાર્થ અને ચાર લક્ષણ ઉપરથી સમજી શકાય તેમ છે કે આત્મ શક્તિનો પ્રકાશ કરનાર, સમ્યક્જ્ઞાન દર્શનને પ્રકટાવનાર, શુદ્ધ સમાધિભાવમાં પ્રવેશ કરાવનાર, નિર્જરાનો અમૂલ્ય બોધ આપનાર અને રાગદ્વેષથી મધ્યસ્થ બુદ્ધિ કરાવનાર એવું સામાયિક નામનું પહેલું શિક્ષાવ્રત છે, માટે આર્ત અને રૌદ્ર એ બે પ્રકારનાં ધ્યાનનો ત્યાગ કરીને અને મન, વચન અને કાયાના પાપભાવને રોકીને વિવેકી શ્રાવકે મોક્ષના માર્ગના લાભદાયક ભાવરૂપ સામાયિક કરવું જોઈએ.

હવે ચાર લક્ષણ લઈએ તેમાં મુખ્ય લક્ષણ સમતા છે.

૫.

## ૧. સમતા.

### ઉપશમ સાર છે પ્રવચને.–શ્રીયશોવિજયજી.

સમતાનું યથાર્થ સ્વરૂપ કહી શકાય તેમ નથી, કારણકે તે અનુભવગમ્ય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે. સાકર સ્વાદ ચાખ્યા વગર કહી શકાય તેમ નથી, તેમ અધ્યાત્મ-જ્ઞાનના બીજરૂપી સમતાના સ્વરૂપનું અને સુખનું વર્ણન કરી શકાય તેમ નથી. તોપણ કિંચિત્ કહી શકાય કે તે ગમે તેવા પ્રસંગોમાં મનને એકાગ્ર અને સમભાવમાં રાખી ચંચળ વૃત્તિ ન થવી તેનું નામ સમતા. દ્વંદ્વ વગરની દશા તેજ ખરી સમતા. આ સમતા એજ સર્વ શાસ્ત્રનો સાર છે. હવે સમતાવંત અને સમતાહીન જીવનું ચિત્ર લઈએ.

## ૬.
## સમતાવંત અને સમતાહીનનું ચિત્ર.

આજકાલ જ્યાં ત્યાં જોઈએ છીએ, ત્યાં સમતા દેખાતી નથી. લોક ઉદરપોષણ માટે અનેક પ્રકારનાં પ્રયત્નો કરી રહ્યા છે; વૈભવ ભોગવતા શ્રીમંતોને પણ પોતાના વૈભવથી સંતોષ થતો નથી, અનો દિવસે દિવસે જરૂરીઆતો વધતી જાય છે; ઘણા લોકો તેને તૃપ્ત કરવ અસત્ય આચરણ કર્યાં જાય છે. અને અસંતોષમાં રહી કાળ ગાળે છે. વૈર વિરોધ, અદેખાઈ, ગર્વ, ડોળ અને દંભ વધારી પોતાનું વર્તન અનેક અન્યાયી રીતોથી બતાવે છે, અદેખાઈથી કપટ–વિશ્વાસઘાત થાય છે અને આથી કુસંપમાં વૃદ્ધિ થતી જાય છે. સુખની ઇચ્છા બહુ છે, છતાં સત્ય સુખ મળતું નથી એવું હમેશાં મનમાં રહ્યા કરે છે. આનું કારણ મનની નબળાઈ છે, અને તે મનનું સમતોલપણું ખોઈ બેસવાથી થાય છે. બીજાનું સારૂં જોઈ તેવા થવાની ઇચ્છા થાય છે, તેથી તેની ઈર્ષ્યા થાય છે, માનપાનની ઇચ્છાથી દંભ કરવો પડે છે. આવી રીતે સમતાના અભાવેજ માયા–કપટ અને વિશ્વાસઘાત થાય છે; જ્યારે સમતાવાળા સત્પુરૂષો પોતાની જે સમયે જે સ્થિતિ હોય તે સમયે તે સ્થિતિમાં સંતોષ માને છે, છતાં પોતાની સ્થિતિ સુધારવાને ન્યાયથી અને સંતોષથી પુરૂષાર્થ કરે છે.–આળસ કદી કરતા નથી, અને વૈર આદિ દુષ્ટ મનના વિકારો શમાવી અલ્પ કરતા જાય છે; માનની કે પૌદ્ગલિક સુખની ભૂખ હોતી નથી અને સર્વને આત્મવત્ ગણે છે. સમતાવંતને રાગદ્વેષ ન હોવાથી કષાય પણ રહેતો નથી. ક્રોધને બાળી નાંખ્યો હોય છે, અને હમેશાં શાંત પ્રકૃતિમાં રહી ઉત્તમ ભાવના ભાવે છે. દીન દુઃખી જોઈને તેનું દિલ દાઝે છે, મનમાં કરૂણા લાવે છે,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેનાં કર્મોપર રડે છે, અને તેને આત્મવત્ ગણી તેનો ઉદ્ધાર કરે છે. ગુણવંત પુરૂષોપર પ્રેમ રાખી હર્ષના આંસુ લાવી આત્મશીતળતા પ્રગટાવે છે અને પોતાના આત્મગુણમાં વૃદ્ધિ કરે છે.

૭.

## સમતાવંતની વૃત્તિ.

જેને સમતા પરિણમી હોય છે તે ચિત્તને ઉદાસીન રાખી પોતાની રહેણી કરણી–વ્યવહાર ઉંચા પ્રકારનો સત્ય, પ્રમાણિક અને નીતિમય રાખે છે. વિભાવથી વૃત્તિને ખેંચી આત્મભાવમાં વૃત્તિને લાવે છે, અને સંસારના બંધનમાંથી છુટા થવાનેઃ લાગ શોધ્યાંજ કરે છે. તે પ્રવૃત્તિમાં રહી નિવૃત્તિનો લાભ લે છે, એટલે પરિગ્રહ જેમ વધારે પ્રમાણમાં છોડાય તેમ કરવામાં પુરતો પુરૂષાર્થ વાપરી ઉંચા ગુણોને અવલંબે છે, અને પોતાની નિંદાથી ખેદ પામતો નથી તેમ પોતાની વાહવાહથી ખુશ થતો નથી.

૮.

## સમતાનું વિશેષ સ્વરૂપ. अ. સ્થિતિસ્થાપકતા.

સમતાવંતની આવી મનની વૃત્તિ આપણે જોઈ, હવે સમતાનું વિશેષ સ્વરૂપ જોઈએ. સમતા એટલે સ્થિતિસ્થાપકતા, સમભાવ, એકીભાવ ( Equilibrium of mind ). ચડતી પડતીમાં, સુખ દુઃખમાં આ લોકમાં પરલોકમાં એકજ જાતનો ભાવ રહે છે–આત્મનિરીક્ષણ–આત્મસ્વરૂપનું ચિંતવન થતુંજ રહે છે; લોકરંજનની અપેક્ષા હોતી નથી, પણ ચિત્તની શાંતવૃત્તિ કરવા હમેશાં લક્ષ રહ્યાં કરે છે. ક્રિયાનો ત્યાગ ન કરતાં ક્રિયા સાથે નિશ્ચયને વળગી રહે છે. નિશ્ચયભાવ પરિણામથી જે પ્રેરણા થાય છે, અને તે પ્રેરણાથી જે મન, વચન, કાયાની પ્રવૃત્તિ થાય છે, તે પવિત્ર અને નિર્મલ ક્રિયારૂપે છે, અને તેથી તે 'ધર્મક્રિયા ઉપાદેય અને આત્માને હિતકર છે.

૯.

## ब. સ્થિરતા.

સમતા ઉપર શાસ્ત્રકારોએ જુદી જુદી રીતે ઘણા વિસ્તારથી વર્ણન લખ્યું છે. સમતાશતક, શમાષ્ટક, અધ્યાત્મકલ્પદ્રુપમાં સમતા અધિ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કાર આદિમાં ઘણું છે, છતાં તે સંપૂર્ણ વર્ણન કે ચિત્ર નથી, કારણ કે તે અનુભવગમ્ય હોવાથી અનુભવાય ત્યારેજ તેનું યથાર્થસ્વરૂપ સમજી શકાય છે. મહાત્મા ચિદાનંદજી કથે છે કેઃ—

જે અરિ મિત્ત બરાબર જાનત, પારસ ઓર પાષાણ જ્યું હોઇ;
કંચન કીચ સમાન લહે જસ, નીચ નરેશમેં ભેદ ન કોઈ.
માન કહા અપમાન કહા મન, એસો વિચાર નહિ તસ હોઈ;
રાગ નહિ અરૂ રોસ નહિ ચિત્ત, ધન્ય અહો જગમે જન સોઈ.

સમતાવંત પુરૂષો નિરપેક્ષ હોય છે, તેથીજ તેજ મહાત્મા કહે છે કેઃ—

રાગ તોડી.

નિરપેક્ષ વિરલા કોઈ, અવધૂ નિરપેક્ષ વિરલા કોઈ;
દેખ્યા જગ સહુ જોઈ. અવધૂ૦
સમરસ ભાવ ભલા ચિત્ત જાકે, થાપ ઉથાપ ન હોઈ;
અવિનાશીકે ઘરકી બાતાં, જાણેંગી જન સોઈ.— અવધૂ. ૧
રાવ રંકમેં ભેદ ન જાને, કનક ઉપલ સમ લેખે;
નારિ નાગણીકો નહિ પરિચય, તે શિવમંદીર પેખે.— અવધૂ. ૨
નિંદા સ્તુતિ શ્રવણ સુણીને, હરખ શોક નવ આણે;
તે જગમેં જોગીશ્વર પૂરા, નિત્ય ચઢતે ગુણ ઠાણે.— અવધૂ. ૩
ચંદ્ર સમાન સૌમ્યતા જાકી, સાયર જિમ ગંભીરા;
અપ્રમત્ત ભારંડ પરે નિત્ય, સુરગિરિ સમ સુવિધીરા.— અવધૂ. ૪
પંકજ નામ ધરાય પંકશું, રહત કમલ જ્યું ન્યારા;
ચિદાનંદ ઐસે જન ઉત્તમ, તે સાહેબકા પ્યારા.— અવધૂ. ૫

અર્થ—નિરપેક્ષ–બીજાની અપેક્ષા–ઇચ્છા નહિ કરનારા એટલે સમસ્વભાવી વિરલા પુરૂષો જગતમાં બહુ જોઇને દેખ્યું પણ કોઇકજ છે બહુકે નથી. જેના ચિત્તમાં સમતા રસના ભલા ભાવ હોય છે, અને ખંડન મંડન જેવું કાંઈ હોતું નથી. તેજ મનુષ્ય અવિનાશી એટલે પ્રભુ અથવા આત્માના ઘરની વાતો–અંતરંગ સ્વભાવ આદિ ગૂઢ વાતો જાણશે.૧

જેઓને રાજા અને રંકનો ભેદ નથી, જેઓ સુવર્ણ અને પથર બંનેને સરખાં ગણે છે એટલે એક ઉપર રાગ કે બીજાપર દ્વેષ જેના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મનમાં આવતો નથી, જેમને નાગણી જેવી ભયંકર નારીનો પરિચય નથી, એટલે જેમણે વિષયવાસનાને નિર્મૂળ કરી નાંખી છે તેજ કલ્યાણનું મંદિર એવી મુક્તિનાં દર્શન કરે છે. ૨

જે નિંદા સ્તુતિ કાનેથી શ્રવણ કરી હરખ શોક કદી આણતા નથી તે જગમાં સંપૂર્ણ યોગીશ્વરો છે, અને નિરંતર ગુણશ્રેણીમાં આગળ ચઢતા જાય છે એટલે તેમ કરી છેવટે મુક્તિપદ પામે છે. ૩

જેમની સૌમ્યતા–મુખમુદ્રા ચંદ્ર જેવી શીતલ છે, જેમનું હૃદય સાગર જેવું ગંભીર છે, જેઓ *ભારંડ પક્ષીની પેઠે અપ્રમત્ત–સર્વથા પ્રમાદ રહિત હોય છે, અને જેઓ સુરગિરિ એટલે મેરૂપર્વત જેવા નિશ્ચલ પરિણામી છે, વળી જેમ કમળ પંક એટલે કાદવમાં રહી પંકજનું નામ ધરાવી તેનાથી ન્યારો એટલે જુદો રહે છે, તેવી રીતે પાપરૂપી પંકમાં રહી જેઓ તેનાથી લેપાતા નથી, એવા પુરૂષો **ચિદાનંદજી** કહે છે કે ઉત્તમ હોઇ પ્રભુના વ્હાલા છે. ૪–૫.

સમતા એ સ્થિરતા છે. જ્યાં સુધી પ્રભુનું દર્શન કરતાં, પ્રતિક્રમણ આદિ આવશ્યક ક્રિયા કરતાં, ધ્યાન ધરતાં અથવા કોઈ કાર્ય કરતાં સ્થિરતા–મનની એકાગ્રતા આવતી નથી, ત્યાં સુધી તે તે કાર્યપર લક્ષ ઠરતું નથી, અને શુષ્ક ક્રિયા થાય છે. મુખથી ઉદાર સૂત્રો બોલાય છે, જ્યારે મનના તરંગો કોઈ બીજી દિશામાં જાય છે, અને તેથી મૂળ ક્રિયાનું યોગ્ય ફળ મળતું નથી. દરેક ક્રિયાનું કંઈ પણ ફળ હોય છેજ; કારણ કે શાસ્ત્રકારે કહ્યું છે કે '**या या क्रिया सा सा फलवती**' અને તેની સાથે આપણ યાદ રાખવાનું છે કે '**यादृशी भावना तादृशी सिद्धिः**' જેવી ભાવના તેવું ફળ, એટલે પુન્યનું કામ કરીએ, પરંતુ તેમાં સમતાની ભાવના ન હોય, તો તેનો લાભ તો અવશ્ય મળે છે પરંતુ તે એટલો થોડો મળે છે કે જ્ઞાનદૃષ્ટિએ તે કાંઇ નથી એમ કહેવામાં કંઈ ખોટું નથી. શાસ્ત્રકારે એક જગ્યાએ ખુલ્લું કહ્યું છે કેઃ—

* ભારંડ પંખીનું જોડલું સદા સાથે લાગુ રહે છે. મન વચન કાયાથી તે સરખી ક્રિયા કરે છે અને પૂર્ણ સાવધાનથી કામ કર્યાં જાય છે કે કંઇપણ ફારફેર પડતો નથી; પરંતુ જો કંઈ ભૂલ થઈ જાય તો બંનેના પ્રાણ જાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સમતા વિણ જે અનુસરે, પ્રાણી પુન્યનું કામ;
છાર ઉપર તે લીંપણું, ઝાંખર ચિત્રામ.

વળી શ્રીમન્ **આનંદઘનજી** શ્રીશાંતિનાથ જિનના સ્તવનમાં કથે છે કેઃ—

માન અપમાન ચિત્ત સમ ગણે, સમ ગણે કનક પાષાણ;
વંદક નિંદક સમ ગણે, ઇસ્યો હોયે તું જાણરે—**શાંતિ.**
સર્વ જગજંતુને સમ ગણે, સમ ગણે તૃણ મણિભાવરે;
મુક્તિ સંસાર બેઉ સમગણે, મુણે ભવજલનિધિ નાવરે—**શાંતિ.**
આપણો આતમ ભાવ જે, એક ચેતના ધારરે;
અવર સવિ સાથ સંજોગથી, એહ નિજ પરિકર સારરે—**શાંતિ.**

અર્થ—સમતાવંત કોણ? તો કહે કે જે માન અને અપમાનને સરખાં ગણે, સોનું અને પથ્થરને સમાન ગણે અને વંદનાર અને નિંદનાર બંનેને સમ ગણે, આવો સમતાવંત હોય એમ તું જાણ.

વળી જગતનાં સર્વ જીવને સમાન ગણે, તણખલાં અને મણિને સરખાં લેખે, મુક્તિ તેમજ સંસાર એ બંનેને સમગણે, તેજ ભવરૂપી દરિયાને તરવામાં નાવસમાન જે (સમતારૂપ) વસ્તુ છે તે સમજે એટલે તેનાથી પાર પામે.

આપણો આત્મભાવ છે તે ચેતના છે એમ જાણ; બાકી બીજા સઘળા પદાર્થો સંજોગે સાથે મળી આવ્યા છે તેથી તે તેનો પરિવાર—સાથે રહેનાર રૂપ છે તે નક્કી સમજ.

આવા સમતાયુક્ત સંતોની તુલ્ય કોઈ આવી શકતું નથી.

**ज्ञानध्यानतपःशील सम्यक्त्वसहितोऽप्यहो।**
**तन्नाप्नोति गुणं साधुर्यं प्राप्नोति शमान्वितः॥**

શ્રીમદ્ **યશોવિજયજી.**

એટલે કોઈ જ્ઞાની, ધ્યાની, તપસ્વી, શીલવંત અને સમકીતવાળા હોય તે છતાં તેને જેટલો લાભ સમતાવંતને હોય છે તેટલો લાભ મળતો નથી. આટલાપરથી ઉપાધ્યાયજીનું "ઉપશમ સાર છે પ્રવચને" એટલે આખા જૈન શાસ્ત્રનો સાર ઉપશમ—સમતા એજ છે એ વાક્ય પ્રતીત થશે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ ઉપરથી સમજાશે કે સામાયિકનું સ્વરૂપ સમતામયજ છે, કારણકે કહ્યું છે કેઃ—

**निंद पसंसासु समो य माणा वमाणकारीसु ।**
**सम सयणपरजण मणो, सामाइय संगओ जीवो ।**

અર્થ—નિંદા કે પ્રશંસામાં, માન કે અપમાનમાં ( એટલે કે કોઈ આપણી નિંદા કરે, અથવા કોઈ પ્રશંસા કરે, કોઈ માન કરે કોઈ અપમાન કરે તોપણ ) સ્વજન કે પરજનની ઉપર સરખું મન–સમભાવ સામાયિકમાં બેઠાં સમતારૂપ શુભ પરિણામ રાખે તે જીવ સામાયિક સંગી–સામાયિકી જાણવો.

આવા શુભ પરિણામવાળું સામાયિક શુદ્ધ છે.

**जो समो सव्वभूएसु, तसेसु थावरेसु य ।**
**तस्स सामाइयं होइ, इमं केवलिभासियं ॥**

અર્થ—સર્વ પ્રાણીમાત્ર જે ત્રસ તથા સ્થાવર જીવો છે તેને વિષે જે સમતા પરિણામ રાખે તે સામાયિક છે–શુદ્ધ છે એમ કેવલી ભગવાને કહેલું છે.

## ૧૦.
## સર્વ યોગ વિશુદ્ધિ.

હવે સમતા એટલે મનની સ્થિતિસ્થાપકતા અને સ્થિરતા એમ ઉપર કહી ગયા. તે બરાબર રહે તેને માટે મન, વચન, અને કાયાના યોગની વિશુદ્ધિ અવશ્ય હોવી જોઈએ. પ્રથમ મન વિચાર કરે છે, પછી તે વચનમાં પ્રગટ થાય છે, અને ત્યારપછી તેને શરીરથી આચારમાં મૂકાય છે. આ ત્રણે યોગ એકત્ર થઈ વિશુદ્ધ રહી સામાયિકમાં પ્રવર્તતા હોય તો સામાયિકનું મુખ્ય લક્ષણ સમતામાં સ્થિત થઈ શકાય છે; તો તે સંબંધી કંઈ કહીએઃ–પહેલાં મનઃશુદ્ધિ લઈએ.

## ૧૧.
## મનની મુખ્યતા.

મનઃશુદ્ધિ વિષે આપણે કહીએ તે પહેલાં એ જાણવું આવશ્યક છે કે મન, વચન અને કાયા એવો અનુક્રમ દરેક સ્થાને જોવામાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આવે છે દાખલા તરીકે મનોગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ; મનોદંડ, વચનદંડ, કાયદંડ; મનોયોગ, વચનયોગ, કાયયોગ; આવો અનુક્રમ શ્રી વીતરાગ પ્રભુએ ગોઠવેલ છે તો તેમાં સાર્થકતા, રહસ્ય રહેલ હોવાંજ જોઇએ. તે પર વિચાર કરતાં એમ સમજાય છે કે મનઃશુદ્ધિ પછીજ વચનશુદ્ધિ અને વચનશુદ્ધિ પછી કાયશુદ્ધિ થઇ શકે. આ અનુક્રમ ફેરવતાં વ્યતિક્રમ થાય છે, અને વ્યતિક્રમ કરતાં તેનું ફલ પણ વ્યતિક્રમે છે-ઉલટું થાય છે. તેથી ક્રિયા શુદ્ધ થવા માટે પ્રથમ મનઃશુદ્ધિ જોઇએ. તે કરવા માટે ક્રિયામાં ચાર દોષ તજવા જોઇએ.

૧. શૂન્યદોષ-૨ દગ્ધદોષ ૩ અવિધિ દોષ ૪ અતિ પ્રવૃત્તિ દોષ. તેથીજ શ્રી **વીર**વિજય મહારાજે કહ્યું છે કેઃ—

ચાર દોષ ક્રિયા છંડાણી, યોગાવંચક પ્રાણી રે.

અર્થ—ઉપલા ચાર દોષથી રહિત એવી ક્રિયા કરનાર પ્રાણીનો યોગ અવંચક-અનિંદક-શુદ્ધ છે, એટલે આત્માને ઠગનાર નથી.

આ દરેક દોષ મન સાથે સંબંધ રાખે છે; તેવીજ રીતે જેવું મન તેવી ક્રિયા; અને તે પ્રમાણે ક્રિયાના નામ અપાયા છે જેવાં કે વિષક્રિયા, ગરલક્રિયા ઇત્યાદિ. વિશેષ માટે જુઓ શ્રી આનંદઘનજી ચોવીશીનું ૩ જું સ્તવન.

## ૧૨.
## મનઃશુદ્ધિ.

આ સર્વથી વધારે ઉપયોગી અને મહત્વની છે. મનની શુદ્ધિ કરવી એટલે મનને ચંચલ ન રાખતાં એકાગ્ર, અને ખરાબ વિચારોથી મલિન ન રાખતાં પવિત્ર રાખવું જોઇએ. મનમાં મુખ્યપણે બે શક્તિઓ છે એક કલ્પના શક્તિ અને બીજી તર્ક શક્તિ. કલ્પના શક્તિનો ઉપયોગ કરવાથી અનેક વિચાર-તરંગો-કલ્પનાઓ ઉઠે છે, અને શમે છે; આથી મન ચંચલ અને વેગવાન્ થાય છે. વ્યવસ્થા રહેતી નથી, અને તેથી ઇંદ્રિયો કે જેનાપર મન અમલ ચલાવે છે, જેનો મન રાજા છે તેનાપર પણ નિગ્રહ-દાબ રહેતો નથી. આથી સંયમ કે જે સામાયિકનું બીજું લક્ષણ છે તે સચવાતો નથી; આ શક્તિપર દાબ રાખનાર મનની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બીજી મુખ્ય શક્તિ તર્કશક્તિ છે. તર્કશક્તિ તત્ત્વનો બરાબર નિશ્ચય કરી મનના વિચારોને નિયમમાં રાખી તેને બરાબર ગોઠવી તેનું જે યથાર્થ કાર્ય તે તેની પાસે કરાવે છે. તર્કશક્તિમાં સ્મરણ શક્તિ, પૃથક્કરણ શક્તિ, સંયોગીકરણ શક્તિ, ગ્રહણ શક્તિ, અનુમાન શક્તિ વગેરે અનેક શક્તિઓનો સમાવેશ થાય છે; અને તે સર્વનો યથાર્થ ઉપયોગ કરવાથી વસ્તુનું યથાર્થ જ્ઞાન-તર્ક-નિશ્ચય થાય છે.

આવા મનપર જય કરવો, એજ તત્ત્વજ્ઞાનની કુંચી છે. તેથી કહ્યું છે કે મન સાધ્યું તેણે સઘળું સાધ્યું, એહ વાત નહિ ખોટી.

એટલે મન જીત્યું તેણે સર્વ જીત્યું; પરંતુ મનને વશ કરવું એ બહુજ મુશ્કેલ છે. અધ્યાત્મયોગી શ્રીમદ્ આનંદઘનજી સ્તવે છે.

મનડું કિમહી ન બાઝે હો કુંથુજિન, મનડું કિમહી ન બાઝે
જેમ જેમ જતન કરીને રાખું, તેમ તેમ અળગું ભાગે હોકુંથુ.

આવું મુશ્કેલ કાર્ય દુઃસાધ્ય છે, પરંતુ અસાધ્ય નથી. અને જેમ જેમ આને સાધ્ય કરી શકીએ, તેમ તેમ ઉંચા ઉંચા ગુણસ્થાનની શ્રેણીપર ચઢતા જઇએ છીએ. અને જેમ જેમ તેને સાધ્ય એટલે સ્થિર કરી શકતા નથી તેમ તેમ આપણી સઘળી ક્રિયા, ધ્યાન, તપ, જપાદિ ફોગટ જાય છે. શ્રીમદ્ યશોવિજયજી કહે છે કેઃ—

**अस्थिरे हृदये चित्रा वाङ्नेत्राकारगोपना ।**
**पुंश्चल्या इव कल्याणकारिणी न प्रकीर्तिता ।।**

“મન અસ્થિર હોય ત્યાં સુધી વચન, નેત્ર અને આકારોનું ગમે તેટલું ગોપન કરવામાં આવે, પણ તે પરપુરૂષમાં આસક્ત સ્ત્રીનાં વચન ચક્ષુ, અને આકારના ગોપનની પેઠે નિષ્ફલ સમજવું-કલ્યાણકારી સમજવું નહિ.” તેમજ.

જબલગ આવે નહિ મન ઠામ,
તબલગ કષ્ટ ક્રિયા સબ નિષ્ફળ, જ્યૌં ગગને ચિત્રામ. જબ૦
મુંડ મુંડાવત સબહી ગડરીઆ, હરિણ રોઝ વન ઠામ. જબ૦
આખર ફ્સન લહેંગો જ્યું જગ, બ્યાપારી બીનું ધામ. જબ૦

વળી ઉપદેશપ્રાસાદમાં કહ્યું છે કેઃ—

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**मनःशुद्धिमबिभ्राणा ये तपस्यन्ति मुक्तये ।**
**हित्वा नौं च भुजाभ्यां ते तितीर्षंति महार्णवे ॥**
**तदवश्यं मनःशुद्धिः कर्तव्या सिद्धिमिच्छता ।**
**बहवारंभेऽपि शुद्धेन मनसा मोक्षमाप्नुते ॥**

"મનઃશુદ્ધિ કર્યાં વગર જે પ્રાણી મોક્ષને મેળવવા તપ કરે તે (પોતાના હાથમાં આવેલી) નાવને છોડી દઈ, પોતાના હાથથી મોટા સમુદ્ર તરવાની ઈચ્છા રાખે છે; માટે મોક્ષની ઈચ્છા રાખનારે અવશ્ય મનઃશુદ્ધિ કરવી યોગ્ય છે. જોકે (શરીરથી) ઘણો આરંભ કરતો હોય તો પણ મનઃશુદ્ધિથી પ્રાણી મોક્ષ મેળવે છે."

આવી રીતે મનપર ઘણા મહાન્ અને અનુભવસિદ્ધ વાક્યો છે, જેના ઉતારા કરવાને આ સ્થળ નથી, છતાં તે સર્વ ઉંડા ઉંડા પરી ક્ષણથી ચિંતવવા યોગ્ય છે; અને તેની સાથે પ્રસન્નચંદ્ર રાજર્ષિ કે જેમણે એકલાં મનોબળથી પાંચ મિનિટ જેટલા સમયમાં સાતમી નારકીને પ્રાયોગ્ય દળીઆં સંચિત કર્યા હતા તે ખેરવીને કૈવલ્યજ્ઞાન દર્શન લક્ષ્મી પ્રાપ્ત કરી તેમનું, અને નાની વયનાં ગજસુકુમાર અને થોડા સમયમાં મોક્ષ મેળવનાર ચિલાતીપુત્ર, ભરતચક્રવર્તિ, એલાચીકુમાર આદિ દૃષ્ટાંતો તથા તંદુલ મત્સ્ય જેવા અંતરમુહૂર્તમાં મોટું પાપ વ્હોરી અસંખ્ય વર્ષો સુધી સાતમી નરકનું આયુષ્ય ભોગવે છે તે વિચારવા યોગ્ય છે.

સમતા એ કલ્પવૃક્ષ છે, તેને જ્ઞાનમાં રોપવા માટે શુદ્ધ ભૂમિ અને શુદ્ધ જલ જોઇએ. તેથી મન શુદ્ધ રાખવું જોઇએ. મનની ચંચલતાથી મન કર્મ બાંધે છે અને તેથીજ મનને બંધ યા મોક્ષ એ બંનેનું કારણ કહેલ છે; તો પહેલાં મનની ચંચલતાનો નાશ કરવો જોઇએ. મનમાં સ્થિરતા તથા એકાગ્રતા થવાથી આત્મપરિણતિમાં મગ્નતા આવે છે; દ્વિધાભાવ મટી જાય છે, અને આત્મિક ગુણોનો ભંડાર કે જે આપણી પાસે ને પાસે છે-**तद्दूरे तद्वदन्तिके**-તે પ્રગટે છે. ચંચલતા દૂર થયે સ્થિરતા પ્રાપ્ત થયે રાગ, દ્વેષ, ભય, ખેદ, મોહ આદિ મનોવિકારોથી મુક્ત થવાશે; આથી સમતાની ભૂમિકા જે મન શુદ્ધ, પવિત્ર, થયે તે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પર ભક્તિ, સમતા, વૈરાગ્ય વગેરેનો રંગ લગાડતાં એ રંગ ચિરસ્થાયી અને અચલ થશે, અને સાધ્યબિંદુ થોડા વખતમાં પ્રાપ્ત થશે.

## ૧૩.

## વચનશુદ્ધિ.

કાયશુદ્ધિની સાથે અતલગનો સંબંધ ધરાવનાર વચનશુદ્ધિ અને મનઃશુદ્ધિ છે. વચનશુદ્ધિ સામાયિકમાં બીજે દરજ્જે આવે છે. સામાયિક દરમ્યાન બની શકે તો વચનગુપ્તિ રાખવી એટલે કંઇપણ ન બોલવું–મૌનવ્રત રાખવું. આ ન બને તો વચનસમિતિ રાખવી એટલે સર્વ સંબંધનો વિચાર કરી તેનો તોલ કરી નિરવદ્ય વચન કાઢવું. આમ કરતાં કોઇપણ જાતના સંસારના કામમાં આદેશ કે ઉપદેશ સીધી યા આડકતરી રીતે થઇ ન જાય તે ખાસ ધ્યાનમાં રાખવાનું છે. વળી જે વચન બોલવાનું છે તે પ્રિય, તથ્ય, અને પથ્ય હોવું જોઇએ. પ્રિય બોલવું એટલે સામાની ખોટી ખુશામત કરવી એમ નથી; પણ જે બોલવું તે સામાને પસંદ પડે, વ્હાલું–મીઠું લાગે તેવી વિવેકવાળી ભાષામાં બોલવું; તથ્ય બોલવું એટલે ખોટું–અસત્ય ન બોલવું, પણ સાચું, અને પ્રિય બોલવું; પથ્ય બોલવું એટલે સામાનો લાભ જાળવી જોઈ બોલવું તે. આ ત્રણે ગુણવાળું વચન જરૂર હોય તોજ અને તેટલુંજ બોલવું, એટલે વચનસમતિ રાખવી, અને ન જરૂર હોયતો પરમાત્માનું ધ્યાન કરવું અને મૌન રહેવું એટલે વચનગુપ્તિ રાખવી.

## ૧૪.

## કાયવિશુદ્ધિ.

કોઈપણ વિચારને ક્રિયામાં–આચારમાં મૂકનાર આ શરીર એટલે ઇંદ્રિયો છે; તેથી આને આચારશુદ્ધિ કહેવામાં આવે છે. આમાં શરીર શુદ્ધિ, વસ્ત્રશુદ્ધિ, ઉપકરણશુદ્ધિ, સ્થાનશુદ્ધિ અને વિધિશુદ્ધિ એ સર્વેનો એકબીજાનો ઘણો નિકટ સંબંધ હોવાથી સમાવેશ થઈ જાય છે. આ દરેક સંબંધે વિશેષ આપણે હવે પછી બોલીશું. સામાન્યરીતે આચારશુદ્ધિ રાખવાની બહુજ જરૂર છે. જ્યાં સુધી આપણો બાહ્યાચાર શુદ્ધ અને અનુકરણીય રહેતો નથી, ત્યાં સુધી બીજા માણસોને આપણી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આંતરિક શુદ્ધિ છે કે નહિ તે જાણવાનો પ્રસંગ આવતો નથી. બાહ્ય-શુદ્ધિપર આંતરિક શુદ્ધિનો આપણા જેવા મનુષ્યોને બહુજ આધાર છે; શાસ્ત્રમાં જે જે ક્રિયાઓ કહી છે, તે તેની હેતુ સહિત વિધિ પણ છે; અને તેથી તે હેતુ લક્ષમાં રાખી યથાવિધિ આચરણ થાય, તો વચન-શુદ્ધિ અને મનવિશુદ્ધિ થયા વગર રહે નહિ.

## ૧૫.

## પાંચ અતિચાર.

આવી રીતે સર્વ યોગની વિશુદ્ધિ કરવાથી સામાયિકના પ્રથમ અને મુખ્ય અંગ સમતાનું પૂર્ણ પરિશીલન થશે; આ ત્રણ યોગની વિશુદ્ધિ સાથે ત્રણ યોગના દુઃપ્રણિધાન કે જે સામાયિકના પહેલા ત્રણ અતિ-ચાર છે તેને અતલગ સંબંધ છે તે અને તેની સાથે છેલ્લા બે અતિ-ચાર વિચારીએ.

અતિચાર એટલે વિરાધના અથવા દેશભંગ. જેમ નઠારા વાયુના લાગવાથી ધાન્યના ફલની યથાર્થ સિદ્ધિ થતી નથી તેવીજ રીતે વ્રત પણ અતિચારથી પોતાનું યથાર્થ ફલ આપી શકતા નથી, માટે અતિ-ચારનો ત્યાગ કરવો.

સામાયિક નામના પ્રથમ શિક્ષાવ્રતના પાંચ અતિચાર છેઃ—

૧. મનોદુઃપ્રણિધાન. ૨. વચનદુઃપ્રણિધાન ૩. કાયદુઃપ્રણિધાન. દુઃપ્રણિધાન એટલે સાવદ્ય કહેતાં પાપકર્મ તેમાં પ્રવર્તવા રૂપ જેનું લ-ક્ષણ છે તે; એટલે મન, વચન અને કાયાનું પાપકર્મમાં પ્રવર્તવું. એ (પ્રત્યેકનો એક અતિચાર એટલે) પહેલા ત્રણ અતિચાર છે.

૪. અનાદર. એટલે પ્રબલ પ્રમાદ આદિક દોષથી (સામાયિકને) જેમ તેમ કરવું તથા કરવાનો આરંભ કરી સામાયિક કાર્ય પૂરૂં કર્યાં વિનાજ તેજ ક્ષણે પારવું. એટલે સમાપ્ત કરવું તે; (આનો કાયિક–આ-ચાર શુદ્ધિની સાથે સંબંધ છે.)

૫. સ્મૃત્યનુસ્થાપન–(સ્મૃતિનો નાશ) એટલે સામાયિક કરવાનો અવસર કહેતાં સામાયિક કર્યું કે નહિ, કયારે કરવું જોઇએ એ પ્રકારની સ્મૃતિનો પ્રબલ પ્રમાદ આદિ દોષને લઇને નાશ તે. (આનો મનઃશુદ્ધિ સાથે સંબંધ છે કારણકે સ્મૃતિ એ મનની શક્તિ છે.)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૬.

## અતિચાર વિચાર.

અતિચાર એ દેશભંગ છે, એટલે તેથી વ્રતનો અમુક અંશે ભંગ થાય છે પણ સંપૂર્ણ રીતે વ્રતનો ભંગ થતો નથી એટલે તે વ્રતભંગ નથી. કોઈ શંકા લાવે કે મન આદિ યોગના દુઃપ્રણિધાનથી સામાયિક નિષ્ફલ–નિરર્થક થાય છે, તેથી સામાયિકનો અભાવ થાય છે, અને અભાવ થતાં સમૂળગા વ્રતનો ભંગ થાય છે, અને એકલો અતિચાર થતો નથી કારણકે અતિચારતો વ્રતનું મલિનપણા રૂપ હોવાથી દેશ-ભંગ છે, તો તે કેમ સંભવે ? આનો ઉત્તર એકે જાણી જોઇને મન આદિના દુઃપ્રણિધાન થાય, તો અવશ્ય વ્રતભંગ થાય એ વાત સાચી છે, પરંતુ આમાં અનાભોગથી થાય છે એટલે આમાં જાણી જોઇને પુરૂષ માઠું પ્રણિધાન કરતો નથી, તેથી તે અતિચાર છે.

૧૭.

## એક શંકા.

હવે કોઈ એવી દલીલ કરે કે સામાયિક એટલે દ્વિવિધ ત્રિવિધ સાવદ્ય પ્રત્યાખ્યાન છે, એટલે દ્વિવિધ કહેતાં ‘ ન કરવું, ન કરાવવું ’ એમ બે પ્રકારે, ત્રિવિધ કહેતાં મન, વચન, અને કાયાયે કરી એમ ત્રણ પ્રકારે સાવદ્ય કહેતાં પાપકર્મનું પચ્ચખાણ કરવું તેનું નામ સામાયિક. આમાં મન આદિના દુઃપ્રણિધાનથી પ્રત્યાખ્યાનનો ભંગ થાય છે, તેથી સામાયિકનો અભાવજ થાય છે; આવી રીતે સામાયિકનો ભંગ થવાથી પ્રાયશ્ચિત આવે છે; વળી મનનું દુઃપ્રણિધાન (સાવદ્યચિંતન) તો દુઃખે કરી છોડી શકાય તેમ છે, કારણકે મનને સ્થિર રાખવું બહુજ મુસ્કેલ છે. આથી એમ થાય છે કે સામાયિકનું અંગિકાર કરવું તેના કરતાં તેનો સ્વિકાર ન કરવો એજ વધારે સારૂં છે.

૧૮.

## ઉપરની શંકાનો ઉત્તર.

આનો ઉત્તર એમ છે કે સામાયિક બે પ્રકારે (ન કરવું, ન કરાવવું) અને ત્રણ પ્રકારે (મન, વચન અને કાયાએ કરી) અંગી-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કાર કર્યું તેમાં મન વડે સાવદ્યને નહિ કરૂં ઈત્યાદિ છ પચ્ચખાણ થયાં; તેમાંથી એકનો ભંગ થવા છતાં બીજા પાંચ કાયમ રહે છે, તેથી સામાયિકનો તદ્દન અભાવ ન થયો કહેવાય; કારણકે મનના દુઃપ્રણિધાન માત્રની શુદ્ધિ મિથ્યાદુઃકૃત કહેતાં મિચ્છામિ દુઃકડ દેવાથી થાય છે. સર્વવિરતિ સામાયિકને વિષે પણ તેમજ જાણવાનું-કરવાનું છે.

ગુપ્તિ ભંગ થાય તો તેમાં મિચ્છામી દુઃકડ દેવારૂપી પ્રાયશ્ચિત કહ્યું છે. એટલે મનની શુદ્ધિ મિચ્છામિદુઃકડ દેવાથી થાય છે. આ વાત શાસ્ત્રમાં કહી છે કે સમિતિ ગુપ્તિના ભંગરૂપ અતિચારની શુદ્ધિ 'અહો! હું સહસાત્કાર અસમિત થયો !! અથવા અરે! હું અગુપ્ત કેમ થયો !! આ પ્રકારના અનુતાપ-પશ્ચાતાપથી થઇ શકે છે. મન વશ કરી શુદ્ધ અનુષ્ઠાન કરતાં કરતાં કોઇ વખત મન જો સાવદ્યનું ચિંતન કરે તો તેની શુદ્ધિ પશ્ચાતાપથી એટલે મિચ્છામિ દુઃકડ દેવાથી થાય છે, તેથી સામાયિક અંગિકાર કર્યા કરતાં તેનો સ્વીકાર ન કરવો એ વધારે સારૂં છે, એ યોગ્ય નથી. એતો અભ્યાસે કરી મન વશ કરી સામાયિક કરવું તે અતિ શ્રેષ્ઠ છે. તેથી સામાયિકને શિક્ષાવ્રત કહ્યું છે. માટે અભ્યાસથી કાલે કરીને અતિચાર સહિત અનુષ્ઠાન અતિચાર વગરનું થઈ શકે છે. ઘણા **જન્મથી** ચાલ્યો આવતો અભ્યાસ તે પણ શુદ્ધ થાય છે માટે મન વશ થાય અને નિરતિચાર સામાયિકની શુદ્ધિ થાય એવો મહાપુરૂષોનો ઉપદેશ છે, કારણ કે વ્રતને અતિચાર સમકીતપૂર્વક પાળવાથી ધર્મનું અંનુષ્ઠાન થાય છે. સમકિત સહિત વ્રતોમાં અતિચારનો સંભવ નથી ત્યારે અતિચાર રહિત વ્રતો પાળવા કેમ કહ્યું ? તેનો ઉત્તર કે અતિચાર ક્લિષ્ટ કર્મના ઉદયથી થાય છે. ક્લિષ્ટ એટલે સમકીત આદિના અંગિકાર કરતી વખતેજ ઉત્પન્ન થયેલ શુદ્ધિ ગુણથી જે મિથ્યાત્વાદિ કર્મનો અનુબંધ (એક બીજા સાથે સંલગ્નપણું) નાશ પામ્યું નથી તે કર્મના ઉદયથી અતિચાર ઉત્પન્ન થાય છે. તાત્પર્ય એકે તથા ભવ્યત્વની પરિશુદ્ધિથી મિથ્યાત્વાદિનો અતિશય અનુબંધ નથી થતો તેથી સમ્યકત્વ આદિ પ્રાપ્ત થાય છે, અને ત્યારે અતિચારોનો અભાવજ હોય છે. નહિ તો સમ્યકત્વ આદિ પ્રાપ્ત થાય તોપણ અતિચાર રહે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૯.

## અતિચારનું નિવારણ.

અતિચારનું નિવારણ કેમ થાય ? તેનો ઉત્તર એકે સમ્યક્ત્વ આદિના કરેલા અનુષ્ઠાનની શક્તિથી. નિત્યસ્મરણાદિક જેનું લક્ષણ છે એવા સમ્યક્ત્વના અનુષ્ઠાનની શક્તિથી-જીવના સામર્થ્યથી અતિચારોનો જય-પરાભવ થાય છે કારણકે શાસ્ત્રોક્ત અનુષ્ઠાન કર્યું હોય તો તે સર્વ અપરાધરૂપ વ્યાધિનો વિનાશ કરવાનું મોટું ઔષધરૂપ છે. માટે હમેશાં અનુષ્ઠાન કરવામાંજ યત્ન કરવો.

૨૦.

## સામાયિકના ૩૨ દોષ.

ઉપર આપણે કહી ગયા, તેમાં મુખ્યપણે મનની શુદ્ધિ અને મનના દુઃપ્રણિધાનનો ત્યાગ છે. તેનાપર વચનશુદ્ધિ, અને કાયશુદ્ધિનો ઘણો આધાર છે. મન બહુરંગી છે. સામાયિકમાં શુદ્ધ પરિણામ રહેવાનું શાસ્ત્રમાં કહેલું છે, ત્યારે મન અનેક ઘાટો ઘડ્યાં કરે છે, તેવીજ રીતે ભૂલ, વિસ્મરણ, મનનો ઉન્માદ આદિથી વચન અને કાયામાં પણ દૂષણ આવે છે અને તેથી સામાયિકમાં દોષ લાગે છે. આ વખતે દશ મન, દશ વચનના, અને બાર કાયના દોષ જાણવા જરૂરના છે, કે જેથી મન સાવધાન રહે છે.

૨૧.

## સામાયિકમાં ટાળવાના ૩૨ દોષ-સઝાય.

શુભ ગુરૂ ચરણે નામી શીષ, સામાયકના દોષ બત્રીશ;
કહીશું ત્યાં મનના દશ દોષ, દુશ્મન દેખી ધરતો રોષ.
સામાયિક અવિવેકે કરે, અર્થ વિચાર ન હૈડે ધરે;
મન ઉદ્વેગ ઇચ્છે યશ ઘણો, ન કરે વિનય વડેરા તણો.
ભય આણે ચિંતે વ્યાપાર, ફળસંશય નીયાણાં સાર;
હવે વચનના દોષ નિવાર, કુવચન બોલે કરે હુંકાર.
લે કુંચી જા ઘર ઉઘાડ, મુખ લવરી કરતો વઢવાડ;
આવો જાવો બોલે ગાળ, મોહ કરી હુલરાવે બાળ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરે વિકથા ને હાસ્ય અપાર, એ દશ દોષ વચનના વાર;
કાયા કેરાં દૂષણ બાર, ચપલાસન જોવે દિશિ ચાર.
સાવદ્ય કામ કરે સંઘાત, આળસ મોડે ઉંચે હાથ;
પગ લંબે બેસે અવનીત, ઓઠીંગણ લે થાંભો ભીંત.
મેલ ઉતારે ખણુજ ખણાય, પગ ઊપર ચડાવે પાય;
અતિ ઉઘાડું મેલે અંગ, ઢાંકે તેમ વળી અંગ ઉપાંગ.
નિદ્રાએ રસ ફળ નિર્ગમે, કરહા કંટક તરૂએ ભમે;
એ બત્રીશે દોષ નિવાર, સામાયિક કરજો નરનાર.
સમતા ધ્યાન ઘટા ઉજળી, કેશરી ચોર હુવો કેવળી;
શ્રી **શુભવીર** વચન પાળતી, સ્વર્ગે ગઈ સુલસા રેવતી.

શ્રી **વીર**વિજયજી.

## ૨૨.

## ૧૦ મનના દોષ.

**अविवेक जस्स किती, लाभथ्थी गव्व भयि नियाणथ्थी ।**
**संसय रोस अविणउ, वज्जइ दस दोस माणसिया ॥**

૧. અવિવેક દોષ—સામાયિકનું સ્વરૂપ નહિ જાણવાથી એમ વિચાર કરે કે સામાયિકથી શું ફળ થવાનું હતું ? આથી કોણ તર્યું હશે ? એ વિકલ્પ કરવો તે.
૨. યશોવાંછા દોષ—હું સામાયક કરીશ તો લોકો મારી વાહ વાહ બોલશે, એવી ઇચ્છાથી સામાયિક કરવી તે.
૩. લાભવાંછા દોષ—ધન આદિના લાભની ઇચ્છાથી સામાયિક કરવી તે.
૪. ગર્વ દોષ—મને સામાયિક કરવાથી કેવા લોકો ધર્મી કહે છે અને હું સામાયિક પણ તેવીજ કરૂં છું, એવો ગર્વ રાખી સામાયિક કરવી તે.
૫. ભય દોષ—હું શ્રાવક કુળમાં જન્મ્યો છું, મને લોકો મોટો કહે છે–માન આપે છે, અને જો સામાયિક નહિ કરૂં તો લોકો એમ બોલશે કે હું એટલું પણ કરતો નથી. આથી રખે નિંદા થાય એ ભયથી સામાયિક કરવી તે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૬. નિદાન દોષ—સામાયિક કરી તેના ફળ તરીકે ધન, સ્ત્રી, પુત્રાદિક મળવાની ઇચ્છા કરવી તે.

૭. સંશય દોષ—સામાયિકનું ફળ હશે કે નહિ એવો સંશય રાખવો તે.

૮. રોષ દોષ—કષાયદોષ–ક્રોધથી સામાયિક કરવા બેસી જવું, અથવા કોઈ કારણથી ક્રોધ, માન, માયા, લોભમાં વૃત્તિ ધરવી તે.

૯. અવિનય દોષ—વિનય વગર સામાયિક કરવી તે.

૧૦. અબહુમાન દોષ—ભક્તિ ભાવ અને ઉમંગપૂર્વક સામાયિક ન કરવી તે.

## ૨૩.

## ૧૦ વચનના દોષ.

ઉપર કહેલ દશ મનના દોષ છે, કે જેનો ત્યાગ કરવાનો છે; હવે વચનના દોષ કહીએ.

**कुवयण सहसाकारे, लाडणस छंद वयणं संखेवे।**
**कलहं विगहं विहासो, हवंति दोसा इमे अठ॥**
**तुरियगमणागमणे, वज्जइ दोषदसगं वयग भवं।**
**तस्सतणु व सुद्धं, दुविहं सामाइय होइ॥**

૧. કુવચન દોષ—સામાયિકમાં કુવચન બોલવું તે.

૨. સહસાત્કાર દોષ—સાહસથી–વગર વિચારે એકાએક વચન કહેવું તે.

૩. અસદારોપણ દોષ—બીજાને ખોટો બોધ આપવો તે.

૪. સ્વચ્છંદ દોષ—નિરપેક્ષ દોષ–સ્વચ્છંદપણે–શાસ્ત્રની દરકાર રાખ્યા વગર વાક્ય બોલવાં તે.

૫. સંક્ષેપ દોષ—સૂત્રના પાઠ આદિ ટુંકામાં બોલી જવા, તથા યથાર્થ બોલવા નહિ તે, અથવા સંક્ષેપમાં કોઇ ન સમજે તેમ બોલવું તે.

૬. કલહ દોષ—કલેશ દોષ–સામાયિકમાં કોઇ સાથે કલેશ કરવો તે.

૭. વિકથા દોષ—ચાર પ્રકારની વિકથા સાયાયિકમાં કરવી તે.

૮. હાસ્ય દોષ—સામાયિકમાં કોઇની હાંસી કરવી કે હસવું તે.

૯. અશુદ્ધ દોષ—સામાયિકમાં સૂત્રપાઠ ન્યૂનાધિક અને અશુદ્ધ બોલવા તે.

P. P. Ac. Gunratansuriji M.S.  Jin Gun Aaradhak Trust

૧૦. મુણમુણ દોષ—ગડબડગોટાથી સામાયિકમાં સૂત્રપાઠ ઉતાવળે બોલી જવા તે કે જે પોતે પણ માંડ માંડ સમજી શકે તે. અથવા ગમણાગમણ દોષ આવવા જવાની આજ્ઞા માપવી.

આ પ્રમાણે દશ વચનના દોષ કહ્યા કે જે ત્યાગ કરવાના છે, અને તેની સાથે તનુ–શરીર શુદ્ધ રાખવાનું છે તેથી દ્વિવિધ સામાયિક થાય છે.

## ૨૪.
## ૧૨ શરીરદોષ.

હવે કાયાના બાર દોષ નીચે પ્રમાણે છે.

**पलुठिं अंथिरासन, दिशि पडिवत्ति कज्ज अद्दुं भे।**
**अंगोबंगमोटणं, आलस करडक मलकंडु।.**
**विसामण तह उंघणाइ, इवदुवालस दोस वज्जियस्स।**
**काय समइ विशुद्धं, एगविहं तस्स सामाइयं॥**

૧. અયોગ્ય આસન દોષ—સામાયિકમાં પલાંઠીવાળે એટલે પગપર પગ ચડાવી બેસે એ ગુરૂ આદિનું અવિનય રૂપ આસન છે તે.
૨. ચલાસન દોષ—અસ્થિર એટલે ડગડગતે આસને બેસી સામાયિક કરવી તે અથવા વારંવાર જ્યાંથી ઉઠવું પડે તેવે આસને બેસવું તે.
૩. ચલદૃષ્ટિ દોષ—કાઉસગ્ગમાં આંખો ચંચલ રાખવી એટલે દિશિ ફેર કર્યા કરવી તે.
૪. સાવદ્યક્રિયા દોષ—સામાયિકમાં કંઇ પાપક્રિયા કે તેની સંજ્ઞા જેમકે ઘર કામ માટે કરવી તે.
૫. આલંબન દોષ—ભીંત આદિ ઉપર ઓઠીંગણ થઇ બેસવું તે. આથી ત્યાં બેઠેલા જંતુ આદિનો નાશ અને તેની સાથે પ્રમાદ થાયછે.
૬. આકુંચનપ્રસારણ દોષ—હાથ પગ સંકોચવા, લાંબા કરવા તે.
૭. આલસ દોષ—આળસ ખાવી તે.
૮. મોટન દોષ—આંગળીના ટચાકા વગાડવા તે.
૯. મલદોષ—ચળ આદિથી શરીરનો મેલ ખણવો તે.
૧૦. વિમાસણ દોષ—ગળામાં હાથ નાંખી બેસવું ઇત્યાદિ તે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૧. નિદ્રા દોષ—સામાયિકમાં ઉંઘવું તે.
૧૨. વસ્ત્ર સંકોચન દોષ—સામાયિકમાં ટાઢ પ્રમુખની બીકથી વસ્ત્રથી શરીર સંકોચવું તે.

૨૫.

## ઉપસંહાર.

આ પ્રમાણે કાયાના બાર દોષનો ત્યાગ કરી કાયસમિતિયુક્ત એક વિધિ સામાયિક કરવું; અને આની સાથે દશ મનના અને દશ વચનના ઉમેરતાં બધાં મળી બત્રીસ દોષથી રહિત સામાયિક કરવી, અને સામાયિકના ઉપર કહેલા પાંચ અતિચાર ટાળવા; એકાગ્રતા અને સાવધાની ન હોય તો ઉપરના પાંચ અતિચારમાંથી કોઇપણ, અને ઉપર કહેલા બત્રીસ દોષમાંથી અમુક દોષ પણ આવી જાય છે. માટે હમેશાં એકાગ્રતા અને સાવધાની સેવવી–લક્ષપૂર્વક–જાગૃતિ પૂર્વક આદરવી.

૨૬.

## ૨. સંયમ.

હવે સામાયિકનું બીજું અંગ નામે સંયમ લઇએ. સંયમ એટલે ઇંદ્રિયના વિષયો પર સમતા છે; આથી સ્પષ્ટ જણાય તેમ છે કે સમતાનું એક સાધન સંયમ છે.

ઇંદ્રિયો પાંચ છે નામે ચામડી, આંખ, કાન, નાક, અને જીભ. તે દરેકનો વિષય સ્પર્શ, રૂપ, શબ્દ, ગંધ અને રસ છે, અને તે દરેકના વિશેષ વિષય લઇએ તો બધા મળી ત્રેવીસ વિષયો (વિશેષ માટે આગળ જુઓ) થાય છે. આ બધા ચેતન અને અચેતન સર્વ પદાર્થમાં રહેલા છે, તેના ઉપર જો સમતા પ્રાપ્ત થશે તો મોક્ષનું સુખ હાથમાં છે. સ્ત્રી પુત્ર વગેરે ચેતન પદાર્થો અને શય્યા, વસ્ત્રાદિ અચેતન પદાર્થો એ બંનેને અંગે અનેક પ્રકારના વિષયો ઉત્પન્ન થાય છે. કોમળ સ્પર્શથી સુખ, અને કર્કશ સ્પર્શથી દુઃખ, સુરૂપ વસ્તુ જોવાથી પ્રીતિ અને કુરૂપ વસ્તુથી અપ્રીતિ થાય છે; સુગંધ મનને ગમે છે, દુર્ગંધ તરફ અણગમો થાય છે; મધુર પદાર્થનો સ્વાદ લેતાં જીભને પાણી છૂટે છે, અને અમધુર પદાર્થનો સ્વાદ લેતાં મોં બગડી જાય છે, તેમજ સુસ્વર સાંભળવા કાન

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આકર્ષાય છે, અને કુસ્વર સાંભળી કાનમાં આંગળી ઘાલવામાં આવે છે એમ ગણતાં ગણતાં પાંચ ઇંદ્રિયના ત્રેવીસ વિષયો થાય છે અને તેના વિકારો બસો બાવન થાય છે. ( જુઓ આગળ ).

એક એક ઇંદ્રિયના વિષયને વશ થવાથી ભયંકર અને પ્રાણઘાતક પરિણામ આવે છે જેવી રીતે સ્પર્શથી–કામ રાગથી લુબ્ધ થયેલો હાથી એક મોટા ખાડા ઉપર બનાવટી હાથણી પાસે જતાં ખાડામાં પડી પરવશ થાય છે, રસની લોલુપતાવાળાં પ્રાણીને શિકારી જાળમાં ફસાવે છે, ગંધમાં મત્ત થયેલ ભમરો કમળમાં બીડાય છે, રૂપમાં ફસાયેલ પતંગીઆ દીવામાં પડી બળી મરે છે, અને શબ્દ–સ્વરમાં મોહ પામેલ હરણો શિકારીના બાણથી મરે છે, તો જે પાંચે ઇંદ્રિયને વશ હોય એવા પામર મનુષ્યો કેટલું બધું દુઃખ પામે, તે તરતજ કળી શકાય તેમ છે.

ટુંકામાં સાર એ છે કે વિષયને ત્યાગી તે પર સમતા લાવો એટલે નિજ સ્વભાવમાં રહો. નિજસ્વભાવમાં રહેવા માટે શુભ ભાવના, તથા શુભધ્યાન એટલે અપધ્યાન એવા આર્ત અને રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરી ધર્મધ્યાન અને છેવટે શુકલધ્યાન ધ્યાવવા જોઇએ. આ અનુક્રમે વિચારીએ.

૨૭.

## ૩. શુભ ભાવના.

આ સામાયિકનું ત્રીજું લક્ષણ છે, અને તે મુખ્ય અંગ નામે સમતાનું બીજ છે–સમભાવ મેળવવામાં ઉત્તમ ઔષધી રૂપ છે. આ ભાવનાઓ મુખ્ય ચાર છે, અને તે નીચે પ્રમાણેઃ—

**परहितचिंता मैत्री, परदुःखविनाशीनी तथा करुणा।**
**परसुखतुष्टिर्मुदिता, परदोषोपेक्षणमुपेक्षा ॥**

શ્રીમદ્ હરિભદ્રસૂરિ. ષોડશક.

૨૮.

## (૧) મૈત્રીભાવના.

બીજા પ્રાણીઓનું હિત ચિંતવવું તે, એટલે બીજા સર્વ પ્રાણીઓ ઉપર હિત કરવાની બુદ્ધિ. યોગશાસ્ત્રમાં આ ભાવના એવી રીતે ભાવ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વાનું કહ્યું છે કે " કોઇપણ પ્રાણી પાપ કરો નહિ, કોઈપણ જીવ દુઃખી થાઓ નહિ, આ જગત્ કર્મથી મુકાઓ. " આવી ભાવના ભાવવાથી કોઇ પ્રાણી પાપ કરે, દુઃખી થાય અને કર્મ બાંધે એવી ઇચ્છા થતી નથી, એટલુંજ નહિ, પરંતુ પોતે પોતાના તરફથી એવું કંઈપણ મન, વચન, કાયાથી ન થવા દે કે જેથી તે પ્રાણીઓ કર્મ બાંધી-પાપ બાંધી દુઃખી થાય. સર્વ પ્રાણીઓને પોતાના આત્મા જેવા **आत्मवत् सर्वभूतेषु**-જાણી મૈત્રી ભાવનાવાળા કોઇપણ પ્રકારનું દુઃખ દેતા નથી, એટલુંજ નહિ પરંતુ તેઓના દુઃખે દુઃખી થઇ તે દુઃખ અટકાવવા પ્રયાસો કરે છે, એટલે કરૂણા ભાવના ભાવે છે.

૨૯.

## (૨) કરૂણા ભાવના.

પારકાં દુઃખોનો નાશ કરવાની ઇચ્છા અથવા ચિંતા તે-અથવા ભવ રૂપ ( સંસાર અથવા કર્મ ) વ્યાધિથી હેરાન થતાં પ્રાણીઓને ભાવ ઔષધથી સારૂં કરવાની ઇચ્છા તેઃ કર્મના યોગથી પ્રાણીઓ અશક્ત, રોગી, અને દુ;ખી, ભયથી આકુળવ્યાકુળ, ચિંતાગ્રસ્ત, અને દીન એટલે અનેક શારીરિક અને માનસિક દુઃખોથી પીડાયેલ હોય છે; આવા દુઃખોમાંથી ઉગારવા માટે જે પ્રાણી તેના ઉપાયો શોધવામાં હમેશાં વિચારતો રહી તે ઉપાયોને કામે લગાડવા મથ્યો રહે છે તે પરિણામે સુંદર અને વિકાર વગરનું સુખ-સમતા રસનું પાન મેળવે છે.

૩૦.

## (૩) પ્રમોદ ભાવના.

બીજાંઓના સુખને જોઇ આનંદ પામવો તે-ગુણનો પક્ષપાત કરવો તે. પક્ષપાત એટલે બહુમાન અથવા મનનો આનંદ. ગુણ એટલે ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, મોહ આદિ દોષોનો ત્યાગ, ક્ષમા, નમ્રતા, સરલતા, ઉદારતા, સમતા આદિ ગુણ. આવા ગુણોનો આદર, અનુકરણ, ચિંતન આદિથી પક્ષપાત કરવાથી તે તે ગુણોવાળા થવાય છે, અને આ પક્ષપાત વિશેષ પ્રમાણમાં તે તે ગુણોવાળાના ચરિત્રોપર આનંદ પ્રગટાવવાથી થઇ શકે છે, જેમકે શ્રી **તીર્થંકર** મહારાજનો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મૈત્રીભાવ, ગજસુકુમાળ આદિની ક્ષમા, શ્રીપાળ રાજાની દાક્ષિણ્યતા આદિ ભાવી તેમની સ્તુતિ, પ્રશંસા કર્યા કરવી. આમ કરવાથી ગુણ-પર દૃષ્ટિ રહે છે, **દોષ તરફ નજર જતી નથી,** તેથી વસ્તુમાત્રનું તત્ત્વસાર રૂપ રહસ્યજ સમજવામાં આવે છે; તેથી ધર્મ પમાય છે, અને સમભાવ–નિરપેક્ષતા આપણામાં આવીને વસે છે.

### ૩૧.

## (૪) માધ્યસ્થ ભાવના.

બીજાઓના દોષોની ઉપેક્ષા કરવી તે અથવા ન ટળી શકે તેવા દોષ-વાળા પ્રાણી ઉપર ઉદાસીન ભાવ રાખવો તે. જગત્‌માં સર્વ પ્રાણીઓ કોઈ કોઈ દોષવાળા હોયજ છે, એટલુંજ નહિ પરંતુ કેટલાકોમાં એટલા બધા મહાન્ પ્રમાણમાં દોષો ભરેલા છે કે જેને આપણે ક્રૂર, પાપી, ધર્મપતિત, નિંદક, વિશ્વાસઘાતક કહી શકીએ; છતાં દરેકે પોતાના આત્માની સુધારણા કરવી હોય–સમતારૂપી અમૃતનું પાન કરી સ્થાયી સુખ મેળવવું હોય તો તેને કોઈના કોઈપણ જાતના દોષ જોઈ તે દૂર કરવાના પ્રયાસ કરવા રૂપી કરૂણા ભાવના ભાવવાની છે, અને જો પ્રયત્ન કરતાં છતાં પણ હિત થવાનો સંભવ ન હોય તો ઉદાસીનતા–માધ્યસ્થ ભાવના ભાવવાની છે. આથી જે મનને વિશ્રાંતિ મળે છે તે ખરે અપૂર્વ છે; અને મનની શાંતિમાં સમતા રહેલી છે.

### ૩૨.

## ભાવનાનો ઉપસંહાર.

આ રીતે ચાર મુખ્ય ભાવનાનું ટુંક સ્વરૂપ કહ્યું, તેની સાથે કહે-વાનું કે અનિત્યાદિ જે બાર ભાવના કહેલી છે તેને પણ ભાવવાના પ્રયત્નો થશે તો તેથી વૈરાગ્ય, અને રાગદ્વેષની નિવૃત્તિ આવશે. મૈત્રી આદિ ચાર ભાવના એ ધર્મધ્યાનની ભાવના છે, તેથી તે ભાવના ભાવવાથી જીવ **આર્ત, રૌદ્ર ધ્યાનમાંથી નિરાળો થાય** છે. તેથી મન સ્થિ-રતા પામી સમતાનું ગ્રહણ કરે છે, અને અનિર્વચનીય આનંદનો લ્હાવો લે છે. આની સાથે આર્ત, રૌદ્ર ધ્યાન શું છે તે પણ જોઇ જઇએ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કારણકે તેનો ત્યાગ એ સામાયિકનું ચોથું અંગ છે; વળી તેનો ત્યાગ કરવાથી ઉપરની ચાર ધર્મધ્યાનની ભાવનાઓ ભાવી શકાય છે અને તેથીજ સામાયિકનું મુખ્ય અંગ સમતા પ્રાપ્ત થાય છે.

૩૩.

## ૪. આર્ત રૌદ્રધ્યાનનો ત્યાગ.

બે જાતનાં ધ્યાન છે, એક પ્રશસ્તધ્યાન અને બીજું અપ્રશસ્તધ્યાન. પ્રશસ્તધ્યાનમાં ધર્મધ્યાન અને શુક્લધ્યાનનો સમાવેશ થાય છે, અને અપ્રશસ્તધ્યાન-કુધ્યાનમાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાન સમાય છે. આ અશુભ ધ્યાનનો સંસ્કાર જીવને અનાદિકાળથી ચાલ્યો આવ્યો છે, અને તે જીવને કોઈપણ યત્ન વગર એની મેળેજ થાય છે, આ અશુભ ધ્યાનનો અભાવ થયે શુભ ધ્યાન થાય છે.

૩૪.

## આર્તધ્યાન. ૪ પ્રકાર.

ઋત એટલે પીડા-દુઃખમાં ઉત્પન્ન થનારૂં ધ્યાન તે આર્તધ્યાન. આ ધ્યાન જેમ પ્રાણીઓ દિશાઓ ભૂલી જઈ ઉન્મત્તતા પામે છે તે સમાન છે, અને તે અવિદ્યા એટલે મિથ્યા જ્ઞાનની વાસનાને વશ થવાથી ઉત્પન્ન થાય છે. આના ચાર પ્રકાર છે. ( ૧ ) અનિષ્ટસંયોગજ ( ૨ ) ઇષ્ટવિયોગજ ( ૩ ) રોગજનિત ( ૪ ) નિદાનજનિત.

( ૧ ) અનિષ્ટસંયોગજ એટલે જીવોને અનિષ્ટ પદાર્થોનો સંયોગ થવાથી ઉત્પન્ન થતું ધ્યાન. અનિષ્ટ પદાર્થો એટલે પોતાને, સગાંને, ધનને, શરીરને નાશ કરનાર નામે અગ્નિ, જળ, વિષ, શસ્ત્ર, સરપ, સિંહ વગેરે જીવો, તથા દુષ્ટ જન, વૈરી, રાજા આદિ. આવા પદાર્થોને સાંભળવાથી, જોવાથી, સ્મરણમાં આવવાથી તથા પાસે આવવાથી તેનો સંયોગ થાય છે તેથી મનને ક્લેશ થાય છે.

( ૨ ) ઇષ્ટવિયોગજ જે ઇષ્ટ પદાર્થના વિયોગથી થાય છે તે ઇષ્ટ એટલે મનને પ્રિય જેવા કે રાજ્ય, ઐશ્વર્ય, સ્ત્રી, કુટુંબ, મિત્ર, સૌભાગ્ય, ભોગ ઇત્યાદિ પદાર્થો અથવા મનને પ્રીતિ કરનાર સુંદર ઇંદ્રિયોના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિષયોનો નાશ–વિયોગ થતાં જે પીડા, ભ્રમ, શોક, મોહ ઉત્પન્ન થાય છે તેથી ખેદરૂપ પ્રાપ્ત થતું ધ્યાન પાપનું સ્થાન છે.

(૩) રોગજનિત–વાત, પિત્ત અને કફના પ્રકોપથી થતા રોગની પીડાથી જે વ્યાકુલતા પ્રાપ્ત થાય છે તેથી ઉત્પન્ન થતું ધ્યાન. રોગ જેવાકે કાસ, શ્વાસ–દમ, ભગંદર, જલોદર, કોઢ, અતિસાર, જ્વર આદિ. આ ધ્યાન દુખે કરીનેજ નિવારણ થઈ શકે તેમ નથી, અને દુઃખથી ભરપૂર છે.

(૪) નિદાનજનિત–ભવિષ્ય કાળમાં ભોગની વાંછાથી ઉત્પન્ન થાય તે. હવે પછી મને સંપત્તિ, સ્ત્રી આદિ મનના આનંદરૂપ વસ્તુઓ કેવી મળશે એ પ્રકારના ચિંતવનથી જે ધ્યાન થાય છે તે. આ સંસારનું કારણ છે. વળી જે પોતાના પુણ્યના આચરણથી શ્રી તીર્થંકર અથવા દેવના પદની વાંછા કરે, શત્રુના નાશની ઇચ્છા કરે, અથવા પોતાની પૂજા, પ્રતિષ્ઠા અથવા અન્ય કોઈ લાભની યાચના કરે તે નિદાનજનિત આર્તધ્યાન કરે છે.

આવી રીતે આર્તધ્યાનનું સ્વરૂપ ચાર ભેદના વિસ્તારથી ટુંકમાં કહ્યું છે. આ ધ્યાન પહેલાં રમણિક લાગે છે, પણ અંતે તો ગુણકારી બીલકુલ થતું નથી, અને તે કૃષ્ણ, નીલ, કાપોત એવી અશુભ લેશ્યાના બળથી પ્રગટ થાય છે, અને અનાદિકાળથી અપ્રશસ્ત સંસ્કારથી પોતાની મેળેજ જીવોને થાય છે. આ ધ્યાનનાં ચિન્હ શંકા, શોક, ભય, પ્રમાદ, કલહ, ચિત્તભ્રમ, ઉદ્‌ભ્રાંતિ, મનની અસ્થિરતા, વિષયની ઇચ્છા, નિરંતર નિંદ્રા આવવી, અંગની જડતા, થાક, મૂર્ચ્છા આદિ છે; અને આ આર્તધ્યાનનું ફળ અનંત દુઃખથી ભરપૂર એવી તિર્યંચ ગતિ છે, તો તે દૂર કરવા યોગ્ય છે.

## ૩૫.

## રૌદ્રધ્યાન. ૪ પ્રકાર.

રૂદ્ર–ક્રૂર–ભયંકર આશયથી ઉત્પન્ન થનારૂં ધ્યાન તે રૌદ્ર. આ ચાર પ્રકારનું છે. ૧ હિંસાનંદ, ૨ મૃષાનંદ, ૩ ચૌર્યાનંદ, ૪ વિષયસંરક્ષણાનંદ–પરિગ્રહાનંદ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

( ૧ ) હિંસાનંદ—હિંસામાં આનંદ માનવો તે એટલે જીવોના સમૂહને પોતાનાથી અથવા બીજાદ્વારા મારવાથી, પીડિત કરવાથી, નાશ કરવાથી, ઘાત કરવાથી હર્ષ માનવો તે. આવા પુરૂષો નિરંતર નિર્દય સ્વભાવના, ક્રોધ કષાયથી બળેલા, મદથી ઉદ્ધત, પાપરૂપ બુદ્ધિવાળા, કુશીલી, નાસ્તિક હોય છે. આનાં ચિન્હ હિંસાના હથિયાર નામે શસ્ત્રાદિકનો સંગ્રહ કરવો, ક્રૂર જીવોપર અનુગ્રહ કરવો, અને નિર્દયતા આદિ છે.

( ૨ ) મૃષાનંદ—અસત્ય કલ્પનાઓથી મલિન ચિત્ત કરી જે ચેષ્ટા કરવી તે. જગતમાં સત્ય ધર્મના માર્ગને છોડી ઠગાઇનાં શાસ્ત્રો રચી દયા રહિત માર્ગને ચલાવે–અસત્ય ચતુરાઇ વાપરી લોકોને મંત્ર, વ્યંતર એવા ચમત્કાર દેખાડી ધન મેળવે તથા સદ્ધર્મમાર્ગથી પતિત થઇ અસત્ય વચનોથી ભોળા જીવને ભરમાવે તે પુરૂષ મૃષાનંદ રૌદ્ર ધ્યાનથી ભરપૂર સમજવો.

( ૩ ) ચૌર્યાનંદ—ચોરીના કાર્યના ઉપદેશ કરવામાં અધિકતા, ચોરીના કાર્યમાં ચતુરતા, તથા ચોરીના કાર્યમાં તત્પરતા એ સૌમાં આ- ચૌર્યાનંદ ધ્યાન આવે છે.

( ૪ ) પરિગ્રહાનંદ–આરંભસમારંભમાં રૌદ્ર–ક્રૂર ચિત્ત કરી ઉદ્યમ રાખી તેના સંકલ્પની પરંપરા વધારે તેનું નામ પરિગ્રહાનંદ રૌદ્ર ધ્યાન છે.

આ રીતે રૌદ્ર ધ્યાન કહ્યું. તેનાં આંતરિક ચિન્હ ક્રૂરતા–દુષ્ટતા, પરૂષતા, વંચકતા, કઠોરતા, નિર્દયતા આદિ છે. બાહ્ય ચિન્હ લાલ આંખ, વાંકાં ભવાં, ભયાનક આકૃતિ, દેહમાં કંપ, પરસેવો થવો વગેરે છે. આનું ફળ નરકગતિ છે, માટે તે તજવા યોગ્ય છે.

## ૩૬.
## અપધ્યાનપર ઉપસંહાર.

આર્ત અને રૌદ્ર ધ્યાન અપ્રશસ્ત છે, તેનો ત્યાગ કર્યા વગર અનાદિકાલથી ધર્મ ધ્યાન થયું નથી, અને થશે નહિ, કારણ કે તે ધર્મરૂપી વૃક્ષને ક્ષણના અર્ધા ભાગમાં બાળી નાંખનારા છે; માટે તેનો ત્યાગ કરવાથી ધર્મધ્યાન થશે. ધર્મધ્યાનનું સ્વરૂપ મૈત્રી આદિ ચાર ભાવના છે કે જેનું સ્વરૂપ ઉપર આપણે કહી ગયા છીએ. તો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

अथ प्रशममालंब्य विधाय स्ववशं मनः।
विरज्य कामभोगेषु धर्मध्यानं निरूपय ॥

—જ્ઞાનાર્ણવ.

અર્થ—હે આત્મન્! તું પ્રશમ–સમતાનું ( મંદકષાયરૂપ વિશુદ્ધ ભાવોનું ) અવલંબન કરી, પોતાના મનને વશ કરી કામભોગ આદિ વિષયસેવનાદિકથી વિરક્ત થઈ ધર્મધ્યાનને વિચારપૂર્વક જો.

કારણ કે કહ્યું છે કેઃ—

सामाइयं तु काउं, गिहकज्झं जोवि चिंतए सड्ढो।
आत्तरुद्दोवगओ, नीरत्थं तस्स सामइयं॥

અર્થ—જે મનુષ્ય આર્ત, રૌદ્ર ધ્યાનને વશ પડયો થકો સામાયિક કરે, સામાયિકમાં ઘર સંબંધી સાવદ્ય કામ ચિંતવે તેનું સામાયિક નિરર્થક થાય. આ ઉપરથી સિદ્ધ થાય છે કે જે પ્રાણી આર્ત રૌદ્ર ધ્યાન ન ધ્યાવે તે પ્રાણીનું સામાયિક શુદ્ધ હોય.

૩૭.

## ચાર અંગનું અવલંબન.

આ રીતે સામાયિકનાં ચાર અંગ નામે સમતા, સંયમ, શુભભાવના ( ધર્મધ્યાન ), અને આર્તરૌદ્ર ધ્યાનનો ત્યાગ એ કહ્યાં, એ ઉપરથી સ્પષ્ટ જણાય તેમ છે કે સમતા એ મુખ્ય અવલંબન–આધાર છે, તે લાવવા માટે સંયમ, શુભ ભાવના, અને અપ્રશસ્ત ધ્યાનનો ત્યાગ એ સાધનો છે; માટે આ સાધનોનો સામાયિકમાં હમેશાં અભ્યાસ કરવો જોઈએ અને સામાયિકના કાલમાં તે સાધનોનું અનુકૂળ ચિંતવન કરવું જોઈએ; જેમ બને તેમ મનની શીતલતા રાખવી–સાત્વિક ભાવ વધારવો, આત્મિક ઉન્નતિ કરતા જઇએ તેવું લક્ષ રાખવું, પૈદ્ગલિક ભાવનો ત્યાગ કરવો; ઉત્તમ વિચારોજ ભાવવા અને તે વિચારની શ્રેણી આત્મનિરીક્ષણ થાય તે ઉપર લઇ જવી, અને પરિણામે વ્યવહારમાં રહ્યા છતાં પણ તે વ્યવહાર શુદ્ધ રહેતો જાય એટલુંજ નહિ, પરંતુ દૃષ્ટિ અંતર્મુખ આત્માની પ્રગતિ કરવા પ્રત્યેજ રહેતી જાય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૩૮.

## સામાયિક પ્રશંસા.

હવે ઉપર આપણે નિશ્ચયે સામાયિકનું ભાવથી થોડું થોડું વિવેચન કરી ગયા છીએ, તે ઉપરથી શ્રીમદ્ હરિભદ્રસૂરિના સામાયિક સંબંધે અનુભવસિદ્ધ વાક્યો વિચારીએ. તેઓ પોતાના અષ્ટકમાં કથે છે કે:–

**सामायिकं च मोक्षांगं परं सर्वज्ञभाषितम् ।**
**वासीचंदनकल्पाना मुक्तमेतन्महात्मनाम् ॥**

અર્થ—વાંસલા પ્રત્યે ચંદન તુલ્ય એવા મહાત્માઓ માટે **સામાયિક** ઉત્કૃષ્ટ મોક્ષનું અંગ છે એમ સર્વજ્ઞ પ્રભુએ કહેલું છે.

**निरवद्यमिदं ज्ञेयमेकांतेनैव तत्त्वतः ।**
**कुशलाशयरुपत्वात्सर्वयोगविशुद्धितः ॥**

સામાયિક કુશલ—ઉત્તમ આશય રૂપ હોવાથી, તથા તેમાં સર્વ યોગ–એટલે સઘળા મન, વચન, કાયાના યોગની શુદ્ધિથી પરમાર્થે કરીને **એકાંતેજ નિરવદ્ય** જાણવું.

**सामायिकविशुद्धात्मा सर्वथा घातिकर्मणः ।**
**क्षयात्केवलमाप्नोति लोकालोकप्रकाशकम् ॥**

સામાયિકથી વિશુદ્ધ થયેલો આત્મા–પ્રાણી સર્વથા પ્રકારે ઘાતી કર્મોના ક્ષયથી લોક અને અલોકને પ્રકાશ કરનારૂં એવું કેવલજ્ઞાન પામેછે.

૩૯.

## સામાયિક મોક્ષનું અંગ છે.

આ કથનનાં કારણ તપાસીએ.–

૧. સામાયિકમાં સમતા એ મુખ્ય–પ્રાધાન્ય છે. સમતા એ સ્થિરતા છે. સ્થિરતા એજ ચારિત્ર છે અને શુદ્ધ દશામાં રહેતાં તેજ ચારત્ર મોક્ષ છે; કારણકે શ્રીમદ્ યશોવિજયજી કહે છે કે-**चारित्रं स्थिरतारूपं, यतः सिद्धेष्वपीष्यते** એટલે ચારિત્ર સ્થિરતારૂપ છે તેથી સિદ્ધાત્માઓમાં તેની અપેક્ષા છે. આ ઉપરથી જણાશે કે સમતા વગર સર્વ ક્રિયા નકામી છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સમતા વિણ જે અનુસરે, પ્રાણી પુણ્યનું કામ;
છાર ઉપર તે લીંપણું, ઝાંખર ચિત્રામ.

અને તે સમતા ચારિત્રનો પાયો છે, ચારિત્ર એ મોક્ષનું એક અંગ છે, તેથી સમતા મોક્ષના અંગરૂપે છે અને સામાયિકમાં સમતા પ્રાધાન્યે છે તેથી સામાયિક પણ મોક્ષનું અંગ છે.

૨. સામાયિકને મોક્ષનું અંગ કહેવાનું વિશેષ કારણ એકે તેમાં સર્વ યોગની વિશુદ્ધિ છે. આ વિશુદ્ધિ આપણે ઉપર તપાસી ગયા છીએ.

૩. છેવટનું કારણ તેમાં રહેલ કુશલ આશય હોય છે. કુશલ એટલે શુદ્ધ આશય હોય છે એટલે સામાયિકના શાંત વખતમાં કોઇનું અનિષ્ટ ઇચ્છવું એ હોતુંજ નથી, તેમ સર્વનું શ્રેય થાઓ એ તેમાં ભાવના રહેલી છે; અને તેની સાથે પોતાના આત્માના સ્વભાવમાં રમણ કરવાની શ્રેણીપર ચઢતાં પોતાના આત્માનું નિરીક્ષણ કરવાનું રહે છે. આત્મનિરીક્ષણ–આત્મવિચારણાથી અશુદ્ધ વ્યવહાર, અશુદ્ધ ઉચ્ચાર, અને અશુદ્ધ વિચાર માટે પશ્ચાતાપ થાય છે, તેનો ત્યાગ કરવાની બુદ્ધિ થાય છે, તે બુદ્ધિથી નિશ્ચય થઇ તેનો ત્યાગ કરવાની બુદ્ધિ થાય છે, તે બુદ્ધિથી નિશ્ચય થઇ તેનો ત્યાગ કરવાનું બને છે. આ ત્યાગ કરવા માટે જૈન શાસ્ત્રે શ્રાવકો માટે ચૌદ નિયમ કર્યા છે અને, તેથી આગળ અઢાર પાપસ્થાનક વર્જી શ્રાવકના ધર્મ, મુનિના ધર્મ વિગેરેનું પરિપાલન કરવાનું કહ્યું છે. આથી આત્મવિચારણા સાથે આત્મજાગૃતિ પ્રગટે છે. અને તેથી 'સવી જીવ કરૂં શાસન રસી' એવી ઉત્તમ મનોભાવના દૃઢ નિશ્ચય રૂપે જાગૃત થાય છે. આમ કુશલ આશયરૂપ મહાન્ લાભ થાય છે, અને તે મોક્ષનું સાધન છે. આથી સામાયિક મોક્ષનું અંગછે.

## ૪૦.
## સામાયિક એકાંતે નિરવદ્ય છે.

જૈનશાસ્ત્ર સ્યાદ્વાદમય છે એટલે વચનો અપેક્ષાએ સત્ય હોય છે, છતાં શ્રીમદ્ હરિભદ્ર સૂરિ જેવા પ્રખર પ્રભાવશાલી અને નિષ્પક્ષપાતી મહર્ષિ કથે છે કે 'સર્વજ્ઞ મહારાજે સામાયિકને એકાંતે નિરવદ્ય કહેલ છે, તો તે કઇ રીતે તે જોઇએ. નિરવદ્ય એટલે પાપરહિત. હવે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સામાયિકમાં પાપ થવાનું કંઈ પણ રહેતું નથી. જો તેમાં લેશ માત્ર પાપ થતું હોય તો તેને એકાંતે નિરવદ્ય કરી શકાય નહિ. પાપ કઇ રીતે થતું નથી? તો કહેવાનું કે સામાયિકના કાલમાં ચિત્તની શાંતવૃત્તિ રહે છે તેથી નવાં કર્મો બંધાતાં નથી. વળી તે ઉપરાંત વચન, અને કાયાની સ્થિરતા રહે છે. આથી નવસ્થાન નામે મન, વચન, અને કાયા એ દરેકવડે કરવું, કરાવવું અને અનુમોદવું એની શુદ્ધિ પાળી શકાય છે. મનશાંતિ રાખવી એ મુશ્કેલ છે તેથી કદાચ તે પળી ન શકે, તો વચન અને કાયા દરેકથી કરવું, કરાવવું અને અનુમોદવું, અને તેથી શુદ્ધિ રાખી શકાય છે. આમ કરી શરૂઆત કરનારો જીવ ધીમે ધીમે આગળ ચડી શુભ–કુશલ આશય રાખી ચિત્તવૃત્તિનો નિરોધ કરી શકે છે, અને તેથી સમતાનો લાભ મેળવી નવાં કર્મો બાંધતો નથી, એટલુંજ નહિ પરંતુ કર્મોની **નિર્જરા** કરી શકે છે. આથી બેવડો લાભ થાય છે અને તેથીજ સામાયિક એકાંતે નિરવદ્ય કહેલ છે.

આવું સામાયિક પાળવાથી મોક્ષનું સાધન પ્રાપ્ત થાય છે, એટલુંજ નહિ પરંતુ કર્મનો ક્ષય થતાં મોક્ષ પહેલાં થતું કેવલજ્ઞાન કે જે સકલ ઘાતિકર્મની સાથે જ્ઞાનાવરણીય કર્મને ખપાવતાં પામી શકાય છે તે પણ પ્રાપ્ત થાય છે અને તેથીજ શ્રીમદ્ હરિભદ્રસૂરિએ ઉપર પ્રમાણે કહ્યું છે.

૪૧.

## સામાયિકનાં આઠ નામ, એને તે પર દૃષ્ટાંત.

સામાયિકનાં આઠ નામ છે.

**सामाइयं समइयं, सम्मंवाओ समास संखेवो ।**
**आणवज्जं य परिणा, पच्चखाणेय ते अठा ॥**

અર્થ—સામાયિક, સમયિક, સમવાદ, સમાસ, સંક્ષેપ, અનવદ્ય, પરિજ્ઞા અને પ્રત્યાખ્યાન એમ આઠ નામ સામાયિકનાં છે. તે દરેકના અર્થ નીચે પ્રમાણે.

૧. સામાયિક—સમતાભાવ રાખવો તે.
૨. સમયિક—મયા એટલે દયાથી સહિત એટલે સર્વ જીવ ઉપર દયાભાવ રાખવો તે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૩. સમવાદ—સમ તે રાગદ્વેષ છાંડીને યથાવસ્થિત એવું વચન બોલવું તે.
૪. સમાસ—થોડાજ અક્ષરમાં તત્ત્વ જાણવું તે.
૫. સંક્ષેપ—થોડાજ અક્ષરમાં કર્મ નાશ થાય એવો દ્વાદશાંગીનો ઘણો અર્થ વિચારવો તે.
૬. અનવદ્ય—અવદ્ય-પાપ વગરનું આદરવું તે.
૭. પરિજ્ઞા—તત્ત્વનું જાણપણું જે સામાયિકમાં હોય તે.
૮. પ્રત્યાખ્યાન—પરિહરેલી-નિષેધ કરેલી વસ્તુનો ત્યાગ કરવો-તે આદરવી નહિ તે.

આ આઠ પર્યાયમાંના દરેક ઉપર એક કથા છે, તે કથા ઉત્તમ દૃષ્ટાંતરૂપે છે તેથી તે જાણવાથી પર્યાયનો ખરો અર્થ સારી રીતે સમજાશે. તે કથાઓની ગાથા નીચે પ્રમાણે છેઃ—

**दमदंते मेअज्जे, कालय पुत्था चिलाइपुत्ते य ।**
**धम्मरुइ इला तेइली, सामाइय अठुदाहरणा ॥**

અર્થ—૧ દમદંત રાજા, ૨ મેતાર્યમુનિ, ૩ કાલકાચાર્ય, ૪ ચિલાતીપુત્ર, ૫ લૌકિકાચાર પંડિતો, ૬ ધર્મરૂચિ સાધુ, ૭ ઇલાચી કુમાર, અને ૮ તેતલીપુત્ર એમ સામાયિક ઉપર આઠ ઉદાહરણ છે.

૪૨.

## ૧. સમભાવ-સામાયિક-ઉપર દૃષ્ટાંતઃ—

હસ્તિશીર્ષ નામના નગરમાં દમદંત રાજા રાજ્ય કરે છે, ત્યાં એકદા હસ્તિનાપુરના સ્વામી પાંડવકૌરવની સાથે સીમાડાના રાજાની મોટી વઢવાડ થઈ. આ વખતે દમદંત રાજા જરાસંધ રાજાની સેવા કરવા ગયો હતો, તેથી તેની ગેરહાજરીનો લાભ લઈ પાંડવકૌરવે દમદંત રાજાનો દેશ ઉજાડ કર્યો. આ વાત સાંભળી દમદંત રાજા મોટું લશ્કર લઈ હસ્તિનાપુર લડવા આવ્યો. મોટો સંગ્રામ થતાં દૈવવશાત્ પાંડવકૌરવ હારી નાશી ગયા, અને દમદંત રાજા જીત કરી પોતાના દેશમાં આવ્યો. એક વખતે રાજા ગોખમાં બેઠો હતો ત્યારે પંચવર્ણી વાદળાનું સ્વરૂપ વિચારતાં મનમાં વૈરાગ્ય થયો કે આ સંસાર પણ પવન વાતો હોય તે સમયના વાદળ સમાન ક્ષણિક-અસાર છે. એથી તુરત પ્રત્યેકબુદ્ધની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પેઠે દીક્ષા લીધી; પછી તે એક ગામથી બીજે ગામ વિહાર કરતા કરતા એક દિવસે હસ્તિનાપુર નગરની બહાર આવી કાયોત્સર્ગ ધ્યાનમાં ઉભા રહ્યા. એટલામાં રાજવાડીમાં જતાં રસ્તામાં **પાંડવોએ** દમદંત મુનિરાજને કાઉસગ્ગમાં ઉભા દીઠા, તે વખતે લોકોના મુખથી એ દમદંત રાજા છે એમ જાણીને **પાંડવોએ** ઘોડા ઉપરથી નીચે ઉતરી શુભભાવે ત્રણ પ્રદક્ષિણા દઇ મુનિશ્રીને વંદન કર્યું, અને ત્યાર પછી તે મુનિનું રાજ્યાવસ્થામાંનું બલ અને અત્યારનું ચારિત્રબલ જોઇને તેમની સ્તુતિ કરી તેઓ રાજવાડીમાં ગયા. પાછળથી કૌરવો આવ્યા. તે વખતે તેમાંના મોટા દુર્યોધને તે મુનિને તિરસ્કારપૂર્વક માઠાં વચન ઉચારીને તેમના સામું એક બીજોરૂં ( ફલ ) ફેંક્યું. રાજાનું જોઇને સાથે બીજા સૈનિક અને લોકોએ પણ મુનિની સામે લાકડાં પથરા ફેંકીને તે મુનિની ચારે તરફ એક ઓટલા જેવું કરી દીધું. મુનિનું શરીર ઢંકાઈ ગયું. **પાંડવો** રાજવાડીમાંથી પાછા ફરતાં જુએ છે તો મુનિ ઢંકાઇ જવાથી દેખાયા નહિ એટલે લોકોને પૂછવા લાગ્યા કે ' અહિંથી મુનિ ક્યાં જતા રહ્યા ?' લોકોએ કૌરવોની દુશ્ચેષ્ટા કહી સંભળાવી, ત્યારે **પાંડવોએ** તુરત સેવકોને કહી લાકડાં પથરા વગેરે કઢાવી નંખાવી મુનિરાજને બહાર કાઢી નમસ્કાર કર્યાં, અને પછી પોતાને સ્થાનકે ગયા. મુનિરાજને **પાંડવો** તરફથી માન મળ્યું અને કૌરવો તરફથી અપમાન મળ્યું તોપણ ઉક્ત મુનિશ્રીએ બંને ઉપર સમપરિણામ રાખ્યો.

૪૩.

## ૨. સમયિક–સામાયિક–દયાભાવ ઉપર દૃષ્ટાંતઃ—

**શ્રા**વસ્તિ નગરીમાં **યજ્ઞદત્ત** નામે બ્રાહ્મણ વસતો હતો. તેણે વૈરાગ્યથી દીક્ષા લીધી, પણ દીક્ષા પાળ્યા સુધી કુલના મદનો ત્યાગ કરી શકયો નહિ, મરણ પામી દેવતા થયો, અને ત્યાંથી ચ્યવી **રાજગૃહી** નગરીમાં કુલ મદના યોગથી ચાંડાલના કુલમાં આવી ઉપન્યો. જ્યારે તે ચાંડાલણી થકી જન્મ્યો, ત્યારે તેજ નગરીમાં ધનદત્ત શેઠની સ્ત્રીને છોકરાં આવતાં તે મરેલાં આવતાં તેથી પોતાને સંતાન ન હોવાથી ગુપ્તપણે ચાંડાલણીએ આવી દ્રવ્ય લઇ પોતાનો પુત્ર આપ્યો તે લઇ લીધો. પછી તે છોકરો અનુક્રમે શેઠને ઘેર મોટો થયો અને નામ મેતાર્ય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પાડયું. જુવાન થતાં વાણીઆની આઠ કન્યા અને શ્રેણિક રાજાની એક કન્યા પરણયો. બાર વરસ સુધી દેવતા જેવાં સુખ ભોગવી દેવતાના વચનથી પ્રતિબોધ પામી શ્રી મહાવીર સ્વામી પાસે દીક્ષા લીધી. પછી ઘણા દેશમાં વિહાર કરતાં એક દિવસ રાજગૃહ નગરમાં સોનીને ઘેર આહાર લેવા આવ્યો. તે ઘરમાં સોનીએ શ્રેણિક રાજાને માટે દેવપૂજા સારૂ એકસો સાઠ સોનાના યવ ઘડીને મૂકયા હતા, તેને તેટલામાં ક્રૌંચ પક્ષી આવી દાણાની ભ્રાંતિમાં ખાઇને ભીંત ઉપર જઇને બેઠો. સોની પણ સાધુને શુદ્ધ આહાર આપી ઘરથી બહાર આવ્યો, અને જ્યાં પાછો ઘરમાં જઇ જુવે છે તો ત્યાં સોનાનો એક પણ યવ દીઠો નહિ. ત્યારે તેણે સાધુને ચોર જાણી સોનીએ પૂછ્યું ' અહીં જવ પડ્યા હતા તે કોણ લઈ ગયું ? ' ત્યારે સાધુએ વિચાર્યું કે ' ક્રૌંચ પક્ષીએ ખાધા છે એવું જો હું એને કહીશ તો એ મારા વચનથી તે પક્ષીને મારી નાંખશે ' તેથી પોતે મૌન રહ્યા. સોનીને ક્રોધ ચડ્યો, અને લીલી વાધરથી મુનિનું માથું બાંધી તેને તડકે ઉભો રાખ્યો. આની વેદનાથી મુનિની આંખો નીકળી પડી, તેથી ઘણીજ વેદના થઈ, પણ મનમાં લેશમાત્ર દ્વેષભાવ આણ્યો નહિ. શુક્લ ધ્યાને ચઢતાં અંતગડ કેવલી થઈ મોક્ષે ગયા. આ રીતે પ્રાણાંત કષ્ટ પડે, તોપણ મનમાં જીવ દયાજ ધારે, પણ શરીરની કોઇપણ દરકાર ન કરે એ સમયિક સામાયિક.

## ૪૪.

## ૩. સમવાદ સામાયિક ઉપર દૃષ્ટાંત કથા.

તુરમણિ નામની નગરીમાં કુંભ નામે રાજા હતો, તેને દત્ત નામનો પુરોહિત હતો તે કાલિકાચાર્યનો ભાણેજ હતો. તે દત્ત પુરોહિતે પોતાના સ્વામી કુંભ રાજાને બલથી બાંધી બંધીખાને નાંખ્યો, અને પોતે રાજ્ય ભોગવવા લાગ્યો. અનુક્રમે આજ નગરીમાં કાલિકાચાર્ય આવી ચોમાસું રહ્યા, તે વખતે દત્તપુરોહિત પોતાની માતાની પ્રેરણાથી ઉન્મત્તપણાએ આચાર્યને વાંદવા ગયો. ત્યાં જઈ ધર્મની ઈર્ષ્યાથી અને ક્રોધથી ગુરૂને પૂછ્યું કે ' હે મહારાજ ! યજ્ઞ કરવાથી શું ફલ થાય ? તે કહો. ' તે વખતે ગુરૂએ ધૈર્ય રાખી કહ્યું કે ' યજ્ઞનું ફલ તો હિંસા

છે, અને હિંસાનું ફલ નરકપદવી છે.' દત્ત બોલ્યો 'હે મહારાજ! એની સાબીતી કઈ રીતે માલૂમ પડે?' ગુરૂએ ઉત્તર આપ્યો કે 'આજથી સાતમે દિવસે તુજને કુતરા ખાશે, અને તું લોઢાની કુંભી-પાકમાં પડીશ.' દત્તે ફરી પૂછ્યું કે 'મહારાજ! તે કેમ મનાય?' ગુરૂએ કહ્યું 'વળી અકસ્માત્ તારા મુખમાં વિષ્ટા પડશે. અને આ મારી કીધેલી વાત ખરી થાય તો તું સમજજે કે નરક જવાની વાત પણ ખરી છે.' આ સાંભળી ક્રોધ ચડાવી દત્ત ગુરૂને પૂછ્યો કે 'હે મહારાજ! તમે કેવી રીતે મરશો? અને મરીને કયાં જશો?' ગુરૂએ કહ્યું. 'હું સમાધિમરણ પામી દેવલોકમાં જઈશ.' આ સાંભળી દત્ત હુંકારો કરતો થકો આચાર્યની પાસે સિપાઈઓની ચોકી મૂકીને પોતે ઘેર જઈ અંતઃપુરમાં છાનો ભરાઈ બેઠો. પછી મતિના ભ્રમથી સાતમા દિવસને આઠમો દિવસ ગણતો વિચારે છે કે સાત દિવસ ગુરૂના કહેવા પ્રમાણે પૂરા થયા, અને મને કાંઈ ન થયું; માટે હું આચાર્યના પ્રાણ લઈ મન શાંત કરીશ.' આમ વિચારી ઘરથી બાહેર નીકળ્યો; તેવામાં એક માલી તે નગરીમાં પેસતો કાર્યાકુલથી પેટના રોગથી પીડાતો થકો રાજમાર્ગમાંજ લઘુનીતિ વડીનીતિ કરી ઉપર ફૂલ ઢાંકી દીધા. આ રાજમાર્ગે દત્તપુરોહિતે પણ ચાલવા માંડ્યું, એવામાં દત્તના ઘોડાનો પગ તે માલીની વિષ્ટા ઉપર પડ્યો, તેથી વિષ્ટા ઉછળતાં દત્તના મુખમાં પડી. તે વિષ્ટાના સ્વાદથી આચાર્યના વચન ઉપર ચમત્કાર પામતો, આજે સાતમો દિવસજ છે કે શું?!!' એવું સમજીને પોતે પાછો ઘોડો અંતઃપુર તરફ વાળ્યો. આટલામાં તેના અત્યંત દુરાચારથી ખેદ પામેલા એવા જે પ્રથમના મહેતા મુસદ્દી હતા તેણે જઈ કુંભ રાજાને બંદીખાનામાંથી બાહેર કાઢીને રાજગાદી ઉપર બેસાડ્યો, અને દત્તપુરોહિતને છલથી બાંધી લઈ કુંભ રાજાને સોંપી આપ્યો. રાજાએ તેને કુંભીમાં ઘાલી તેની નીચે અગ્નિ સળગાવી પછી કુતરાને મોકલી કદર્થના કરાવી. આવી રીતે દત્ત મરણ પામીને નરકે ગયો. કુંભ રાજાએ આચાર્યને ઘણું સન્માન દીધું, અને નગરમાં લોક પ્રશંસા કરવા લાગ્યા. આ રીતે સત્યવચન ઉપર **કાલિકાચાર્યનો** દૃષ્ટાંત મનનીય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૪૫.

## ૪. સમાસ સામાયિક ઉપર ચિલાતીપુત્રનું દૃષ્ટાંત.

રાજગૃહી નગરીમાં ધનદત્ત નામે વ્યવહારી ( વાણીઓ ) વસતો હતો, તેને ચાર પુત્ર અને પાંચમી સુસમા નામની પુત્રી હતી. તેને ઘેર ચિલાતીપુત્ર નામે દાસ ( નોકર ) હતો. તે નિત્ય સુસમા પુત્રીને રમાડતો. એમ કરતાં એક દિવસ સુસમા કન્યાની સાથે તે દાસને દુરાચાર કરતો દેખીને શેઠે તેને ઘરની બહાર કાઢી મૂકયો, ચિલાતીપુત્ર જઇને એક ચોરની પલ્લી (પઇ)ને વિષે રહ્યો. ત્યાં તે પાંચસો ચોરનો સ્વામી થયો. એક દિવસ ઘણા ચોરોની સાથે લઇને ચિલાતીપુત્ર રાજગૃહી નગરીમાં આવી ધનદત્ત શેઠના ઘરમાં ચોરી કરવા પેઠો અને સુસમા કન્યાનું તથા ઘણા ધનનું હરણ કરી બહાર નીકળ્યો. શેઠને ખબર પડતાં ચાર પુત્રને લઇને તેની પાછળ દોડયો, અને નગરનો કોટવાલ પણ દોડતો દોડતો પાછળ થયો. આગળ ચાલતાં માર્ગ કાપતાં શેઠ નજીક પહોંચ્યો કે તે ચોરે ડરથી સુસમા કન્યાનું માથું તલવારથી કાપી નાંખીને તેના ધડને અગ્નિમાં નાંખી દીધું. શેઠે ચિલાતીપુત્રનું આવું ભયંકર કામ તથા રૂપ જોઈને પાછો ફર્યો. હવે ચિલાતીપુત્ર એક હાથમાં માથું, અને બીજા હાથમાં લોહીથી ખરડાયેલ તલવાર લઇને ભયંકરરૂપે પર્વત ઉપર ચઢી ગયો ત્યાં માર્ગમાં મુનિરાજને કાઉસગ્ગ ધ્યાનમાં ઉભા જોઇને ચિલાતીપુત્ર બોલ્યો ' અરે મુંડ ! તું મને ધર્મ કહે, નહિતો હું આ ખડ્ગથી તારૂં પણ માથું કાપી નાંખીશ ! ' આ સાંભળી મુનિરાજ પણ તેનું તેવું સ્વરૂપ જોઈ ' નમો અરિહંતાણં ' એ પદ કહી આકાશમાં ઉડયા, અને ઉડતાં ઉડતાં કહેતા ગયા કે ' ૧. ઉપશમ એટલે ઉદય પામેલા ક્રોધનું ઉપશમન, ૨. વિવેક એટલે સત્ અને અસત્ વસ્તુનું વિવેચન–ભેદ, અને ૩. સંવર એટલે રૂડે પ્રકારે આશ્રવજલાદિનું નિવારણ કરવું એ ત્રણ પદમય ધર્મ છે. ' આ સાંભળી ચિલાતીપુત્ર એ ત્રણ પદનો અર્થ વિચારવા લાગ્યો. વિચારતાં વિચારતાં તેમાંનો એક ગુણ પણ પોતાના આત્મામાં જોયો નહી; તે વખતે કન્યાનું મસ્તક તથા ખડ્ગને વેગળાં મૂકી સમ પરિણામ આદરીને ઉડી ગયેલા મુનિરાજના જ્યાં પગલાં હતાં ત્યાં પોતાના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પગ મૂકીને કાઉસગ્ગ ધ્યાને ઉભો રહ્યો. ત્યાં લોહીની ગંધથી કીડીઓ તથા ધીમેલો આવી તેને કરડવા લાગી, અને સર્વ શરીર ચાલણી માફક કરી નાખ્યું તોપણ સમતાપરિણામ ચાલુજ રાખ્યો. ત્રીજે દિવશે કાલ કરીને દેવલોક ગયો. આવી રીતે થોડા અક્ષરમાં ઘણું તત્ત્વ જાણવું તે સમાસ સામાયિક ઉપર ચિલાતીપુત્રનું દૃષ્ટાંત કહ્યું.

૪૬.

## પ. સંક્ષેપ સામાયિકપર દૃષ્ટાંત.

**વ**સંતપુરમાં જિતશત્રુ રાજા હતો તેને એક દિવસ શાસ્ત્ર સાંભળવાની ઇચ્છા થઇ. ચાર પંડિતોને બોલાવી શાસ્ત્ર સંભળાવવાનું કહ્યું. પંડિતોએ કહ્યું 'ઠીક છે, શાસ્ત્ર અમારી પાસે હાજર છે.' રાજાએ કહ્યું 'તમારી પાસે કેટલુંક શાસ્ત્ર છે?' ત્યારે પંડિતોએ કહ્યું કે 'અમારી પાસે ચાર લાખ ગ્રંથ છે.' રાજાએ કહ્યું 'એટલું બધું શાસ્ત્ર સાંભળવાની મને ફુરસદ નથી' ત્યારે ચારે પંડિતોએ સારભૂત માત્ર એક શ્લોક બનાવીને રાજાને કહ્યો તે આ પ્રમાણેઃ—

**जीर्णभोजनमात्रेयः, कपिलः प्राणिनां दयाम् ।**
**बृहस्पतिरविश्वासम्, पंचालः स्त्रीषु मार्दवम् ॥**

અર્થ—અમે ચારમાંનો આત્રેય એમ કહે છે કે 'જીર્ણ ભોજન કરવું એટલે પ્રથમનો કરેલો આહાર જીર્ણ થાય–પચી જાય ત્યાર પછી બીજો આહાર કરવો એ વૈદ્યક ગ્રંથનો અભિપ્રાય છે.' કપિલ એમ કહે છે કે 'સર્વ જીવની ઉપર દયા રાખવી–એ ધર્મશાસ્ત્રનો પરમાર્થ છે.' બૃહસ્પતિ એમ કહે છે કે 'કોઇનો વિશ્વાસ રાખવો નહિ–એ ન્યાયશાસ્ત્રનો સાર છે.' અને પંચાલ એમ કહે છે કે 'સ્ત્રી જાતિ ઉપર કોમલ સ્વભાવ રાખવો પણ સ્ત્રીનો અંત લેવો નહિ–એ કામશાસ્ત્રનું રહસ્ય છે.'

આમ લૌકિકાચાર પંડિતોના દૃષ્ટાંતથી અક્ષર થોડા, અને તેમાં રહસ્ય ઘણું સમજાય એવી રીતે દ્વાદશાંગીનું સારરૂપ જાણવું તે સંક્ષેપ સામાયિક.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૪૭.

## ૬. અનવદ્ય સામાયિકપર દૃષ્ટાંત.

એક સમયે ધર્મઘોષ આચાર્યના શિષ્ય ધર્મરૂચિ નામે સાધુ માસક્ષમણના પારણે નગરમાં આહાર અર્થે ફરતા ફરતા રોહિણી નામે બ્રાહ્મણીને ઘેર આવ્યા. ત્યારે રોહિણીએ કડવી તુંબડીનું શાક કર્યું હતું, તેને વિષ સમાન જાણીને ધર્મના દ્વેષથી સાધુને વહોરાવી દીધું. સાધુ સ્વસ્થાનકે લઇ આવી ગુરૂને બતાવ્યું. ગુરૂએ પણ વિષપ્રાય જાણી સાધુને કહ્યું કે 'એ આહાર નિરવદ્ય સ્થાને પરઠવી–મૂકી આવો.' ત્યારે ધર્મરૂચિ સાધુ પણ નિરવદ્ય સ્થાને જઇને પાત્ર ધરતી પર મૂક્યું. તે મૂકતાંજ તેમાંથી છાંટો બહાર નીકળ્યો. તેની પર કીડીઓ વળગી અને મરણ પામી. આ જાણી પાપથી બીતા સર્વ જીવ યોનીને સાથે ખમાવી ત્યાંજ બેસી તેણે કડવી તુંબડીનું શાકનું ભોજન કર્યું, એટલે તરતજ તેનું વિષ શરીરમાં પસર્યું તેથી સમાધિમરણ પામી દેવતા પણે ઉપન્યા. આ રીતે નિષ્પાપ–નિરવદ્ય આચરણ રૂપ અનવદ્ય સામાયિક.

૪૮.

## ૭. પરિજ્ઞા સામાયિકપર દૃષ્ટાંત.

ઇલાવર્ધન નગરમાં ધનદત્ત નામનો શેઠ વસતો હતો, તેને ધનવતી નામની સ્ત્રી હતી. બંનેને ઇલાદેવીની સેવા કરતાં એક પુત્ર થયો તેપરથી ઇલાચી પુત્ર તેનું નામ પાડ્યું. એક દિવસ તે નગરમાં નાટકીયા રમવા આવ્યા, તેના ટોળામાં એક નટવાની પુત્રી મહાસ્વરૂપવાન્ હતી, તેને જોઇને પૂર્વભવના સ્નેહથી તેની ઉપર ઇલાચીપુત્ર મોહ પામ્યો. પછી તત્કાલ પોતાને ઘેર આવી તે પોતાના પિતાને કહેવા લાગ્યો કે 'હે પિતાજી! મને નાટકીઆની પુત્રી પરણાવો, નહિતો હું મરણ પામીશ પણ બીજી કન્યાને નહિ પરણું.' પિતાએ કહ્યું 'હે પુત્ર! એ નીચ જાતિ છે, અમે તને ઉત્તમ રૂપવંત વ્યવહારીયાની કન્યા પરણાવશું.' આમ ઘણું સમજાવતાં પુત્ર કોઇ રીતે માન્યો નહિ તેથી શેઠ નટ પાસે જઇ તેની પુત્રીનું માગું કર્યું. નટે કહ્યું 'અમારી નાચવાની કળા શીખી, તેમાંથી દ્રવ્ય એકઠું કરી અમારી નાતને પોષે તેને અમે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અમારી બેટી પરણાવીએ !' આ વાત પિતાએ ઇલાચીપુત્રને કહેતાં તે પુત્રે અંગીકાર કરી. હઠથી ઘરમાંથી નીકળી નટોની સાથે જઇ નટ બની સર્વ કળા શીખી હુશિયાર થયો. પછી કેટલેએક કાળે નટવા સાથે બેનાતટ નગરમાં ગયો. ત્યાંના રાજાને પોતાની કળા દેખાડવા સારૂ વાંસ ઉપર ચઢી અનેક તરેહની રમત રમવા લાગ્યો. અને નીચે નાટકીઆની પુત્રી વાંસની પાછળ ઉભી ગીત ગાતી ગાતી ઢોલ વગાડતી જાય છે. આટલામાં રાજા પણ નટની પુત્રીનું રૂપ દેખી મોહ પામ્યો મનમાં વિચારે છે જે 'આ નટવો વાંસ ઉપરથી જો નીચે પડી મરણ પામે તો આ નટવીને હું મારા અંતઃપુરમાં લઇ જાઉં.' હવે ઇલાચી-પુત્રે વાંસ ઉપરથી ઉતરીને રાજાને સલામ કરી દાન માગવા માંડયું. ત્યારે રાજાએ કહ્યું કે 'તારૂં નાટક બરાબર મેં જોયું નહિ, માટે તું ફરીથી વાંસ ઉપર ચડ.' એમ ત્રણવાર તેને નાટક કરવા રાજાએ વાંસપર ચડાવ્યો. એવા અવસરમાં એક મુનિરાજે આહારને વાસ્તે કોઈ એક ભાગ્યવંત શેઠને ઘેર આવી ધર્મલાભ દીધો; ત્યારે તે શેઠની સ્ત્રી રંભા સરખી સર્વ શણગારથી શોભિત થઈ ઉઠીને રૂડા ભાવથી સાધુને વંદના કરી મોદકનો થાલ ભરી વ્હોરાવે છે, અને સાધુ પણ નીચી દૃષ્ટિ રાખી આહાર વ્હોરે છે, પરંતુ તે સ્ત્રીની સ્હામે લેશ માત્ર નજર કરતા નથી. આવું મહામુનિરાજનું સર્વ સ્વરૂપ વાંસ ઉપર ચડેલા ઈલાચીપુત્રે જોયું. ત્યારે પોતે મનમાં વિચારવા લાગ્યો કે 'અહો ! હું મોહ જાળમાં પડયો, પણ મારો તો એકે અર્થ સર્યો નહિ,' આમ વૈરાગ્ય આણી અનિત્યભાવના ભાવતો ઘાતિકર્મનો ક્ષય કરી કેવલ જ્ઞાન પામ્યો. આ વખતે દેવતાએ કેવલ મહોત્સવ કર્યો. વાંસની લાકડીનું સિંહાસન બની ગયું. આવું દિવ્ય સિંહાસન જોઈ રાજાદિક નટવા નટવી સર્વ પ્રતિબોધ પામ્યા. આ રીતે પરિજ્ઞા સામાયિકપર ઈલાચીપુત્રનો દૃષ્ટાંત.

## ૪૯.
## ૮. પ્રત્યાખ્યાન સામાયિકપર દૃષ્ટાંત.

તેતલીપુર નગરમાં કનકકેતુ નામે રાજા હતો. તે રાજ્યના લોભથી પોતાને જેટલા પુત્ર આવે તે મારી નાંખતો, આ રાજાને તેતલીપુત્ર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નામે મહેતા હતા, તેને પોટિલા નામે સ્ત્રી ઘણી પ્રિય હતી. એકદા પોતાની પોટિલા સ્ત્રીને અણમાનેતી કરી, તેથી તેને બોલાવે ચલાવે નહિ. એક દિવસે તેને ઘેર કોઇ સાધ્વી આહારને અર્થે આવી; ત્યારે તે સ્ત્રીએ કહ્યું કે 'હે સાધ્વીજી ! મારા ભરથારને વશ કરવાનો ઉપાય બતાવો.' સાધ્વીએ કહ્યું 'ધર્મ સેવન કરો, જેથી તમારા મનોરથ ફળશે.' પોટિલાએ સંસારથી વિરક્ત થઇ વૈરાગ્ય પામી પોતાના સ્વામિ પાસે દીક્ષા લેવાની આજ્ઞા માંગી; ત્યારે તેણીને મહેતાએ કહ્યું કે 'તું સાધુપણું પાળી દેવતાની ગતિ પામી, જો મને પ્રતિબોધ દેવા આવે, તો હું દીક્ષા લેવાની તને આજ્ઞા આપું.' તે પોટિલાએ કબૂલ કરી દીક્ષા લઈ પંચ મહાવ્રત આદર્યા. એવી રીતે શુદ્ધ મનથી ચારિત્ર પાલી સમાધિથી કાલ પામી દેવતાપણે ઉપની. હવે મહેતાએ રાજાની રાણી સાથે મળીને રાજાનો એક પુત્ર જન્મથકીજ છાનો રાખ્યો, અને તેને પોતાને ઘેર મોટો કરી સર્વ કળા શીખવી હુશિયાર કર્યો. આમ કરતાં કેટલેક દિવસે તે કનકકેતુ રાજા મરણ પામ્યો, તે વખતે મહેતાએ કનકધ્વજ કુમારને રાજગાદીએ બેસાડવો, અને રાજકાજ સર્વ પોતાના હાથમાં લીધું. અહીં રાજકાજમાં મગ્ન થયો થકો તે મહેતો ધર્મ કરવાની વાત ભૂલી ગયો. તે અવસરે પોટિલાનો જીવ જે દેવપણે ઉપન્યો છે, તેણે મહેતાનું એવું સ્વરૂપ જોઇને પ્રતિબોધવા સારૂ રાજાદિક સર્વ લોકનું મન મહેતા ઉપરથી ઉતારી નાંખ્યું ! પ્રભાતે મહેતો રાજાની સભામાં ગયો, રાજાને સલામ કરી ત્યારે રાજાએ મોઢું આડું ફેરવ્યું; તેથી સભા માંહે કોઈએ પણ મહેતાને બોલાવ્યો નહિ, તે જોઈ મહેતે જાણ્યું જે આજ મારી ઉપર રાજા રીસાયો છે. પછી પોતાને ઘેર આવીને મરવાના અનેક ઉપાય કરવા માંડયા, પણ દેવતાએ સર્વ નિષ્ફળ કરી નાંખ્યા, ત્યારે તે મનમાં વિલખો થયો. તે વખતે દેવતા પ્રગટ થઇને પ્રધાનને કહેવા લાગ્યો કે 'અરે મહેતા ! સંસારનું સ્વરૂપ એવું છે, કોઈ કોઈનું નથી. સૌ કોઈ સ્વાર્થના સગાં છે.' ઇત્યાદિ દેવતાનાં વચન સાંભળી પ્રધાન પ્રતિબોધ પામ્યો. દેવતા પોતાને સ્થાનકે ગયો. મહેતાએ પણ સંસાર અસાર જાણી સર્વ ઋદ્ધિ છાંડીને દીક્ષા લીધી. સાધુપણું પાળતાં દુષ્કર તપ કરી સર્વ પાપ ટાળી કેવ-

ળજ્ઞાન પામ્યો. આ રીતે પ્રત્યાખ્યાન પરિહરવા યોગ્ય વસ્તુનો ત્યાગ કરવારૂપ સામાયિકનું દૃષ્ટાંત.

## ૫૦.

## સામાયિકના પ્રકાર.

સામાયિકના ચાર ભેદ છે. તે નીચે પ્રમાણે.

૧. શ્રુત સામાયિક—'હું આટલો અમુક પાઠ ભણી સંપૂર્ણ મુખપાઠ કરીને ઉઠીશ' એવો નિયમ કરી બેસવું તે.
૨. સમ્યકત્વ સામાયિક—શુદ્ધ સમકીત પાળવું તે.
૩. દેશવિરતિ સામાયિક—બે ઘડી પ્રમાણ સામાયિક કરવી તે.
૪. સર્વવિરતિ સામાયિક—આ સાધુ મુનિરાજ નિરંતર સર્વથા પાળે છે તે. આને ચારિત્ર સામાયિક કહે છે.

વળી સામાયિકના બે ભેદ પાડી શકાય—૧ દ્રવ્યસામાયિક ૨. **ભાવ**સામાયિક. **ભાવ**સામાયિક એટલે આત્માનું સદા સર્વથા સમતાભાવને વિષે રહેવું તે. આ સામાયિક સર્વથા તો તેરમે ગુણ સ્થાનકે વર્તતા જીવન મુક્ત કેવલી વિષે ઘટે. જૈન પરિભાષામાં જેને '**યથા**ખ્યાત ચરિત્ર' એ નામથી ઓળખવામાં આવે છે તે સંપૂર્ણ **ભાવ**-સામાયિક, આ પ્રાપ્ત કરવાનું પ્રબળ સાધન દ્રવ્યસામાયિક છે. દ્રવ્ય-સામાયિકમાં નીચે પ્રમાણેની પ્રચલિત વિધિનો, તેમજ મોટા પુરૂષોના આત્માર્થે આ સંબંધ પ્રવર્તનનો સમાવેશ થાય છે. દ્રવ્યસામાયિકની પ્રચલિત વિધિ પરમાર્થથી તપાસતાં–વિચારતાં તે પરમકલ્યાણનું નિ-મિત્ત થાય છે એવી પ્રતીતિ થશે. **ભાવ**સામાયિકમાં જે સર્વથા **સમતા** ભાવ રાખવાનો છે તે **સમતા**ભાવનું સ્વરૂપ, અને તે કેવી રીતે થઇ શકે તે આપણે આગળ કહી ગયા છીએ. હવે દ્રવ્યસામાયિકની વિધિ અને તેનો પરમાર્થ તપાસીએ.

## ૫૧.

## વિનય.

પ્રથમતો હમેશા સ્મરણમાં રાખવાનું છે કે 'વિનય મુલો ધમ્મો' એટલે વિનય એ ધર્મનું મૂળ છે; ધર્મ પામવા અર્થે ગુરૂના વિનયની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મોટી જરૂર છે. કોઈ પણ કાર્યની સિદ્ધિ ગુરૂગમ વગર થતી નથી એ આપણે વ્યવહારમાં જોઇએ છીએ, ત્યારે સામાયિક જેવી પરમાર્થને પ્રકટ કરનાર બાબતમાં તો ગુરૂની પૂરી આવશ્યકતા રહે એમાં નવાઇ શું ? માટે આત્માને સમતાનો પરમ લાભ આપનાર એવા સામાયિક-રૂપ પવિત્ર શિક્ષાવ્રતનો જેણે ઉપદેશ કર્યો છે, જે એ સામાયિકમાં નિરંતર રહેલા છે એવા મહાત્મા ગુરૂની નિશ્રાએ તેના આલંબન તળે તેમના પ્રત્યે વિનયભાવ, બહુમાન, આદર, સહિત સામાયિક કર્તવ્ય છે. તેથી સદ્ગુરૂ સમીપે, અતિ દૂર નહિ, તેમ અતિ પાસે નહિ એમ બેસવું.

આથી વિશેષરૂપે શાસ્ત્રકારોએ સદ્ગુરૂ અથવા તેમની સ્થાપનાને સામાયિક લેતી વખતે તેમાં બધા મળી પ્રણિપાત–વંદનના " ઇચ્છામિ ખમાસમણુ " ના પાઠનો ઉચ્ચાર કરી આઠવાર વંદન કરવાનાં કહ્યાં છે, અને ક્યારે ક્યારે તે " ઇચ્છામિ ખમાસમણુ " ના સૂત્રના સંબંધમાં બોલતાં આગળ જોઇશું.

## ૫૨.
## સદ્ગુરૂ મહિમા.

જે જે કારણો આત્મહિતનાં છે તે તે સદ્ગુરૂના શ્રીમુખથી વિધિ-પૂર્વક ધારવામાં, વિચારવામાં આવે, તો તે પરમકલ્યાણનાં કારણ થાય છે. તેમજ શાસ્ત્રને પોતાની મેળે વાંચવાથી જેટલું રહસ્ય મેળવી શકાય છે, તેથી અનંતગણું વધારે રહસ્ય જેણે શાસ્ત્રાર્થ વિચારી અનુભવ્યા છે, એવા સદ્ગુરૂ ગીતાર્થના આશ્રયે પ્રાપ્ત થાય છે. દરેક પ્રકારનાં જ્ઞાન મેળવવા માટે ગુરૂગમની જરૂર છે, તો પછી સામાયિક જેવા અદ્ભુત કલ્યાણકારી સાધન માટે તેની પ્રબલ જરૂર રહે એમાં પુછવુંજ શું ? **શાસ્ત્રના શાસ્ત્ર ભલે મુખપાઠે થાય, પણ તેનું રહસ્ય પામવું તો જે રહસ્ય પામ્યા હોય તેના હાથથીજ બને.**

સામાયિકસૂત્રોના સંબંધે પણ જેટલો લક્ષ તેના પઠનપાઠન પર રાખવામાં આવે, તેટલો બલકે તેથી પણ વધારે તેના અંદરના ઉચ્ચ આશય પામવા, તેનાં મનન અને નિદિધ્યાસન પર રાખવો એ પરમ ઉપકારક છે; તોપણ જેમાં ભગવાનનાં શ્રીમુખમાંથી વરસેલાં વચન–અમૃતનાં બિંદુ રહેલાં છે એવા તે પવિત્ર સૂત્રોના શુદ્ધ ઉચ્ચારથી જીભને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પવિત્ર કરવી તે પણ કલ્યાણકારક છે, અને તે પરંપરાએ પરમ સિદ્ધિમાં પરિણમે છે. માટે એવે પણ સામાયિકના સૂત્રપાઠો શુદ્ધ ભણવા, તે મુજબ સામાયિક કરવું, તે સમજવાની ઇચ્છા રાખવી, ઇચ્છા સાથે સમજવાનો પ્રયાસ કરવો, અભ્યાસ પાડવો–આમ કરતાં કરતાં પણ રહસ્ય સમજાશે, અથવા રહસ્ય સમજવાનાં કારણો મળી આવશે. વળી અક્ષરો અમુક અમુકની સાથે બોલવાથી અમુક શક્તિ ઉત્પન્ન કરે છે; તેથી અક્ષરમાં શક્તિ રહેલ છે. મંત્રના બળથી સાપ, વીંછી આદિના ઝેર ઉતારી શકાય છે, તેથી સામાયિકના પવિત્ર સૂત્રો તેના ઉચ્ચારથી વિશેષ અસરકારક અને લાભપ્રદ થઈ શકે છે.

આ ઉપરથી કહેવાનું તાત્પર્ય એ કે દરેક આત્માર્થીએ સામાયિક અવશ્ય કરવું, બનતાં લગણ યથાવિધિ કરવું. અને તેમ કરવા છતાં પણ પૂર્ણ વિધિપૂર્વક થઈ ન શકે તો તેથી તેનો ત્યાગ ન કરવો, કારણ કે જે કરતો હશે તે હમણાં નહિ તો પછી પણ સમજી શકશે; અને જે નહિ કરતો હોય તેને તે ભવિષ્યમાં સમજવાનું કારણ પણ ક્યાંથી મળશે ?–આમ ગણી સામાયિક કરવું, અને તેની સાથે હમેશાં લક્ષ અને ઇચ્છા, સામાયિકની વિધિ ગુરૂગમથી જાણવા, સમજવા, અને સમજી તે મુજબ વર્તવાનાં રાખવાં.

૫૩.

## આચારશુદ્ધિ.

ગુરૂના વિનય સંબંધી કહ્યું. હવે સામાયિક જેમ જેમ શુદ્ધ બને–રહે, તે માટે ત્રણ યોગ નામે મન, વચન, કાયાની શુદ્ધિ રાખવાની બહુજ જરૂર છે. મનશુદ્ધિ અને વચનશુદ્ધિ સંબંધી આગળ આપણે થોડું પણ જેટલું જોઇએ તેટલું કહી ગયા છીએ, હવે આપણે કાયિક શુદ્ધિ કે જેને આચારશુદ્ધિ કહી શકાય, તે વિષે થોડું કહીએ.

આચારશુદ્ધિની જરૂર એટલા માટે છે કે તેથી વિચારશુદ્ધિ બહુ જલદી અને સારી રીતે થાય છે. જેના આચાર સારા હોય છે, તેના વિચાર સારા હોય છે. જેના વિચાર સારા હોય છે તેની વાણીપણ શુદ્ધ, મીઠી અને સત્ય હોય છે. બાહ્ય આચાર શુદ્ધ હોય તો અંતરંગ આચાર શુદ્ધજ હોય એ સર્વમાન્ય નિયમ નથી, પરંતુ સામા-

ન્યરીતે બાહ્યઆચાર શુદ્ધ અને અનુકરણીય ન હોય, તો બીજા માણસોને અંતરંગ શુદ્ધ વિચારનું અનુકરણ કરવાની ઇચ્છા અને તે ઇચ્છા પાર પાડવાનો પ્રસંગ રહેતાં નથી; માટે બાહ્ય આચાર શુદ્ધ રાખવાથી ઘણા લાભ છે, અને તે વિચારીએ.

આ કાયિક-આચારશુદ્ધિમાં શરીરશુદ્ધિ, વસ્ત્રશુદ્ધિ, ઉપકરણશુદ્ધિ, સ્થાનશુદ્ધિ અને વિધિશુદ્ધિ એ સર્વનો સમાવેશ થાય છે.

૫૪.

## શરીરશુદ્ધિ.

અંગને સ્વચ્છ રાખવાથી મન પ્રફુલ્લ રહે છે, અંગમાં સ્ફુર્તિ આવે છે, અને ત્યારપછી જે ધાર્મિક ક્રિયા થાય છે, તે વિશેષ ઉત્સાહપૂર્વક થાય છે. શરીરશુદ્ધિ એટલે એકલું અંગ સ્નાનાદિથી મલ વગરનું રાખવું એટલુંજ નહિ પરંતુ તેમાં ખાવાપીવાનો નિયમ, ઇંદ્રિયોનો નિગ્રહ, વ્રત પચ્ચખાણ વગેરે શરીરને નિયમમાં રાખનાર વિષયોનો પણ સમાવેશ થાય છે. શરીર અને મનને ઘણો ધાડો સંબંધ છે. શરીરની શુદ્ધિથી મનમાં સારા અને ઉચ્ચ વિચારો-ભાવનાઓ આવે છે, તો સામાયિકમાં અંગની શુદ્ધિ જેટલે અંશે રાખવી ઘટે તેટલી રાખવી કર્તવ્ય છે.

૫૫.

## વસ્ત્રશુદ્ધિ.

શરીરની શુદ્ધિ સાથે શરીરપર રાખવાનાં વસ્ત્રો પણ સ્વચ્છ-શુદ્ધ રાખવાની જરૂર છે. વસ્ત્રમાં ધોતીયું જોઇએ. તે પવિત્ર સાદું પણ સ્વચ્છ, અને અખંડ એટલે સાંધા વગરનું જોઈએ. ધોતીયામાં જરા પણ મલીનતા ન જોઇએ, તેમજ તે બીજા ઉપયોગમાં ન લેવું જોઇએ. તેને કંદોરો બાંધવો; ટાઢ સહન ન થઈ શકતી હોય તો તેથી શરીરના રક્ષણ માટે (કાઉસગ્ગ આદિમાં તો નજ જોઇએ) પછેડી, ધોતીયું કે શાલ રાખવી. શરીરસત્કાર, શોભાના ઘરેણાં આદિનો ત્યાગ કરવો. મુખ્યપણે જેથી શરીરમમતા છુટે અને સમતાભાવ પ્રગટે એવી રીતે સામાયિક કરવાનો અભ્યાસ પાડવો. (ઉપર જણાવેલાં કપડાં તથા નીચે જણાવેલ પુસ્તક આદિ ઉપકરણોમાં) જેના વિના ચાલી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શકે તેમ હોય તેના પરથી તો સામાયિકના કાળમાં જરૂર મૂર્‌છા ઉતા-રવી–મૂર્છા ઉતારવાની ટેવ પાડવી. એમ કરવાથી સમભાવે પરિષહ સહન કરવાનો અભ્યાસ પડશે; અને તે પરિણામે કલ્યાણકારી થશે, દ્રવ્ય, દેશ, કાળ, ભાવ જોતાં જે સમર્યાદ ગણાય તેવા પહેરવેશમાં સ્ત્રી પુરૂષે વર્તવું યોગ્ય છે. **વસ્ત્ર** શુદ્ધ, સફેદ અખંડ રાખવાં. **શ્વેત** (સફેદ, ધોળાં) એ ઉજ્વળ, ભાવ સૂચવે છે; એટલે સામાયિકમાં ઉજ્વળ નિર્મળ ભાવ રાખવા, **અખંડ** એ સામાયિક એકધારાએ યથાવિધિ કરવાનું સૂચવે છે. **શુદ્ધ** એ સામાયિકમાં શુદ્ધ, નિર્મળ-વૃત્તિ રાખવાનો બોધ કરે છે. સારા–નરસા પુદ્‌ગલની મન ઉપર અસર થાય છે, તો જેથી મનને નિર્મળ રહેવાનું બને, તેને સારા વિચાર, સાત્વિક ભાવ સ્ફુરે એવાં નિમિત્તો–સાધનો મેળવવા ઉપકારી છે. નિશ્ચયનયથી સામાયિક ઉપર મુજબની જરૂર જોતું નથી, તથાપિ શુદ્ધ ભાવના નિમિત્તરૂપ શુદ્ધ દ્રવ્ય, શુદ્ધ વ્યવહાર જે શિષ્ટ પુરૂષોએ પ્રરૂપ્યાં હોય અને આચર્યાં હોય, તે પ્રમાણે વર્તવું ક-લ્યાણકારી છે. "**નિમિતવાસી આતમા મન મોહન મેરે**" તેમ આત્મા જ્યાં સુધી તેની સહજ સ્વભાવરૂપ સ્થિતિ ન થાય ત્યાં લગણ નિમિત્તવાસી છે એટલે સ્વસ્વભાવમાં આવવા પહેલાં તેનાપર યોગ-દ્વારા સારા નરસા પુદ્‌ગલોની અસર થાય. '**ઘર હિ વન હે, વન હિં ઘર હે**' એમ ઝુંપડું અને મહેલ, ઘર અને વન એ **જ્ઞાનીને** સરખાં છે; એની અસર જ્ઞાનીને થતી નથી, પરંતુ બાળ જીવોને શુદ્ધ દ્રવ્ય, સારાં પુદ્‌ગલ, સારાં નિમિત્તની પરમ જરૂર છે, અને એ હેતુ-એ બાળજીવોને ઉપકારક સામાયિકમાં શુદ્ધ વસ્ત્રાદિનો વિધિ કહ્યો છે.

૫૬.

## ઉપકરણશુદ્ધિ.

ઉપકરણ એટલે જે ઉપકારનાં કારણ છે તે. તેની શુદ્ધિ એટલે તેને તેના હેતુ સચવાય તેવી રીતે રાખવાં તે.

**તેની જરૂર**–હાલના કેળવાયેલા કે શુષ્કજ્ઞાનીઓ જો એમ આગ્રહ કરે કે સામાયિક એતો સંવરરૂપ આત્મપ્રતિયોગી અનુષ્ઠાન છે એટલે તેમાં પથરણા આદિ બહારના ઉપકરણની કાંઇપણ જરૂર કે અપેક્ષા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રહેતી નથી; તો તેવા આગ્રહ કરનારાઓએ સમજવાનું છે કે પરમ નિર્ગ્રંથને યોગ્ય એવા નિશ્ચય કે ભાવ–સામાયિકમાં બાહ્ય ઉપકરણોની અપેક્ષા ન રહે એ ખરૂં છે, અને આત્માની પરમ સંવરરૂપ સ્થિતિ એજ સામાયિક છે, પરંતુ આ વિધિ જે બતાવેલ છે તે તો પરમ-જ્ઞાનીઓની બાળજીવો પ્રતિ નિષ્કારણ કરૂણાજ સમજવી. આત્મહિતના ઇચ્છનારા બાળજીવોએ તો એ વિધિ મુજબ કરવાથી બહુ પ્રકારનાં જેવા કે નીચે કહેલા લાભ થાય તેમ છે.

અ. કોઇપણ કારણવિશેષે આ પ્રમાણે કરવાની પરમ જ્ઞાનીની પવિત્ર આજ્ઞાનું આરાધન. ' આણાએ ધમ્મો ' પરમજ્ઞાનીની આજ્ઞા પાળવી એ ધર્મ છે.

બ. જે પરમાર્થહેતુએ એ વિધિ પરમજ્ઞાનીએ બતાવેલ છે તે પરમાર્થનો તે વિધિ પ્રમાણે આચરવાથી લાભ ભલે પછી બાળજીવ જ્ઞાનાવરણીય કર્મના દોષથી તેનો પરમાર્થ–હાર્દ સમજી ન શકે.

ક. શરીર ધર્મ પૌદ્ગલિક છે, તેથી બે ઘડી બેસવાથી શરીરને અડ-ચણ પડે તો બીજીવાર તેમ થતું અટકે તેથી આસન ઉપર બેસવું તે ઠીક છે.

## ૫૭.

## ઉપકરણો.

દ્રવ્ય સામાયિકમાં આવશ્યક ઉપકરણો નીચે પ્રમાણે છેઃ–૧. ચરવળો, ૨. કટાસણું, ૩. મુહપત્તી. ૪. પુસ્તકાદિ, ૫. સ્થાપનાચાર્ય, ૬. બીજી ઉપધિ.

## ૫૮.

## ૧. ચરવળો*.

આની જરૂર જયણા–યત્ના, જીવરક્ષા જાળવવા માટે છે. આત્મ-ર્થી–પ્રાણી સર્વ જીવને પોતાના જેવા ગણી તે પ્રતિ જેમ બને તેમ

* સામાયિક આદિ ક્રિયામાં પુંજવા–પ્રમાર્જવા માટે શ્રાવકો ઉનનો જે ગુચ્છો રાખે છે તેને ' ચરવળો ' કહે છે. સાધુઓ પણ જીવરક્ષા તથા પુંજવા–પ્રમાર્જવા માટે એવો મોટો ગુચ્છો રાખે છે તેને 'ઓઘો ' અથવા ' રજોહરણ ' કહે છે. 'ચરવળા' નો વ્યવહાર પ્રાયઃ તપગચ્છ સંપ્રદાયમાં છે. અંચલગચ્છમાં આવો ચરવળો નથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાચવી-સંભાળીને દરેક કામમાં તેઓને પરિતાપ ન ઉપજે એમ પ્રવર્તે તો પછી સામાયિકમાં તો વિશેષ વિશેષ ઉપયોગવંત થઈ જયણા પાળવી જોઈએ. ચરવળો એ જયણાનું ઉત્તમ સાધન છે. હાલતાં, ચાલતાં, બેસતાં, ઉઠતાં આજુબાજુ ભૂમિઆદિ પ્રમાર્જન માટે એ નિર્દોષ અને જીવને બચાવનારૂં સાધન છે, માટે એ અવશ્ય રાખવો જોઇએ. તે ન રાખવાથી પ્રમાદનો સંભવ છે અને પ્રમાદથી કર્મબંધન થાય છે. વળી બહાર શરીર આદિ જયણાપૂર્વક પુંજવા પ્રમાર્જવામાં આત્માને પ્રતિક્ષણે પુંજવાનો હેતુ રહેલો છે.

હવે આનું બીજું નામ રજોહરણ છે. તેનો અર્થ એ થાય છે કે રજનું હરણ કરનાર તે રજોહરણ. આ રજ બે પ્રકારની કહી છે, એક બાહ્યરજ અને બીજી અભ્યંતરરજ. બાહ્યરજ તે પૃથિવીની રજ વિગેરે, અને અભ્યંતર એટલે બંધાતા કર્મરૂપી રજ. કારણ કે પંચવસ્તુક ગ્રંથમાં કહ્યું છે કેઃ-

**"हरइ रयं जीवाणं वज्झं अब्भंतरं चं जं तेण रयहरणंति पवुच्चइ"**

સંસ્કૃત ટીકા-**रजो जीवानां वाह्यं पृथिवीरजः प्रभृतिकं अभ्यंतरश्च वध्यमानकर्म्मरूपं हरति-अपनयति यस्मात् तेनकारणेन रजोहरणं इति प्रोच्यते ।**

અર્થ—રજ એટલે જીવોની બાહ્ય તે પૃથિવીની રજ આદિ, અને અભ્યંતર એટલે બંધાતા કર્મરૂપી રજ તેને હરે છે-અપનયન કરે છે તેથી તેનું નામ રજોહરણ કહેવાય છે.

---

રાખતા; એમાં પુંજવા-પ્રમાર્જવાની ક્રિયા પાથરણા ( આસન ) વડેજ કહે છે. અને તે પાથરણાને 'પૌંછણું' અથવા 'પ્રૌંચ્છનક' ( પુંજનાર ) એવું નામ આપેલ છે. દિગંબરો મોરપીછ રાખે છે. સ્થાનકવાસી શ્રાવકો નાનો ઉનનો ગુચ્છો રાખે છે. 'ચરવળો' એ રૂઢ શબ્દ છે. એના મૂળ ધાતુ પર્યાય શું હશે તે સમજાતું નથી. 'ચરવળો' એ શબ્દ (૧) 'ચાર-વળો' અથવા (૨) 'ચર-વાળો' એમાં રહેલા આશયને લઇ તો નહિ યોજાયો હોય? (૧) ચાર-વળો અર્થાત્ જેમાં ચારવળ છે એ 'ચરવળો' અથવા (૨) 'ચર-વાળો' અર્થાત્ હરો, ફરો, ઉઠો કે બેસો એ આદિ ક્રિયામાં વાળો, પુંજો, પ્રમાર્જો. (આવી રીતે એક વિદ્વાન મને પત્રદ્વારા જણાવે છે.)

**મો. દ. દેશાઈ.**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૫૯.

## ૨. કટાસણું.

કટાસન. આનો અર્થ કટ એટલે સાદરી અને તેનું આસન. એટલે તે શુષ્કદર્ભાસન જોઇએ. છેવટ તે ઉનનું હોવું ઘટે છે. ઉનનું તથા જાડું હોવાથી એપર જીવજંતુ ઓછા આવવાનો, ભરાઇ રહેવાનો સંભવ છે, તેમજ તેમનું રક્ષણ થાય તેમ છે. આથી ઉનથી બનતાસુધી ઓછી જીવહિંસા થાય છે.

કટાસણાને કેટલાએક પથરણું, પોંચણું ( પ્રોંચ્છનક ) કે આસનીયું કહે છે. કટાસણું લગભગ એક ગજ કે દોઢ હાથ લાંબુ અને હાથ સવાહાથ પહોળું હોય છે ( ૧ ) આથી એ પથરણું પરિમિત–મર્યાદિત હોવાથી સામાયિક કાળમાં બેસે તેટલો વખત પથરણા જેટલુંજ ક્ષેત્ર મોકળું ગણાઇ બીજાનું પચ્ચખાણ થઈ શકે છે, તેથી ક્ષેત્રાવગાહ નિ-યમિત થઇ શકે છે, એટલે તેટલે અંશે દેશાવકાશનો લાભ મળે છે.

(૨) બીજું વખતપરત્વે એ પ્રતિબંધ તથા અડચણ દૂર કરવાનું સાધન થાય છે, એટલે કે કોઇ એવા પથરણા વિના એમને એમ સામાયિક લઇ બેસે, તેને બહારની અડચણો નડશે. ગમે તે જાણે અજાણે બોલાવશે ત્યારે બીજો જે પથરણાપર બેઠેલ હશે, તેને બહા-રના માણસો સામાયિકમાં અથવા બીજી ધર્મ ક્રિયામાં છે, એમ ગણી કાંઇપણ અડચણ નહિ કરે.

મુખ્ય વૃત્તિએ તો પૂર્વ કાળના પરમજ્ઞાની ગુરૂઓએ નિર્દેશેલ કટાસણા વિના સામાયિક કહ્યુંજ નથી; એટલે એવા કટાસણા વિના સામાયિક કરનારને આજ્ઞાભંગનોજ દોષ લાગે છે.

આપણે ઉપકરણની જરૂરના કારણો જોઇ ગયા છીએ તેજ કારણો અહીં લગાડીએ તો કટાસણાથી સૂક્ષ્મ, પરમ અને વિનયથી યુક્ત એવો પવિત્ર ધર્મ આરાધી શકાય છે, અને બીજું આપણ બાળજીવોને ન-જરમાં ન આવી શકે એવા અનેક પરમાર્થ–હેતુ ઉપરાંત એક પરમાર્થ લાભ તો આપણે એ જોઇએ છીએ કે પ્રોંચ્છનક કે કટાસણું વાપર-વાથી આપણે અમુક ધર્મ ક્રિયામાં બેઠા છીએ એવું સમજી બીજા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માણસો આપણને આપણા ધર્માનુષ્ઠાનમાં–ધર્મની ક્રિયાનાં વિના કારણ ખલેલ ન પહોંચાડે. આવી રીતે પ્રોંચ્છનકને ઉદ્દેશી સામાન્યપણે કહેવાનું તાત્પર્ય એ કે પરમજ્ઞાનીઓએ નિર્દેશેલ–આચરેલ (જેનો બીજા કોઇ જ્ઞાનીએ નિષેધ ન કર્યો હોય તે) વિધિ પ્રમાણે વર્તવાથી અનેક હિત છે, અને સમજ્યાવિના તેની ઉપેક્ષા કરવામાં અનેક અહિત છે.

૬૦

## ૩. મુહપત્તી.

મુખ વસ્ત્રિકા–એટલે મુખને આડે રાખવાનું વસ્ત્ર. આને સામાયિકમાં મુખથી ઉચ્ચાર કરતી વખતે ચાર આંગળ છેટે રાખવી જોઇએ. આમાં અનેક પરમાર્થ રહેલા છે તેમાંના થોડા આપીએ.

૬૧

## મુહપત્તિના હેતુ.

(૧) મુખ્ય તો એકે મુહપત્તી આપણને એવો પારમાર્થિક બોધ આપે છે કે સાવદ્ય–પાપરૂપ વચનથી, વિચાર વિનાના બોલવાથી અને કર્મજનક વાણીના ઉચ્ચારથી વિરમવું–અટકવું; વચન ઉચ્ચારતાં ઉપયોગ રાખવો; ભાષાસમિતિ જાળવવી; વચન ગુપ્તિ આચરવી; ઉત્સૂત્ર, અસત્ય, કે અપ્રિય વચન ન ઉચ્ચારવાં; પરમાર્થે અહિતરૂપ અપ્રિય અસત્ય બોલ ન કાઢવા.

(૨) બીજી રીતે વિચારતાં મુહપત્તીથી જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનોપકરણને થુંક ન ઉડે એ રૂપે **વિનય** સચવાય છે; એ રૂપે થતી આશાતનાનો ત્યાગ થાય છે. ઉઘાડે મુખે બોલવાથી, વચન ઉચ્ચારવાથી, પાસે પડેલ વસ્તુને થુંક ઉડવાનો સંભવ છે. સામાયિકમ સામાન્યરીતે પુસ્તક, પાટી, નોકરવાળી એ આદિ જ્ઞાનોપકરણો તથા સ્થાપનાચાર્ય વગેરે સમીપમાં હોવાથી તે પર થુંક, મલિન શ્વાસ ઉડવાનો સંભવ છે, તેથી તે આશાતનાનું કારણ છે. આ આશાતના ટાળવાનું મુહપત્તી એ એક સાધન છે.

(૩) મુહપત્તીનો **વિવેકથી** ઉપયોગ કરવામાં આવે તો *સંપાતિમ ત્રસ જીવોના સંરક્ષણનો પણ એથી લાભ મળે છે.

* ઉડતાં મોંમાં પડે તેવા જેવા કે ડાંસ, મચ્છર આદિ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૪) વળી વૃદ્ધ આમ્નાયમાં મુહપત્તીની પડિલેહણ તથા તે વડે અંગની પડિલેહણના પચીશ પચીશ મળી પચાશ પરમાર્થરૂપ બોલ છે કે જે આગળ કહેવામાં આવશે તે કાલદોષને લઇ કે પ્રમાદ કે અજ્ઞાનને લઇ હાલ એ વિધિ પ્રમાણે ક્વચિતજ થતું જોવામાં આવે છે, પણ ધીરજથી એ પચાશ બોલો વિચારી, તે વિચારવાની સાથેજ મુહપત્તીની પ્રતિલેખના ( પડિલેહણ ) કરવી તે બહુ ઉપકારક છે.

૬૨.

## ૪. પુસ્તકાદિ.

ઉપર કહેલ ઉપકરણ સિવાય પુસ્તક, ચાપડો, નોકરવાળી આદિ જે સાધનોથી સામાયિકી કાળ સુખરૂપ નીવડે, સમતાનો લાભ મળે, જ્ઞાનમાં વધારો થાય, આત્મા નિર્મળ થાય એ વગેરે પાસે રાખવાં. પોતાને જે વાંચવું, વિચારવું, ગણવું હોય તે સામાયિક લેવા પૂર્વે પાસે રાખવું, કે જેથી સામાયિક લીધા પછી બનતાં લગણ ચળ–વિચળ પરિણામ ન થાય, અથવા ઉઠવું ન પડે.

૬૩.

## ધર્માભ્યાસ.

પુસ્તકો એ સામાયિકના કાળમાં ઉપકરણ છે, તો તેનો ઉપયોગ કઇ રીતે કરવો એ પણ સાથે કહેવાની જરૂર છે. જ્યાં સુધી તે સમજાયું નથી, ત્યાં સુધી તત્ત્વ પમાતું નથી. તો વાંચન શું છે? તેનો અર્થ, ઉદ્દેશ, અને ક્રમપૂર્વક અભ્યાસ કરવાથી સત્ય જ્ઞાનનો વિકાસ થાય છે, એટલુંજ નહિ પરંતુ જ્ઞાનાવરણીય કર્મ તૂટતાં તે જ્ઞાન સ્થાયી રહે છે.

વાચના—આ સંબંધે વિદ્વાનોએ જે લખ્યું છે તે વિચારવા યોગ્ય છે. હમણાં દિવસે દિવસે વાચનનો વિસ્તાર વધતો જાય છે, અને વાંચવાની રૂચિ વધારનારા લેખો, નિબંધો, પુસ્તકો પણ વધતાં જાય છે. આ વાત સંતોષ ઉપજાવનારી છે, તોપણ આપણે શું વાંચીએ છીએ, કેવી રીતે વાંચીએ છીએ એનો વિચાર કરવાની બહુ જરૂર છે.

શરીરને પુષ્ટ બનાવનાર ભોજનમાં આપણે અનેક રીતે પરીક્ષા કરીએ છીએ, પણ મન તથા આત્માને પુષ્ટી આપનાર જે વાચન તેની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

યથાયોગ્ય પરીક્ષા આપણે કરતા નથી. આપણી પાઠશાળામાં જઇ જોઇશું તો ત્યાં પણ એવુંજ માલૂમ પડે છે કે 'સામાયિક સૂત્ર,' 'પ્રતિક્રમણ સૂત્ર,' 'જીવ વિચાર' 'નવ તત્ત્વ' આદિ પુસ્તકોની યોજના અભ્યાસ ક્રમમાં કરવામાં આવેલી હોય છે, પણ તેનું જ્ઞાન સર્વબાજુનું, હેતુ અને ઉદ્દેશ સાથે, દરેકે દરેક અંગના જ્ઞાનપૂર્વક ઉંડું અને સમજ તથા ખોજ પૂર્વક આપવામાં આવતું નથી. પરીક્ષામાં પાસ થવા માટે ગોખીને, મોઢે રાખીને એટલે ગમે તે રીતે પરીક્ષામાં ઉત્તર આપવા જેટલી તૈયારી કરવામાં અને કરાવવામાં આવે છે, તેથી ઉપરટપકેનું, ગોખણીયું અને માત્ર સપાટી ઉપરનું જ્ઞાન અપાતું અને લેવાતું જોવામાં આવે છે. આમ થાય છે તેથી શિક્ષણનો હેતુ કે જે બાલકના મનનો વિકાસ કરાવી તેને વિચારતાં શીખવવું એમ છે તે ઉંધો વળે છે.

કેટલાકો કોઇપણ વિષયનું સમગ્ર જ્ઞાન એકદમ હાથ કરવાની ઇચ્છા રાખે છે; આથી પુસ્તક હાથમાં લીધું; પહેલું પાનું જોયું, છેલ્લું પાનું જોયું, વચમાં આમ તેમ ઉથામ્યું અને તે સંબંધી અમુક અભિપ્રાય બાંધી તેને ઉંચું અભેરાઇપર–એક ઠેકાણે મૂકી દીધું–આવો પ્રચાર પડી ગયો છે. આથી આવા માણસોમાં આળસ, બેપરવા, અને તેમ છતાં પોતાની બુદ્ધિનું અભિમાન રહ્યાં કરે છે.

બીજાઓ એમ માને છે કે વાચન ફક્ત વખત ગાળવા માટે છે, તેથી રેલવેમાં, ગાડીમાં કે ઘરમાં બેઠાં સૂતાં, અરે! સામાયિક જેવી પવિત્ર ક્રિયાના કાળમાં પણ 'વખત જવા' માટે પુસ્તકો રાખે છે– વાંચે છે. આથી વખત મળ્યે ગમે તેમ વાંચી જવાય છે, અને વિચારવાનો વખત રહેતો નથી. આવી જ્યાં સ્થિતિ છે ત્યાં વાંચવામાં કથા, વાર્તા વિગેરે ઝડપથી વંચાય તેવાં પુસ્તકો હોય છે, જ્યારે તત્ત્વશાસ્ત્ર તથા ગહન વિચારના ગ્રંથોને વાંચવા વિચારવાનો અવકાશજ રહેતો નથી, એટલુંજ નહિ પણ જે વિષયો રૂચિકર વાંચનમાં ગણાય છે, તેમાં પણ તેના સ્વરૂપને અનુસરીને કે તેને સંપૂર્ણ જાણવાને કાંઈ વિચારવામાં આવતું હોય તેમ પણ જણાતું નથી.

ગંભીર વિષયોની ચર્ચાના અભાવે, અને ગંભીર વિષયોનું વાચન અરૂચિકર થવાને લીધે, તથા જે રૂચિકર વાચન છે તેમાં પણ બહુ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉંડાઈ ન પામવાને લીધે વાચકોના જીવનમાંથી, વ્યાપારમાંથી, વિચારમાંથી, આચારમાંથી ગાંભીર્ય અને વિવેક દેખીતી રીતે ઓછાં થતાં જાય છે. અભિમાન, તથા સંકુચિત મન વધતાં જાય છે.

વાચનનો મુખ્ય હેતુ એ છે કે જીવન અને તેના ઉપયોગ, અને નિર્વાહ તથા તેના સ્વરૂપ વિષે—જીવતત્ત્વાદિક વિષે ગંભીરતાથી વિચાર કરવો, અને તે વિચારને અનુસરી મહત્ કાર્યોમાં પ્રવેશ કરવાનાં સાહસ, આગ્રહ અને પરાક્રમ પોતાના ચારિત્રમાં પળે પળે બતાવવાં. વાચનમાંથી ગંભીર વિચારને જન્મ આપવાનો છે, અને તે ગંભીર વિચાર કાર્ય સિદ્ધિનો રહસ્ય માર્ગ છે.

આ ગંભીર વિચાર પ્રાપ્ત થાય તે માટે વાચન પણ તેવા પ્રકારનું હોવું જોઇએ. આપણું વાચન એજ આપણા જીવનનું ખરૂં પ્રતિબિંબ છે. તેથી માણસ કોની સાથે રહે છે અને શું વાંચે છે તે કહો એટલે તે કેવો છે એ કહી સકાશે એમ જે જ્ઞાનીએ કહ્યું છે તેણે સત્ય કહ્યું છે.

હવે સામાયિકના કાળમાં ધર્મનો અભ્યાસ કરવા માટે કયા પુસ્તકો વાંચવા જોઈએ તેનો ક્રમ આગળ 'સામાયિકનો કાળ કેમ ગાળવો' એ મથાળા નીચે આપીશું.

પુસ્તકની સાથે અથવા તેના અભાવે નવકારવાળી એ પણ ઉપકરણ છે. તેના સંબંધમાં જે સઝાય છે તે નીચે આપી છે.

૬૪.

## નોકારવાળીની સઝ્ઝાય.

ઢાલ.

એક નારીરે, ધર્મ તણે ધુરિ જાણિયે; તસ મહિમારે, મનરંગે વખાણિયે:
તેહ નારીરે, આપણડે મન અણિયે; ષડ્ દર્શનીરે તે પણ સઘલે માની એ.—૧

ત્રુટક.

માનીએ પણ નારી રૂડી, નહિં કૂડી તે વલી;
કરકમલ કીજે કાજ સીઝે, ધ્યાન ધરિયે મન રૂલી,
ત્રિભુવન સોહે રૂપ મોહે, દેવદાનવ કર ચડી;
નોકરવાલી મુહપત્તિને, આદિ પુરૂષે આદરી—૨.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઢાલ.

જિનશાસનરે, નોકરવાલી સહુ કહે; પરશાસનીરે, જપમાલી કહી સવિ ગણે;
તુરકાણેરે, તસબી બોલે મન રૂલી, અક્ષમાલારે, નામ કહિયે ચોથું વલી–૩

ત્રુટક.

તસનામ લીજે કામ સીઝે, લોક બૂઝે અતિ ઘણા;
દરશન દીઠે દુઃખ નીઠે, પાપ જાયે ભવતણાં;
હરિ હર પુરંદર સકલ મુનિવર, હાથે રૂડી દીસ એ;
નોકરવાલી હાથ લેતાં, દેવ દાનવ તૂસએ—૪

ઢાલ.

એક સોહેરે, મૂરતિ મોહન વેલડી; સોહામણીરે, ચતુરપણે તે ગુણે ચડી.
દોય ચોપનરે, મલી કરી અષ્ટોત્તરી, ધ્યાન ધરિયેરે, તરિયે ભવસાયરવલી–૪

ત્રુટક.

સંસાર તરિયે ધ્યાન ધરિયે, તરિયે ભવસાયર વલી;
નોકરવાલી ધ્યાન ધરતાં, મુક્તિ પામે કેવલી;
સવિ આશપુરી કર્મચૂરી, સહેજે સોહે મન રૂલી
કહે **કવિઅણ** સુણો લોકા, આરાધો એકમન વલી—૬

અર્થ—ધર્મમાં અગ્રસ્થાને એક સ્ત્રી (નોકારવાળી) છે તેથી તેનો મહિમા મનથી રંગે વખાણીએ. તે નારીને મનમાં લાવીએ; અને તેને જે *છ દર્શન–ધર્મ છે તે બધા પણ માને છે—સ્વીકારે છે. ૧

તે નારીને આપણે રૂડી માનીએ, વળી તે કૂડી નથી. કરકમલમાં લેવાથી કાર્ય સીઝે છે–કાર્ય સાધ્ય થાય છે. તેથી મનને પ્રમોદમાં રાખી ધ્યાન કરવું ઇષ્ટ છે. ત્રણે લોકમાં શોભતી રૂપના મોહથી દેવ અને દાનવના હાથમાં પણ ચડી છે અને આદિપુરૂષ એવા શ્રીઋષભનાથે નોકારવાળી અને મુહપત્તિની પ્રવૃત્તિ કરી છે. ૨

આ સ્ત્રીને જિન ધર્મમાં સૌ નોકારવાળી કહે છે, બીજા ધર્મો તેને જપમાળા કહી ગણે છે. મુસલમાનો (તુરક) આનંદી મને તેને તસબી કહે છે, આ સીવાય ચોથું નામ અક્ષમાલાપણ છે. ૩

* છ દર્શન. નામે **બૌદ્ધ, નૈયાયિક, વૈશેષિક, સાંખ્ય, મીમાંસક,** અને **જૈન.**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેનું નામ લેતાં કામ સીઝે છે, અને ઘણા લોકો બૂઝે છે; તેનાં દર્શન કરવાથી દુઃખ નાશ પામે છે, અને ભવનાં પાપ જાય છે. હરિ (વિષ્ણુ), હર (શિવ), પુરંદર (ઇંદ્ર) અને સર્વે મુનિવરોના હાથમાં તે માલૂમ પડે છે; તે નોકારવાળી હાથમાં લેતાં દેવ દાનવ તુષ્ટમાન થાય છે. ૪

તે એક મોહનવેલી મૂર્તિ શોભે છે, સોહામણી થઇ ચતુરતાથી ગુણ એટલે દોરા ઉપર ચડેલી છે. તેમાં પારા બે ચોપન મળી એકસો આઠ છે, તેનું ધ્યાન ધરવાથી ભવસાગર પણ તરાય છે. ૫

ધ્યાન ધરીએ, તેથી સંસાર તરીએ એટલુંજ નહિ પણ ભવસાગર પણ તરી શકીએ છીએ. કેવલી ભગવાન્ પણ નોકારવાળીનું ધ્યાન ધરતાં મોક્ષ પામે છે. તે કર્મના ચૂરા કરી સર્વ આશા પૂરનારી છે, અને મનને આનંદ આપતા સ્વાભાવિક રીતે શોભે છે. માટે કવિ **કવિયણ** કહે છે તે હે લોકો! આ સાંભળીને તેને એક મનથી આરાધો. ૬

નોકરવાળી એ નામ તેનાથી નવકારનો જપ કરાય છે તેથી પડયું છે. તેમાં ૧૦૮ પારા હોય છે, તે નવકારમાં સ્મરાતા પંચ પરમેષ્ઠીના બધા મળીને થતા ૧૦૮ ગુણો સૂચવે છે. વળી તે ૧૦૮ ની સંખ્યા એવું પણ સૂચવે છે કે જગત્માં ત્રણ પાપક્રિયા છે. ૧ પાચ્ય એટલે બળવાની ક્રિયા ૨ ભેદ્ય–ભેદવાની ૩ છેદ્ય–છેદવાની. આ ત્રણે ક્રિયા ન કરવી, ન કરાવવી, ન અનુમોદવી એમ તેના નવ પ્રકાર થાય છે. તે વળી મનથી, વચનથી, કાયાથી એટલે સત્તાવીસ થયા અને તે દરેક ક્રોધ, માન, માયા, લોભ એ ચારથી ગણતાં બધા મળી ૧૦૮ પ્રકાર થાય છે, અને મેળના પારા ત્રણ હોય છે તે ઊપરની પાચ્ય, ભેદ્ય, અને છેદ્ય એ ત્રણ ક્રિયા સૂચવે છે. એમ ૧૦૮ પ્રકારની પાપક્રિયા દૂર કરવાનું સાધન નવકારવાળી છે, એમ કોઈ વિદ્વાન કહે છે.

## ૬૫.
## ઉપકરણ કે અધિકરણ.

ઉપર જણાવેલા સાધનોને ઉપકરણ એટલે ઉપકારનાં કારણો કહેવામાં આવે છે કારણ કે તે સામાયિકના હેતુએ છે, અને તેથી સમતાનો લાભ મળે છે. જો તેમ ન થતું હોય તો તે ઉપકરણ નથી પણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અધિકરણ એટલે હિંસાનાં કારણ છે, એટલે કે ઉપર જણાવેલા હેતુ ભૂલી જવાય, અને હેતુ પ્રત્યે દૃષ્ટિ રાખ્યા વિના અંધપરંપરાથી એમ કહેવામાં આવે કે આમજ જોઈએ, અને એથી કદાગ્રહ બંધાઈ જાય તો તે અધિકરણોજ લેખાય.

૬૬.

## ઉનની ઉપયોગીતા.

ઉપર જણાવેલા સાધનોમાંનાં ચરવળો, કટાસણું આદિ ઉનનાં રાખવા જોઇએ, અને તેનાં કારણો એ છે કેઃ—

(૧) ઉનમાં સુતર કરતાં વધારે ગરમી રહેલી છે, અને તેની શારીરિક યોગ ઉપર, ચળ વિચળપણાપર, પરિણામે મનોયોગ ઉપર પણ સારી અસર છે.

(૨) કાપડની બનાવટમાં જેટલો આરંભ વગેરે દોષ લાગે છે તેટલો ઉનમાં સંભવતો નથી કારણકે કાપડ કર્પણ વગેરે મહારંભ પછીજ બને છે, જ્યારે ઉન બકરાં કે ઘેટાનાં વાળ છે. આ કારણથી ઉનને પવિત્ર ગણેલું સંભવે છે. આ કારણસર દેવપૂજન વગેરેમાં અશુચિદોષ નહિ લાગવામાં ઉનને મુખ્ય ગણ્યું છે.

૬૭.

## ૫. સ્થાપનાચાર્ય.

સામાયિક વગેરે સર્વ ધર્મક્રિયાઓ સસાક્ષિક એટલે સાક્ષી રાખીને કરવામાં આવે તો વધારે દૃઢ થાય છે. જગતમાં પણ સસાક્ષિક વ્યવહાર થાય તો તે નિશ્ચલ ગણાય છે. ન્યાયસ્થાનોમાં પણ સસાક્ષિક બાબતની સિદ્ધિ થાય છે. તેવી રીતે સામાયિકમાં આપણે કહી ગયા છીએ કે ગુરૂની સાક્ષી રાખવી એટલે તેમની સમીપે, અતિ દૂર નહિ તેમ અતિ પાસે નહિ એમ બેસવું; સદ્‌ગુરૂના અભાવે તેમના ચિત્ર, કે અન્ય સ્થાપના સન્મુખ કારણકે શ્રી **વિશેષાવસ્યક**માં કહ્યું છે કે "ગુરૂ વિરહંમી ઠવણા" એટલે સજીવન મૂર્તિરૂપ પવિત્ર સદ્‌ગુરૂના વિરહે તેઓની સ્થાપના કરવી. એટલે સ્થાપનાચાર્ય સ્થાપવા. સ્થાપના બે પ્રકારની કહી છે. સદ્‌ભાવ સ્થાપના એટલે આમાં કહ્યા પ્રમાણે ગુરૂની મૂર્તિ તથા પ્રતિમાદિકની આકાર સહિત સ્થાપના અને (૨)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બીજી અસદ્‌ભાવ સ્થાપના એટલે આકૃતિ વગર કોઈ પણ પવિત્ર પદાર્થ જેવા કે અક્ષ વગેરેની નામે અક્ષ, વરાટક (કોડા), કાષ્ટ (ડાંડા પાટી વગેરે કાષ્ટના ઉપકરણો), પુસ્તક, વગેરેનું સ્થાપન કરી તેમાં ગુણોનું આરોપણ કરવું તે. આ વાતને વિશેષ સ્પષ્ટ કરીએ તો સદ્‌ગુરૂની સ્થાપનાના અભાવે ઉંચા પવિત્ર આસન ઉપર સદ્‌ગુરૂના મુખથી ઝરેલા પવિત્ર વચનામૃતરૂપ પુસ્તકાદિ જ્ઞાનોપકરણ (કે જે એક પવિત્ર સ્થાપનાજ છે તે) મૂકી તેમાં સદ્‌ગુરૂની ભાવના કરી તે સન્મુખ, પૂર્વ કે ઉત્તર દિશા સન્મુખ કહેવામાં એક એવો પરમાર્થ પણ રહેલો છે કે, પૂર્વ દિશા તે દિશામાં ઉદય પામતા સૂર્યનું સ્મરણ કરાવવા સાથે મારા પવિત્ર સદ્‌ગુરૂ પણ એ સૂર્યની પેઠે પ્રકાશરૂપ, જ્ઞાનરૂપ, છે; તેમજ ઉત્તર દિશા તે દિશામાં રહેલા મોટા અને અચળ મેરૂનું સ્મરણ કરાવવા સાથે મારા સદ્‌ગુરૂ પણ એ મેરૂની પેઠે ઉદાર, ઉચ્ચ, ધીર, અચળ, અડોળ વૃત્તિવાળા છે. આ રીતે સ્થાપનાચાર્ય મહાન્ ઉપકારક છે તેથી તેમને પણ ઉપકરણરૂપે ગણ્યા છે.

## ૬૮.
## સ્થાનશુદ્ધિ.

સામાયિક શુદ્ધ સ્થાને કરવું જોઇએ. શુદ્ધ સ્થાન એટલે સ્થાનશુદ્ધિને અને સમતાને ઘણો નિકટ સંબંધ છે. આ સ્થાનમાં મનુષ્ય અને તિર્યંચોનો સંચાર ન હોવો જોઇએ, સ્ત્રીનું દર્શન થવાનો સંભવ ન હોવો જોઇએ, ત્યાં ઘરના છોકરાની રાડોના સ્વર સંભળાય તેમ હોવું ન જોઇએ, અને સંસારી માણસો વાતો કરે તે સાંભળી શકાય એટલું નજીક બેસવું ન જોઇએ.

## ૬૯.
## *ઉપાશ્રય.

કેટલાક માણસોને પોતાને ઘેર આવી શાંત જગા મેળવવાનું સાધન બની શકતું નથી, તેટલા માટે જૈનોમાં ઉપાશ્રયની સંસ્થા સ્થાપન

* ઉપ+આશ્રય. 'ઉપ' ના જુદા જુદા અર્થ યોજી શકાય:-

(૧) ઉપ°=ઉત્કૃષ્ટ આશ્રય. માણસોને ઘર-હાટ-હવેલી એ વગેરે રહેવાને માટે આશ્રય-સ્થાન છે; પણ તે બધાં 'આશ્રય' છે, જ્યારે જે સ્થાને તેઓ આ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરેલી છે. **ઉપાશ્રય** એટલે ઉપ=પાસે+આશ્રય–જ્યાં આત્માના ભાવ પાસે આશ્રય લેવાય છે તે સ્થલ. અહિંઆ બહુ ભાગે શાંતિ હોય છે, અને સાંસારિક જંજાળ તરફ લક્ષ જવાનું કારણ ઓછું બને છે. આવી તદ્દન એકાંત, **નિરામય**, અને નિરૂપદ્રવ જગામાં સામાયિક થાય તોજ સમતા અને સામાયિકના ખરા હેતુઓ જાળવી શકાય છે. ટુંકામાં જે સ્થાનમાં મુમુક્ષુ જીવને કાયિક, વાચિક કે માનસિક ક્ષોભ ન થાય એવું શાંતિનું સ્થાન શોધવું એ ખાસ જરૂરની બાબત છે.

## ૭૦.

## કરજ વગરનાએ ઉપાશ્રયમાં જવું.

**અર્થદીપિકાકાર** વળી એમ કહે છે કે જે અનૃણી–કરજ વગરનો એટલે જેને લેણદારો કનડે નહિ એમ હોય તેણેજ આવા ઉપાશ્રયરૂપ ઘણા જનને લાભ કરનાર સાધારણ સ્થાનમાં આવવું. જે કરજદાર–દેણીયાત હોય તેણે ન આવવું **અર્થદીપિકાકારનો** એવો ઇસારો બહુ અર્થસૂચક છે અને તે કઈ રીતે તે તપાસીએ.

( અ ) એકતો **અર્થદીપિકાકારના** સમયમાં કદાચ દેણીયાત લોકો સાધારણ સ્થાનરૂપ ઉપાશ્રયમાં લેણીયાતો કનડે નહિ એમ ધારી સામાયિક કરવા જતા હશે,

( બ ) અને એમ સામાયિક કરવા જનારાને કદાચ લેણીયાતોએ કન-

---

ભવ, પરભવ હિતકર એવો ધર્મ પામી શકે, આચરી શકે તે ઉત્કૃષ્ટ સ્થાન, ઉપાશ્રય છે; માટે ધર્મકરણી કરવાનાં સ્થાનને 'ઉપાશ્રય' કહેલ. આમ જોતાં કોઈ પોતાના ઘરમાં એવું અલાયદુ સ્થાન રાખે તેને 'ઉપાશ્રય' કહી શકાય; પણ 'ઉપાશ્રય' નો રૂઢ અર્થ સમુદાય માટે નિર્ણિત કરેલું આવું સામાયિક પૌષધાદિ ધર્મક્રિયાનું સ્થાન તે છે.

( ૨ ) ઉપ+આશ્રય=નિકટ આશ્રય, અથવા ઉપ+આશ્રય=ઉપલક્ષણથી આશ્રય. અર્થાત્ જીવને પોતાનોજ ખરો આશ્રય છે, આત્માનોજ ખરો આશ્રય છે; પણ એ આશ્રય પામવો–સમજવો બહુ કઠિન છે. એટલે જે કારણથી એ આશ્રય નિકટમાં અથવા પરિણામે સમજાય એવા સ્થાનને 'ઉપાશ્રય' એવું નામ આપ્યું છે. ( આમ એક વિદ્વાન્ પત્રદ્વારા મને જણાવે છે ).

**મો. દ. દેશાઈ.**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ડેલ હશે અને તેને કનડતાં આસપાસ બીજા સામાયિક કરનારાને અંતરાય પડયો હશે.

(ક) પોતે કરજ કરેલ, તે પોતાનાં પાપને અંગે બીજા જે સામાયિક રૂપ આત્મહિત સાધન કરવા બેઠા હોય તેને આડકતરી રીતે પણ વિઘ્નરૂપ થવું, એમાં પોતેજ કારણિક હોતાં વધારે પાપના ભાગી થવાય છે.

(ડ) વળી સામાયિક કરવા જતાં રસ્તામાં લેણીઆત કરજદારને ઉભો રાખે, તેથી લોકો ભેગા થાય અને ધર્મની નિંદા થાય.

(ઇ) કેટલાક શ્રીમંતો આવા કરજદારને આમ નિંદાતો જોઇ ધનની સહાય કરે, કારણ કે સામાન્ય રીતે તેમના મનમાં એમ રહે કે આપણા સ્વધર્મી જીવને ધર્મમાં અંતરાય પડે છે, તેથી તેની અડચણ દૂર કરવી જોઇએ. આથી ફળ એ થવાનો સંભવ રહે છે કે કરજદારને ફરી દેણું કરવાનું મન થાય છે, અને ધર્મને નામે આજીવિકા કરવાની ટેવ પડે છે.

(ફ) આવી રીતે વધારે પાપના ભાગી થતાં અટકાવવા માટે બોધ કર્યો છે કે કરજદારે સામાયિક પોતાને ઘેર કરવું, ઉપાશ્રયે કરવા ન આવવું.

વિશેષ ઉંડા ઉતરતાં, આમ કહેવામાં સૂક્ષ્મ હેતુ એ રહેલો લાગે છે, કે કરજદારે પ્રથમ પોતાનું કરજ અદા કરી દેવું. ગમે ત્યારે કરજ દીધા વિના છુટકો નથી; તો તેનો તરત નિકાલ બનતા પ્રયાસે **શુદ્ધ બુદ્ધિથી શુદ્ધ દાનતથી** કરવો, કારણકે તેમ તરત કરવામાં નથી આવતું અને ઢીલ થાય છે તો.

(૧) કરજ વધતું જાય છે.

(૨) તેથી તે વિકલ્પથી જે ચિત્તમાં અશાંતિ–ફિકર મૂળ હોય છે તેમાં ઘણો ઉમેરો થાય છે.

(૩) ચિત્તનો વિક્ષેપ–ભંગ સામાયિકમાં અંતરાય રૂપ થાય છે એટલે સામાયિક લઇ બેઠેલ હોય છતાં કરજદારનું ચિત્ત અશાંતિવાળું હોવાથી તે આકાશ પાતાળના ઘાટ ઘડે છે, જે ઉલટું લાભ કરતાં વિશેષ હાનિરૂપ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૪) અને કરજ વધી જતાં તે નહિ દેવારૂપ ખોટી દાનત-માઠી બુદ્ધિ ઉપજે છે, જે પરિણામે અધોગતિના કારણરૂપ છે.

આમ એક પછી એક વિચારો સૂક્ષ્મ રીતે કરી અર્થ દીપિકાકાર ઇસારો માત્ર કરે છે, કે કરજદારે **ઉપાશ્રયમાં** સામાયિક ન કરવું, અને એનો અર્થ પરમાર્થરૂપે એમજ સમજવો યોગ્ય છે કે—**કરજદારે સામાયિક કરવાના ભાવ રાખી પ્રથમ તો કરજ આપી દેવાનોજ પ્રયાસ કરવો. આ વાત દરેક વ્યવહારમાં લાગુ પડશે.** માણસ માત્રે પોતાને અંગે રહેલી ફરજપર, (ધર્મપ્રતિ ભાવ દાખી, એ ફરજજ પોતાનો ધર્મ છે, એમ સમજી) અચળ લક્ષ રાખવો, કેમકે ફરજ યથાર્થ ન બજાવતાં, અથવા એમાં હાનિ કરતાં કદાચ આર્ત-રૌદ્ર, વિશેષ વિશેષ આર્ત-રૌદ્ર ધ્યાનનું કારણ થાય છે. આ વાત દરેક ભાઇઓ અને બ્હેનોને પોતાના અનુભવમાં આવે એવી વાત છે. માટે ફરજ માત્ર બજાવવી, તે ધર્મના લક્ષ સાથે બજાવવી; પણ પ્રથમતો અણછુટકયાની ખરી ફરજ શું છે તે સમજવું, અને પછી તે ફરજ બજાવવી.

## ૭૧.
## આડંબરની જરૂર.

વિશેષમાં **અર્થ** દીપિકાકાર તો વળી કહે છે, કે રાજા, દિવાન, શેઠ, શાહુકારે તો ઉપાશ્રય વગેરે સ્થળે સામાયિક માટે મોટા આડંબરથી જવું; આ પણ અપેક્ષા સહિત લાગે છે-ખરૂં છે કે મોટા માણસોનું અનુકરણ બધાં કરે છે, એટલે રાજા વગેરે એમ આડંબરથી જાય તો તેનાથી જૈન સિવાયની બીજી પ્રજાને પણ સામાયિક વગેરે કરવાની ઇચ્છા થાય છે, અને ધર્મના વિજયનો વાવટો ફરકે છે; આથી શ્રી વીતરાગની પવિત્ર આજ્ઞાનું આરાધન થાય છે અને આનું પરંપરાએ પરિણામ કર્મોનો નાશ છે. આ સૌ આપણને ઇષ્ટ છે.

## ૭૨.
## સામાયિક કરવાનું ઘર.

ઉપાશ્રય સંબંધી કઈ જોઇ ગયા, હવે ગૃહસ્થ માણસે સામાયિક વગેરે ધર્મ ક્રિયા માટે પોતાને ઘેર કયા પ્રકારનું સ્થાન હાલના સમ-

યમાં વસાવવું યોગ્ય છે તે જોઇએ. ગૃહસ્થ માણસને ઘેર સુંદર કપાટોથી શણગારેલ, ઉપયોગી ધાર્મિક પુસ્તકોથી ભરપુર, વીર પરમાત્મા તથા બીજા આચાર્યોના સુંદર ઓઇલ પેન્ટીંગથી છવાયેલી ભીંતવાળો, આસન્ન (હમણાંના) ઉપકારી આચાર્ય–મહામુનિ મહારાજ નામે શ્રી સિદ્ધસેન દિવાકર, હરિભદ્રસૂરિ, હેમચંદ્રાચાર્ય, યશોવિજય ઉપાધ્યાયના મળી શકતાં પુસ્તકો, જીવન ચરિત્ર, છબીઓ વગેરેથી શોભિત, અને ચીનાઇ સાપડા, સુવર્ણ પરવાળાની નવકારવાળી વગેરે ફરનીચરથી અલંકૃત, ઘરથી અલગ પણ ઘરનો ભાગ બનેલો "પૌષધશાળા" અથવા "લાઇબ્રેરી હૉલ" હોય તો તે યથાયોગ્ય સ્થાન ગણી શકાય. સ્થાન કેવું પસંદ કરવું તે સૌની પોતાની યોગ્યતાપર અને મનની વલણ ઉપર આધાર રાખે છે. પરંતુ અહીં ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે જો યોગ્ય સ્થાન ન મળે, તો સામાયિક ન કરવું એવું શાસ્ત્રમાં નથી, અને અહીં પણ તેમ કહેવાનું પણ નથી. અહીં તો મનને શુદ્ધ રાખી શકાય તેજ બાબત દાખલ કરી છે. પછી સંજોગો જે હોય તે જોઇ તેપર કેમ દોરાવું તે સૌ સૌના અધિકાર પર આધાર રાખે છે. સામાન્ય રીતે ઉપાશ્રયમાં ઘણી ઘણી સગવડો મળવાનો સંભવ છે અને ત્યાં શાંતિની હવા હોય છે, એ ધ્યાનમાં રાખવું ઘટે છે, અને તેની સાથે અનુકુળ સંજોગોવાળાને ઘર કે બીજી જગ્યા પણ લાભકારક નીવડે છે.

## ૭૩.

## વિધિશુદ્ધિ.

દરેક ક્રિયા વિધિસહિત કરવાથી તેનું ફલ વધારે સારૂં અને લાભકારક થાય છે. ઓસડ ખાવામાં તેની વિધિ પાળવામાં આવે, તો તે ઓસડ વધારે ગુણકારી અને દુઃખને દુર કરનારૂં થાય છે, તેવીજ રીતે ધર્મની સર્વ ક્રિયાના સંબંધમાં સમજવું. આથી આપણા પરોપકારી ઋષિઓએ–આચાર્યોએ કંઇપણ સ્વાર્થ વગર, અને પરમાર્થના હેતુથી દરેક ક્રિયાઓ વિધિ સહિત બતાવી છે.

સામાયિક એ ધર્મક્રિયા છે, તેમાં ડગલે ડગલે વિધિ રહેલી છે. શાસ્ત્રમાં કહેલા પ્રમાણથી મુહપત્તિ, કટાસણું, ચરવળો વગેરે યથાવિધિ રાખવા ઘટે છે, સ્થાપનાચાર્યની સ્થાપના પણ વિધિપૂર્વક કરવી જોઇએ,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ૭૪.

## વિધિમાં હેતુ હોય છે.

હવે આ સ્થલે ધ્યાનમાં રાખવું જોઇએ કે દરેક વિધિમાં હેતુ, રહસ્ય રહેલ છે. જો કે શાસ્ત્રમાં જણાવેલી દરેક વિધિનો હેતુ કેટલીકવાર સ્પષ્ટ જણાવવામાં આવ્યો ન હોય, તો તે પરથી તેનો હેતુ ગુરૂગમથી કે અન્ય સાધનથી સમજ્યા વગર તે વિધિને તજી દેવી એ ટુંક મતિજ છે; આપણે બારીકાઇથી જોઇશું અગર સદ્ગુરૂનો આધાર નાની કે મોટી વિધિનો હેતુ સમજવામાં લઈશું તો બહુ સંતોષ થાય તેવી રીતે તેનું રહસ્ય સમજી શકીશું. આનો એક દાખલો લઇએ. સ્થાપનાચાર્યનું સ્થાપન કરીએ છીએ ત્યારે જમણો હાથ ઉંચો કરી અમુક આકારે અધર રાખી નવકાર, પંચેંદિય બોલવાનો વ્યવહાર છે. આનો હેતુ કોઇ સમજતું નથી; પરંતુ તેમાં કંઇ યોગનું કાંઈ ઉંડું કારણ હોવું જોઈએ અને તેમાં આંદોલન વાદ (vibration theory) અથવા કોઇ જાતનું વિદ્યુત્બળ કે લોહચુંબકનું આકર્ષણ વગેરે કોઈ ભૂલી ગયેલા નિયમના મજબૂત આધાર ઊપર એ રીતી શરૂ થયેલી હોવી જોઇએ, અને આવાહન (આરોપણ) અને વિસર્જનમાં હાથને ચતો અને ઉંધો રાખવાનો પણ હેતુ સ્પષ્ટ હોવો જોઇએ. આ હેતુ ઘણાઓ ભૂલી ગયા છે, અને તે યોગના જ્ઞાનનો લગભગ નાશ વચ્ચેના અંધાધુનીના પાંચસો વરસના કાળમાં થયેલ છે તેને લઇને થયો હોય તેમ લાગે છે. બાકી શાસ્ત્રકારોએ તો દરેક ક્રિયા ફરમાવી છે તેમાં અવસ્ય હેતુ, રહસ્ય રહેલા છેજ.

## ૭૫.

## વિધિ—હેતુ.

સામાયિક લેવાનો વિધિ એવી રીતે ગોઠવેલ છે કે શરૂઆતથીજ જીવ જાગૃત રહે, અને સુવિનીત રહે. તેથી આ વિધિને સમજી સામાયિક કરવી એજ પરમહિતનું કારણ છે. હમણાં જોઇશું તો પ્રમાદથી, અજ્ઞાનથી અથવા અશ્રદ્ધાથી આ વિધિ આચરવામાં શિથિલતા આવી ગઇ છે. પહેલું તો એકે વિધિના હેતુ સમજાએલ નથી, અથવા સમજવાની દરકાર નથી અને બીજું એકે એ હેતુ ન સમજવાથી થતી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અરૂચિ અને આળસ થાય છે. આથી વિધિ વેઠરૂપ થાય છે, અને ઉપયોગની બાબત જે જીવની જાગૃતિ, અને વિનય, તેમાં ઘણે મોટે ભાગે ભંગ થાય છે માટે બરાબર વિનય સાચવી, વિધિ પ્રમાણે સામાયિક કરવું ઘટે છે.

૭૬.

## વિધિઅવિધિવિચાર.

મુખ્યપણે તો સામાયિક યથાવિધિ કરવું કહ્યું છે, છતાં એ પરથી એમ સમજી લેવાનું નથી કે જો વિધિપૂર્વક ન થાય તો નજ કરવી. સામાયિકનો શરૂઆતનો અભ્યાસી યથાવિધિ આચરી ન શકે તો તેમાં નવાઇ નથી; માટે તેણે **વિધિપૂર્વક કરવાનો લક્ષ રાખી, વિધિપૂર્વક પોતાથી બની શકે એવો અભ્યાસ પાડતા રહી ધીમે ધીમે સામાયિક કર્યાજ કરવું.** કારણકે અભ્યાસથીજ કાર્યની સિદ્ધિ થાય છે. આથીજ જ્ઞાનીઓએ સામાયિકને એક શિક્ષાવ્રત તરીકે ગણેલ છે, અને શિક્ષાવ્રત એટલે '**साधुधर्माभ्यासः शिक्षा**' એમ ધર્મબિંદુમાં કહ્યા પ્રમાણે જેથી રૂડો અભ્યાસ થઈ શકે તે વ્રત.

કોઈ કહે છે કે '**अविधिकृतात् वरं अकृतं**'—એટલે અવિધિથી કરવા કરતાં ન કરવું સારૂં. તેથી સામાયિક જો યથાવિધિ ન થાય તો તે તદ્દન ન કરવું. પણ આમ કહેનારનું કહેવું અયોગ્ય અને નિરપેક્ષ લાગે છે. કેમકે આપણે ઉપર જોયું તેમ કંઇપણ કાર્યની સિદ્ધિ તેના તરફ અભ્યાસ કરવાથી થઈ શકે છે, તો સામાયિકની સિદ્ધિ પણ સામાયિકના અભ્યાસથી થઈ શકે છે. દાખલા તરીકે બારાખડી બરાબર લખતાં આવડતી નથી ત્યારે તે બરાબર લખતાં આવડે તે પહેલાં ઘણી વખત લાંબા–ટૂંકા, આડા–અવળા, નાના–મોટા અક્ષરો કાઢીએ છીએ, અને એમ કરતાં કરતાં જ્યારે વધારે મહાવરો પડે છે, ત્યારે હાથ સ્થિર થાય છે, અક્ષરોના વળાંકની બરાબર છાપ મન ઉપર પડે છે, અને પછી તે બરાબર લખી શકાય છે, વાંચી શકાય છે, અને બોલી શકાય છે. આમ થાય છે ત્યારેજ બારાખડી વિધિપૂર્વક આવડી એમ કહેવાય છે. શાસ્ત્રના જાણનારાનું એક વચન છે કેઃ—

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**अविहिकया वरमकयं, उस्सुणवयणं वयंति सव्वण्णु ।**
**पायाछित्तं जह्मा, अकऐ गुरुअं कए लहुअं ॥**

અર્થ—" અવિધિએ કરવા કરતાં અણકર્યું ભલું "—એ વચનને સર્વજ્ઞો ઉત્સૂત્ર કહે છે; કારણ કે નહિ કરનારને મોટું પ્રાયશ્ચિત અને અવિધિએ કરનારને નાનું પ્રાયશ્ચિત છે.

આ ઉપરથી એમ સમજવાનું છે કે નહિ કરવા કરતાં અવિધિએ કર્યું ભલું, અને **ભગવાનનાં પવિત્ર વચનનો ગંભીર આશય તો એવો છે કે જે જીવ નહિં કરતો હોય તેના કરતાં ધીમે ધીમે જે જીવ અવિધિથી પણ કરવાનો અભ્યાસ પાડશે, અને એ અભ્યાસ સાથે યથાવિધિ કરી શકવાનો લક્ષ રાખશે તે સારો, તેનું કર્યું સારૂં.**

હાલમાં હું યથાવિધિ કરી શકવા શક્તિવાળો થાઉં એવો લક્ષ–ઉપયોગ રાખ્યા વગર આંધળાની લારે ચલાય છે; કહ્યું છે કેઃ—

જોજો જોજોરે અંધમતિ જન અપાર.
આંધળાની લારે ધાએ આંધળા અપાર–જોજો.
**વીર**નું પ્રમાણ, વાણી, સુણે ન લગાર.
ભાંડ, ભાટ, વેષધારી તણા ઇતબાર–જોજો.

આમ આંધળાની પેઠે વર્તવાથી પરમાર્થમાં બહુ હાની પહોંચે છે. માટે એ ભુલાવામાંથી જાગૃત કરવા આત્મહિત ઇચ્છનારા મુનિ તથા શ્રાવકોએ ઉચિત આચરવું યોગ્ય છે, નહિં તો **"જયું કોલુકે બેલકો, ઘરહિ કોશ પચાશ"** ઘાણીના બળદની પેઠે બહુ ચાલવા છતાં જ્યાંનાં ત્યાં એમ થયાં કરે છે.

૭૭.

## સામાયિકનું સ્વરૂપ.

સામાયિકનું ચાર પ્રકારનું સ્વરૂપ બાંધી શકાય. ( ૧ ) દ્રવ્યથી (૨) ક્ષેત્રથી ( ૩ ) કાળથી અને ( ૪ ) ભાવથી.

૭૮.

## ( ૧ ) દ્રવ્યથી સામાયિક.

દ્રવ્યથી સામાયિક માટે આગળ કહેવાઈ ગયું છે. આને માટે જોઇતાં ઉપકરણો, કપડાં, પુસ્તક, નોકારવાળી, આદિ જ્ઞાનનાં સાધનો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એટલે જે સાધનો સામાયિકને પુષ્ટિરૂપ હોય તે સિવાય બીજાંપર મમતાની બુદ્ધિ ટાળવી, તેટલાંનીજ મર્યાદા-હદ બાંધવી, તેટલા ખપજોગાં ગણી મોકળાં રાખવાં, એ દ્રવ્યથી સામાયિક. ટુંકામાં દ્રવ્યથી સામાયિક એમ સૂચવે છે કે સામાયિક નભી શકે તે માટે જે લુગડાં-લત્તાં પુસ્તકાદિ જોઇએ તેની હદ બાંધી બાકીનાનું પચ્ચખાણ કરવું.

૭૯.

## (૨) ક્ષેત્રથી સામાયિક.

ક્ષેત્રથી સામાયિક એટલે સામાયિક કરવા માટે જેટલી જગ્યા રોકી હોય તેટલીની મર્યાદા-હદ કરી બીજી જગ્યાનો ત્યાગ ધારવો તે.

૮૦.

## (૩) કાળથી સામાયિક.

કાળથી સામાયિક એટલે ઓછામાં ઓછું એક મુહુર્ત, બે ઘડી અથવા અડતાળીશ મીનીટનું સામાયિકના કાળનું માપ—માન છે. અહીં કોઇ એવો પ્રશ્ન પૂછે કે સામાયિકનું જે પચ્ચખાણરૂપ 'કરેમિ ભંતે' નું સૂત્ર છે તેમાં તો સામાયિકના કાળની કાંઇ અમુક હદ બાંધી નથી; એમાં તો **જ્યાં સુધી નિયમ હોય ત્યાં સુધી** એમ કહેલું છે એટલે કે પછી ચાહે તો એ નિયમ પા કલાકનો, અર્ધા કલાકનો, કે કલાક બે કલાકનો કે તેથી ઓછો વધારે ધારો. આ પ્રશ્નનું સમાધાન આમ થવા યોગ્ય છે કે હમેશાં નિર્દોષ, અને પ્રતિષ્ઠિત આપ્ત વૃદ્ધ પુરૂષોએ જે રૂઢી પાડી હોય, બાંધી હોય તે પ્રમાણે ચાલવામાં શ્રેય છે. શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે બે ઘડીનું સામાયિકનું ઓછામાં ઓછું કાલમાન કહેલ છે; તો તેવા પ્રતિષ્ઠિત ધુરંધર મહાન આચાર્યનું ઉલંઘન ન થવું જોઈએ, તોપણ આની સાથે એક દૃષ્ટાંત આપી બીજું એ કહેવાનું કેઃ-જેમ પોરશી સાઢ પોરસી પચ્ચખાણમાં કાલમાન બતાવેલ છે, તેવીજ રીતે નવકારશી પચ્ચખાણમાં નથી બતાવેલ; તેથી નવકારશી પચ્ચખાણનો કાલમાન બે ઘડીનો કહેલ છે; આનું કારણ એ કે ઓછામાં ઓછો કાલ બે ઘડીનો માનવોજ જોઇએ. એવી રીતે જો કાલની મર્યાદા ન રહે, તો પછી તેની અવ્યવસ્થા થઈ જાય, તોપણ કદાચ બે ઘડી જેટલો પણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વખત ન મળે અને પા કે અરધી કે એકજ ઘડી કે એથી ઓછો વધારે વખત મળે તો તે અવકાશ મુજબ સમતા ભાવમાં રહેવું; તેથી તેટલા વખત સુધી પણ સાવદ્ય એટલે પાપ યોગથી અટકવારૂપ મહા 'કરેમિ ભંતે' નો લાભ થશે, પણ પૂર્વના આચાર્યના બહુ માન ખાતર 'કરેમિ ભંતે' નો પાઠ ન પ્રકાશવો. આમ અર્થદીપિકાકાર શ્રી રત્નશેખરસૂરિ કહે છે. આ પ્રમાણે કાળથી સામાયિક જાણવું.

૮૧.

## (૪) ભાવથી સામાયિક.

ભાવથી સામાયિક એટલે ભાવથી રાગ–દ્વેષથી રહિત થવું, રાગ–દ્વેષ રહિત થવાનો ભાવ રાખવો, રાગ–દ્વેષથી રહિત થવાનો પ્રયાસ કરવો, યથાશક્તિ રાગ–દ્વેષ રહિત થતા જવું, સમતા લાવવી, આત્માની ઉજ્જવળતા વધારવી.

૮૨.

## વિશેષ.

આત્માર્થીએ સામાયિક લેતાં આ ચાર બાબતો અવશ્ય વિચારી જવી જોઈએ. દ્રવ્ય, ક્ષેત્ર, અને કાળનું માન–માપ કરી ભાવથી સામાયિકમાં સ્થિત થવું. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અને ભાવમાં દ્રવ્ય અને ક્ષેત્ર જેમ બને તેમ સંક્ષેપવાનાં–ઓછાં કરવાનાં છે, અને કાળ અને ભાવમાં વધારો કરવાનો છે. ઉપર જે દ્રવ્ય, ક્ષેત્ર, કાળની મર્યાદા–હદ બતાવી, તેમાં કારણ વિશેષે, સદ્‌ગુરૂની આજ્ઞાથી વધઘટ કરી શકાય, જેમ કેઃ–

(૧) દ્રવ્ય ધારેલ હોય તે કરતાં કદાચ વધારેની જરૂર પડી, જેમકે ટાઢ–ગરમીનો પરિસહ બહુ લાગતો હોય, અને શરીર પડી જવા જેવી બીક ઉપજી હોય અને વધારે કપડાંની અણચાલે–ન છૂટકે જરૂર પડી, અથવા પુસ્તક વગેરેની જરૂર પડી, તો ત્યાં દ્રવ્યની મર્યાદા–હદ "મહત્તરાગારાદિ" વિચારી, સદ્‌ગુરૂની આજ્ઞા લઈ, અથવા સદ્‌ગુરૂ ન હોય તો આત્મા–સાક્ષીએ વધારી શકાય. આ અપવાદરૂપે છે. ઉત્સર્ગ માર્ગે તો પ્રથમથીજ દ્રવ્યની હદ બાંધી બીજાપરની મૂર્છા છોડી દેવી યોગ્ય છે; પરંતુ અપવાદ માર્ગે તે ઉપર મુજબ વધારી શકાય. **અપવાદ પણ એને કહી શકાય કે જે સેવવાથી આત્માર્થ સરે, અને આત્માર્થને કાંઈ પણ હરકત ન આવે.**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૨. ક્ષેત્ર ધારેલ હોય તે કરતાં વધારે જગાની જરૂર પડે, જેમકે સરપ વગેરે સામા આવે, અથવા કોઈ જીવને બચાવવાનું કારણ મળે, અથવા સદ્‌ગુરૂની આજ્ઞા થાય અથવા પરમ સદ્‌ગુરૂના વિનય, વૈયાવૃત્ય કરવાનો કોઈ અપૂર્વ લાભ હોય તો ત્યાં સદ્‌ગુરૂની આજ્ઞાએ, અને સદ્‌ગુરૂ ન હોય તો આત્મ–સાક્ષીએ ક્ષેત્રની મર્યાદા–હદ વધારી શકાય અથવા ક્ષેત્ર બદલી શકાય. આ બંનેમાં યતના (જયણા) પૂર્વક જોઈ જાળવી પુંજી પ્રમાર્જી ચાલવાનો, અને સામાયિકના હેતુનો લક્ષ જાગૃત રાખવો.

(૩) કાળ માટે પણ ઉપરથી સમજાઈ શકાશે.

(૪) ભાવના સંબંધમાં તો અપવાદ હોઇ શકેજ નહિ. આ વાત વિશેષ સ્ફુટ થવા માટે જુઓ આગળ ' કરેમિભંતે ' સૂત્રપર વિવેચન.

## ૮૩.
## સામાયિકનો કાળ કેમ ગાળવો ?

ઉપરનું સ્વરૂપ જાણવાથી તુરતજ જણાઈ આવે તેમ છે કે સામાયિકનો કાળ ઉપરના સ્વરૂપને યોગ્ય એવી ભાવના ભાવવામાં, તે ભાવના જે સાધનોથી વધારે વધારે જાગૃત થાય તે સાધનો વાપરી આત્મ–ચિંતવન કરવામાં ગાળવાનો છે.

આખા દિવસ રાત્રીની સાઠ ઘડી છે. આવા અસંખ્યાતા દિવસોથી ભરેલાં અનંત કાલચક્ર વ્યતિત કરતાં છતાં પણ જે સાર્થક ન થયું તે બે ઘડીની કરેલી વિશુદ્ધ સામાયિક સાર્થક કરે છે. લક્ષપૂર્વક સામાયિક કરવા માટે સામાયિકમાં પ્રવેશ કર્યા પછી ચાર લોગસ્સથી વધારે લોગસ્સનો કાઉસગ્ગ કરી ચિત્તની કંઇક સ્વસ્થતા લાવવી. આ પછી સૂત્ર પાઠ કરવા કે કોઇ ઉત્તમ ગ્રંથનું મનન કરવું, વૈરાગ્ય અને ઉપદેશનાં પદો–ઉત્તમ કાવ્યો બોલવાં; પાછળ જે કંઇ મનન કર્યું હોય–શીખ્યા હઇએ તે યાદ લાવી ફરી જોઇ જવું, અને પછી નવો અભ્યાસ થાય તેટલો કરવો, કોઇને શાસ્ત્રના આધારથી બોધ આપવો, અને ગુરૂ હોયતો તેમની પાસેથી આગમવાણી સાંભળવી–મનન કરવી અને શાસ્ત્રનો પરિચય વધારવો. સદ્‌ગુરૂ ન હોય તો કોઇ વિચક્ષણ અભ્યાસી પાસેથી વૈરાગ્યને બોધનારી કથાઓ સાંભળવી, કે કંઇ અભ્યાસ કરવો. આ

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

સઘળી જોગવાઈ ન હોય તો સામાયિકનો કેટલોક કાળ લક્ષપૂર્વક કાઉ-સગ્ગમાં રોકવો, અને કેટલોક કાળ મહાપુરૂષોનાં ચરિત્ર કથામાં ઉપ-યોગપૂર્વક રોકવો.

**નોટ**—અહીં ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે સામાયિકમાં દ્રવ્યાનુ-યોગના, અને આત્મસ્વરૂપના અધ્યાત્મમય પુસ્તકો વાંચવા; ઘણી વખત એવું બને છે કે કથાના કે ચરિત્રનાં પુસ્તકો વાંચવાથી સમભાવનો નાશ થાય છે, કારણકે તેમાં કોઇનાં સુખદુઃખ, લડાઇ, કલેશ, વૈભવ–મોજ-શોખ, કંગાલીઅત–રાંકડીદશા વગેરેનું વસ્તુ–વર્ણન આવે ત્યારે વાંચનારનું મન પણ તેવું થઈ જાય અથવા લાગણી થઈ આવે. સામાયિકમાં અરેરાટી થઇ આવે તેમજ કોઇની અનુમોદના અનિષ્ટ રીતે થઈ જાય એવું નજ થવું જોઇએ. સાધુ મુનિરાજના વ્યાખ્યાનમાં કેટલાએક સામાયિક લઈ બેસે છે, તે પણ ઉપરનાં કારણોથી અયોગ્ય છે. શાસ્ત્રમાં લખ્યા પ્રમાણે ગુરૂ પાસેથી અથવા મનમાં 'બેસણે સંદિસાઉ'' બેસણે ઠાઉં ' એવા આદેશ લઈને બેસવાનું છે, પણ વ્યાખ્યાન વખતે સામાયિક લેવું ઘટતું નથી. કારણ કે ઘણી વખત વ્યાખ્યાન સાંભળનારને આંખમાં આંસું આવે છે, હસવું આવે છે, એટલે જેવો રસ ચાલતો હોય તેવી મનની દશા થાય છે. દાખલા તરીકે **રામરાવણ** કે **ભરતબાહુબળી**ની લડાઈ સાંભળતાં એકના જયમાં અને બીજાના પરાજયમાં ખુશી થવાય છે, આવું સામાયિકમાં સ્થિત થયા પછી જ્યાં હમેશાં સમતા-ભાવજ રાખવાનો છે તેમાં ઉપર જણાવ્યું તેવું સાંભળવું જોઇતું નથી, તેમ તેવા પુસ્તકો વાંચવા પણ નથી જોઇતા. પરંતુ આની સાથે કહેવાનું કે ઉપર મુજબ જો ન બની શકે, તોજ ચારિત્ર–કથા ગ્રંથો વાંચવા, વિચારવા અને તેમાં જેમ બને તેમ ઉપરનો હેતુ લક્ષમાં રાખી ઉપયોગ રાખતાં શીખવું, તેનો અભ્યાસ પાડવો. ચારિત્રકથાનાં પુસ્તકો શરૂઆ-તના અભ્યાસી માટે છે. વ્યાખ્યાનમાં કેટલીક બહેનો સામાયિક કરે છે, વ્યાખ્યાન સાંભળતાં જાય છે, અને સાથે સાથે નોકારવાળી ફેરવવાનું કામ પતાવે છે. આ તદ્દન ન ઇચ્છવાયોગ્ય છે, કારણકે તેથી સામા-યિકનો સમતારૂપી હેતુ–સ્વસ્થ ચિત્ત રાખવારૂપી આશય બીલકુલ સચવાતો નથી, વળી કેટલાએક સામાયિકમાં સંસારની વાતો કરે છે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે તો તદ્દન ન ચલાવી શકાય તેવું અને દીલગીરી ઉપજાવનારૂં ગેરવર્તન છે. આવા સામાયિક કરનારાઓને દેખીને સારા સરલ હૃદયના માણસોને પણ તેવી ટેવ પડવાનો પૂરો સંભવ રહે છે.

## ૮૪.
## પુસ્તકોનો ક્રમ.

સામાયિકનો કાળ સમતામય જેમ જેમ રહેતો જાય, તેમ ગાળવાનો છે, તેથી તે કાળ પર્યંત પુસ્તકો ધર્મના રહસ્યની કુંચી સમજાય, ધીમે ધીમે ધર્મજ્ઞાન-તત્ત્વજ્ઞાન વધતું જાય તે માટે તેને બરાબર શ્રેણીપૂર્વક-ક્રમપૂર્વક વાંચવાની જરૂર છે. યથાર્થ વાંચવું કેને કહેવું તે સંબંધે અગાઉ 'પુસ્તકાદિ' સંબંધમાં બોલતાં કહેવાઇ ગયું છે. હવે સિદ્ધાંત, તત્ત્વજ્ઞાન, કથા પુસ્તકો વગેરે (હાલ છપાયેલા તૈયાર મળે છે તેમાંથી) કયા ક્રમમાં વાંચવા તે અલ્પમતિ અનુસાર જણાવીશું.

### ૧. સિદ્ધાંત-(Theology)

જીવવિચાર.
નવતત્ત્વ
પ્રશ્નોત્તરરત્નચિંતામણિ.
જૈનવિષયકપ્રશ્નોત્તર.
ધર્મબિંદુ.
ધર્મસંગ્રહ.
જૈનતત્ત્વાદર્શ.
આગમસાર.

### ૨. કથા (Biography)

ઉપદેશપ્રાસાદ ભાગ ૧ થી ૫.
કુમારપાલપ્રબંધ.
ચતુર્વિંશતિપ્રબંધ.
પ્રબંધચિંતામણિ.
ઋષિમંડળ.
ભરતેશ્વરબાહુબલીવૃત્તિ.
અભયકુમારચરિત્ર.
ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્ર પર્વ ૧ થી ૧૦.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૩. સ્તવનાદિ. ( Prayers, Poetry etc. )
સમકીતના ૬૭ બોલની સઝાય.
અઢાર પાપસ્થાનકની સઝાય.
આનંદઘનબહોતેરી.
ચિદાનંદબહોતેરી.
જશવિલાસ.
વિનયવિલાસ.
જ્ઞાનવિલાસ.
આધ્યાત્મગીતા ( શ્રી દેવચંદ્રજી ).
આનંદઘનચોવીશી-
દેવચંદ્રચોવીશી.

૪. યોગ. ( Yoga.)
યોગશાસ્ત્ર ( શેઠ ભીમશી માણેકનું ).
જ્ઞાનાર્ણવ.
યોગબિંદુ.
આઠ દૃષ્ટિની સઝાય ( શ્રીમદ્ યશોવિજયજી ).
સમાધિશતક.
સમતાશતક.
શાંતસુધારસ ( શ્રી વિનયવિજયજી કૃત ).
અષ્ટકજી. ( શ્રીમદ્ હરિભદ્રસૂરિ કૃત )

૫. તત્ત્વજ્ઞાન ( Philosophy )
શ્રીતત્ત્વાર્થાધિગમ.
સ્યાદ્વાદમંજરી.
ષડ્દર્શનસમુચ્ચય,
કર્મગ્રંથ ૧ થી ૬.
નાટક સમયસાર.

૬. ન્યાય ( Logic ).
નયચક્રસાર.
સમ્મતિતર્ક.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આવી રીતે ક્રમ આપેલ છે. તે ક્રમ પ્રમાણે ચાલવાથી ધર્મનું બધી બાજુનું જ્ઞાન થશે, એમ અમારૂં અધીન મત છે; તો યોગ્ય લાગે તો તે અનુસરવો. પણ આની સાથે એ યાદ રાખવું કે હમેશાં બે ઘડીના સામાયિકના કાલમાં અર્ધી ઘડી કે અર્ધી કલાક અવસ્ય વાંચવામાં ગાળવો એવો પહેલાં દૃઢ નિયમ લેવો; પછી તે કાળમાં એકજ પુસ્તક લઇ તેને વિચારપૂર્વક વાંચવું; પછી ભલે એક પાનું, એક શ્લોક કે એક વાકય તે કાળમાં વંચાય. આમ કરતાં જે જે શંકા ઉપજે તે તે નોંધી રાખી તેનો નિર્ણય કોઈ જ્ઞાની પુરૂષ પાસેથી કરી લેવો. આમ કરતાં આખું પુસ્તક પૂરૂં થાય ત્યાર પછી બીજું પુસ્તક લેવું. આવી રીતે કરવાથી થોડું પણ સચોટ જ્ઞાન એવું મળશે કે તે સંખ્યાબંધ પુસ્તકો ઉપરટપકેથી વાંચનારના જ્ઞાન કરતાં અનેકગણું વધી જશે.

કંઇ પણ પુસ્તકાદિ સાધન ન હોય તો પંચ પરમેષ્ઠીનો જાપજ ઉત્સાહ પૂર્વક કર્યા કરવો, પણ ફોકટ કાળ કાઢી નાખવો નહિ. ધીરજથી, શાંતિથી, અને યત્ના–જયણાથી વિવેક અને ઉત્સાહ રાખી સામાયિકનો કાળ ગાળવો, અને તેમાં બને તેટલો શાસ્ત્રનો પરિચય વધારવો.

## ૮૫.

## સામાયિકનો રૂઢાર્થ.

ઉપર કહી ગયા, તે સર્વનો આશય લક્ષમાં રાખી તે ઉપરથી ફલિત થતો રૂઢાર્થ સમજવાનો છે. હાલમાં પ્રચલિત દરેક ક્રિયાનો જે રૂઢ અર્થ હોય છે તે ઘણોજ ટુંકો અને મુદ્દાસર હોય છે. પરંતુ તેમાં રહેલા આશય, હેતુ, રહસ્ય બહુ ગંભીર, વિસ્તારવાળાં, ઉંડાં અને લાંબા વિચાર પૂર્વક મનન કરવા યોગ્ય છે. સામાયિક એ નામની પવિત્ર ક્રિયાનો રૂઢ અર્થ એ છે કે સંસારના સર્વ જાતના રાગ–દ્વેષથી ઉપજતા પરિતાપને શમાવી દઈ શુદ્ધ જગાએ, શુદ્ધ વસ્ત્ર પહેરી, બે ઘડી સુધી, સંસારના દરેક બંધન દૂર કરી જ્ઞાનાનંદ, ધ્યાન, અધ્યયન, જાપ, ધર્મકથા વગેરે પોતાના અધિકાર પ્રમાણે કરવા તે. આટલા ટુંકા અને મુદ્દાસરના રૂઢ અર્થમાં દરેક બારીકાઇથી વિચારશે તો તેમાં ઉપર કહેલું સર્વ સમાઇ જાય છે એ તુરતજ પ્રતીત થશે; શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રમાં કથે છે કેઃ—

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

त्यक्तार्त्तरौद्रध्यानस्य, त्यक्तसावद्यकर्मणः ।
मुहूर्त्तं समता या तां, विदुः सामायिकं व्रतं ॥

અર્થ—આર્તરૌદ્રધ્યાનનો ત્યાગ કરી તથા સાવદ્ય (સપાપ) કર્મનો ત્યાગ કરી એક મુહૂર્ત સુધી જે સમભાવમાં રહેવું તેને સામાયિક વ્રત કહે છે.

૮૬.

## સામાયિક કરનારના પ્રકાર.

ઉપરનું વ્રત ગૃહસ્થવ્રત છે, અને તેને માટે કાલનું માપ એક મુહૂર્ત એટલે બે ઘડી કહેલ છે. આથી સામાયિકને (૧) ઈત્વરકાલિક એટલે થોડાકાળ સુધીનું કહેવાય છે. મુનિઓ હમેશાં સામાયિકમાં સ્થિત હોય છે, આથી તેના સામાયિકને (૨) યાવત્કથિક–જીંદગી સુધી કહેલું એટલે આખી જીંદગી સુધીનું કહેવામાં આવે છે. આવી રીતે ગૃહસ્થ અને મુનિઓના સંબંધમાં સામાયિકના બે ભેદ પડે છે. આમાં પણ ગૃહસ્થ બે જાતના હોય છે. ૧. ઋધિપાત્ર. ૨. સામાન્ય.

ઋધિપાત્ર ગૃહસ્થે જેવાકે રાજા, પ્રધાન વગેરેએ મોટા આડંબર સહિત ગુરૂ પાસે આવીને સામાયિકવ્રત લેવું જોઈએ. આનું કારણ આગળ આપણે કહી ગયા છીએ, અને સામાન્ય સ્થિતિનો માણસ પોતાને ઘેર પવિત્ર જગાએ ઉપાશ્રયમાં, સાધુ પાસે, સામાયિક વ્રત કરી શકે.

૮૭.

## સામાયિક, નયની અપેક્ષાએ.

દરેક વસ્તુ જુદી જુદી નજરે જોતાં જુદી જુદી દેખાય છે. અને આથી જુદી જુદી દૃષ્ટિનું સ્વરૂપ સ્યાદ્વાદ એવા જૈન ધર્મમાં ઘણી સારી રીતે બતાવેલ છે. આ જુદી જુદી અપેક્ષાને 'નય' કહેવામાં આવે છે, તે મુખ્યપણે સાત છે. આ સાતે નયથી સામાયિકનું સ્વરૂપ કઈ રીતે છે, તે જોઇએ. જો કે નયથી સામાયિકનું સ્વરૂપ જોવું એ જરા મુશ્કેલ છે, છતાં તેનાથી સમજવાનો પ્રયત્ન કરીશું તો તેના શોધકને પોતાનો અધિકાર અને હદ ક્યાં સુધી છે તે મળી શકશે. શ્રીમદ્ યશોવિજયજી આ સંબંધે બહુ ઉત્તમ, ઉપયોગી પદ લખે છે કેઃ–

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાગ સોરઠ.

ચતુર નર સામાયિક નય ધારો—
લોકપ્રવાહ છાંડ કર અપની, પરિણતિ શુદ્ધ વિચારો. ચતુર. ૧.
દ્રવ્યત અખય અભંગ આતમા, સામાયક નિજ જાતેં;
શુદ્ધ સ્વરૂપ સમતામય કહીએ, સંગ્રહનયકી વાતેં. ચતુર. ૨.
અબ વ્યવહાર કહે યું સબજન, સામાયક હુઇ જાવે;
તાતે આચરણા સો માને, એસા નૈગમ ગાવે. ચતુર. ૩.
આચરણા ઋજુસૂત્ર શિથલકી, બિનુ ઉપયોગ ન માને;
આચારી ઉપયોગી આતમ, સો સામાયિક જાને. ચતુર. ૪.
શબ્દ કહે સંજન જો એસો, સો સામાયિક કહીએ;
ચોથે ગુનઠાને આચરણા, ઉપયોગે ભિન્ન લહીએ. ચતુર. ૫.
અપ્રમત્ત ઠાણે ઇરીઆકો, સમભિરૂઢ નય સાખી;
કેવલજ્ઞાન દશા થિતિ ઉનકી, એવંભૂતે ભાખી. ચતુર. ૬.
સામાયિક નય જોઉ ન જાને, લોક કહે સો માને;
જ્ઞાનવંતકી સંગતિ નાહીં, રહિયો પ્રથમ ગુનઠાને. ચતુર. ૭.
સામાયિક નર અંતર દષ્ટે, જો દિન દિન અભ્યાસે;
જગ જશવાદ લહે સો બેઠો, જ્ઞાનવંતકે પાસે. ચતુર. ૮.

અર્થ—હે ચતુર નર ! (સાતે) નયથી સામાયિકને હૃદયમાં ધારી રાખો ! લોક પ્રવાહ તે છોડી પોતાની શુદ્ધ પરિણતિનો વિચાર કરો. ૧.

સામાયિક પોતાના સ્વભાવથી દ્રવ્યથી અક્ષય અભંગ એવો આત્માજ છે; સંગ્રહ નયની અપેક્ષાએ સમતામય શુદ્ધ સ્વરૂપી છે. ૨.

વ્યવહારનય વળી એમ કહે છે કે જે બધા માણસો સામાયિક કરે છે તે સામાયિક છે અને નૈગમનય આચારણાને સામાયિક કહે છે. ૩.

ઋજુસૂત્રનય શિથિલ પુરૂષની ઉપયોગ વગરની સામાયિકને સામાયિક માનતો નથી; તે તે આચારવાળો ઉપયોગ સહિત આત્માને સામાયિક જાણે છે. ૪.

શબ્દનય સંયત જો હોય તો તેને સામાયિક કહેવાનું કહે છે, કારણ કે ચોથે ગુણઠાણે આચરણાનું ઉપયોગભિન્ન ગ્રહણ થાય છે. ૫.

**સમભિરૂઢનય** અપ્રમત્ત ગુણસ્થાને ઇર્યાને સામાયિક કહેવાની સાક્ષી પૂરે છે, અને એવંભૂતનય જેની કેવલજ્ઞાનની દશાસ્થિતિ હોય તેને સામાયિક ભાખે છે. ૬.

સામાયિકના નયનું જો કોઇને જ્ઞાન ન હોય અને લોક જેમ કહે તેમ તે માનતો રહે, વળી જ્ઞાનવંતની સંગત પણ તેને હોય નહિ તો તે પ્રથમ-મિથ્યાત્વગુણસ્થાને રહેલો છે. ૭.

**જો** મનુષ્ય સામાયિકને અંતદૃષ્ટિથી નિરંતર અભ્યાસ્યા કરે તો જ્ઞાનવંતના સમાગમમાં બેઠો બેઠો જગમાં જશવાદ-ખરી કીર્તિ મેળવે છે. આમાં '**જશ**' એ શબ્દ કર્તા શ્રી **યશોવિજયજી**નું નામ પણ સૂચવે છે. ૮.

## ૮૮.

## સાત નયનો વિશેષ મત.

વધારે સ્પષ્ટતાથી શ્રી કુંવરવિજયજીકૃત '**અધ્યાત્મ પ્રશ્નોત્તર**' કે જેમાં નવ તત્ત્વના પ્રશ્નોત્તર છે તેના આધારે સામાયિકને સાત નયે જોઇએ.

૧. **નૈગમ** નય—આની અપેક્ષાએ સર્વ જીવ અંશ થકી સંવર ભાવરૂપ સામાયિકમાં રહ્યા વર્તે છે; કારણ કે સર્વ જીવના આઠ રૂચક પ્રદેશ ત્રણે કાલ કંઇ પણ કર્મના આવરણ વગર એટલે નિરાવરણ રહે છે, તેથી ત્યાં કર્મનું આવરણ લાગતું નથી. માટે **નૈગમ** નયથી સર્વ જીવ સદાકાલ અંશ થકી સંવર ભાવરૂપ સામાયિકમાં છે એમ જાણવું.

૨. **સંગ્રહ** નય—આ નય સત્તાનું ગ્રહણ કરે છે, માટે સર્વ જીવ સત્તાથી પોતાના પારિણામિક ભાવવડે સંવરભાવરૂપ સામાયિકમાં રહ્યા વર્તે છે, જેથી અંતરંગ સર્વ જીવને સત્તાએ-નિશ્ચય નયે કર્મરૂપ લેપ લાગતો નથી. કર્મનો લેપ લાગવો તે માત્ર વ્યવહાર નયે છે, માટે આ નયે સર્વ જીવ સત્તાએ સંવરભાવરૂપ સામાયિકમાં છે એમ જાણવું.

૩. **વ્યવહાર** નય—આ નય બહારથી જેવું સ્વરૂપ જેનું દેખાય તેવું સ્વરૂપ તેને કહે છે. તો જે જીવ એકાંત નિરવદ્ય-પાપ વગરની જોઇ "કરેમિભંતે" એમ પાઠ બોલી બે ઘડીથી માંડી જાવ-જીવ

સુધી નિઃસંગપણે વર્તે છે, તેને આ નય સામાયિકવંત કહે છે; એટલે આ નયે બહારથી કરણી–આચરણા રૂપ દેખાતી ક્રિયા સામાયિક કહેવાય છે.

૪. ઋજુસૂત્ર નય—આ નય પરિણામિક ભાવનું ગ્રહણ કરે છે; માટે કોઇ જીવ નરકનિગોદના દુઃખથી બીતો સુખની લાલચથી ઉદાસ ભાવે ત્યાગ વૈરાગ્ય–રૂપ પરિણામવડે પોતાના ચિત્તને વર્તાવે, તે સમયે તે જીવ આ નયથી સામાયિકમાં છે એમ જાણવું; એટલે તે તો યથાપ્રવૃત્તિકરણરૂપ પરિણામ વગેરે પહેલે ગુણ ઠાણે મિથ્યાત્વી જીવને પણ હોય.

૫. શબ્દનય—આ નયથી સામાયિકના ચાર પ્રકાર જાણવા–(૧) શ્રુત સામાયિક (૨) સમ્યકત્વ સામાયિક (૩) દેશવિરતિ સામાયિક (૪) સર્વ વિરતિ સામાયિક.

૬. ‡સમભિરૂઢ નય—આ નયના મતવાળો શ્રેણીભાવ ગ્રહે છે; માટે શુદ્ધ શુકલ ધ્યાન રૂપાતીત પરિણામરૂપ ક્ષપક શ્રેણીએ ચડી ઘાતી કર્મનો નાશ કરી અનંત ચતુષ્ટયરૂપ લક્ષ્મી પ્રગટ કરેલ છે એવા કેવલી ભગવાનને સંવરભાવરૂપ સામાયિક છે એમ જાણવું.

૭. ‡એવંભૂત નય—આ નય સંપૂર્ણ ભાવને સ્વીકારે છે; માટે આઠ કર્મનો નાશ થવાથી આઠ ગુણને મેળવનારા, લોકને અંતે બીરાજેલા, આદિ અનંત એ ભાંગાએ વર્તતા એવા સિદ્ધ ભગવાનને યથાખ્યાત ચારિત્રરૂપ સંવરભાવ જાણવો.

૮૯.

## નિશ્ચય નયથી સામાયિકનું સ્વરૂપ.

**अप्पा सामाइयं, अप्पा सामायियस्स अठो ।**

અર્થ—આત્મા સામાયિક છે, આત્માજ સામાયિકનો અર્થ છે.

નિજ શુદ્ધસ્વરૂપ ભાવમાં રહેલો જે આત્મા તે ઉપશમ જલથી રાગદ્વેષરૂપ મેલને ધોઇ નાખે, આત્મપરિણતિ આદરે. પરપરિણતિ નિવારે તેને નિશ્ચયસામાયિક કહીએ. આ સામાયિક ઉપર શુભ દૃષ્ટિ રાખીને વ્યવહાર સમકીત પાળવાનું છે. કારણકે વ્યવહાર બલવંત છે તે નિશ્ચય

‡ સરખાવો શ્રી યશોવિજયજીના પદ સાથે. બંનેના મતમાં ફેર આવે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સામાયિકનું કારણ છે. તેરમા ગુણસ્થાન સુધી જે જીવ વ્યવહારરૂપ ઘોડા ઉપર ચડીને સંસારરૂપ વનને ઓળંગીને જ્યારે ઘેર આવી પહોંચે, ત્યાં સુધી તે વ્યવહારરૂપ ઘોડો જોઇએ, પછી જ્યારે મહેલ ઉપર ચડે ત્યારે તેને ઘોડાનું કામ ન પડે–ત્યાંતો પગની આત્મશક્તિની જરૂર પડે, તેવી રીતે વ્યવહાર, ઘોડાની પેઠે સાધક છે, તેને છોડી દેવો ન જોઇએ.

૯૦.

## *સામાયિક, ચાર નિક્ષેપે.

આવી રીતે નયથી સામાયિકનું સ્વરૂપ જોઇને હવે નિક્ષેપે જોઇએ. નિક્ષેપ એટલે આરોપણ, અને તે ચાર રીતે થાય છે. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ.

૧. નામ સામાયિક—સામાયિક એવું નામ તે.

૨. સ્થાપના સામાયિક—સામાયિક એવા અક્ષર લખવા તે અસદ્ભાવ સ્થાપના, અને સામાયિકરૂપે મૂર્તિ સ્થાપવી તે સદ્ભાવ સ્થાપના.

૩. દ્રવ્ય સામાયિક—આ કહેવાઈ ગયેલ છે, છતાં બીજેરૂપે કહીએ તો વ્યવહાર નયે બહારથી વ્રતરૂપ ઉચ્ચાર કરી બે ઘડી સુધી પુણ્યપણે રહેવું તે, અને ઋજુસૂત્રનયે "કરેમિ ભંતે" વ્રતનો ઉચ્ચાર કરી મન, વચન, અને કાયાથી સાવદ્યને છોડી એક ચિત્તે બત્રીશ દૂષણ–દોષ ટાળી સ્વાધ્યાય ધ્યાનરૂપ શુભ પરિણામે વર્તવું તે.

૪. ભાવ સામાયિક—આ પણ કહેવાઇ ગયેલ છે, તોપણ જુદી રીતે કથીએ તો દ્રવ્યરૂપ વ્યવહારનયથી ઉચ્ચાર કરી ઋજુસૂત્રનયે મન, વચન, કાયાથી એકચિત્તે સાવદ્યને છોડી બે ઘડી પર્યંત શુભ ધ્યાનમાં વર્તવું તે. આથી જીવ યથાપ્રવૃત્તિ–કરણરૂપ પહેલે ગુણ ઠાણે ભાવ સામાયિકી જાણવો. વળી શબ્દનયે સમતાનો આય એટલે લાભ તે, એટલે જેટલીવાર જીવ, સત્તાગતના ધ્યાનરૂપ સંવરભાવમાં વર્તે તેટલીવાર સામાયિકનો લાભ જાણવો, માટે એક અંતરમુહૂર્ત સુધી જીવ, પોતાના સ્વરૂપના ધ્યાનરૂપ ચિંતવનમાં વર્તતો, ઘાતિકર્મ ખપાવીને કેવલજ્ઞાન પામે એ ભાવસામાયિક જાણવું.

* શ્રી કુંવરવિજયજીના 'અધ્યાત્મ પ્રશ્નોત્તર' માંથી લીધું છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ૯૧.

## સામાયિકથી પમાતાં નવ તત્વોમાંનાં કેટલાંક.

હવે ઉપર કહેલા દ્રવ્ય સામાયિક અને ભાવ સામાયિકમાં નવ તત્વમાંથી કેટલા તત્ત્વ પામી શકીએ છીએ તે જોઇએ.

દ્રવ્ય સામાયિક—ઋજુસૂત્ર નયે આ સામાયિક પહેલે ગુણઠાણે જીવને કહીએ. જીવ મન, વચન, કાયાથી એક ચિત્તે વૈરાગ્ય ભાવના સહિત સામાયિક કરે છે, પણ અંતરંગ સત્તાગતના ઉપયોગમાં વર્તતો નથી, અને પુણ્યરૂપ ફલની ઇચ્છાથી તેના પરિણામમાં વર્તે છે તેથી તે જીવને દ્રવ્ય સામાયિક, પુણ્યરૂપ શુભ કર્મના હેતુરૂપ છે. આમાં પાંચ તત્વ પામીએ. એકતો તેનો જીવ તે જીવ તત્ત્વ, બીજું શુભ કર્મ તે પુણ્ય તત્ત્વ, ત્રીજું પુણ્યનાં દળીયાં–સમૂહ તે પુદ્ગલ હોવાથી અજીવ તત્ત્વ, ચોથું એ આશ્રયરૂપ છે તેથી આશ્રવ તત્ત્વ, પાંચમું એ દળીયાંથી–પુદ્ગલથી જીવ બંધાયો તેથી બંધ તત્ત્વ. આ રીતે નવ તત્ત્વમાંથી દ્રવ્ય સામાયિકમાં પાંચ તત્ત્વ પામીએ.

ભાવ સામાયિક—શ્રી ભગવતિ સૂત્રમાં સામાયિકનો એવો અર્થ કર્યો છે કે "आयाखलु सामाइया" એટલે જેટલીવાર સ્વસ્વરૂપમાં રહેવું, તેટલીવાર સામાયિકનો લાભ જાણવો. માટે શબ્દ નયે ચોથા ગુણ ઠાણા–ગુણસ્થાનવાલા સમ્યકત્વી, પાંચમા ગુણસ્થાનવાલા દેશવિરતિ શ્રાવક, તથા છટ્ટા સાતમા ગુણસ્થાનવાલા મુનિરાજને સામાયિક જાણવું. આમાં આઠ તત્ત્વ પામીએ; અને સમભિરૂઢ નયના મતથી કેવલી ભગવાન્‌ને સામાયિક જાણવું, આમાં નવ તત્ત્વ પામીએ; તથા એવંભૂત નયના અભિપ્રાયે સિદ્ધ ભગવાન્‌ને સામાયિક જાણવું. આમાં ત્રણ તત્ત્વ પામીએ. આ રીતે ભાવ-સામાયિકના સ્વરૂપનો પરમાર્થ થયો.

આપણે સામાયિકને નયની અપેક્ષાથી, ચાર નિક્ષેપથી, તથા તે કરવામાં કેટલાં તત્ત્વો પામી શકાય છે તે ટુંકાણમાં કહી ગયા, પણ તે સમજવામાં જરા કઠણ પડે તેમ છે, તેથી તેને વિશેષ ગુરૂગમથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જાણી લેવું. અહીં વિસ્તારના ભયથી તેનાપર વધારે વિવેચન આપ-વામાં આવ્યું નથી.

૯૨.

## સામાયિકનું માહાત્મ્ય–ફલ.

સામાયિક મોક્ષાંગ છે, અને તે કઇ રીતે તે કહી ગયા છીએ. મોક્ષાંગ કહેવાથી સામાયિકનું સૌથી વધારે માહાત્મ્ય બતાવાય છે, એટલે તે કરતાં વધારે ફલ કહેવાની જરૂર ન રહે, છતાં શાસ્ત્રકારોએ તેનું પ્રમાણ બીજી રીતે કરેલ છે તે કહીએ.

**दिवसे दिवसे लख्खं, देइ सुवन्नस्स खंडियं एगो।**
**एगो पुण सामाइय करेइ न पहुप्पए तस्स॥**

અર્થ—કોઇ દરેક દિવસે લાખ સુવર્ણનું–સૌનૈયાનું દાન દે, અને કોઇ એક સામાયિક કરે, પણ સામાયિક કરનારની તોલે લાખો સૌનૈયા હમેશાં દાન દેનારો આવતો નથી. આવો સામાયિકનો મહિમા છે. વળી કહ્યુ છે કે:—

" લખ ઓગણસઠ બાણું કોડી, પંચ વિંશ સહસ્સ નવસેં જોડી;
પંચ વિંશ પલ્યોપમ ઝાઝેરૂં, તે બાંધે આયુ સુર કેરૂં.

**બાર વ્રતની પૂજા.**

" બાણવઇ કોડીઓ લખ્ખા, ગુણસઠ્ઠી સહસ્સા પણ વિસં।
નવસય પણ વિસાએ, સતિહા અડભાગ પલિયસ્સ ॥

શુદ્ધ સામાયિક કરનારને આટલું ફળ કહ્યું છે કે તે ૯૨૫૯૨૫૯૨૫⅜ પલ્યોપમ દેવગતિનું આયુષ્ય બાંધે છે. વળી

"સામાયિકવ્રત પાળી જુગતે, તે ભવ ધનમિત્ર ગયો મુગતે;
આગમ રીતે વ્રત હું પાળું, પંચમ ગુણઠાણું અજવાળું. હો.

**બારવ્રતની પૂજા.**

અર્થ—યુક્તિપૂર્વક, ઉપયોગપૂર્વક સામાયિક કરી ધનમિત્ર તેજ ભવને વિષે મોક્ષ પામ્યો. હું પણ આગમરીતે મહાપુરૂષો જે પ્રકારે બોધી ગયા છે તે પ્રકારે એ વ્રત આદરૂં, અને એમ કરી દેશવિરતિરૂપ શ્રાવકને યોગ્ય પાંચમા ગુણસ્થાનકનો મહિમા વધારૂં–ઉત્તમ શ્રાવક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પોતાના શ્રાવકપણાને દીપાવવાનોજ મનોરથ રાખે. આ સામાયિક એ દેશ ચારિત્ર છે. દેશવિરતિ શ્રાવકે પ્રતિ દિવસે સામાયિક કર્તવ્ય છે.

શ્રી કર્પૂરપ્રકર નામક ગ્રંથના શ્લોક ૪૭ અને ૪૮ કથે છે કેઃ—

सामायिकं द्विघटिकं चिरकर्म भेदि,
चंद्रावतंसकवदुच्चधियोऽत्र किंतु ।
स्पर्शोऽपि सत्यमुदकं मलिनत्वनाशि
घोरं तमो हरति वा कृत एव दीप ॥

વિશેષાર્થ—સામાયિક બે ઘડી પાળ્યું હોય તો પણ ઘણા કાલનાં સંચેલાં કર્મોને ભેદનારૂં થાય છે. કેની પેઠે ? તો કે ચંદ્રાવતંસક રાજાની પેઠે. અર્થાત્ બે ઘડીવાર પાળેલું સામાયિક અનેક કર્મોનો નાશ કરે છે, તો ઝાઝીવાર પાળવાથી એ સામાયિકમાં ઉંચી બુદ્ધિવાલાને કર્મનો નાશ થાય તેમાં તો શું આશ્ચર્ય ? તે વાત સત્ય છે. અહીં દૃષ્ટાંત કહે છે, જેમકે જલ, સ્પર્શ કરવાથી મલીનપણાને નાશ કરનારૂં થાય છે અને દીવો, કરતાંજ ભયંકર ઘણા કાલના અંધકારનું તે હરણ કરે છે.

सामायिकं समतयारिसुहृत्सुसिध्यै,
प्रद्योतमुक्तिकृदुदायिनराजवत्स्यात् ।
सच्चंदनांशुकमिवास्फुटकुष्ठभाजः
तत्कुर्वतः कपटतो बहिरंगशुध्यै ॥

વિશેષાર્થ—શત્રુમિત્રોને વિષે સમભાવરૂપ સામાયિક કર્યું હોય તો સિદ્ધિને માટે હોય. કેની પેઠે ? તો કે ચંડપ્રદ્યોત રાજાને બંધનથી મૂકનાર એવાં ઉદાયિન રાજાની પેઠે, અને કપટથી સામાયિક કરનારને બાહેરના અંગની શુદ્ધિને માટે થાય છે. ત્યાં દૃષ્ટાંત કહે છે કે જેમ જે પ્રાણીને કોઢનો રોગ બહાર દેખાણો નથી તે પ્રાણીને સારૂં ચંદન ચોપડવું તેજ વસ્ત્ર લાગે, તેમ તે સામાયિક બહારના દોષોને મટાડે છે, માટે તેવું સામાયિક સર્વ ભવ્ય જીવે જરૂર કરવું.

सामाइयं कुणंतो, समभावं सावओ अ घडिय दुग्गं ।
आउ सुरेसु बंधइ इति अमित्ताइ पालयाइं ॥

અર્થ—બે ઘડી સમભાવથી સામાયિક કરનાર શ્રાવક અસંખ્ય વરસોનું દેવ આયુ બાંધે (તે જીવ તદ્‌ભવ મોક્ષગામી ન હોયતો) વળી,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સામાયિક એ સમતાનો પ્રવાહ છે-સમતાનો સમુદ્ર છે, તેથી તેમાં રહેવાથી શ્રાવક સાધુ થઈ શકે છે. કહ્યું છે કેઃ—

**सामाइअंमि उ कए, समणो इव सावओ हवइ जम्हा।**
**एएण कारणेणं, बहुसो सामाइयं कुज्जा ॥**

અર્થ—સામાયિક કર્યે છતે શ્રાવક સાધુ જેવો થાય છે, અને તેટલા માટે બહુવાર સામાયિક કરવું.

આ વાત સત્ય છે, કારણ કે સાધુમાં ક્ષમા, વૈરાગ્યવૃત્તિ, ઉદાસીન, સ્ત્રી-પુત્ર-દેહ વગેરે પરના મમત્વનો ત્યાગ, બ્રહ્મચર્ય આદિ જે મહાન્ ગુણો હોવા જોઈએ તેની છાયા સામાયિક કરતી વખતે શ્રાવકને પણ આવે છે. તપ કરતાં સમતાવાળી સામાયિક શ્રેષ્ઠ છે તે માટે જુઓઃ–

**तिव्वतवं तवमाणो, जं नावि निट्ठवइ जम्म कोडीहिं॥**
**तं समभावि आचित्तो, खवेइ कम्मं खणध्धेण॥**

અર્થ—કરોડ જન્મો તીવ્ર તપ તપતાં પણ જે કર્મ ક્ષીણ થતાં નથી, તે એક સમતાવાન જીવ સમતાથી સામાયિક કરી અર્ધ ક્ષણમાં ક્ષીણ કરે છે. આ સામાયિકનું ઉત્કૃષ્ટ સ્વરૂપ છે, અને તે પણ અભ્યાસે કરી આવી શકે છે. વળી.

**जे केवि गया मोख्खं, जोविय गच्छंति जे गमिस्संति।**
**ते सव्वे सामाइअ महाप्पेणं मुणेयव्वं ॥**

અર્થ—જે કોઇ મોક્ષે પધાર્યા, પધારશે, અથવા પધારે છે તે સર્વે સામાયિકના પ્રભાવથીજ, એમ જાણવું.

સામાયિક કરવાથી સાવદ્ય વ્યાપારનો ત્યાગ થાય છે. સામાયિક એ ભાવસ્તવ છે તે પ્રાપ્ત થવાથી પૂજા આદિ દ્રવ્યસ્તવ કરવાનો અધિકાર–યોગ્યતા નથી.

સામાયિક ઉદય આવવું મહા દુર્લભ છે, તેથી દેવતા પણ પોતાના હૃદયમાં સામાયિકની સામગ્રી મેળવવા વાંછે છે કે ' એક મુહૂર્ત માત્ર સામાયિક કરવાનું મને ઉદયમાં આવે તો મારૂં દેવપણું સફલ થઇ જાય ! ' આ માટે શ્રાવકે પણ શુદ્ધ સામાયિક કરવું.

ફલનો વિશેષ વિસ્તાર શ્રી વીરભગવાનને '**सामाइएणं भंते जीवे किं जणइ**' એટલે સામાયિક કરનારો જીવ શું ઉપાર્જન કરે છે? એ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રશ્ન પૂછવામાં આવતાં ઉત્તરમાં ભગવાને કહેલાં ઉત્તમ ફલ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯ મા અધ્યયનમાં જોઈ લેવાં. અહીં વિસ્તારભયથી જણાવ્યાં નથી.

**न हूयते तप्यते न, दीप्यते वा न किंचन।**
**अहो! अमूल्य कर्तव्यं साम्यमात्रेण निवृतिः॥**

તથા

**किं तिव्वेण तवेणं, किंच जवेणं किं चरित्तेणं।**
**समयाइ विण मुक्खो, न हु हुओ कहवि न हु होइ॥**

**શ્રી** ભગવતી અંગ.

અર્થ—ગમે તેવા તીવ્ર તપ તપે, જપ કરે, અને દ્રવ્ય ચારિત્રનું ગ્રહણ કરે, પરંતુ સમતા વિના—સામાયિક (ઉત્કૃષ્ટ ભાવનું) વિના મોક્ષ કોઇનો થયો નથી, થતો નથી, થશે નહિ.

આવું સામાયિકનું માહાત્મ્ય છે; વસ્તુતઃ સામાયિક મોક્ષાંગ છે, તો સામાયિક સદ્‌ભાવપૂર્વક થાય તો બહુ લાભ થાય; માટે આત્મહિતના શોધકે—ઇચ્છાવાળાએ સામાયિક કરવાનો સદૈવ ભાવ રાખવો. સદ્‌ભાવપૂર્વક સામાયિક કરતાં ઘણા જીવો તરી ગયાના દાખલા છે, તે 'અર્થદીપિકા' 'ઉપદેશપ્રાસાદ' વગેરે વાંચવાથી સમજાશે, અને આપણે પણ સામાયિકથી તરીશું.

તેથી છેવટે આપણા પૂર્વ મહાન્ પ્રભાવક પુરૂષોના '**जाहे खणिउ ताहे, सामाइअं करेइ**' એટલે જ્યારે વખત મળે ત્યારે સામાયિક કરવી એ શબ્દો કહીશું.

P. P. Ac. Gunratansuriji M.S.
Jin Gun Aaradhak Trust

# સામાયિક સૂત્ર.

૧.

## મંગલાચરણ.

अर्हंतो भगवंत इन्द्रमहिताः सिद्धाश्च सिद्धिस्थिताः
आचार्या जिनशासनोन्नतिकराः पूज्या उपाध्यायकाः।
श्री सिद्धान्तसुपाठका मुनिवरा रत्नत्रयाराधकाः
पंचैते परमेष्ठिनः प्रतिदिनं कुर्वन्तु वो मंगलम् ॥

અર્થ—ભગવાન અને ઇંદ્રોથી પૂજાયેલા શ્રી અરિહંતો, સિદ્ધિમાં રહેલા શ્રી સિદ્ધો, જિનદર્શનની ઉન્નતિ કરનાર શ્રી આચાર્યો, પૂજવા યોગ્ય શ્રી ઉપાધ્યાયો, અને રત્નત્રય (સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર) ના આરાધક તથા શ્રી સિદ્ધાંતોને સારી રીતે ભણેલા શ્રી મુનિવરો–સાધુઓ–એ પાંચે પરમેષ્ટી અમારૂં હમેશાં મંગલ કરો!

૨.

## પ્રથમ વિધિ.

(૧) સદ્‌ગુરૂ પાસે, અતિ દૂર નહિ તેમ બહુ પાસે નહિ એમ બેસવું.
(૨) સદ્‌ગુરૂ ન હોય તો તેમની સ્થાપના કરવી. આ સંબંધી સ્થાપનાચાર્ય વિષે આગળ જણાવાઇ ગયું છે.
(૩) બેસવા પહેલાં બેસવાની ભૂમિ–જગ્યા જયણાથી પુંજી પ્રમાર્જી બેસવું.
(૪) ચરવલો પાસે રાખી, ડાબા હાથમાં મુહપત્તી રાખી જમણો હાથ સદ્‌ગુરૂ અથવા સ્થાપનાચાર્ય સંમુખ ધરી, નીચેના પવિત્ર મંત્ર **નવકારનું** શુદ્ધ ભાવે, ઉપયોગ પૂર્વક સ્મરણ કરવું.

૩.

## આ વિધિમાં રહેલ રહસ્ય.

(અ) જમણો હાથ સદ્‌ગુરૂ સંમુખ ધરવો એ વિનયનું કારણ છે. અથવા,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(બ) એ એમ સૂચવે છે કે હે! કૃપાળુ! હું સામાયિકને લાભ લેવા ઉત્સુક થઈ આપ પાસે આ જમણે હાથ આવી યાચના કરતો ધરૂં છું, તો હે! સમતા સાગર! જેને સામાયિકને લાભ થયો છે એવા સદ્‌ગુરૂ! આપ મને એ પવિત્ર લાભ આપો, અથવા આપની કૃપાએ આપના આલંબનથી મને પણ એ પવિત્ર લાભ મળો.

(ક) સ્થાપનાચાર્ય ગુરૂના અભાવે કરવાની જરૂર છે, તે આપણે સમજી ગયા છીએ. તે કરતી વખત ગુરૂની ભાવના અવશ્ય જોઇએ. આ ભાવના બતાવવા માટે જે વસ્તુમાં ગુરૂની સ્થાપના કરીએ તેમાં પ્રાણપ્રતિષ્ઠા કરવાની છે, અને તે જમણા હાથથી બતાવી શકાય છે. પ્રાણપ્રતિષ્ઠા કરવાથી જે પુસ્તક નોકારવાળી આદિ ચીજમાં ગુરૂની સ્થાપના કરવામાં આવે છે તે ચીજ અચેતન હોય છે, છતાં તેમાં ચેતનના ભાવી એવી ભાવના ભાવવાની છે કે 'ગુરૂ સાક્ષાત્ મારી પાસે ચેતનવાળા બિરાજેલા છે અને તેમની સન્મુખ હું બેસી સામાયિકની ધર્મક્રિયા કરૂં છું.' આ ભાવના કરી શકાય છે. કોઇપણ વસ્તુને જેવું આપણું મન હોય તેવી દેખી શકીએ છીએ. તેથી કહ્યું છે કે '**यादृशी दृष्टिः तादृशी सृष्टिः**'–દૃષ્ટિમાં ક્રોધ હોય તો બીજાને શત્રુરૂપે જોવાય છે, અને એક સ્ત્રીને આપણે બ્હેન, પત્ની, મા વગેરે અનેક દૃષ્ટિથી જોઈ શકીએ છીએ.

(ડ) જમણો હાથ કે જે સ્થાપના સ્થાપવા રખાય છે તે અભયમુદ્રા છે. આ મુદ્રાથી એવું સૂચિત થાય છે કે આપ ગુરૂ અભયના સ્થાન છો, આ સ્થલ અભય સ્થાન છે, અને આ સામાયિક ક્રિયા પણ અભયરૂપ અને અભયને આપનાર છે.

(ઈ) અથવા, જમણો હાથ એમ ધરવાથી સદ્‌ગુરૂની સ્તુતિ પણ થાય છે, એટલે હાથ લાંબો કરીને એમ સૂચવાય છે કે અહો! ધન્ય મહાગુરૂ! આપ ધન્ય છો. જ્ઞાનીઓએ જોયેલું એવું યોગના લાભનું પણ એમાં કારણ સંભવે છે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વગેરે રહસ્ય એમાં હોવાથી જમણો હાથ સુગુરૂ સન્મુખ ધરી નીચેનો મહામંગલરૂપ **નવકારમંત્ર** સ્મરવો.

દરેક શુભ ક્રિયામાં પ્રથમ મંગલ આવવું જોઇએ, તેથી **સામાયિક** એ પવિત્ર ધર્મક્રિયામાં આ મહામંગલરૂપ નવકાર પહેલાં કહેલ **છે.**

**૪.**

**નવકાર ( નમસ્કાર ) સૂત્ર.**

**નમો અરિહંતાણં,**
**નમો સિદ્ધાણં,**
**નમો આયરિયાણં,**
**નમો ઉવજ્ઝાયાણં,**
**નમો લોએ સવ્વ સાહૂણં.**
*** એસો પંચ નમુક્કારો, સવ્વ પાવપ્પણાસણો ।**
**મંગલાણં ચ સવ્વેસિં, પઢમં ×હવઈ મંગલં ॥**

**૫.**

**સંસ્કૃત છાયા.**

**नमोऽर्हद्भ्यः । नमः सिद्धेभ्यः । नम आचार्येभ्यः । नम उपाध्यायेभ्यः । नमो लोके सर्वसाधुभ्यः ॥**

---

* આ અનુષ્ટુપ્ છંદમાં—શ્લોકમાં છે.

× કેટલાક ' હવઈ ' ને બદલે ' હોઈ ' કહી બત્રીશ અક્ષર માને છે, અને શ્લોકમાં પણ બધા મળી બત્રીશ અક્ષર આવે છે. પરંતુ મૂળ એના તેત્રીસ અક્ષર છે. આનું પ્રમાણ શ્રી **મ**હાનિશીથ સિદ્ધાંતમાં આપેલ છે. અને **પ્રવચનસારો**દ્ધારની ૭૯ મી ગાથામાં કહ્યું છે કે.

જો કે ' હવઇ ' ને બદલે ' હોઈ ' એ શબ્દ મૂકવાથી અર્થમાં ફેર થતો નથી, તોપણ ' હવઇ ' કહેવું કારણકે નમસ્કારાવલિકા ગ્રંથમાં કહ્યું છે કે કોઇ કાર્યવિશેષ ઉપજે ત્યારે ચૂલિકાનું ધ્યાન કરવું. આ ધ્યાન વખતે બત્રીશ દલનું કમલ રચી એકેકો અક્ષર એકેકી પાંખડીએ સ્થાપવો, આવી રીતે બત્રીશ અક્ષર બત્રીશ પાંખડીપર સ્થાપતાં બાકી રહેલો તેત્રીશમો અક્ષર મધ્યે રહેલી કર્ણિકાપર સ્થાપી ધ્યાન કરવું. હવે જો ' હોઈ ' એમ હોયતો બધા મળી બત્રીશજ અક્ષર થાય, અને 'હવઈ' હોતાં તેત્રીશ થાય તેથી ' હવઇ ' એ યોગ્ય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

एष पंचनमस्कारः । सर्वपापप्रणाशनः ।
मंगलानां च सर्वेषां । प्रथमं भवति मंगलम् ॥

૬.

## અર્થપાઠ.

નમસ્કાર હો અરિહંતોને, નમસ્કાર હો સિદ્ધોને, નમસ્કાર હો આચાર્યોને, નમસ્કાર હો ઉપાધ્યાયોને, નમસ્કાર હો લોકમાં રહેલા સર્વ સાધુઓને.

આ પાંચેને કરેલો નમસ્કાર સર્વ પાપનો સર્વથા નાશ કરનાર છે; અને તે સર્વ મંગલોમાં પહેલું મંગલ છે.

૭.

## વિવેચનપાઠ.

આ નમસ્કાર પંચપરમેષ્ટીને છે, તેથી તે પંચપરમેષ્ટીનમસ્કાર અથવા પંચપરમેષ્ટીસ્તવઃ એમ કહેવાય છે. આ સર્વ માંગલિકનું મૂળ, શ્રી જિનશાસનનો સાર, ચૌદ પૂર્વનો ઉદ્ધાર, અને મહામંત્રરૂપ છે, અને તેનું કારણ જેને નમસ્કાર કરવામાં આવે છે તે પંચપરમેષ્ટીમાં રહેલા પ્રભાવને લઇને છે. તો પહેલાં પંચપરમેષ્ટી એટલે શું, અને તેનું દરેકનું સ્વરૂપ શું છે તે જોઇએ.

પરમેષ્ટી–એટલે જે પરમ=ઉત્કૃષ્ટ+ઇષ્ટી=ઇષ્ટતાવાળા–આપનાર.

નમસ્કાર એટલે નમવું તે. આ બે પ્રકારે છે. દ્રવ્યથી અને ભાવથી. દ્રવ્યથી એટલે બે હાથ, બે પગ અને મસ્તકવડે સુપ્રણિધાન—સારી રીતે પ્રણામ કરવા રૂપ; અને ભાવથી એટલે વિશુદ્ધ, નિર્મળ મનથી. આ બંને પ્રકારે પરમેષ્ટીને નમસ્કાર કરવાનો છે. પરમેષ્ટી પાંચ છે. ૧ અરિહંત, ૨ સિદ્ધ, ૩ આચાર્ય, ૪ ઉપાધ્યાય ૫ સાધુ. આ દરેકનું સ્વરૂપ જોઇએ.

૮.

## ૧ અરિહંત—શબ્દાર્થ.

અરિહંત ત્રણ પાઠે લખાય છે. ૧ અરહંત ૨ અરિહંત અને ૩ અરૂહંત.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

१. (१) અરહંત (અર્હત્-જે યોગ્ય છે. અર્હ્=યોગ્ય થવું એ ધાતુપ-રથી) એટલે જે પૂજાને-આઠ મહાપ્રતિહાર્યરૂપ પૂજાને યોગ્ય છે તે. કહ્યું છે કેઃ—

अरहंति वंदण नमं, सणाइ अरहंति पूअसक्कारं ।
सिद्धिगमणं च अरहा, अरहंता तेह वुच्चंति ॥

અર્થ—જે વંદન, નમસ્કારાદિને યોગ્ય છે, જે પૂજા સત્કાર કરવા યોગ્ય છે, અને જે સિદ્ધિ પામવા યોગ્ય છે તેને અરહંત કહે છે.

(૨) અરહંત—(અરજઃ-રજોહનનાત્-રજ હણવાથી રજવગરના) એટલે ચાર આત્માગુણઘાતી કર્મરૂપી રજને હણનાર.

(૩) ( અરહસ્યઃ—જેને રહસ્ય નથી તે ) એટલે પોતાને કેવલ જ્ઞાન-દર્શન પ્રાપ્ત થયેલ હોવાથી જેને કંઇ પણ છાનું નથી તે.

(૪) (અ=નથી+રહ=એકાંતપ્રદેશ+અંત=મધ્ય ભાગ. જેને એકાંત પ્રદેશ કે મધ્ય ભાગ નથી ) એટલે જેને કંઈ પણ વસ્તુ છાની નથી તે.

(૫) (અ=નથી+રહ=રથરૂપી પરિગ્રહ+અંત=વિનાશ-વિનાશ કર-નાર એવા જરા-ઘડપણ આદિ ) એટલે જેને પરિગ્રહ કે જરા આદિ નથી તે.

(૬) ( અરહયત્-રહ્=છાંડવું, જેણે છોડયો નથી ) એટલે જેણે સ્વસ્વભાવ છોડયો નથી તે.

૨ અરિહંત. ( અરિહંતા-અરિ=શત્રુ+હંતા=હણનાર ) એટલે આઠ કર્મ-રૂપ શત્રુને હણનારા.

૩ અરૂહંત ( અરૂહત-રૂહ્=ઉગવું-ઉપજવું-જેને ઉગવું કે ઉપજવું નથી તે ) એટલે જેને કર્મો ક્ષીણ થઇ જવાથી ખીજે ભવ લેવાનો નથી તે.

## ૯. અરિહંતના ૧૨ ગુણ.

શ્રી અરિહંત પ્રભુના બાર ગુણ છે, તેમાંનાં આઠ પ્રાતિહાર્ય કહે-વાય છે અને ચાર અતિશય કહેવાય છે.

પ્રાતિહાર્ય એટલે જે પ્રતિહારી ( દરવાજાના રખેવાલ ) તરીકે પ્રભુ પાસે રહે છે તે તે નીચે પ્રમાણેઃ—

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શિખરિણી.

**अशोकाख्यं वृक्षं सुरविरचितं पुष्पनिकरं**
**ध्वनिं दिव्यं श्रव्यं रुचिरचमरा वासनवरम् ।**
**वपुर्भासं भारं समधुररवं दुंदुभिमथ**
**प्रभोः प्रेक्ष्यच्छत्र, त्रयमधिमनः कस्य न मुदे ॥**

**અર્થ**—૧. અશોકવૃક્ષ, ૨. દેવોએ રચેલો પુષ્પનો સમૂહ, ૩. શ્રવણ કરવા યોગ્ય ધ્વનિ, ૪. મનોહર ચામરયુગલ, ૫. ઉત્તમ આસન, ૬. ભામંડલ, ૭. મધુર અવાજ કરનાર દુંદભિ વાજીંત્ર અને ૮. ત્રણ છત્ર. આવી રીતે પ્રભુના અષ્ટ પ્રાતિહાર્યને જોઇ કોના મનમાં હર્ષ ન થાય?

અતિશય એટલે ઉત્કૃષ્ટતા. આ મૂલ ચાર છે.

૧. અપાયાપગમાતિશય-( અપાય=ઉપદ્રવ અને અપગમ=નાશ ) આ બે પ્રકારનાં છેઃ—

અ–સ્વાશ્રયી–એટલે પોતાના સંબંધમાં અપાય એટલે ઉપદ્રવનો દ્રવ્યથી અને ભાવથી નાશ કર્યો છે તે.

દ્રવ્ય ઉપદ્રવ–સર્વ રોગો.

ભાવ ઉપદ્રવ–અંતરંગ એવાં અઢાર ભૂષણઃ—

**अंतरायादान लाभवीर्यभोगोपभोगगाः ।**
**हासो रत्यरति भीति, जुगुप्सा शोक एव च ॥**
**कामो मिथ्यात्वमज्ञानं निद्रा चाविरतिस्तथा ।**
**रागद्वेषौ च तौ दोषौ तेषामष्टादशाप्यमी ॥**

(૧) દાનાંતરાય. (૨) લાભાંતરાય. (૩) વીર્યાંતરાય (૪) ભોગાંતરાય. (૫) ઉપભોગાંતરાય. (૬) હાસ્ય. (૭) રતિ. (૮) અરતિ: (૯) ભય. (૧૦) શોક. (૧૧) જુગુપ્સા=નિંદા. (૧૨) કામ. (૧૩) મિથ્યાત્વ. (૧૪) અજ્ઞાન. (૧૫) નિદ્રા. (૧૬) અવિરતિ. (૧૭) રાગ. (૧૮) દ્વેષ.

આ રીતે સ્વાશ્રયી અપાયાપગમ અતિશય.

બ. પરાશ્રયી અપાયાપગમ અતિશય—કે જેથી પારકાના ઉપદ્રવ નાશ પામે; એટલે જ્યાં ભગવાન્ વિચરે ત્યાં દરેક દિશામાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મલીને સવાસો જોજન સુધીમાં પ્રાયઃ રોગ, મરકી, વૈર, અતિવૃષ્ટિ, દુકાળ, વગેરે થાય નહિ.

૨. જ્ઞાનાતિશય—જેનાથી ભગવાન્ લોકાલોકનું સ્વરૂપ સર્વ પ્રકારે જાણે છે તે, કારણકે તેમને કેવલજ્ઞાન છે તેથી કાંઈ પણ તેમને જાણ બહાર રહી શકાતું નથી.

૩. પૂજાતિશય—જેનાથી શ્રી તીર્થંકર સર્વ પૂજ્ય છે, એટલે ભગવંતની પૂજા રાજા, બલદેવાદિ, દેવતા–ઇંદ્ર આદિ કરે છે, અગર કરવાની અભિલાષા રાખે છે તે.

૪. વચનાતિશય—જેનાથી શ્રીતીર્થંકરની વાણી દેવ, મનુષ્ય, અને તિર્યંચને પોતપોતાની ભાષામાં સમજાય છે તે; કારણ કે તેમની વાણી સંસ્કારાદિક ગુણવાળી છે. આ વાણી ૩૫ ગુણે સહિત છે. તે ગુણો 'શ્રી જિનદેવદર્શન' વગેરે પુસ્તકમાંથી જોઇ લેવા.

આવી રીતે આઠ પ્રતિહાર્ય અને ચાર અતિશય મળી બાર શ્રી અરિહંત ભગવાનના ગુણ થયા. હવે સિદ્ધ ભગવાન્ વિષે બોલીશું.

## ૧૦—૨૧.

## ૨. સિદ્ધનું સ્વરૂપ. આઠ ગુણ.

સિધ્–સાધવું જેણે અંતિમ સાધ્ય એવું જે મોક્ષપદ સાધ્યું છે તે સિદ્ધ. વિશેષમાં જે આઠ કર્મથી મુક્ત થઇ મોક્ષમાં બિરાજે છે, જે અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર, અનંત વીર્યાદિ અનંત ગુણોથી પૂર્ણ છે, જે અનંત જ્ઞાન અને અનંત દર્શનવડે લોકાલોકનું સ્વરૂપ ક્ષણે ક્ષણે જાણી અને જોઈ રહ્યા છે તે સિદ્ધદેવ છે. તેમની સ્થિતિ સાદિ અને અનંત છે. જ્યારે આઠ કર્મ ખપાવી–નાશ કરી સિદ્ધ દશા મેળવે છે, ત્યારે તેમની તે દશાની શરૂઆત થઇ, માટે તેમની સ્થિતિ સાદિ=શરૂઆતે કરી સહિત, અને મોક્ષમાંથી ચવવાનો–ફરી જન્મ લેવાનો અભાવ હોવાથી અનંત કાળ સુધી સિદ્ધના સિદ્ધ રહેવાના એટલે કે તેમની સ્થિતિમાં ફેરફાર અનંત કાલસુધી નહિ થવાનો હોવાથી તેમની સ્થિતિ સિદ્ધપણે અનંત છે. સિદ્ધ આઠ કર્મ રહિત છે, અને આઠ ગુણે કરી સહિત છે. આ આઠ કર્મમાંથી એક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એક ખપાવવાથી એક એક સિદ્ધનો ગુણ પ્રાપ્ત થાય છે. આનું સ્પષ્ટી કરણ નીચે પ્રમાણે છેઃ—

## સિદ્ધના આઠ ગુણો.

| કર્મ | તે કર્મ જવાથી મળતા સિદ્ધના ગુણ. |
|---|---|
| ૧. જ્ઞાનાવરણીય. (આવરણ= ઢાંકણ; એટલે જ્ઞાનને ઢાંકનાર) | કેવલ જ્ઞાન–અનંત જ્ઞાન (આથી લોકાલોકના સ્વરૂપને સમસ્ત પ્રકારે જાણી શકાય છે.) |
| ૨. દર્શનાવરણીય. | કેવલ દર્શન–અનંત દર્શન (આથી લોકાલોકના ભાવ સમસ્ત પ્રકારે દેખી શકાય છે.) |
| ૩. અંતરાય. | અનંત વીર્ય–બલ. અંતરાય કર્મ જવાથી અનંતદાન–લાભ–ભોગ–ઉપભોગ–વીર્ય મય થવાય છે. |
| ૪. મોહનીય. | અનંત ચારિત્ર–ક્ષાયક સમ્યક્ત્વ–નિર્મોહ થવાથી અનંતચારિત્ર ઉત્પન્ન થાય છે. |

નોટ—એકથી ચાર કર્મો ઘનઘાતી—આત્માના સત્ય સ્વરૂપના સંહારક છે.

| | |
|---|---|
| ૫. નામ. | અરૂપીપણું. નામ કર્મ હોય ત્યાં શરીર હોય, અને શરીર હોય ત્યાં રૂપ, રસ, ગંધ, સ્પર્શ, વર્ણ આદિ હોય તેથી નામ કર્મનો ક્ષય થવાથી અરૂપી ગુણ ઉત્પન્ન થાય છે. |
| ૬. ગોત્ર. | અગુરૂલઘુત્વ=ભારીપણું નહિ તેમ હલકાપણું નહિ. ગોત્ર કર્મ ક્ષય થવાથી ઉંચ નીચપણું રહેતું નથી. |
| ૭. વેદનીય. આથી સુખ દુઃખ વેદવામાં સહવામાં આવે છે. | અવ્યાબાધ સુખ=(અ=નહિ+વ્યાબાધ= પીડા) પીડા વગરનું, નિર્વેદનીય—નિરૂપાધિક અનંત સુખ; કારણકે આ આનંદમાં સુખદુઃખ હોતું નથી. |
| ૮. આયુષ્ય. | અક્ષય સ્થિતિ. આયુષ્ય કર્મનો નાશ થવાથી સિદ્ધ થવાય છે, અને બીજો |

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જન્મ થતો નથી, તેથી સિદ્ધની અવસ્થા
સાદિ અનંત છે.

નોટ—પાંચથી આઠ આંકડાવાળાં કર્મો અઘાતી છે, એટલે ઘનઘાતી નથી.

ઉપર કહ્યા પ્રમાણે આઠ કર્મ ક્ષય કરવાથી-ખપાવવાથી જે આઠ ગુણો પ્રાપ્ત થાય છે, તે સિદ્ધના ગુણો છે. આ કર્મ મુખ્ય રીતે આઠ છે, અને બીજી રીતે જોતાં અનેક છે, પણ તે સઘળાનો સમાવેશ ઉક્ત આઠ કર્મોમાં થાય છે; આ આઠને પરિપૂર્ણ જાણતાં અનેક કર્મોની પ્રકૃતિ, સ્થિતિ, રસ, પ્રદેશ વગેરેને યથાર્થ જાણી શકાય છે.

## ૧૨.

## પ્રસ્તાવ.

મુખ્ય રીતે દેવ અને ગુરૂ એ બે પદને નમસ્કાર કરેલ છે, જેમાંથી અરિહંત અને સિદ્ધ એ બેનો સમાવેશ દેવમાં થાય છે અને તેનું વર્ણન તેના ગુણ વિગેરે આપી કરી ગયા. હવે ગુરૂ એટલે સંયતિનું વર્ણન કરવામાં આવે છે. સંયતિ એટલે **स्वयं आत्मानं जयति इति संयतिः** અર્થાત્ પોતાના આત્માને વશ કરે તે. અથવા યતિમાં યમ્ ધાતુ છે તેનો અર્થ કાબુમાં રાખવું એ થાય છે, તેપરથી ભૂખ તરસ આદિ કષ્ટ સહન કરી આત્માને પોતાના કાબુમાં લાવનાર સંયતિ કહેવાય છે.

સંયતિ ત્રણ પ્રકારના છે. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ. તેને અનુક્રમે લઇએ.

## ૧૩.

## ૩. આચાર્ય-શબ્દાર્થ.

૧. આ=મર્યાદાથી-તે સંબંધે વિનયથી+ચર્યતે યઃ—જેની સેવા થાય છે તે. અર્થાત્ જિનશાસનના અર્થની ઉપદેશકતાવડે તે ઉપદેશકતાની ઇચ્છા રાખનાર જીવો જેને સેવે છે તે.

૨. **पंचविहं आयारं, आयरमाणा तहा पयासंता ।**
**आयारं दंसंता, आयरिया तेण वुच्चंति. ॥**

અર્થ—જે *પાંચ પ્રકારનો આચાર આચરનાર તથા પ્રકાશક

* પાંચ પ્રકારના આચાર-જ્ઞાનાચાર વગેરે માટે 'પંચિંદિય સૂત્ર'માં આગળ જુઓ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દેખાડનારા છે અને જે આચારનો ઉપદેશ આપનાર છે તેને આચાર્ય કહેવામાં આવે છે.

આમાં મુખ્ય ' આચાર ' શબ્દ લેવામાં આવ્યો છે. તેનો અર્થ આ=મર્યાદાએ+ચાર=વિહાર એ થાય છે.

૩. આ=ઇષત્–થોડું–અપરિપૂર્ણ+ચાર=શિષ્ય. તેને વિષે જે સાધુ–ભલા છે તે આચાર્ય; એટલે જે અપરિપૂર્ણ–આ યુક્ત છે કે અયુક્ત છે એવો ભેદ પાડવામાં અનિપુણ પણ વિનયી શિષ્ય તેને યથાર્થ શાસ્ત્રાર્થ ઉપદેશક રહી કરે તે આચાર્ય.

૪. જે આદરવા યોગ્ય–અંગિકાર કરવા યોગ્ય વસ્તુને પોતે અંગિકાર કરે, અને બીજા પાસે કરાવે તે આચાર્ય. ( આચર્–આચરવું. )

૧૪.

## આચાર્યના છત્રીસ ગુણ.

૧. **पडिरूवाइ चउद्दस, खंतीमाई य दसविहो धम्मो ।**
**बारस य भावणाओ, सूरिगुणा हुंति छत्तीसं ॥**

પ્રતિરૂપાદિ ચૌદ ગુણ—૧ પ્રતિરૂપ, ૨ તેજસ્વી, ૩ યુગપ્રધાન (ઉત્કૃષ્ટ આગમના પારગામી અર્થાત્ સર્વ શાસ્ત્રના જાણ, ૪ મધુર વચન-વાળા, ૫ ગંભીર, ૬ ધૈર્યવાન્, ૭ ઉપદેશમાં તત્પર અને રૂડા આચારવાળા, ૮ સાંભળેલું નહિ ભૂલી જનારા, ૯ સૌમ્ય, ૧૦ સંગ્રહશીળ, ૧૧ અભિગ્રહ મતિવાળા, ૧૨ વિકથા નહિ કરનાર, ૧૩ અચપળ, અને ૧૪ પ્રશાંત હૃદયવાળા.

ક્ષાંતિ આદિ દશ ધર્મ—૧ ક્ષમા, ૨ આર્જવ, ૩ માર્દવ, ૪ મુક્તિ, ૫ તપ, ૬ સંયમ, ૭ સત્ય, ૮ શૌચ, ૯ અકિંચનત્વ, અને ૧૦ બ્રહ્મચર્ય. આ દશ પ્રકારનો યતિધર્મ.

અને બાર ભાવના—૧ અનિત્યભાવના, ૨ અશરણ, ૩ સંસાર, ૪ એકત્વ, ૫ અન્યત્વ, ૬ અશુચિ, ૭ આશ્રવ, ૮ સંવર, ૯ નિર્જરા, ૧૦ લોકસ્વરૂપ, ૧૧ બોધિદુર્લભ, ૧૨ ધર્મભાવના.

(૨) આ સિવાય છત્રીસ ગુણ જે કહ્યા છે, તે આ સામાયિક સૂત્રમાં કહેલા ' પંચિંદિય ' સૂત્રમાં કહેલ છે, તેથી તે અને તેપર વિસ્તાર પાછળ કરેલ છે તે જોઈ લેવો.

P. P. Ac. Gunratansuriji M.S.                Jin Gun Aaradhak Trust

(૩) બીજા પણ અનેક પ્રકારે છત્રીસ ગુણો નિવેદન કર્યા છે, તેમાંનો નીચેનો પણ એક પ્રકાર છે.

**अटविहा गणिसंपइ, चउग्गुणा नवरि हुंति वत्तिसं ।**
**विणओअ चउभेओ, छत्तीसगुणा इमे गुरुणो ॥**

પ્રવચનસારોદ્ધાર.

સાર—અષ્ટવિધ–આઠ પ્રકારની ગણિસંપદાના ચાર ચાર ભેદ કરતાં બત્રીશ થાય છે, તેની સાથે વિનયના ચાર ભેદ મેળવતાં ગુરૂના ૩૬ ગુણ થાય છે, તે આઠ ગણિસંપદા અને ચાર પ્રકારના વિનયનાં નામ આ પ્રકારે છે.

(૧) આચારસંપત્ (૨) શ્રુતસંપત્ (૩) શરીરસંપત્ (૪) વચનસંપત્ (૫) વાચનાસંપત્ (૬) મતિસંપત્ (૭) પ્રયોગસંપત્ (૮) સંગ્રહપરિજ્ઞાસંપત્. આ દરેકના ચાર ભાગ મળી ૩૨ ગુણ થયા. હવે ચાર વિનય તે. (૧) આચારવિનય (૨) શ્રુતવિનય (૩) વિક્ષેપણવિનય, અને (૪) દોષપરિઘાતવિનય. એમ કુલ ૩૬ ગુણ થયા. આનો વિશેષ વિસ્તાર પ્રવચનસારોદ્ધારથી જાણવો.

૧૫.

## ૪. ઉપાધ્યાય–શબ્દાર્થ.

૧. ઉપ=પાસે અર્થાત્ જે પાસે આવ્યા હોય કે રહેતા હોય તે સાધુ વગેરે પ્રત્યે+અધ્યાય=અભ્યાસ–એટલે સિદ્ધાંતોનો અભ્યાસ કરાવે તે તથા જેની પાસે આવી અધીયતે=અભ્યાસ થાય છે–ભણાય છે તે.
૨. ઉપ=(જેની) પાસે+આધિક્યેન ગમ્યતે–અધિકપણાએ જવાય છે તે.
૩. ઇક્ ધાતુ=સ્મરણ કરવું એટલે સૂત્રથી જિન પ્રવચનનું જેથી સ્મરણ થાય છે તે. તેથી કહ્યું છે કે
૪. **बारसंगो जिणखाओ, सझ्झाओ कहिओ बुहेहिं ।**
**तं उवइसंति जम्हा, उवइझाया तेण वुच्चंति ॥**

અર્થ—દ્વાદશઅંગ કે જેનું શ્રી જિનભગવાને વ્યાખ્યાન કરેલ છે તેની સજ્ઝાય કરવાનું પંડિતે–બુધે કહેલ છે તેથી જે દ્વાદશાંગીને ઉપદેશે તેને ઉપાધ્યાય કહીએ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૫. ઉવજ્ઝાયમાં ઉકાર છે અને જકાર છે તે બંનેના અર્થ નીચે કહ્યા છે:—

**उत्ति उवओगकरणे, जत्ति ज्झाणस्स होइ तिद्देशे ।**
**एएण हुंति उज्झा, एसो अन्नोवि पज्झाउ ॥**

અર્થ—ઉકાર જે છે તે ઉપયોગ કરવાને અર્થે છે, તેથી 'ઉ'નો 'ઉવ' થયો, અને ઉવ પછી જકાર છે તે ધ્યાનના નિર્દેશ અર્થે છે. આથી 'ઉ' અને 'જ' બે અક્ષરથી ઉવજ્ઝાય એ પર્યાયાર્થ થયો છે.

૬. ઉપરનું બીજી રીતે કહીએ તો જરા પર્યાય ફેર અર્થ થાય છે તે આ પ્રમાણેઃ—

**उत्ति उवओगकरणे, पत्ति अपावपरिवज्झणे होइ ।**
**जत्ति अ जाणस्स कए, उत्ति अ ओसक्कणा कम्मे ॥**

અર્થ—ઉ અક્ષર ઉપયોગ કરવાને અર્થે છે, પ અક્ષર તે પાપના પરિવર્જન એટલે સમસ્તપ્રકારે વર્જવાના અર્થે છે, જ અક્ષર તે ધ્યાનના કરવા અર્થે છે અને ફરી આવતો ઉ વર્ણ તે કર્મના ઓસરવાના -ઓછા થવાના અર્થે છે.

આ રીતે ચાર અક્ષર ભેગા મળવાથી ઉપાજ્ઝાઓ, એ શબ્દ થાય છે, તે પર્યાયાંતરે ઉપાધ્યાયનુંજ નામ છે.

૭. ઉપાધિ+આય=ઉપાધ્યાય. ઉપાધિ એટલે પાસે વસવું અને આય એટલે લાભ તે ઉપાધિનો—શ્રુતના પાસે વસવાનો અથવા ઈષ્ટફળનો અથવા શોભન ઉપાધિનો લાભ છે જેથી તે ઉપાધ્યાય.

૮. ઉપ=ઉપહત—હણાયેલા જેણે અધ્યાય કે આધ્યાય કર્યા છે તે ઉપાધ્યાય. હવે આધ્યાયનો અર્થ એ થાય છે કે આધિ—મનની પીડા+આય=મનની પીડાનો લાભ અને અધ્યાય એટલે અધિ=ટુંકી બુદ્ધિ—કુબુદ્ધિ+આય=લાભ; અથવા અધ્યાયમાં ધ્યૈ ધાતુ પણ થાય કે જેનો અર્થ ધ્યાન કરવું અને અ એ નકાર કે કુત્સિતપણું સૂચવે છે એટલે બધાનો અર્થ ખરાબ ધ્યાન—કુધ્યાન પણ થઈ શકે. ટુંકામાં ઉપરના અધ્યાય અથવા આધ્યાય—એ બંને જેણે ઉપહત—હણાયલા કર્યા છે તે ઉપાધ્યાય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૯. ઉપ=પાસે અને અધ્યાય શબ્દ અધ્યયન કરવું તેપરથી થયેલ છે. જે ગુરૂ આદિ ગીતાર્થની પાસે સંપૂર્ણ શાસ્ત્રનો અભ્યાસ કરી પારંગામી થયેલ છે અને જેની પાસે સાધુઓ અને ગૃહસ્થો જ્ઞાનનો અભ્યાસ કરે છે તે.

## ૧૬.
## ઉપાધ્યાયજીના ૨૫ ગુણ.

૧–૧૧ અગીયાર અંગ તથા ૧૨–૨૩ બાર ઉપાંગ–એ ત્રેવીશને ભણે તથા ભણાવે અને ૨૪–૨૫ ચરણસિત્તરી તથા કરણસિત્તરી એ બંનેને શુદ્ધ રીતે પાળે–એમ પચીસ ગુણ.

હવે આ પચીસ ગુણ અનુક્રમે વિવેચનથી કહે છેઃ—

## ૧૭.
## અગીયાર અંગ.

૧. આચારાંગ—આમાં સાધુના પરિસહ આદિ આચાર વગેરે વર્ણવેલ છે.

૨. સૂત્રકૃતાંગ—( સૂયગડાંગ ) તેમાં ૩૬૩ પાખંડીઓ ( કુવાદીઓ ) નું સ્વરૂપ વગેરે બતાવેલ છે.

૩. સ્થાનાંગ—(ઠાણાંગ). આમાં દશ સ્થાન (અધ્યાય) છે તેમાં પહેલામાં એક એક બોલ બીજામાં બે બે એમ દશમામાં દશ દશ બોલ જેના જેના હોય તેની વ્યાખ્યા કરી છે.

૪. સમવાયાંગ—એક બેથી સંખ્યાત અસંખ્યાત અનંત બોલની વ્યાખ્યા સાથે ૫૪ ઉત્તમ પુરૂષોના અધિકાર વગેરે છે.

૫. ભગવતી ( અથવા વિવાહપ્રજ્ઞપ્તિ ). આમાં ગૌતમસ્વામીએ પૂછેલા ૩૬૦૦૦ પ્રશ્ન છે તેમજ સાધુ, સાધ્વી, શ્રાવીકા, વગેરે તેમ સૂક્ષ્મ ભંગજાલ–જીવ વિચાર આદિ બાબતોનું વિવેચન છે.

૬. જ્ઞાતા ધર્મકથા—દૃષ્ટાંતોદ્વારા દયા–સત્ય વગેરેની પુષ્ટિ કરેલ છે. તથા તેમાં અનેક ધર્મકથાઓ છે.

૭. ઉપાસકદશાંગ—આનંદ આદિ ૧૦ શ્રાવકોના અધિકાર છે.

૮. અંતગડ—મોક્ષગામી જીવો પ્રદ્યુમ્નાદિના અધિકાર છે.

૯. અનુત્તરોવવાઈ—આમાં ૩૩ જીવો કે જે અનુત્તર વિમાનમાં ગયા છે અને એકભવ કરી મોક્ષે સીધાવશે તેનાં વર્ણન છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૦. પ્રશ્ન વ્યાકરણ—આમાં આશ્રયદ્વાર અને સંવરદ્વાર સંબંધી વિવેચન છે.
૧૧. વિપાકસૂત્ર—દુઃખવિપાક અને સુખવિપાકના વર્ણન સાથે તેના દૃષ્ટાંત તરીકે ઘણાના અધિકાર આપેલ છે.

## ૧૮.
## બાર ઉપાંગ.

ઉપરના ઉપરાંત બારમું અંગ નામે દૃષ્ટિવાદ છે. આ બારે અંગ (એટલે શરીર) કહેવાય છે, અને તેના ઉપાંગ એટલે તે અંગના હાથ પગ આંગળી આદિ બાર છે તે નીચે પ્રમાણે:—

૧, ઉવવાઇ—આમાં કેટલાંક મહાન્ પુરૂષોના ચરિત્ર, કેવલ સમુદ્‌ઘાત અને મોક્ષનાં સુખ વગેરે બાબતોનું વર્ણન છે. આ આચારાંગનું ઉપાંગ છે.
૨. રાયપસેણી—આ સુયગડાંગનું ઉપાંગ છે. આમાં શ્રી કેશી સ્વામીનો પરદેશી રાજાની સાથે થયેલ સંવાદ છે.
૩. જીવાભિગમ—આ ઠાણાંગનું ઉપાંગ છે. આમાં અઢી દ્વીપ, ચોવીસ દંડક આદિનું વર્ણન છે.
૪. પ્રજ્ઞાપના (પન્નવણા)—આ સમવાયાંગનું ઉપાંગ છે. આમાં સર્વ લોકનું સ્વરૂપ વગેરે છે.
૫. જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ ( પન્નતિ )-આ સમવાયાંગનું ઉપાંગ છે. આમાં જંબુદ્વિપનું ક્ષેત્ર, પર્વત વગેરે વિસ્તારથી વર્ણન છે.
૬. ચંદ્ર પ્રજ્ઞપ્તિ—જ્ઞાતાજીનું પહેલું ઉપાંગ છે. આમાં ચંદ્રમાના વિમાન, ગતિ વગેરે અધિકાર છે.
૭. સૂર્ય પ્રજ્ઞપ્તિ—જ્ઞાતાજીનું બીજું ઉપાંગ છે. આમાં સૂર્યના વિમાન વગેરેનું વર્ણન છે.
૮. કપ્પિયા—નિરિયાવલિકા શ્રુતસ્કંધ-ઉપાસક દશાંગનું ઉપાંગ છે. આમાં કોણિક પુત્રથી શ્રેણિક રાજાનું મૃત્યુ વગેરે બાબત છે.
૯. કપ્પવડંસિયા—અંતગડ દશાનું ઉપાંગ છે. આમાં શ્રેણીક રાજાના દશ પુત્ર દિક્ષા લઈ દેવલોકમાં ગયા છે તેનો અધિકાર છે.
૧૦. પુપ્ફિયા—અનુત્તરોવવાઇનું ઉપાંગ છે. આમાં ચંદ્રસૂર્ય વગેરેની પૂર્વ કરણીનો, સોમલ બ્રાહ્મણ અને શ્રી પાર્શ્વનાથ સ્વામીનો સંવાદ વગેરે અધિકાર છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૧. પુપ્ફ ચુલીયા—પ્રશ્ન વ્યાકરણનું ઉપાંગ છે. આમાં **શ્રી** વગેરેની પૂર્વ કરણીના અધિકાર છે.

૧૨. વન્હિ દશાંગ—આ વિપાક સૂત્રનું ઉપાંગ છે. આમાં **બલભદ્રજીના** પુત્ર વગેરેના અધિકાર છે.

૧૯.

## ૧૧ અંગ ને ૧૨ ઉપાંગની સઝાય.

ઢાળ–સાહેલડીની દેશી.

**અંગ** ઇગ્યાર સોહામણાં સાહેલડીરે, **આચારંગ** સુયગડાંગતો;
ઠાણાંગ **સમવાયાંગ** વળી સા૦, **ભગવતિ** પંચમ અંગતો. ૧
**જ્ઞાતા** ધર્મકથા છઠ્ઠું સા૦, સાતમું ઉપાસગ દશાંગ તો;
**અંતગડ અણુત્તરો** વવાઇયા સા૦, **પ્રશ્ન** વ્યાકરણ દશમાંગ તો. ૨
સુખદુઃખ **વિપાક** ઇગ્યારમું સા૦, હવે ઉપાંગ કહું બારતો.
ઉવવાઇ **રાયપસેણિયાં** સા૦, **જીવાભિગમ** વિચારતો. ૩
**પન્નવણા જંબુપન્નતી** સા૦, જેહમાં ક્ષેત્રવિચારતો;
**ચંદપન્નતિ સુરપન્નતિ** સા૦, હવિ પણ એકમાં સંભારતો. ૪
કપ્પિયા, કપ્પવડિંસિયા સા૦, જેહમાં વિમાનવિચારતો;
પુપ્ફિયા ને પુપ્ફચુલિયા સા૦, **નિરયાવળી** એમ બારતો. ૫
સૂત્ર અર્થ ગુરૂથી લહી સા૦, ભણે ભણાવે જેહતો;
તે વાચકને વંદિયે સા૦, **જ્ઞાન**વિમળ શું નેહતો. ૬

૨૦.

## ચરણ સિત્તેરી.

જે નિત્ય કરવું તે ચરણ–ચારિત્ર.

**वयसमणधम्मसंजम, वेयावच्चं च बंभगुत्तिओ ।**
**नाणाइतियं तव कोह, निग्गहाइंइ चरणमेयं ॥**

અર્થ—વ્રત [ ૫ મહાવ્રત ], શ્રમણ ધર્મ [ ૧૦ ક્ષાંતિ આદિ ], **સંયમ** [ ૧૭ પ્રકારે ], વૈયાવૃત્ય [ ૧૦ પ્રકારે ], બ્રહ્મગુપ્તિ [ ૯ પ્રકારે ], જ્ઞાનાદિક ત્રિક, તપ [ ૧૨ પ્રકારે ], ક્રોધનિગ્રહ આદિ [ ૪ કષાયનો નિગ્રહ]. **આ રીતે ચરણના ભેદ ૭૦ થયા.**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૫ મહાવ્રત—૧ પ્રાણાતિપાતવિરમણ ૨ મૃષાવાદવિરમણ ૩ અદત્તાદાનવિરમણ ૪ મૈથુનવિરમણ ૫ પરિગ્રહવિરમણ.

૧૦ પ્રકારે યતિ ધર્મ—૧ ક્ષમા ૨ માર્દવ [ કોમલતા ] ૩ આર્જવ [ સરલતા ] ૪. મુક્તિ [ લોભ ત્યાગ–સંતોષ ] ૫ તપ ૬ સંયમ [આશ્રવનો ત્યાગ] ૭ સત્ય ( જૂઠનો ત્યાગ ) ૮ શૌચ [ પવિત્રતા ] ૯ અકિંચનત્વ [ દ્રવ્યરહિતપણું ] ૧૦ બ્રહ્મચર્ય [ મૈથુનત્યાગ ]

૧૭ પ્રકારે સંયમ—૧. પૃથ્વીકાય ૨ અપ્કાય ૩ અગ્નિકાય ૪ વાયુકાય, ૫ વનસ્પતિકાય ૬ દ્વીંદ્રિય ૭ ત્રીંદ્રિય ૮ ચતુરિંદ્રિય ૯ પંચેદ્રિય—એ સર્વ જીવોની હીંસા ન કરવી. ૧૦ અજીવ સંયમ [ સોના વગેરે નિષેધ કરેલી અજીવ વસ્તુનો ત્યાગ ] ૧૧ પ્રેક્ષાસંયમ [ યત્નાપૂર્વક વર્તવું ] ૧૨ ઉપેક્ષાસંયમ [ આરંભ તથા ઉત્સૂત્ર પ્રરૂપણા ન કરવી તે ] ૧૩ પ્રમાર્જનસંયમ [ સર્વ વસ્તુને પ્રમાર્જીને–પૂંજીને વાપરવી તે ] ૧૪ પરિષ્ઠાપનાસંયમ [ યત્નપૂર્વક પરઠવવું તે ] ૧૫ મનઃસંયમ [ મનને ધર્મવૃત્તિમાં રાખવું તે ] ૧૬ વચનસંયમ [ સાવદ્ય વચન ન બોલવું તે ] ૧૭ કાયાસંયમ [ ઉપયોગથી કામ કરવું તે ]

૧૦ પ્રકારનો વૈયાવૃત્ય—૧ અરિહંતનો, ૨ સિદ્ધનો, ૩ જિનપ્રતિમાનો ૪ શ્રુતસિદ્ધાંતનો, ૫ આચાર્યનો, ૬ ઉપાધ્યાયનો, ૭ સાધુનો ૮ ચારિત્રધર્મનો, ૯ સંઘનો, ૧૦ સમક્તિદર્શનનો–વૈયાવૃત્ય. વૈયાવૃત્ય એટલે વિનય, માન, સત્કાર વગેરે.

પાઠાંતરે નીચે લખેલા દશ પ્રકારના વૈયાવૃત્ય ગણાય છે. ૧ આચાર્ય ૨ ઉપાધ્યાય ૩ તપસ્વી ૪ શિષ્ય ૫ ગ્લાનસાધુ ૫ સ્થવિર ૭ સમનોજ્ઞ (સરખા સમાચારીવાળા) ૮ ચતુર્વિધ સંઘ ૯ કુલચંદ્રાદિ ૧૦ ગોત્ર. એ દશનો વિનય.

૯ પ્રકારે બ્રહ્મચર્યની ગુપ્તિ—૧ સ્ત્રી પશુ અને નપુંસક જ્યાં રહેતાં હોય તે જગ્યાનો ત્યાગ ૨ સરાગે સ્ત્રી સાથે કથા વાર્તા ન કરવી ૩ સ્ત્રીના આસને બે ઘડી સુધી બેસવું નહિ ૪ સરાગે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્ત્રીના અંગોપાંગ જોવાં નહિ. ૫ સ્ત્રીપુરૂષ જ્યાં ક્રીડા કરતાં હોય ત્યાં ભીંત વગેરેના અંતરે રહેવું નહિ ૬ ભોગવ્યાં સુખ સંભારવા નહિ ૭ સરસ આહાર ન કરવો ૮ અતિ માત્રાએ આહાર ન કરવો. ૯ શરીરની શોભા ન કરવી.

૩ જ્ઞાનાદિ—એટલે ૧ જ્ઞાન ૨ દર્શન ૩ ચારિત્ર.

૧૨ પ્રકારનાં તપ—૧ અનશન ૨ ઉણોદરી ૩ વૃત્તિસંક્ષેપ ( અનેક પ્રકારના અભિગ્રહ-નિયમ કરવા તે ) ૪ રસત્યાગ ૫ કાયક્લેશ ૬ સંલીનતા ( ઇંદ્રિયોને વશ રાખવી તે )–આ ૭ બાહ્યતપ. હવે ૭ અભ્યંતર તપ નામેઃ—૧ પ્રાયશ્ચિત ૨ વિનય ૩ વૈયાવૃત્ય ૪ સ્વાધ્યાય ( સઝાય ધ્યાન કરવું ) ૫ ધર્મકથા ૬ કાયોત્સર્ગ.

૪ કષાયનો ત્યાગ—૧ ક્રોધ ૨ માન ૩ માયા ૪ લોભ—એ ચાર કષાયનો ત્યાગ કરવો.

---

૭૦.

## ૨૧.

## કરણસિત્તરી.

પ્રયોજન થયાં થકાં કરી લેવું, અને પ્રયોજન ન હોય ત્યારે ન કરવું તે કરણ. ( સરખાવો ' ચરણ ' ).

**पिंडविसोही समिई, भावण पडिमाय इंदियनिरोहो ।**
**पडिलेहण गुत्तिओ, अभिग्गहं चेव करणं तु ॥**

અર્થ—૪ પિંડવિશુદ્ધિ, ૫ સમિતિ, ૧૨ ભાવના, ૧૨ પડિમા, ૫ ઇંદ્રિયોનો નિરોધ, ૨૫ પ્રતિલેખના, ૩ ગુપ્તિ અને ૪ અભિગ્રહ—એ સર્વે મળી સીત્તેર કરણના ભેદ થયા તેથી કરણસિત્તરી કહેવાય છે.

વિવેચન—હવે તે નામવાર કહે છેઃ—

૪ પિંડવિશુદ્ધિ—૧ આહાર ૨ ઉપાશ્રય ૩ વસ્ત્ર ૪ પાત્ર એ ચાર વિશુદ્ધ એટલે બેતાલીસ દોષરહિત ગ્રહણ કરવા તે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૫ સમિતિ—૧ ઇર્યા ૨ ભાષા ૩ એષણા ૪ આદાનભંડમત્ત નિખે-પણા ૫ પરિઠાપનિકા–આ પાંચે સમિતિનું વિવેચન 'પંચિંદિય' સૂત્રમાં આગળ કહીશું.

૧૨ ભાવના—૧ અનિત્ય ૨ અશરણ ૩ સંસાર ૪ એકત્વ ૫ અન્યત્વ ૬ અશુચિ ૭ આશ્રવ ૮ સંવર ૯ નિર્જરા ૧૦ લોકસ્વભાવ ૧૧ બોધિદુર્લભ ૧૨ ધર્મ–ભાવના.

૧૨ પ્રતિમા—૧ એક માસની ૨ બે માસની ૩ ત્રણ માસની ૪ ચાર માસની ૫ પાંચ માસની ૬ છ માસની ૭ સાત માસની ૮ સાત દિનરાતની ૯ સાત દિનરાતની ૧૦ સાત દિનરાતની ૧૧ એક દિનરાતની ૧૨ એક રાતની–પ્રતિમા. એ દરેકમાં અમુક અમુક જેમકે ચોવીહાર આદિ કરવા તે.

૫ ઇંદ્રિયોનો નિરોધ—૧ સ્પર્શ ૨ રસ ૩ ઘ્રાણ ૪ ચક્ષુ ૫ શ્રોત —ઇંદ્રિયનિરોધ.

૨૫ પ્રતિલેખના–આની ગાથા એ છે કેઃ—

**मुहपोति चोलपट्टो, कप्पतिगंदोनिसिज्ज रयहरणं ।**
**संथारुत्तरपट्टो, दसपेहा उग्गए सूरे ॥ १ ॥**
**अन्ने भणंति एक्का रसमो दंड उत्ति**
**उवगरण चउद्दसगं, पडिलेडिज्जइ दिणस्स पहरतिगे ।**
**उग्घाडपोरिसीए उपत्तनिज्जोग पडिलेहा ॥**

૧ મુહપત્તિ ૨ ચોલપટ્ટ ૩ ઉનનું કલ્પ ૪–૫ સુતરનાં બે કલ્પ ૬ રજોહરણનું અંદરનું સુતરનું નિષિદ્યું ૭ બહારનું પગ લૂછવાનું નિષિદ્યું ૮ ઓઘો ૯ સંથારો ૧૦ ઉત્તરપટ્ટો ૧૧ દાંડો આ અગીયારે ચીજોની પડિલેહણા પ્રભાતમાં સૂર્યના ઉદય થયા પહેલાં કરાય છે; બાકીની ચૌદ ઉપકરણની પ્રતિલેખના પહોરને તે કરવામાં આવે છે તે કહે છેઃ-

૧ મુહપત્તિ ૨ ચોલપટ્ટ ૩ ગોચ્છક ૪ પાત્ર ૫ પાત્રબંધ ૬ પડલાઓ ૭ રજસ્ત્રાણ ૮ પાત્રસ્થાપન ૯ માત્રક, ૧૦ પતદ્ગાહ ૧૧

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રજોહરણ ૧૨ ઉનનું કલ્પ ૧૩-૧૪ સુતરનાં બે કલ્પ આમ ઉપરની ૧૧ અને આ ૧૪ મળી પચીસ પ્રતિલેખના કરવાની છે. અને તેનો વિશેષ વિસ્તાર પ્રવચનસારોદ્ધારમાંથી જોઈ લેવો.

૩ ગુપ્તિ--૧ મન ૨ વચન ૩ કાય-ગુપ્તિ. આનો વિસ્તાર 'પંચિદિય' સૂત્રમાં આગળ થશે.

૪ અભિગ્રહ--અભિગ્રહ એટલે પ્રતિજ્ઞા. ૧ દ્રવ્યથી ૨ ક્ષેત્રથી ૩ કાલથી ૪ ભાવથી-અભિગ્રહ.

—— આ પ્રકારે કરણસિત્તેરીના ભેદ થયા.

૭૦.

૨૨.

## ૫. સાધુ-શબ્દાર્થ.

૧. **निव्वाणसाहए जोए, जम्हा साहंति साहुणो ।**
**समा य सव्वभूएसु, तम्हा ते भावसाहुणो ॥**

અર્થ— નિર્વાણ-મોક્ષને સાધવાના જે જોગ છે તે સાધે છે તે સાધુઓ છે. અને જે સર્વભૂતો પ્રત્યે ચોરાસી લાખ જીવયોનીથી ઉપઉપજેલા સર્વ જીવો પ્રત્યે સમ એટલે સમતા ધરનારા છે તે ભાવ સાધુ છે.

સાધુ એમાં સાધ્ ધાતુ છે જેનો અર્થ સાધવું એ થાય છે. આ અર્થ ઉપર લાગુ પાડવામાં આવ્યો.

૨. સંયમને ધારણ કરનાર તે સાધુ.

૩. અસહાયને સહાય કરનાર તે સાધુ. તેથી કહ્યું છે કેઃ—

**असहाइ सहायत्तं, करेति मे संजम करंतस्स ।**
**एएण कारणेणं, णमामि हं सव्वसाहूणं ॥**

અર્થ—અસહાયને સહાય કરનાર, અને મને (અસંયમપણું ટાળી) સંયમ કરનાર-ઈંદ્રિયનિગ્રહ કરાવનાર છે, એ કારણથી સર્વ સાધુને હું નમસ્કાર કરૂં છું.

૪. સંયમકારી જનોને સહાયતા ધારણ કરનાર તે સાધુ.

P. P. Ac. Gunratansuriji M.S.

Jin Gun Aaradhak Trust

'સર્વ' સાધુને નમસ્કાર કર્યા છે, તેથી તે (૧) 'સર્વ' માં જિનકલ્પી, સ્થવિરકલ્પી, સ્થિતિકલ્પી વગેરે બધા ભેદવાળા સાધુઓનો સમાવેશ થાય છે. (૨) સર્વ એટલે સાર્વ અર્થાત્ સર્વ જીવોને હિતના કરનાર, અથવા સર્વ શુભ યોગોને સાધનાર તે સાર્વ સાધુ, અથવા સાર્વ એટલે અરિહંત તેને સાધનાર-તેમની આજ્ઞા પ્રમાણે આરાધનાર તે સાર્વ સાધુ. (૩) સર્વ-શ્રવ્ય એટલે જે વાક્યો શ્રવણ કરવા યોગ્ય છે તેને વિષે સાધુ એટલે નિપુણ તે શ્રવ્ય સાધુ (૪) સર્વ-સવ્ય એટલે દક્ષિણ-પોતાને અનુકૂલ જે કાર્ય તેને વિષે સાધુ એટલે નિપુણ તે સવ્ય સાધુ.

એકલા 'સર્વ સાધુ' એમ કહેવાથી 'સર્વ' એ શબ્દથી દેશતા તથા સર્વતા બંને દેખાડી શકાય છે, પણ અહીં જરા પણ બાકી ન હોય એવું અપરિશેષ બતાવવા માટે 'લોક' એ શબ્દ મૂકેલ છે તેથી 'નમો લોએ સવ્વ સાહૂણં.' વળી 'લોક' મૂકવાથી જ્યાં જ્યાં સાધુ હોય તે સર્વ સાધુનો સમાવેશ થાય છે.

૨૩.

## સાધુ મુનિરાજના સત્તાવીશ ગુણ.

**छव्वय छकाय रख्खा, पंचिंदियलोह निग्गहो खंती**
**भावविसुद्धि पडिले-हणा य करणे विसुद्धि य॥**
**संजमजोए जुत्तो, अकुसल मणवयणकायसंरोहो;**
**सीयाइपीडसहणं, मरणं उवसग्गसहणं च॥**

૭ વ્રત—પ્રાણાતિપાતવિરમણ, મૃષાવાદવિરમણ, અદત્તાદાનવિરમણ મૈથુનવિરમણ, પરિગ્રહવિરમણ, અને રાત્રિભોજનવિરમણ.

૭ કાયની રક્ષા—પૃથ્વીકાયરક્ષા, અપ્કાયરક્ષા, તેજઃકાયરક્ષા, વાયુકાયરક્ષા, વનસ્પતિકાયરક્ષા, અને ત્રસકાયરક્ષા.

પાંચ ઇંદ્રિયનો નિગ્રહ—સ્પર્શેંદ્રિય, રસેંદ્રિય, ઘ્રાણેંદ્રિય, ચક્ષુરેંદ્રિય અને શ્રોતેંદ્રિય એ પાંચ ઇંદ્રિયનો નિગ્રહ એટલે વશ કરવી.

આવી રીતે સત્તર થયા, હવે

(૧૮) લોભનિગ્રહ—લોભને વશ કરવો તે, ૧૯ ક્ષાંતિ—ક્ષમા, (૨૦) ભાવની વિશુદ્ધિ એટલે ચિત્તની નિર્મળતા, (૨૧) વસ્ત્ર વગે-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રેનું પડિલેહણ કરવામાં વિશુદ્ધિ. (૨૨) સંયમના યોગમાં યુક્ત રહેવું (એટલે પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિને આદરવાં, અને વિકથા, અવિવેક, નિદ્રા વગેરેનો ત્યાગ કરવો.) (૨૩) અકુશલ મનનો સંરોધ એટલે અશુભ માર્ગે જતાં મનને રોકવું, (૨૦) અકુશલ વચનનો સંરોધ એટલે અશુભ માર્ગે વચન પ્રવર્તતું હોય તેને રોકવું, (૨૫) અકુશલ કાયાનો સંરોધ એટલે અશુભ માર્ગે કાયા પ્રવર્તતી હોય તેને રોકવી (૨૬) શીતાદિ પીડા–પરિસહનું સહન, અને (૨૭) મરણનો ઉપસર્ગ સહન કરવો તે.

આવા ગુણે કરી સહિત સાધુઓને નીચલી ટુંક ગાથામાં નમસ્કાર કરીએઃ—

**विसयसुहनियत्ताणं, विसुद्धचारित्तनियमजुत्ताणं।**
**तच्च गुणसाहयाणं, साहण किच्चज्झायण नमो॥**

અર્થ—વિષય સુખ (શબ્દાદિક પાંચ પ્રકારના) થી નિવૃત્ત થએલા, વિશુદ્ધ ચરિત્ર અને નિયમથી યુક્ત, અને તથ્ય—સાચા ગુણના સાધક, અને કૃત્યકૃત્ય થવાના–મોક્ષ પામવાના કાર્યમાં ઉદ્યમવંત એવા સાધુને નમસ્કાર થાઓ.

## ૨૪.

## ઉપસંહાર.

ઉપર પંચ પરમેષ્ઠી કયા કયા ? તેનો અર્થ, તથા તેના બધા મળી ૧૦૮ ગુણ પણ કહ્યા, તેથી છેલ્લે તે ગુણની સંખ્યા બરાબર ધ્યાનમાં રહે માટે કહીએ છીએ કેઃ—

બાર ગુણ અરિહંત દેવ, પ્રણમિયે ભાવે;
સિદ્ધ આઠ ગુણ સમરતાં, દુઃખ દોહગ જાવે. ૧
આચારજ ગુણ છત્રીશ, પચવીશ ઉવઝાય;
સત્તાવીશ ગુણ સાધુના, જપતાં સુખ થાય. ૨
અષ્ટોત્તર સય ગુણ મલી એ, એમ સમરો નવકાર;
ધીરવિમલ પંડિત તણો, નય પ્રણમે નિત સાર. ૩

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અર્થ—અરિહંત દેવના બાર ગુણ છે; તેને ભાવપૂર્વક નમસ્કાર કરીએ, અને સિદ્ધના આઠ ગુણનું સ્મરણ કરતાં દુઃખ દારિદ્ર દૂર થાય છે. આચાર્યના ગુણ છત્રીશ, ઉપાધ્યાયના પચીશ, અને સાધુના સત્તાવીશ ગુણ જપતાં સુખ પમાય છે. આ બધા મળી એકસો અને આઠ છે, તે બરાબર ધ્યાન રાખી નવકારનું સ્મરણ કરો અને પંડિત ધીરવિમલના શિષ્ય નયવિમલ (પછીથી પ્રસિદ્ધ થયેલ જ્ઞાનવિમલસૂરિ) હમેશાં તે સારભૂત નવકારને પ્રણામ કરે છે.

૨૫.

## *નવકારનો મહિમા.

नवकार इक अखर, पावं फेडेइ सत्त अयराणं ।
पन्नासं च पएणं, सागर पणसय समग्गेण ॥
जो गुणइ लख मेगं, पूएइ विहीइं जिण नमुक्कारं ।
तित्थयरनाम गोअं, सो बंधइ नत्थि संदेहो ॥
अठेवय अठसया, अठसहस्सं च अठकोडीओ ।
जो गुणइ भत्तिजुत्तो, सो पावइ सासयं ठाणं ॥

અર્થ—નવકારનો એક અક્ષર સાત સાગરોપમનું પાપ ખેરવે છે. એક પદથી પચાશ સાગરોપમની સ્થિતિવાળું પાપ ટળે. સમગ્ર નવકાર ગણવાથી પાંચસે સાગરોપમની સ્થિતિવાળું પાપ કર્મ ટળે અને એક લાખવાર આખો નવકાર ગણે અને વિધિવડે તીર્થંકર ભગવાનને પૂજે અને નવકાર કરે તો તિર્થંકર નામ કર્મ ગોત્ર બાંધે છે, આઠ ક્રોડ આઠ હજાર આઠસોને આઠ એટલીવાર નવકાર મંત્ર ભક્તિવડે ગણે તો શાશ્વત સ્થાન–મુક્તિ પામે.

૨૬.

## 'પંચિંદિય' સૂત્રનો ક્રમહેતુ.

'નવકાર' નું સ્મરણ કરી રહ્યા પછી સાક્ષાત્ સજીવન મૂર્તિ સદ્‌ગુરૂ ન હોય, તો સદ્‌ગુરૂ કેવા હોય ? મારા સદ્‌ગુરૂ કેવા છે ? મારા ગુરૂ

* નવકારથી ક્યા ક્યા સુંદર ફલસિદ્ધિ પામ્યા, તેનાં દૃષ્ટાંત જોવા માટે જુઓ નવકારનો છંદ 'વંછિત પૂરે વિવિધ પરે.'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આવા અનુપમ ગુણવાલા છે, એમ ચિંતવન કરવા તે ગુણોનું જેમાં વર્ણન છે તે " **પંચિંદિય** " સૂત્ર ચિત્તની એકાગ્રતા પૂર્વક કહેવું; અને એવા ગુણવાળા સાક્ષાત્ મારા સદ્ગુરૂ બિરાજમાન છે, અને હું એઓની સમક્ષજ સામાયિક કરૂં છું, એવો ભાવ રાખવો. આમ કરવાથી સામાયિક બહુ શુદ્ધ થાય છે.

અથવા ગુરૂ ન હોય તો ઉત્તમ ધર્મ ઉપકરણમાં ગુરૂની સ્થાપના કરવા માટે પંચિંદિય ' સૂત્રમાં ગુરૂના જે છત્રીસ ગુણ કથેલા છે, તેનો પાઠ ભણવો; ગુરૂના અભાવે ગુરૂની સ્થાપના કરી તેમની સન્મુખ દરેક ક્રિયા કરવી જોઇએ, અને તેથી તેમના ગુણોની સ્થાપનામાં પઠવા જોઇએ.

ગુરૂ હોય તો ' પંચિંદિય ' નો પાઠ ભણવાની જરૂર નથી..

આ સંબંધમાં એક દૃષ્ટાંત છે કે દ્રોણાચાર્ય પાસે પ્રખ્યાત પાંચ પાંડવમાંના બાણાવળી અર્જુન બાણની વિદ્યા શીખતો હતો. તેની ચતુરાઇ અને ચપલતાથી ગુરૂ તેનાપર બહુજ પ્રસન્ન રહેતા, અને તેને તે વિદ્યા પૂરી શીખવી હતી. આ બધું જોઇને જંગલમાં રહેતા એક ભિલને બાણવિદ્યા શીખવવાની ઉત્કંઠા થઇ, અને ગુરૂ પાસે આવી તે શીખવવાની નમ્ર વિનતિ કરી; પરંતુ ગુરૂએ તેનો અનાદર કર્યો. તે ભીલે આથી દ્રોણાચાર્ય ગુરૂની એક માટીની પ્રતિમા સ્થાપિત કરી તેના પ્રત્યે ઘણોજ ભક્તિભાવ રાખી શીખવા માંડયું, અને તે વિદ્યા સારી રીતે સાધતાં અર્જુન કરતાં પણ વધારે પ્રવીણ થયો. આ બાબતની દ્રોણાચાર્ય અને અર્જુનને ખબર પડી. ત્યારે તેઓ ચકીત થઇ ગયા. અને પોતાનું વચન રાખવા માટે દ્રોણાચાર્યે તે ભીલ પાસેથી ગુરૂદક્ષિણા તરીકે તેના હાથનો અંગુઠો માંગી લીધો. તો પણ તે અંગુઠા વિના બાણ ચડાવવા માંડયો.

આ પરથી સમજવાનું છે કે ગુરૂ હોય તો ગુરૂની સમીપ, અને ગુરૂ ન હોય તો ગુરૂની સ્થાપના સંમુખ દરેક ક્રિયાનું આરાધન કરવું જોઇએ. ચાર નિક્ષેપમાં સ્થાપના નિક્ષેપ પણ માન્ય કહેલો છે. અને અને તે કારણે જિનના અભાવે જિનની પ્રતિમા સ્થાપવામાં આવે છે. આ વિષે ઘણી ચર્ચા છે, પરંતુ તે અહીં વિસ્તારવાની જરૂર નથી.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

૨૭.

## વિધિ.

માટે સામાયિકની શરૂઆત કરતાં પહેલાં માનસિક સંકલ્પ–પૂર્વક ગુરૂની સ્થાપના કરવી, સ્થાપનાને માટે નવકારવાળી કે કોઈ શાસ્ત્રીય ગ્રંથ ચારિત્રના ઉપકરણ ઉંચા સ્થાને સ્થાપવા, અને તેમાં ગુરૂના ગુણનું આરોપણ કરવાને તે સ્થાપનાની સંમુખ જમણો હાથ સ્થાપન કરીને તેને ગુરૂ તરીકે સ્થાપન કરવાના હેતુથી નીચેનો પાઠ ભણવો.

૨૮.

## પંચિંદિઅ (ગાથામાં).

મૂળ પાઠ.

**પંચિંદિઅ સંવરણો,**
**તહ નવવિહ બંભચેર ગુત્તિધરો;**
**ચઉવિહ કસાય મુક્કો,**
**ઈઅ અઠારસ ગુણેહિં સંજુત્તો ॥ ૧ ॥**
**પંચમહવ્વયજુત્તો,**
**પંચવિહાયારપાલણસમત્થો;**
**પંચસમિઓ તિગુત્તો,**
**છત્તીસ ગુણો ગુરૂ મજ્ઝ ॥ ૨ ॥**

૨૯.

## સંસ્કૃત છાયા.

पंचेन्द्रियसंवरणः, तथा नवविधब्रह्मचर्यगुप्तिधरः।
चतुर्विध कषायमुक्तः, इति अष्टादशगुणैः संयुक्तः ॥ १ ॥
पंचमहाव्रतयुक्तः, पंचविधाचारपालनसमर्थः ॥
पंचसमितः, त्रिगुप्तः, षट्त्रिंशद्गुणो गुरुर्मम ॥२॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ૩૦.
## અર્થપાઠ.

પંચિંદિય સંવરણો—પાંચ ઇંદ્રિયને એટલે પાંચ ઇંદ્રિયના વિષયને રોકનાર.
તહ–તથા. નવવિહ બંભચેર ગુત્તિધરો–નવ પ્રકારના બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરનાર. ચઉવિહ કષાયમુક્કો–ચાર જાતના કષાયથી મુક્ત છે.
ઇઅ અઢારસ ગુણેહિં સંજુત્તો–આ અઢાર ગુણોથી સંયુક્ત છે.
પંચમહાવયજુત્તો—પાંચ મહાવ્રતથી યુક્ત છે.
પંચવિહાર પાલણ સમથ્થો–પાંચ જાતના આચાર પાલવાને સમર્થ છે.
પંચસમિઓ–પાંચ સમિતિઓવાળા
તિગુત્તો–ત્રણ ગુપ્તિવાળા
છત્તીસ ગુણો ગુરૂ મજઝ–(આવી રીતે) છત્રીસ ગુણવાળા મારા ગુરૂ છે.

સામટો અર્થ–પાંચ ઇંદ્રિયને એટલે તેના વિષયને રોકનાર, તથા નવ પ્રકારના બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરનાર, ચાર પ્રકારના કષાયથી મુક્ત એ અઢાર ગુણોથી જે સંયુક્ત હોય, અને વળી પાંચ મહાવ્રતથી યુક્ત, પાંચ પ્રકારના આચારને પાળવાને સમર્થ, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિએ કરી સહિત (એટલે બીજા અઢાર ગુણો મળી] એ પ્રમાણે છત્રીસ ગુણોએ કરીને સંયુક્ત હોય તે મારા ગુરૂ છે.

## ૩૧.
## વિવેચનપાઠ.

પાંચ ઇંદ્રિય નામે સ્પર્શ ઇંદ્રિય [ચામડી], રસ ઇંદ્રિય [જીભ], ઘ્રાણ ઇંદ્રિય [નાક] ચક્ષુ ઇંદ્રિય [આંખ], અને શ્રોત્ર ઇંદ્રિય [કાન] છે. આના મુખ્ય વિષયો સ્પર્શ, રસ આદિ પાંચ વિષયો છે, તથા તેને બીજી રીતે વિસ્તારતાં ત્રેવીસ ભેદ થાય છે. અને આ દરેકના વિકાર ગણતાં તે બસોબાવન થાય છે.

આ બધાં પાંચ ઇંદ્રિયના વિષયને તથા વિકારોને રોકનાર એટલે જે પોતાને અનુકૂળ પ્રીતિકારી હોય, તેના ઉપર રાગ ન ધરે, અને જે પ્રતિકૂળ અપ્રીતિકારી હોય તેનાપર દ્વેષ ન કરે, તેથી ગુરૂને પંચેંદ્રિયના સંવરયુક્ત કહ્યા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ૩૨.

## ઈંદ્રિય વિષય અને વિકાર.

હવે પાંચ ઈંદ્રિયના ત્રેવીસ વિષય અને બસોબાવન વિકાર કયા તેનો કોઠો કરી બતાવીએ.

| ૫ ઇંદ્રિયનાં નામ તથા અર્થ. | વિષય ૨૩. | વિકારો ૨૫૨. |
|---|---|---|
| ૧ સ્પર્શ (ફરસ) ઇંદ્રિય ચામડી. | વિષય આઠ—[૧] હળવો સ્પર્શ તે રૂ જેવો; [૨] ગુરૂ (ભારે) સ્પર્શ તે વજ્ર આદિ જેવો; [૩] મૃદુ (કોમળ) સ્પર્શ-હાંસરૂ પ્રમુખ જેવો [૪] ખર (ખરબચડો) સ્પર્શ તે કરવતની ધાર જેવો અથવા ગાયની જીભ જેવો [૫] શીત [ટાઢો] સ્પર્શ બરફ જેવો [૬] ઉષ્ણ [ઉનો] સ્પર્શ અગ્નિ જેવો [૭] સ્નિગ્ધ [ ચોપડો ] સ્પર્શ-ઘી જેવો; અને [૮] લૂખો સ્પર્શ-ભસ્મ આદિ જેવો. | વિકાર ૯૬—ઉક્ત આઠ વિષયનો દરેક સચિત, અચિત, મિશ્ર એમ ત્રણ પ્રકારે હોય, એટલે તેથી ૨૪ વિકાર થયા. તે ૨૪ માં દરેકને સારો, અને નરસો એ બે ગુણ હોય તેથી ૪૮ વિકાર થાય અને તેને રાગ અને દ્વેષ એ બેએ ગુણતાં ૯૬ થાય. |
| ૨ રસઇંદ્રિય=જીભ | વિષય પાંચ—આમાં નીચેના ૭ રસનો સમાવેશ થાય છે. નામેઃ-મીઠો ખાટો, ખારો, કડવો, કષાયલો, તીખો. આમાં ૭ રસ છે, છતાં પાંચ વિષયકહ્યા તેનું કારણ એકે છઠ્ઠો નામે કષાયલો રસ પાંચ રસના વિષયમાં સમાઇ જાય છે. | વિકાર ૭૨—આ છએ રસ સારા અને નરસા મળી ૧૨, તે દરેક સચિત, અચિત અને મિશ્ર એમ ત્રણ હોય, તેથી બધા મળી ૩૬, તેને રાગ અને દ્વેષ એમ બેએ ગુણતાં ૭૨. |

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

| ૫ ઇંદ્રિયનાં નામ. તથા અર્થ. | વિષય ૨૩. | વિકારો ૨૫૨. |
| --- | --- | --- |
| ૩ ઘ્રાણઇંદ્રિય=નાક | વિષય બે—[૧] સુરભિ ગંધ=સુગંધીદાર ગંધ અને [૨] દુરભિગંધ=દુર્ગંધી ગંધ–આવી રીતે બંને એટલે સુગંધી અને દુર્ગંધ પદાર્થથી જે ઘ્રાણેંદ્રિયનો વિષય થાય તે. | વિકાર ૧૨—કહેલા બે ગંધને સચિત, અચિત અને મિશ્ર એમ ગુણતાં ૬ થાય અને તેને રાગ, અને દ્વેષ એમ બેવડે ગુણતાં ૧૨ થાય. |
| ૪ ચક્ષુ ઇંદ્રિય= આંખ. | વિષય પાંચ—આ ઇંદ્રિયના પાંચ વર્ણ નામે [૧] સફેદ. [૨] કાલો [૩] લીલો [૪] પીલો [૫] રાતો એ પાંચ વિષય છે. | વિકાર ૬૦—આ પાંચ રંગને શુભ અને અશુભ એમ બંને હોય તેથી બેએ ગુણતાં ૧૦ થાય, તેને સચિત, અચિત, અને મિશ્ર એમ ત્રણે ગુણતાં ૩૦ થાય; અને તેને રાગ, અને દ્વેષ એ બેએ ગુણતાં ૬૦ થાય. |
| ૫ શ્રોત્રઇંદ્રિય. | વિષય ત્રણ—આ ઇંદ્રિયના વિષય ત્રણ શબ્દ છે નામેઃ-[૧] સચિત શબ્દ જેમ કે મોર, કોયલ વગેરે પક્ષી અને મનુષ્યના શબ્દ [૨] અચિત્ત શબ્દ જેમકે વાજીંત્ર, તાલ, મૃદંગના શબ્દ [૩] મિશ્રશબ્દ જેમકે પુરૂષ અને સ્ત્રીની વચ્ચે વસ્ત્રારિક મિશ્ર ભેરી, નફેરી શંખ પ્રમુખના શબ્દ. | વિકાર ૧૨—આ ત્રણ વિષયને શુભ અને અશુભે ગુણતાં ૬ થાય, અને રાગ, અને દ્વેષે ગુણતાં ૧૨ થાય. |

## ૩૩.
## નવવિધ બ્રહ્મચર્ય.

આ નવ શીયળની વાડો એટલે ૯ પ્રકારે બ્રહ્મચર્યની ગુપ્તિ કહી છે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે છે. તે કઇ કઇ છે તે અગાઉ કહી જવાઇ છે (જુઓ પૃ. ૯૮) પણ વિસ્તારપૂર્વક જોવું હોય તો છેવટે પરિશિષ્ટ જુઓ.

૩૪.

## ચાર પ્રકારના કષાય.

કષાય—[ કષ=સંસાર+આય=લાભ ] જેનાથી સંસારનો લાભ થાય છે. એટલે જેનાથી ભવ-સંસાર કરવા પડે છે તે. તે મુખ્ય રીતે ચાર છે તેનાં નામ.

ક્રોધ–આથી પ્રીતિ નાશ પામે છે. ક્ષમાથી દૂર થાય છે.

માન–અહંકાર. મૃદુતાથી–વિનયથી નાશ પામે છે.

માયા–કપટ. સરલતાથી દૂર કરાય છે.

લોભ–સંતોષથી જીતાય છે.

૩૫.

## પાંચ પ્રકારના મહાવ્રત.

૧. સર્વ પ્રાણાતિપાતવિરમણ–સર્વથા પ્રકારે પ્રાણાતિપાત [ જીવહિંસા-થી અટકવું તે. પ્રાણાતિપાત એટલે પ્રાણનો અતિપાત. પ્રાણ *દશ છે. પ્રાણને ધારણ કરનાર પ્રાણી કહેવાય છે. તે પ્રાણીના કોઈ પ્રાણનો અતિપાત કરવાથી વિરમવું તે પહેલું મહાવ્રત.

૨. સર્વ મૃષાવાદવિરમણ–સર્વથા પ્રકારે મૃષાવાદ [ જૂઠું બોલવા ] થી અટકવું તે.

૩. સર્વ અદત્તાદાનવિરમણ–સર્વથા પ્રકારે અદત્ત એટલે કોઇએ આપેલ નહિ તેનું આદાન એટલે લેવું, તેનાથી [ચોરીથી] અટકવું તે.

૪. સર્વ મૈથુનવિરમણ–સર્વથા પ્રકારે મૈથુનથી અટકવું તે.

૫. સર્વ પરિગ્રહવિરમણ–સર્વથા પ્રકારે પરિગ્રહથી અટકવું તે.

નોટ––આ ઉપરના બધા મહાવ્રતમાં 'સર્વ' એ શબ્દ લગાડેલ છે તેનો અર્થ સર્વથા પ્રકારે થાય છે એટલે તેથી તેમાં કરવું, કરાવવું, અને અનુમોદવું, અને તે વળી મન, વચન, અને કાયાથી એ બધાનો

* પાંચ ઇંદ્રિય–(કાન, આંખ, નાક, જીભ અને ચામડી), મન, વચન, કાયા, શ્વાસોશ્વાસ, આયુષ્ય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સમાવેશ થાય છે. આ પરથી સમજાશે કે શ્રાવકનાં જે પાંચ વ્રતો છે તે દરેકને 'સ્થૂલ' એ શબ્દ લગાડવામાં આવે છે, તેથી તેને ઉપરનાં મહાવ્રતથી નાનાં છે માટે અણુવ્રત કહેવામાં આવે છે.

## ૩૬.
## પંચવિધ આચાર.

સાધુના આચાર પાંચ પ્રકારના છેઃ—

૧. જ્ઞાનાચાર—જ્ઞાન ભણવું, ભણાવવું, લખવું, લખાવવું; જ્ઞાનના ભંડાર કરવા, કરાવવા અને જ્ઞાન ભણનાર પ્રત્યે રાગ ધરવો.

૨. દર્શનાચાર—દર્શન-સમકીત પાળવું, પળાવવું, અને સમકીતથી પડતા જીવને હેતુ-યુક્તિવડે સ્થિર કરવા તે.

૩. ચારિત્રાચાર—શુદ્ધ ચારિત્ર પાળવું, પળાવવું અને પાળતાને અનુમોદવું.

૪. તપાચાર—છ બાહ્ય અને છ અભ્યંતર એમ બાર ભેદે તપ કરવો, કરાવવો, અને કરતાને અનુમોદવો.

૫. વીર્યાચાર—ધર્માનુષ્ઠાન જેવા કે પ્રતિક્રમણ, પ્રતિલેખન ( પડિલેહણ ), દેવવંદન વગેરે કરવામાં વીર્ય-બલ ગોપવે નહિ, અને ઉપર કહેલા પાંચ જાતના આચાર પાળવામાં વીર્ય-શક્તિ સ્ફુરાવે ( ફોરવે ).

## ૩૭.
## ૫ સમિતિ.

સમિતિ તે સમ્=સરખાપણે+इ=જવું એપરથી થયેલ છે જેમાં સમતોલપણે-[ વધુ નહિ-હદબહાર નહિ એટલે હદમાં ] જવાય છે તે. એટલે જવામાં, બોલવામાં, ખાવામાં, લેવા લાગવામાં, તથા મલમૂત્રનો ત્યાગ કરવામાં મર્યાદા સમ્યક્પણે રાખવી તે, અને તેથી તે પ્રમાણે સમિતિના પાંચ પ્રકાર થાય છે.

૧. ઇર્યા સમિતિ—ઈર્યા એટલે જવું, એમાં સમિતિ એટલે આવશ્યક કાર્યને માટે સંયમને અર્થે આસપાસ ચારેકોર ચાર હાથ-ધોંસરાપ્રમાણ દૃષ્ટિએ જોવામાં તત્પરતા રાખી ચાલવામાં ધીમે ધીમે પગ પાડી ગતિ કરવી તે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૨. ભાષા સમિતિ—ભાષા સર્વને હિતકર, પરિમિત, સંદેહ વગરની, પાપ રહિત, અને નિર્ણિત અર્થવાળી બોલવી તે.

૩. એષણા સમિતિ—એષણા એટલે આહાર તેમાં સમિતિ અર્થાત્ આધાકર્માદિ ૪૨ દોષ રહિત અન્નપાન આદિ કરવું તે.

૪. આદાન નિક્ષેપ સમિતિ—એટલે લેવામાં, તેમજ ત્યાગવામાં સમિતિ અર્થાત્ રજોહરણ, પાત્ર, વસ્ત્ર, પુંઠા વગેરે જે જે આવશ્યક કાર્યને માટે પૂંજવામાં, ખાવામાં, પહેરવામાં, બેસવામાં જોઈતી વસ્તુઓ છે તેને સારી રીતે જોઈ શુદ્ધ કરી લેવી, અને મૂકી દેવી.

૫. ઉત્સર્ગ [ પારિષ્ઠાપનિકા ] સમિતિ—ઉત્સર્ગ એટલે મલમૂત્રનો ઉત્સર્ગ કરવામાં પરઠવવામાં સમિતિ એટલે મલમૂત્ર વગેરેને ભૂમિને જીવ વગરની જોઇ પૂંજી તેપર નાંખવા–પરઠવવા તે.

## ૩૮.

## ૩ ગુપ્તિ.

ગુપ્તિ એ ગુપ્=રક્ષા કરવી, રોકવું–નિગ્રહ કરવો એ સંસ્કૃત ધાતુમાંથી થયેલ નામ છે; તેથી ગુપ્તિ એટલે જેનાવડે આત્માની સંસારથી રક્ષા થાય છે તે; અથવા સમ્યગ્ રીતે યોગનો નિગ્રહ અર્થાત્ સમ્યક્ પ્રકારે જાણીને–સ્વીકારીને સમ્યગ્દર્શન પૂર્વક મન, વચન, કાયા એ ત્રણના યોગ કે જેનું વર્ણન આગળ [ જુઓ પૃ. ૧૧. ] કરી ગયા છીએ તેનો જે નિગ્રહ–નિરોધ એટલે રોકવું તે. એટલે મન, વચન, કાયાથી ઉત્પન્ન થતી અનેક પાપ સહિત પ્રવૃત્તિને દેશથી કે સર્વથી રોકવી તે. આથી ત્રણ જાતના યોગ રોકવાવડે ત્રણ જાતની ગુપ્તિ કહેલી છેઃ—

૧. મનોગુપ્તિ—સાવદ્ય એટલે પાપ સહિત [ નિંદનીય–દુષ્ટ ] સંકલ્પોનો નિરોધ. કુશલ-ઉત્તમ સંકલ્પ કરવો, અથવા કુશલ અને અકુશલ બંને પ્રકારના સંકલ્પોનો નિરોધ કરવો તે. આ આ ત્રણ પ્રકારની છેઃ—[ ૧ ] અસત્કલ્પનાવિયોગિની–આ આર્તરૌદ્ર ધ્યાન સંબંધી કલ્પનાઓની જાળના ત્યાગરૂપ છે. [ ૨ ] સમતાભાવિની–ધર્મધ્યાન સંબંધી મધ્યસ્થપણાની–સમ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તાપણાની પરિણતિ તે [ ૩ ] આત્મારામતા–કેવલજ્ઞાન પછી યોગોને નિરોધ કરવાની અવસ્થામાં મનના સર્વ દ્રવ્યનો નિરોધ કરવો તે.

૨. વચનગુપ્તિ—યાચના કરવામાં, પૂછવામાં તથા પૂછેલા પદાર્થના કહેવામાં વાણીનો નિયમ અથવા સર્વથા મૌન રહેવું તે. આ બે પ્રકારની છે. [ ૧ ] મૌનાવલંબિની–ભ્રકુટી [ ભવાં ] ની સંજ્ઞા વગેરે છોડી દઇ મૌન ધારણ કરવાનો અભિગ્રહ કરવો તે. [ ૨ ] વાગ્નિયમિની–વાચના, પૃચ્છના વગેરે કરવામાં મુખે મુહપત્તિ રાખીને બોલતાં જે વાણીની નિયંત્રણા કરવામાં આવે તે.

૩. કાયગુપ્તિ—સૂવું, બેસવું, ગ્રહણ કરવું, ફેંકી દેવું [ ત્યાગ અથવા કોઇ વસ્તુને એક સ્થાનથી બીજા સ્થાને ફેંકવી ], તથા એકથી બીજે સ્થાનકે જવું આદિ કાર્યોમાં શરીરની ચેષ્ટાનો નિયમ રાખવો. આ બે પ્રકારની છે.

[૧] ચેષ્ટા નિવૃત્તિરૂપા—ઉપસર્ગ વગેરે થાય તે છતાં કાયોત્સર્ગમાંથી ચલિત થવું નહિ તે અથવા કેવલીને યોગ નિરોધની અવસ્થામાં સર્વથા શરીરની ચેષ્ટાનો ત્યાગ.

[૨] યથાસૂત્ર ચેષ્ટાનિયમિની–સિદ્ધાંતમાં કહેલ વિધિ પ્રમાણે મુનિના કાયાના વ્યાપારની પ્રવૃત્તિરૂપ.

નોટ—પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ શું છે તે ઉપર કહી ગયા. એ આઠને મુનિની પ્રવચનમાતાનું નામ શાસ્ત્રકારે આપેલ છે. આનું વિશેષ સ્વરૂપ સમજવા માટે શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજની **અષ્ટ પ્રવચન** માતાની સર્જ્ઝાય જોઈ લેવી. એ આઠેનો સંવર તત્ત્વમાં સમાવેશ થાય છે, કારણકે તેથી કર્મો સંવરાય છે–કર્મની પ્રાપ્તિનો અભાવ થાય છે. હવે અહીં કોઈ કહેશે કે પાંચે સમિતિનો ત્રણ ગુપ્તિમાં સમાવેશ થઈ જાય છે, તેથી તેને એક બીજાથી જુદી કેમ પાડી હશે ? તો તેનો ઉત્તર એ કેઃ—પ્રમાણિક કાલ સુધી સમસ્ત યોગનો જે નિગ્રહ તે ગુપ્તિ છે, જ્યારે ગુપ્તિમાં બહુ કાલ સુધી સ્થિત રહેવામાં અસમર્થ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાધુની પોતાના કલ્યાણરૂપ ક્રિયામાં પ્રવૃત્તિ થાય તે પ્રવૃત્તિ સમિતિ છે, તેથી ગમન, ભાષણ, ભોજન, ગ્રહણ–નિક્ષેપણ, મલમોચન એ સર્વ ક્રિયામાં સમિતિ રાખવામાં જે અપ્રમાદી હોય છે તે ગમન, ભાષણ આદિ ક્રિયાઓ દ્વારા પ્રવેશ કરનારાં કર્મોનો નિરોધ થાય છે અને તેથી સંવરની પ્રાપ્તિ થાય છે.

૩૯.

## 'ઇચ્છામિ ખમાસમણ' નો ક્રમહેતુ.

'પંચિંદિય' બોલી રહ્યા પછી ઉઠી ઉભા થઈ [ જયણાપૂર્વક પુંજી–પ્રમાર્જી પ્રત્યેક વખતે નમસ્કારાદિ માટે પણ ઉઠતાં બેસતાં ચરવલાથી ભૂમિ, હાથપગ વગેરે પ્રમાર્જવાનો લક્ષ રાખવો. ] ગુરૂને વંદન અર્થે "**ઇચ્છામિ ખમાસમણ**" નો પાઠ બોલવો અને તે પાઠ બોલવાની સાથે વંદન કરી ઉભા થવું.

ગુરૂની સ્થાપના કર્યા પછી ગુરૂનો વિનય સાચવવાની જરૂર છે, કારણકે વિનય એ ધર્મનું મૂળ છે. કહ્યું છે કેઃ—

**विणयाहीआ विज्जा, दिंति फलं इह परे य लोगंमि।**
**न फलंति विणयहीणं, सस्साणिव तोअहीणाणि ॥**

અર્થ—વિનયને આધીન જે વિદ્યા તે આ લોકમાં તથા પરલોકમાં પણ ઉત્તમ ફલને આપનાર થાય છે. વિનય વગરની વિદ્યા જેમ પાણી વગરનાં ધાન્ય પાકતા નથી તેમ ફળતી નથી.

**भत्तीइ जिणवराणं, खिज्जंति पुव्वसंचिया कम्मा ।**
**आयरियनमुक्कारेण, विज्जामंतावि सिज्झंति ॥**

અર્થ—જિનેશ્વરની ભક્તિથી પૂર્વસંચિત કર્મ ક્ષય પામે છે, અને આચાર્યને નમસ્કારાદિ કરવાથી વિદ્યામંત્ર પણ સિદ્ધ થાય છે.

જુઓ ! શ્રેણિક રાજાએ સિંહાસનપર બેસી એક ચંડાળ પાસેથી વિદ્યા શીખવાને ઇચ્છયું, પરંતુ તે સાધ્ય ન થઈ; પરંતુ જ્યારે અભય-કુમારે રાજાને નીચે ઉતારી તે ચંડાળને સિંહાસનપર બેસાડી એટલે એ જાતનો વિનય કરી શીખવા વિનતિ કરી, ત્યારે રાજાએ તેમ વિનય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાચવતાં તે વિદ્યા મેળવી શક્યો. આ પરથી સમજી શકાશે કે વિનયથી તત્વની સિદ્ધિ છે. ઉપરમાં જણાવ્યા પ્રમાણે એક ચંડાળનો પણ વિનય કર્યા વગર શ્રેણિક જેવા રાજાને વિદ્યા સિદ્ધ ન થઇ, તો તેમાંથી તત્ત્વ એ ગ્રહણ કરવાનું છે કંઇ પણ તત્વ સાધ્ય કરવા માટે વિનય કરવો. આત્મતત્વ પામવા નિર્ગ્રંથ ગુરૂનો જો વિનય થાય તો કેવું મંગળ-દાયક થાય!

મતલબ કે ગુરૂને નમસ્કાર કરવો, વંદન કરવું, વિનય વૈયાવૃત્ય (વેયાવચ્ચ) કરવાં એ જરૂરનું છે. આવાજ હેતુથી ગુરૂવિનયનિમિત્તે તેમને નમન કરવું જોઇએ, અને દરેક ક્રિયા તેમની સાક્ષીએ કરવી જોઇએ; માટે તેને 'પ્રણિપાત' પણ કહે છે. 'પ્રણિપાત' સામાયિકમાં અનેક વખતે કરવાનો કહ્યો છે. ક્યારે ક્યારે કરવાનો છે તે અહીં જ-ણાવીએ છીએ.

## ૪૦.

## સામાયિકમાં પ્રણિપાતસંખ્યા.

(૧) ઇરિયાવહિય પડિક્કમવાની આજ્ઞા માંગવા પૂર્વે.
(૨) મુહપત્તિ તથા અંગની પડિલેહણાની આજ્ઞા માંગવા પૂર્વે.
(૩) સામાયિક લેવાની આજ્ઞા માંગવા પૂર્વે.
(૪) સામાયિકમાં પ્રવેશ કર્યાની ખબર આપવા પૂર્વે.
(૫) સામાયિક લેતાં ઉભા રહેવાનું હતું, તે બેસી જવાની આજ્ઞા માંગવા પૂર્વે.
(૬) આજ્ઞા માગતાં બેસી ગયાની ખબર આપવા પૂર્વે.
(૭) સામાયિકી કાળ સ્વાધ્યાયમાં ગાળવા માટે આજ્ઞા માંગવા પૂર્વે.
(૮) સામાયિકી કાળ સ્વાધ્યાયમાં ગાળવાની ખબર આપવા પૂર્વે.

આમ બધાં મળી આઠવાર પ્રણિપાતના પાઠના ઉચ્ચારપૂર્વક સા-માયિક લેતી વખતે ગુરૂને વંદન કરવાનો વિધિ છે. સદ્દગુરૂનાં વિનય, બહુ માનની કેટલીબધી જરૂર છે એ ક્ષણે ક્ષણે સૂચવવા–યાદ દેવા આ પ્રવૃત્તિ બસ છે. વિનય એ ધર્મનું મૂળ છે તેથી શિષ્ય વિનયવાળો ન થાય ત્યાં લગણ તેને જ્ઞાન પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી તેને આત્માર્થ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ન જાગે, ત્યાં સુધી તેના કાર્યની સિદ્ધિ ન થાય—આ ચોક્કસ છે, અને તેના અમુક પુરાવા રૂપે, મહાન્ ઉપાય રૂપે આ વિનયના આ દેશ-ફરમાન-પ્રવૃત્તિ મૂકી છે.

### ૪૧.
### વિધિ અને તેનો હેતુ.

અહીં કંઇ પણ આજ્ઞા માંગતાં "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્" એમ કહેવાય છે, તે વૃદ્ધ પરંપરાથી ચાલ્યો આવેલો નિયમનો આચાર છે; તેનો અર્થ એમ થાય છે કે 'હે! ભગવન્! આપની ઇચ્છાએ કરી–આપને અનુકૂળતા હોય તો,–આપને યોગ્ય લાગે તો,–મારી ઇચ્છાએ–આજ્ઞા આપો.' હવે જે અર્થે આજ્ઞા માંગવાની હોય, તે આ સૂત્ર વાકય પછી ઉચ્ચારવું. જેમકે "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ઇરિયાવહિયં પડિક્કમામિ" એટલે "હે ભગવન્! ઇચ્છાએ કરી આજ્ઞા આપો, હું ઇરિયાવહિય પડિકમું છું" અર્થાત્ મને ઇરિયાવહી પડિકમવાની આજ્ઞા આપો. આમ સામાયિક લેતાં આજ્ઞા માગવા માટે બોલાતાં આવાં બીજાં સૂત્રપાઠો સહેલથી સમજી શકાય તેમ છે.

### ૪૨.
### ઇચ્છામિ ખમાસણ–પ્રણિપાત સૂત્ર.

મૂળપાઠ.

**ઇચ્છામિ ખમાસમણો**
**વંદિઉં જાવણિજ્જાએ**
**નિસીહિઆએ**
**મથ્થએણ વંદામિ ॥**

### ૪૩.
### સંસ્કૃત છાયા.

**इच्छामि क्षमाश्रमण! वंदितुं यापनीयया नैषेधिक्या मस्तकेन वंदे ॥**

### ૪૪.
### અર્થપાઠ.

ઇચ્છામિ–ઇચ્છું છું.
ખમાસમણો–ક્ષમાશ્રમણ–ક્ષમા આદિ ગુણે કરી સહિત એવા શ્રમણ–સાધુજી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વંદિઉં—વાંદવાને.
જાવણિજ્જાએ—શક્તિ સહિત.
નિસીહિઆએ—શરીરવડે.
મથ્થએણ—મસ્તકવડે.
વંદામિ—વાંદું છું.

## ૪૫.
## ભાવાર્થપાઠ.

હે ક્ષમાદિગુણે કરી સહિત એવા સાધુજી! આપને શક્તિ સહિત પ્રાણાતિપાત આદિ નિષેધ થયાં છે જેમાંથી એવા નૈષેધિકયા એટલે શરીરવડે વાંદવાને ઇચ્છું છું, અને બે જાનુ (ઢીંચણ), બે હાથ અને લલાંટ એ પાંચ અંગે ભૂમિને સ્પર્શ કરતો મસ્તકથી વંદન કરૂં છું—વાંદું છું.

## ૪૬.
## વિવેચનપાઠ.

મુનિના દશ ધર્મ ક્ષમાદિ કહ્યા છે તે આગળ આપણે કહી ગયા છીએ. (જુઓ પૃ. ) મુનિ એટલે સાધુ. સાધુ કોણ તે આપણે આગળ કહી ગયા છીએ; તેથી તે હમેશાં વંદન કરવા યોગ્ય છે. આને માટે શાસ્ત્રકાર કહે છે કેઃ—

**किं पिच्छसि साहूणं, तवं व नियमं च संयमगुणं वा?।**
**तो वंदसिं साहूणं, एयं मे पुच्छिओ साहु ॥**

અર્થ—હે પ્રાણી? (સાધુ તે પોતાના ગુણે કરીનેજ સાધુ હોય, તે માટે તું સાધુ ભણી શું પ્રેક્ષા કરે છે—જુએ છે? શું તપનો ગુણ જુએ છે? કે નિયમનો ગુણ કે સંયમનો ગુણ? તે ગુણ દેખીને ત્યાર પછી તું શું સાધુ પ્રત્યે વાંદીશ? એમ હું તુજને પુછું છું માટે સાધુને ગુણેજ સાધુ દેખીને વંદના કરવી.

## ૪૭.
## પ્રણિપાતદોષ.

વંદન કરતાં ધ્યાનમાં રાખવાનું છે કે રખેને દોષ થઇ જાય. માટે જે બત્રીશ દોષ ટાળી પ્રણિપાત—વંદન કરવાનું છે તે દોષ કહે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧. અનાદૃતદોષ—અનાદરપણે સંભ્રાંત થઈ વંદના કરવી તે.
૨. સ્તબ્ધદોષ—જાતિ આદિથી અભિમાન રાખી, અથવા દ્રવ્યભાવાદિક ચોભંગીથી સ્તબ્ધ થઈ વંદના કરવી તે.
૩. અપવિદ્ધદોષ—વાંદણાં દેતાં તુરત નાસવું, અથવા આમતેમ ફરવું તે.
૪. પરિપિંડિતદોષ—ઘણા સાધુ પ્રત્યે એકજ વાંદણે વાંદવું તે, અથવા આવર્ત, વ્યંજન, અને આલાપ એ સર્વ એકઠા કરવા તે.
૫. ટોલગતિદોષ—તીડની પેઠે ઉછળતા થકા વાંદવું તે.
૬. અંકુશદોષ—અંકુશની પેઠે રજોહરણને બે હાથે ગ્રહીને વાંદવું તે.
૭. કચ્છભરિંગિતદોષ—કાચબાની પેઠે રીંગતાં રીંગતાં વાંદવું તે.
૮. મત્સ્યોદ્વર્તદોષ—જે ઉભો થઇ બેસીને પાણીના માછલાની પેઠે એકને વાંદીને ઉતાવળા ફરી બીજાને વાંદવું, અથવા પાઠ છાનો કરવો, અથવા રેચકાવર્ત અનુલોમ પ્રતિલોમ વાંદવું તે.
૯. મનઃપ્રદુષ્ટદોષ—કોઇ સાધુ પ્રત્યે મનમાં દોષને ચિંતવતાં ઇર્ષ્યા સહિત વાંદવું તે.
૧૦. વેદિકાબદ્ધદોષ—બે ઢીંચણની ઉપર તથા નીચે હાથ મૂકીને, અથવા બે હાથની વચમાં બે ઢીંચણ રાખીને, અથવા બે હાથની વચમાં એક ઢીંચણ રાખીને, અથવા ખોળામાં હાથ મૂકીને વાંદવું તે.
૧૧. ભજંતદોષ—જેને વાંદીએ છીએ તે સાધુ અમને કંઈક ભજશે એટલે વિદ્યામંત્રાદિક શીખવશે વગેરે લાલચથી, અથવા નહિ વાંદીશ તો રીસ કરશે એવું જાણીને વાંદવું તે.
૧૨. ભયદોષ—નહિ વાંદીશ તો ગચ્છ આદિથી બહાર કાઢી મૂકશે, અથવા શાપ આદિક ક્રોધ કરશે ઇત્યાદિ ભયથી વાંદવું તે.
૧૩. ગારવદોષ—હું વાંદીશ તો પોતે સામાચારીમાં કુશળ છે એવું સર્વ જાણશે એવા ગારવથી વાંદવું તે.
૧૪. મિત્રદોષ—જેને વાંદું છું તેની સાથે મારે પૂર્વે મિત્રાઇ છે એવી વૃત્તિથી વાંદવું તે.
૧૫. કારણદોષ—જ્ઞાનદર્શનાદિ કારણ સિવાયનું બીજું કારણ-વસ્ત્રાદિક પદાદિક મને આપશે એવો હેતુ રાખીને વાંદવું તે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૬. સ્તૈન્યદોષ—ચોરની પેઠે છાનું કે રખેને મને કોઈ ઓળખી લેશે એવી રીતે વાંદવું તે.

૧૭. પ્રત્યનીકદોષ—આહારાદિકની વેળાએ પ્રત્યનીકપણે-શત્રુપણે અનવસરે વાંદવું તે.

૧૮. રૂષ્ટદોષ—ક્રોધપૂર્વક વાંદવું તે.

૧૯. તર્જિતદોષ—વાંદવાથી પ્રસન્ન થતા નથી, ક્રોધ પામતા નથી માટે વાંદવું નકામું છે એવા હેતુથી, અગર તર્જની આંગળીથી તર્જના દેતા થકી વાંદવું તે.

૨૦. શઠદોષ—માયાદિક કપટપૂર્વક અથવા ગ્લાનાદિક વ્યપદેશ કરી વાંદવું તે.

૨૧. હિલિતદોષ—' તમને વાંદવાથી શું ફલ થાય ? ' એવી હેલનાપૂર્વક વાંદવું તે.

૨૨. વિચલિત ચિત્તદોષ—અર્ધા વાંદણાં દઇ વચમાં દેશકથાદિક કરતા જવું એમ વાંદવું તે.

૨૩. દષ્ટાદષ્ટદોષ—કોઇએ દીઠું ન દીઠું એમ લાજતા થકા અંધારામાં વાંદવું તે.

૨૪. શૃંગદોષ—મસ્તકનું એક પાસુ ગુરૂને પગે લગાડે તથા મુદ્રાહીનપણે ધર્મોપકરણાદિક વિપરીતપણે રાખતા છતાં વાંદવું તે.

૨૫. કર દોષ.—રાજાના કર હોય તેમ વેઠ કરતો હોય નહિ તેમ વાંદવું તે, પણ કર્મના નિર્જરા અર્થે નહિ.

૨૬. તન્મોચન દોષ—આ કર્યા વગર છૂટકો નથી, હવે આમાંથી ક્યારે છૂટશું એવી ચિંતવના કરતાં વાંદવું તે.

૨૭. આશ્લિષ્ટાનાશ્લિષ્ટ દોષ—હાથે કરી રજોહરણ અને મસ્તક અડે, તે શુદ્ધ છે એટલે તેમાં દોષ નથી, પણ (૧) જો રજોહરણને હાથ લગાડે પણ મસ્તકે હાથ ન લગાડે, (૨) મસ્તકે હાથ લગાડે પણ રજોહરણે હાથ ન લગાડે, (૩) તથા રજોહરણ અને મસ્તક એઉને હાથ લગાડે નહિ-આશ્લેષે નહિ આમ ત્રણ પ્રકારે આ દોષ થાય છે.

૨૮. ઊણ દોષ—આવશ્યાદિક પાઠ ઓછા કહેતા થકા વાંદવું તે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૨૯. ઉત્તરચૂલિકા દોષ—વાંદણે વાંદીને છેલ્લા શબ્દો ' મત્થએણ વંદામિ ' એમ કહેવું તે.

૩૦ ભૂક દોષ—આલાપ, આવર્ત વગેરે મુંગાની પેઠે ન બોલતાં વાંદવું તે.

૩૧. ઢઢ્ઢર દોષ—આલાપને અત્યંત મહોટે સ્વરે ઉચ્ચાર કરી વાંદવું તે.

૩૨. ચુડલિક દોષ—અંબોડાની પેઠે રજોહરણ છેડે ઝાલી રજોહરણને ભમાડતાં થકા વાંદવું તે.

૪૮.

## દોષવર્જનથી થતા ગુણો.

આ દોષથી રહિત વાંદણાં કરવાથી ઘણું ફળ થાય છે અને ધર્મના હેતુઓ સચવાય છે. તે નીચે પ્રમાણેઃ—

૧. વિનયોપચાર—વિ=વિશેષે કરી+નય=લઇ જવું–એટલે વિશેષે કરી સર્વ કર્મનો નાશ કરે તે વિનય, અને ઉપચાર એટલે આરાધવાનો પ્રકાર. વંદણાંથી આ સચવાય છે.

૨. માનાદિભંગ—વંદન કરવાથી વિનય થાય છે, અને તેથી પોતાના અભિમાન આદિનો ભંગ થાય છે.

૩. ગુરૂપૂજા—ગુરૂ જે પૂજ્યજન તેમની પૂજા, સેવા, ભક્તિનું સાચવવું થાય છે.

૪. જિનાજ્ઞારાધન—શ્રીતીર્થંકર દેવની આજ્ઞાનું આરાધન–પાળવું થાય છે કેમકે ભગવંત વિનયમૂલ ધર્મ કહ્યો છે.

૫. શ્રુતધર્મારાધન—શ્રુત ધર્મનું આરાધવું. થાય છે, કારણ કે શ્રુતજ્ઞાન જે ગુરૂ પાસેથી ભણવું તે પણ વંદનપૂર્વક ભણવાનું કહ્યું છે.

૬. અક્રિયા—પરંપરાએ અક્રિયારૂપ ફલ એટલે સિદ્ધપણું પમાય છે.

આવી રીતે છ ગુણ ગુરૂને વંદન કરવાથી પ્રાપ્ત થાય છે. ગુરૂ વિના જ્ઞાન નથી, અને જ્ઞાન વિના મોક્ષ નથી. માટે ગુરૂને સર્વ બાબતમાં સામાયિકમાં, દર્શન કરતી વખતે, ભણતી વખતે, સાંભળતી વખતે પ્રણિપાત સૂત્રથી વંદના કરવાની છે.

૪૯.

## ' ઇરિયાવહી ' પાઠનો ક્રમહેતુ.

ગુરૂને વંદન કરવા પછી પોતાને જે દોષ લાગેલો છે તેની શુદ્ધિ કરવા નિમિત્તે ' ઇરિયાવહી ' નો પાઠ ભણવો જોઇએ, કારણ કે એવા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દરેક પ્રકારના દોષથી શુદ્ધ થયા પછીજ સામાયિક કરવાને લાયક થઈ શકાય છે. જેમ મલીન લુગડા ઉપર રંગ લગાડવાથી તે લુગડાની કીંમત ઘટે, માટે મેલ ટાળી લુગડું ઉજળું કરી પછી રંગ ચઢાવે, તો તેની કીંમત ઘણી વધે, તેમ અહીંઆં જીવ પણ સંસારમાં આર્ત, રૌદ્ર રૂપ પરિણામથી, તથા ગમનાગમન (આવવા જવાનું) કરતાં અનેક પ્રકારે જીવની વિરાધના રૂપ પાપે કરી મલીન થવાય છે, માટે તે પાપ આલોવવા વિના મલીનપણે વ્રત રૂપ રંગ લગાવાય, તો તે ન શોભે, તેથી પહેલાં 'ઇરિયાવહી' પડિક્કમવી. આ પહેલાં પડિક્કમવાના શાસ્ત્રના આધારો ઘણા છે; જેમકે

**ववहारावस्सय महानिसीह भगवइ विवाहचूलासु।**
**पडिक्कमण चुन्निमाइसु, पढमं इरियापडिक्कमणं॥**

અર્થ—શ્રી વ્યવહારસૂત્ર, આવશ્યકસૂત્ર, મહાનિશીથસૂત્ર, ભગવતિસૂત્ર, વિવાહ ચૂલિકા, તથા પ્રતિક્રમણચૂર્ણિ આદિને વિષે પ્રથમ ઇરિયાવહી પ્રતિક્રમવાનું કહેલું છે. અને દરેક શુભ ધર્મક્રિયાની શરૂઆતમાં ઇરિયાવહી પડિક્કમવી જોઇએ; અને તેને માટે શ્રી મહાનિશિથ સૂત્રમાં કહ્યું છે કે

**इरियावहियाए अपडिक्कंता न किंचि कप्पइ**
**चेइयवंदण सज्झा यावस्सयाई काउं।**

અર્થ—ઇરિયાવહી પ્રતિક્રમ્યા વિના ચૈત્યવંદન, સઝ્ઝાય, આવશ્યકાદિ કાંઈ પણ કરવું ન કલ્પે.

મતલબ કે દરેક શુદ્ધ ક્રિયા આત્માને કર્મથી મુક્ત કરવાને માટે છે, અને તેટલા માટે જે દોષ હોય તે પ્રથમથી દૂર કરવો જોઇએ, તે માટે હૃદયપૂર્વક સમજીને 'ઇરિયાવહી' નો નીચેનો પાઠ વિધિપૂર્વક બોલવો.

## ૫૦.
## વિધિ.

'ઇચ્છામિ ખમાસમણ' કરી પછી ઉભા થઇ બે પગની વચ્ચે આગળથી ચાર આંગળનું અને પાછળથી ત્રણ આંગળ ઝાઝું અને ચાર આંગળથી ઓછું એવું અંતર રાખી એમ પગે જિનમુદ્રા સાચવતો, તથા બે હાથની આંગળીઓ એક એકમાં નાખી કમળના દોડાના આકારે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હાથ જોડી મુખ આગળ રાખી બે હાથની કોણીઓ પેટ ઉપર રાખવા રૂપ યોગમુદ્રા સાચવી 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવાન્' એ નીચેના પાઠ કહેવાનો છે.

૫૧.

ઇરિયાવહી સૂત્ર.

મૂળપાઠ.

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ઈરિયાવહિયં
પડિક્કમામિ ઈચ્છં ॥
ઈચ્છામિ પડિક્કમિઉં ॥ ૧ ॥
ઇરિયાવહિયાએ વિરાહણાએ ॥ ૨ ॥
ગમણાગમણે ॥ ૩ ॥
પાણક્કમણે, બીયક્કમણે, હરિયક્કમણે,
ઓસાઉત્તિંગ પણગ દગ મટ્ટી મક્કડા સંતાણા
સંકમણે ॥ ૪ ॥
જે મે જીવા વિરાહિયા ॥ ૫ ॥
એગિંદિયા બેઇંદિયા, તેઇંદિયા,
ચઉરિંદિયા, પંચિંદિયા ॥ ૬ ॥
અભિહયા, વત્તિયા, લેસિયા,
સંઘાઈયા, સંઘટ્ટિયા, પરિયાવિઆ,
કિલામિયા, ઉદ્દવિયા,
ઠાણાઓઠાણં સંકામિયા, જીવિયાઓ વવરોવિયા,
તસ્સ મિચ્છામિ દુક્કડં ॥ ૭ ॥

૫૨.

સંસ્કૃત છાયા.

इच्छाकारेण संदिश हे भगवन् ! ईर्यापथिकीं
प्रतिक्रामामि, इच्छामि ।
इच्छामि प्रतिक्रमितुं ईर्यापथिक्या विराधनायाः ।
गमनागमने प्राणक्रमणे बीजक्रमणे हरितक्रमणे

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

अवश्यायोत्तिंगपनकोदक.मृत्तिकामर्कटसंतानासंक्रमणे
ये मया जीवाः विराधिताः। एकेंद्रियाः द्वींद्रियाः
त्रींद्रियाः चतुरिन्द्रियाः पंचेंद्रियाः। अभिहताः
वर्त्तिताः श्लेषिताः संघातिताः संघट्टिताः परितापिताः
क्लामिताः अवद्राविताः स्थानात्स्थानं संक्रामिताः
जीवितात् व्यपरोपिताः। तस्य मिथ्या मम दुष्कृतम्॥

## ૫૩-૫૪.

## અર્થપાઠ અને ભાવાર્થપાઠ.

૧* અભ્યુગમ સંપદા—અભિ=તરફ+ઉપગમ-જવું તે એટલે સ્વીકાર, દોષનો એકરાર. વિશેષાર્થે એ છે કે આલોચના લક્ષણરૂપ કાર્યનું અંગિકાર કરવારૂપ સંપદા; કારણકે નીચે પ્રતિક્રમવાની ઇચ્છા કરાય છે.

ઇચ્છામિ-ઇચ્છું છું.

પડિક્કમિઉં—પ્રતિક્રમવાને-નિવર્તવાને-મુક્ત થવાને.

૨. નિમિત્તસંપદા—હવે શું પ્રતિક્રમવાની ઇચ્છા છે તો કહે કે ઐર્યાપથિકી વિરાધના. આ, વિરાધના પ્રતિક્રમવારૂપ અંગીકારેલ કરેલ વસ્તુને ઉપજવાનાં કારણરૂપ છે કારણ કે તે વિરાધના થાય તો પ્રતિક્રમવાની જરૂર રહે છે તેથી તે વિરાધના નિમિત્ત કારણ હોવાથી આ સંપદાને નિમિત્તસંપદા કહેવામાં આવે છે.

ઇરિયાવહિયાએ વિરાહણાએ—સં. ઐર્યાપથિકયા વિરાધનયા—

(૧) ઇરિયાપથમાં જંતુઓની થતી વિરાધના તેમાંથી. આમાં ઇરિયાપથ એટલે જવાનું જેમાં મુખ્ય છે એવો માર્ગ.

(૨) ઐર્યાપથિક એટલે સાધુ તથા શ્રાવકનો આચાર અર્થાત્ ધ્યાન મૌન આદિ વ્રત. તેમાં આચારના અતિક્રમથી-ઉલ્લંઘનથી થયેલ વ્રતને બાધા તેનું નામ ઐર્યાપથિકી વિરાધના.

આ બંને અર્થથી તે પાપક્રિયા છે, આમાંથી.

૩. ઓઘ-સામાન્યહેતુ સંપદા.

* Confession ( as of a guilt ) Apte's Dictionary.

P. P. Ac. Gunratansuriji M.S.    Jin Gun Aaradhak Trust

ઉપર બતાવેલી વિરાધનારૂપ સપાપ ક્રિયા શું કરવાથી થાય? તો તે કહેવાને સામાન્ય પ્રકારે પ્રાયશ્ચિત ઉપજાવવારૂપ કહે છે તેથી સામાન્યહેતુ સંપદા, કારણ કે જીવહિંસા ઉપજાવવાનો સામાન્ય હેતુ ગમનાગમન છે તેથી કહે છે કે,

ગમણાગમણે—ગમન એટલે જવું અને આગમન એટલે આવવું તેના વિષે અર્થાત્ પોતાના સ્થાનકથી બીજે સ્થાનકે જવું, અને બીજે સ્થાનકથી પોતાને સ્થાનકે આવવું, આ બે ક્રિયામાં (સામાન્ય રીતે જોતાં જીવવિરાધના–હિંસા થાય છે).

હવે તે ગમનાગમનમાં એટલે પરસ્થાનકે જતાં અને સ્વસ્થાનકે આવવામાં બીજી રીતે–વિશેષપણે કઈ રીતે વિરાધના થાય છે તો તેને માટે કહે છે.

૪. ઇતર–વિશેષ હેતુસંપદા.

પાણક્કમણે—પ્રાણીને આક્રમણથી એટલે પગેથી ચાંપવાથી. પ્રાણી એટલે બેંદ્રિય, તેંદ્રિય, અને ચૌરિંદ્રિય જીવો.

બીઅક્કમણે—બીજને પગેથી ચાંપવા થકી. બીજ જેવાં કે ચોખા, જવ, સરસવ વગેરે સર્વ જાતિનાં ધાન્ય વગેરે કે જે વાવવાથી ઉગી નીકળે તે બીજ.

હરિયક્કમણે—હરિતને પગથી ચાંપવા થકી. હરિત એટલે નીલવર્ણવાળી એવી મૂલસ્કંધાદિક દશ પ્રકારની *વનસ્પતીમાં થાય છે તે.

ઓસાઉત્તિંગ—અવશ્યાય એટલે ઠાર અને ભૂમિફોડા. ઠારથી આકાશમાંથી જે સૂક્ષ્મ અપ્‌કાય–પાણીના જીવો પડે છે તેનું ગ્રહણ કરવાનું છે. આ સૂક્ષ્મ અપ્‌કાયની વિરાધના પાપનો હેતુ છે. કારણ કે આગમમાં કહ્યું છે કે

**एगंमि उदगबिंदुम्मि, जे जीवा जिणवरेहिं पणत्ता।**
**ते जइ सरिसिव मित्ता, जंबूदीवे न मायंति॥**

અર્થ—ઉદગ એટલે પાણીના એક બિંદુમાં જિનવરે જે જીવો કહ્યા છે, તે દરેક સરસવ જેવડી કાયા કરે, તો જંબુદ્વિપમાં સમાઇ શકે નહિ.

---

* વનસ્પતિ ચાંપવાથી જીવની વિરાધના થાય છે, કારણ કે વનસ્પતિમાં જીવ છે. જીવનાં જે જે લક્ષણ છે તે વનસ્પતિમાં જોવામાં આવે છે.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉત્તિંગ—ભૂમિફોડા–અથવા જેને ભુઇયા કહે છે. આ જીવો ગર્દભ એટલે ગધેડા જેવા આકારના હોય છે, તે ભૂમિમાં ગોળ આકારનું ઘર કરીને રહે છે. અથવા ઉત્તિંગ એટલે કીડી-ઓનાં નાગરાં.

પણગ—પનક એટલે પાંચ વર્ણનાં નીલ ફૂલ—સેવાળ.

દગમટ્ટિ—૧ દક એટલે પાણી અને મૃત્તિકા એટલે માટી. આ બંનેનો ભેગો અર્થ એ થાય છે કે સચિત્ત ભૂમિનો સચિત્ત પાણી સાથે સંયોગ થતાં થતો કીચડ—કાદવ. ૨ અથવા જુદો અર્થ કરીએ તો પાણી અને માટી.

મક્કડા—મર્કટ–કરોળીઆ.

સંતાણા—સંતાન–જાળ.

આ રીતે ઉપર જણાવેલ સર્વ પાંચ અથવા છ જાતિનાં જીવોને સંકમણે—સંક્રમણ કરવા થકી, પગે ચાંપવા થકી–એટલે ચાંપ્યા હોય–પગાદિથી મસળ્યા હોય–મથન કર્યા હોય–તાડન, તર્જન કરવા થકી જે કંઈ વિરાધના થઇ હોય તે.

ભાવાર્થ—માર્ગમાં ચાલતાં કોઈ પણ પ્રાણધારી જીવને ચાંપ્યા હોય, બીજ, વનસ્પતિ, ઠાર, સચિત્ત કાચી માટી, પાંચ જાતના નીલફૂલ, કરોળીઆના જાળ વગેરેને પગે વતી ચાંપ્યા હોય અને દુઃખ ઉપજા-વ્યું હોય. આમાં પાણક્કમણે બીયક્કમણે એમ દરેકનાં નામ દઇને વિશેષે કહ્યું તેથી ઇત્વર (વિશેષ) હેતુ સંપદા.

૫ સંગ્રહ સંપદા.

જે મે જીવા—જે મારાથી જીવો

વિરાહિયા—વિરાધ્યા હોય, દુઃખમાં પાડયા હોય

ભાવાર્થ—જે કોઈ પણ એકેંદ્રિયાદિક જીવની સાથે મેં વિરાધના કે દુઃખ ઉપજાવ્યું હોય.

આમાં જીવ વિરાધ્યા એમ સામાન્યે કહ્યું, પણ વિસ્તારે એકેંદ્રિય આદિથી ન કહ્યું માટે આ સઘળા જીવના પરિતાપરૂપ એક પદની સંગ્રહ સંપદા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૬. જીવ સંપદા—હવે તે કયા જીવ મેં વિરાધ્યા એટલે દુઃખીઆ કીધા તે જીવનાં નામ 'એગિંદિયા' આદિ ગણાવે છે તેથી જીવ સંપદા.

એગિંદિયા—એક ઇંદ્રિયવાળા એટલે જેને શરીરરૂપ એકજ ઇંદ્રિય હોય તે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ એ પાંચ પ્રકારના સ્થાવર જીવ એકેંદ્રિય છે. આ પાંચેમાંના દરેકના અનેક ભેદ છે, તે જીવ સ્વરૂપમાંથી જાણવા.

બેઇંદિયા—બે ઇંદ્રિયવાળા. એટલે જેને શરીર અને મુખ એ બેજ ઇંદ્રિયો હોય તે. દાખલા તરીકે કૃમિ, શંખ, સીપ, જળો, અળસીઆં વગેરે જેને પગ ન હોય તે.

તેઇંદિયા—ત્રણ ઇંદ્રિય વાળા. એટલે જેને શરીર, મુખ અને નાસિકા એ ત્રણજ ઇંદ્રિય હોય. દાખલા તરીકે ગધૈયા, કુંથુવા, જૂ, લીખ, માંકડ, કીડી, મકોડા વગેરે જેને આઠથી અધિક પગ હોય અથવા મુખાગ્રે શિંગ હોય તે.

ચઉરિંદિયા—ચાર ઇંદ્રિયવાળા. એટલે જેને શરીર, મુખ, નાસિકા અને આંખ એ ચાર ઇંદ્રિય હોય તે. જેવા કે માખી, મચ્છર, ડાંસ, વિંછી, ચાંચડ, ભમરી, ટીડ વગેરે જે જે ઉડનારા જીવ હોય, જેને છ અથવા આઠ પગ હોય, અને મસ્તકે શિંગ હોય તે સર્વે.

પંચિંદિયા—પાંચ ઇંદ્રિયવાળા. એટલે શરીર, મુખ, નાસિકા, આંખ અને કાન એ પાંચ ઇંદ્રિય જેને હોય તે. જેવાકે જલચર–માછલાં, કાચબા આદિ, તથા સ્થલચર–સિંહ, વાઘ આદિ, ખેચર–હંસ, મોર આદિ પક્ષીઓ–તિર્યંચ વગેરે, તથા મનુષ્ય, દેવ અને નારકી એ સૌ પંચેંદ્રિય જીવ છે.

આ સર્વેમાં–પાંચ બોલમાં બધા સંસારી જીવનો સમાવેશ થયો.

ભાવાર્થ—માર્ગમાં જતાં આવતાં એકેંદ્રિય, દ્વીંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય અને પંચેંદ્રિય કોઈપણ જીવને મેં દુઃખ ઉપજાવ્યું હોય.

૭, વિરાધના સંપદા,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અભિહયા—અભિહતા:-અભિ એટલે સામા આવતાં પગે કરી હણ્યા.
વત્તિયા—ધૂળમાં કે કાદવમાં ઢાંક્યા
લેસિયા—જમીન સાથે ઘસ્યા અથવા લગાર મસળ્યા.
સંઘાઇયા—માંહોમાંહે એક બીજાના શરીરને મેળવ્યા.
સંઘટ્ટિયા— સંઘટ્ટ-સ્પર્શ કરીને અડાડીને દુભાવ્યા.
પરિયાવિયા—પરિતાપ ( દુ:ખ ) ઉપજાવ્યો.
કિલામિયા—કિલામણા-ગ્લાનિ ઉપજાવી નિસ્તેજ કીધા એટલે માર્યા નહિ પણ મરણ તોલ કીધા.
ઉદ્દવિયા—ઉપદ્રવ કીધો-ત્રાસ પમાડયા.
ઠાણાઓઠાણં સંકામિયા-એક સ્થાનથી બીજે સ્થાને લઇ ગયા.
જીવિયાઓ વવરોવિયા—જીવિતથી જુદા કીધા એટલે મારી નાંખ્યા.
તસ્સ મિચ્છામિદુક્કડં—તેનું-તે સંબંધી દુષ્કૃત પાપ લાગ્યું હોય તે મિથ્યા થાઓ.

આમાં કઇ રીતે વિરાધના કરી હોય-થઇ ગઈ હોય તેનાં નામ જુદી જુદી રીતે આપ્યાં તેથી વિરાધના નામે સંપદા થઇ.

ભાવાર્થ—આ પાંચે જાતના જીવોને સામા આવતાં માર્યા હોય, ધૂળે કરી ઢાંક્યા હોય, જમીન સાથે ઘસ્યા હોય, માંહોમાંહે લડાવ્યા હોય, સ્પર્શ કરીને દુ:ખ દીધું હોય, અનેક રીતે પરિતાપ ઉપજાવ્યો હોય, દુ:ખ આપીને મરણતોલ કર્યા હોય, અનેક રીતે ત્રાસ ઉપજાવ્યો હોય, એક સ્થાનકથી બીજા સ્થાનકે લઈ જતાં દુ:ખ ઉપજાવ્યું હોય, અને અનેક ચેષ્ટા કરતાં જીવથી મુકાવ્યા હોય, માર્યા હોય તો તે સર્વે મારાં પાપ મિથ્યા થજો-નિષ્ફળ થજો. (૭).

## ૫૫.
## વિવેચન પાઠ.

આમાં પશ્ચાતાપ એ મુખ્ય ઉદ્દેશ છે. જે કાંઈ કર્યા વગર ચાલતું નથી એટલે જે અશકય પરીહાર છે તેમાં વગર ઇરાદાએ પોતાના નિમિત્તે કોઇ પણ પ્રકારનું દુ:ખ કોઈ પણ જીવને થાય તે એક જાતનું પાપ છે, અને એવા પાપનો જેટલો બને તેટલો ત્યાગ કરવાની સાથે તેનો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અંતઃકરણપૂર્વક પશ્ચાતાપ કરવો જોઇએ. એક આચાર્ય વિષે એ પ્રમાણે કહેલું છે કે એક નદી ઓળંગતી વખતે તેમના મનમાં એવા પ્રકારનો પશ્ચાતાપ થયો કે અહો! મારા ચાલવાથી આ પાણીના જીવને કેટલું બધું દુઃખ થતું હશે? આ પશ્ચાતાપની ભાવનાએ ચડતાં ચડતાં તે નદીની વચ્ચમાંજ તેમણે ક્ષપકશ્રેણિ માંડીને કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું.

આ ઉપરથી વિચારવાનું છે કે ઉપયોગ એ ઉત્તમ પ્રકારનો ગુણ છે. જો ઉપયોગપૂર્વક ચાલવામાં આવે, અને દરેક ક્રિયા ઉપયોગપૂર્વક કરવામાં આવે તો હજારો પાપમાંથી મુક્ત રહેવાય છે અને તેની સાથે જે અશક્ય હોય તેના વિષે પશ્ચાતાપ થાય તો તે પશ્ચાતાપથી અનેક ભવના સંચિત પાપનો નાશ પણ થાય છે.

આમાં રહેલ પશ્ચાતાપ કોઈ પણ ક્રિયા કરતાં પહેલાં જાણેઅજાણ્યે ચાલતાં-ગમનાગમન કરતાં જીવની વિરાધના થઈ ગઈ હોય તે સંબંધે છે. જીવની વિરાધના જાણેઅજાણ્યે જેમ બને તેમ ન થાય તે સારૂં છે, અને તે નિયમ સચવાતાં ધર્મની જનની-મારૂપ દયાનો ઉત્તમ સિદ્ધાંત માત્ર નામથી નહિ પણ દરેક ક્રિયામાં પાળી શકાય છે. આથી શાસ્ત્રકારે એવું ફરમાવેલું છે કે દરેક શુભ ક્રિયા કરતાં પહેલાં આ ઇર્યાપથિકીથી વિશુદ્ધિ કરવી. આ ઇર્યાપથિકીમાં રહેલા ભાવથી સમજી શકાશે કે જૈનધર્મમાં ઉચ્ચ તત્ત્વોને પુષ્ટિ આપનાર એવી સૂક્ષ્મ વિશુદ્ધિ સઘળી ક્રિયામાં કરવા જણાવેલ છે, તેથી જગતના દરેક જીવ પ્રત્યે સમાનભાવ રાખી તેમની રક્ષા કરવા માટે જૈનધર્મ કેટલો ઉંડો ઉતરેલ છે તેનો સારો આભાસ આવી શકે તેમ છે.

જીવને મરણથી બચાવવા એવું નામજ દયા છે એટલું માની બેસી જવું એ ભૂલ ભરેલું છે, તેનો પાઠ આ સૂત્ર શીખવે છે. મૂળ સૂત્રમાં દરેક સૂક્ષ્મ અને બાદર જીવની દયા ચિંતવી છે, તેમાં તેમને જીવથી જુદા કરવા એટલુંજ નહિ પરંતુ કોઈ પણ જીવને-સૂક્ષ્મ જીવને પણ ચાંપવા, ઘસવા, માંહોમાંહે લડાવવા, એક સ્થાનકેથી બીજે સ્થાનકે લઈ જવા અને ત્રાસ ઉપજાવવું એ પણ ખોટું છે, એમ આ પાઠ દર્શાવી આપે છે. આથી હૃદયશુદ્ધિ થાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'તસ્સ મિચ્છામી દુક્કડં' એટલા શબ્દો પાઠના અંતે આવે છે, તેનો અર્થ [1]અશક્યપરિહારને લઇને કોઈ પણ જીવને ત્રાસ ઉપજાવ્યો હોય તે સર્વે મિથ્યા-નિષ્ફળ દુષ્કૃત થાઓ અર્થાત્ એ દોષથી મુક્ત થવાની ભાવના ભાવીએ છીએ. આ શબ્દોમાં આખા પાઠનું તાત્પર્ય નામે આંતરિક પશ્ચાતાપ સમાએલ છે, 'મિચ્છામીદુક્કડં' એ શબ્દો જૈનોમાં સામાન્યરીતે બહુ પ્રચલિત અને રૂઢ તરીકે વપરાય છે, એટલે કોઈ પણ ક્રિયા કરતાં તેમાં થયેલ દોષ, સ્ખલના, ભૂલ, અસત્યાચરણ, આદિ થયેલ હોય તે દુષ્કૃત મિથ્યા થાઓ એ અર્થમાં વારંવાર વપરાય છે; દાખલા તરીકે સંવત્સરીને દિવસે પ્રતિક્રમણ કર્યા પછી 'મિચ્છામીદુક્કડં' દેવાય છે. આ જો હૃદયપૂર્વક-પશ્ચાતાપપૂર્વક ઉપયોગથી યથાર્થ અર્થ સમજી એટલે કરેલાને માટે પશ્ચાતાપ અને હવે પછી ફરીથી નહિજ કરવાના ભાવથી વપરાયો હોય તો તેનો રહસ્ય પામી શકાય છે, અને રહસ્ય પામતાં કર્મબંધનનું દ્વાર બંધ થાય છે. આ પાઠમાં 'મિચ્છામીદુક્કડં' ૫૬૩ પ્રકારના જીવો પ્રત્યે દેવાય છે. તે જીવોના ભેદ આ પ્રમાણેઃ-નર્ક ગતિના ૧૪ ભેદ, તિર્યંચ ગતિના ૪૮ ભેદ, મનુષ્ય ગતિના ૩૦૩ ભેદ, અને દેવગતિના ૧૯૮ ભેદ-એમ ચાર ગતિના મળીને ૫૬૩ ભેદ થાય. તે જૂદા જૂદા બતાવે છે- સાત નર્કના પર્યાપ્તા, અને અપર્યાપ્તા ગણતાં ૧૪ ભેદ થાય; પૃથ્વીકાય, અપ્‌કાય, તેઉકાય, વાઉકાય, અને સાધારણ વનસ્પતિકાય એ પાંચેના સૂક્ષ્મ, બાદર અને પર્યાપ્તા અપર્યાપ્તા ગણતાં ૨૦ ભેદ; તથા પ્રત્યેક વનસ્પતિકાય અને વિકલેંદ્રિય (બેઇંદ્રી, તેઇન્દ્રી, ચૌરેંદ્રી) એ ચારના પર્યાપ્તા અપર્યાપ્તા ગણતાં ૮ ભેદ; જળચર, થળચર, ખેચર, ઉરપરી અને ભુજપરી એ પાંચ પ્રકારના તિર્યંચ પંચેંદ્રીયના સમુર્છિમ, ગર્ભજ, તથા પર્યાપ્તા અપર્યાપ્તા ગણતાં ૨૦ ભેદ એમ સર્વે મળીને તિર્યંચ ગતિના ૪૮ ભેદ થાય; ૧૫ કર્મભૂમિ, ૩૦ અકર્મભૂમિ અને ૫૬ અંતરદ્વીપ કુલ ૧૦૧ ક્ષેત્રોના મનુષ્યને ગર્ભજ પર્યાપ્તા, ગર્ભજ અપર્યાપ્તા, અને સમુર્છિમ અપર્યાપ્તા એમ ત્રણ પ્રકારે

---

૧ જેનો ત્યાગ કરવો અશક્ય છે.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

ગુણતાં મનુષ્ય ગતિના ૩૦૩ ભેદ થાય; ૧૦ ભુવનપતિ, ૧૫ પરમાધામી, ૧૦ તિર્યગ્ જૃંભક, ૮ વ્યંતર, ૮ વાણવ્યંતર, ૫ ચરજ્યોતિષી, ૫ સ્થિરજ્યોતિષી, ૧૨ દેવલોક, ૯ ગ્રૈવેયક, ૫ અનુત્તર વિમાન, ૩ કીલ્બીષીઆ, ૯ લોકાંતિક એ પ્રમાણે કુલ ૯૯ પ્રકારના દેવતાને પર્યાપ્તા અપર્યાપ્તા ગણતાં દેવગતિના કુલ ૧૯૮ ભેદ થાય. આ રીતે ચારગતિના મળીને સર્વ ૫૬૩ ભેદ થાય. આનો વિસ્તાર જીવવિચાર પ્રકરણમાંથી જોઈ લેવો.

ઇરિયાવહીના મિચ્છામી દુક્કડનું પ્રમાણ સિદ્ધાંતમાં એવું કથેલું છે કે ઉપર જણાવેલા જીવના ૫૬૩ ભેદને 'અભિહયા' થી તે 'જીવિયાઓ વવરોવિયા' સુધીના દશ પદો કે જે જીવવિરાધના થવાના છે તેથી દશ પ્રકારે ગુણનાં ૫૬૩૦ થાય; તેમાં કેટલાએકની રાગથી વિરાધના થઇ હોય, કેટલાએકની દ્વેષથી વિરાધના થઇ હોય, એથી રાગ અને દ્વેષથી બમણાં કરીએ તો ૧૧૨૬૦ થાય. વળી તેની મન, વચન, કાયા એ ત્રણ યોગે કરીને વિરાધના થાય તેથી તેને ત્રણગણાં કરતાં ૩૩૭૮૦ થાય. વળી કરવું, કરાવવું, અને અનુમોદવું એમ ત્રણ પ્રકારે પાપ લાગ્યું તેથી ત્રણગણાં કરતાં ૧૦૧૩૪૦ ભેદ થાય, તેને ત્રણ કાલ—અતીત, અનાગત, અને વર્તમાન એમાં જે પાપ લાગ્યું હોય માટે ત્રણગણાં કરતાં ૩૦૪૦૨૦ થાય. આ અરિહંત, સિદ્ધ, સાધુ, દેવ, ગુરૂ, અને પોતાના આત્મા એમ છની સાક્ષીએ મિચ્છામી દુક્કડ દેતાં થકાં છગણાં કરીએ ત્યારે ૧૮૨૪૧૨૦ થાય. આ રીતે મિચ્છામી દુક્કડ દેતાં થકાં એમંતા મુનિને કેવલજ્ઞાન ઉપજ્યું હતું; માટે શુદ્ધ મનથી પ્રથમ 'ઇરિયાવહી' પડિક્કમવી તેનો અર્થ વિચારી (૧૮૨૪૧૨૦) મિચ્છામી દુક્કડ દેવા.

સહેજસાજ દોષથી આત્માને મુક્ત રાખવાને ઉપયોગ કેટલો બધો જરૂરનો છે, તે ઉપર સૂચવેલા ભેદ બતાવી આપે છે. આવા ઉપયોગપૂર્વક આપેલા મિચ્છામી દુક્કડથી આત્મા શુદ્ધ થઈ જાય તેમાં શું નવાઈ છે ? દરેક જીવપર મૈત્રીભાવ રાખવાને આ શબ્દો છે, અને તે સમજીને મન વચન કાયાની ત્રિકરણ શુદ્ધિથી ઇરિયાવહિ પડિકમતાં મિચ્છામી દુક્કડ દેનારને આંતરિક પરિણામની શુદ્ધિ—આત્માની શુદ્ધિ થયા વગર રહે નહિ,

અને એવી રીતે શુભ ધ્યાનથી ક્ષણિકમાં મૃગાવતિની પેઠે અનેક ઘોર કર્મનો–પાપનો નાશ થઇ જાય.

વળી ઉલટી કરેલી ક્રિયા પણ નિષ્ફળ જાય છે, અને બીજાં દૂષણ લાગે છે. કહ્યું છે કેઃ—

મિથ્યા દુક્કડ દેઇ પાતિક, તે ભાવે જે સેવેરે;
આવશ્યક સાખે તે પ્રગટ, માયા મોસો સેવેરે.

અર્થ—મિથ્યા દુક્કડ દઇને તેજ પાપ ભાવે કરીને જે પ્રાણી સેવે છે અર્થાત્ કરે છે, તે અપ્રત્યક્ષ રીતે આવશ્યક સૂત્રની સાક્ષીએ માયા-મૃષાવાદ પાપ સ્થાનક સેવે છે. તો 'મિચ્છામી દુક્કડ' નો અર્થ પૂરે-પૂરો શીખી મનન કરી તે પ્રમાણે વર્તન કરવાનું છે; તે માટે જુઓ!

શાસ્ત્રકારે 'મિચ્છામિ દુક્કડ' નો વિશેષાર્થ, અને તે કહેવામાં મનના પરિણામ કેવાં હોય તે દર્શાવવા તેના દરેક અક્ષરપર અર્થવિસ્તાર આ પ્રમાણે કરેલ છેઃ—

**मिऊ मद्दव छत्ते, छचिय दोसाण छायणे होइ;**
**मित्तिय मेराइठिओ, दुति दुगंछामि अप्पाणं ॥**
**कत्तिय कडमे पावं, डत्तिय डवेमि तं उवसमेणं;**
**एसो मिच्छादुक्कड, पयरकरत्थो समासेणं ॥**

અર્થ—'મિ'કાર એટલે મૃદુ સુકુમાલ અહંકારરહિતપણાને અર્થે છે. 'છ'કાર તે દોષને છાંડવા અર્થે છે. 'મિ'કાર તે મર્યાદામાં રહેવાને અર્થે છે. 'દુ'કાર તે પાપકારી આત્માને દુગંછવાને માટે છે, 'ક'કાર તે જે પાપ મેં કર્યું તેને 'ડ'કારથી એટલે ઉપશમથી દવું છું, દહું છું, બાળું છું. આવી રીતે 'મિચ્છામી દુક્કડ'નો પદાક્ષરાર્થ સમાસે—ટુંકામાં કહ્યો.

મિચ્છામી દુક્કડનું ખરૂં પ્રવર્તન ક્યારે ? તે વિષે સંબોધસત્તરી-માં કહ્યું છે કેઃ—

**जं दुक्कडंति मिच्छा, तं भुज्जो कारणं अपूरंतो;**
**तिविहेण पडिक्कंतो, तस्स खलु दुक्कडं मिच्छा ॥**

અર્થ—જે દુષ્કૃતને મિથ્યા કરે, તે દુષ્કૃત સંબંધી કારણને ફરીથી સેવે નહિ, અને વિધિએ ફરીને પડિક્કમે તેનું ખરૂં મિથ્યા દુષ્કૃત જા-ણવું; અને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**जं दुक्कडंति मिच्छा, तं चेव निसेवइ पुणो पावं;**
**पच्चक्खमुसावाई, मायानियडिप्पसंगो अ ॥**

અર્થ—જે દુષ્કૃતને–પાપને મિથ્યા કરે, તેજ પાપનાં કારણને ફરીથી જાણીને સેવે, તે પ્રાણીને પ્રત્યક્ષ મૃષાવાદી અને માયા કપટના નિવિડ પ્રસંગવાળો જાણવો.

## ૫૬.

## 'તસ્સ ઉત્તરી' ના પાઠનો ક્રમહેતુ.

ઇર્યાપથિકીની ક્રિયાથી હૃદય નિર્મળ કર્યા પછી પણ તેની વિશેષ શુદ્ધિ કરવા માટે કાઉસગ્ગ (કાયોત્સર્ગ) કરવાની અપેક્ષાથી મન, વચન, કાયાની કેવળ વિશુદ્ધિ અર્થે 'ઇરિયાવહી' ના પાઠ પછી **'તસ્સ ઉત્તરી'** નો પાઠ કહેલો છે. જેમ એક મનુષ્યે ઉત્તમ પ્રકારનાં વસ્ત્રાલંકાર પહેર્યાં હોય તો પછી તેને લાયક બીજા સોળે શૃંગારની શોભા જરૂરની છે, અને તેજ વસ્ત્રની શોભામાં વધારો કરે છે તેમ 'ઇરિયાવહી'ની ક્રિયાથી જોકે આત્મવિશુદ્ધિ થાય છે તોપણ તેજ વિશુદ્ધિ વિશેષ નિર્મળ કરવાના હેતુથી કાયોત્સર્ગ કરવાની અપેક્ષા રાખી પ્રાયશ્ચિત કરવું જોઇએ, અને કેવળ શલ્યરહિત થઈ આત્માને વિશેષ શોભાવવો જોઇએ. આવાજ હેતુથી 'ઇરિયાવહી'ના પાઠ પછી 'તસ્સ ઉત્તરી' નો પાઠ કહેલો છે.

## ૫૭.

## તસ્સ ઉત્તરી.

**મૂળપાઠ.**

**તસ્સ ઉત્તરીકરણેણં,**
**પાયચ્છિત્તકરણેણં,**
**વિસોહિકરણેણં,**
**વિસલ્લીકરણેણં,**
**પાવાણં કમ્માણં નિગ્ઘાયણ ઠાએ,**
**ઠામિ કાઉસ્સગ્ગં ॥**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ૫૮.

## સંસ્કૃત છાયા.

**तस्यउत्तरीकरणेन प्रायश्चित्तकरणेन विशुद्धिकरणेन विशल्यीकरणेन पापानां कर्मणां निर्घातनार्थं करोमि कायोत्सर्गम् ॥**

## ૫૯.

## અર્થપાઠ.

. પ્રતિક્રમણ સંપદા.

તસ્સ—તેની [ ઇરિયાવહીથી આલોવતાં–પડિક્કમતાં પાપ સહિત આત્મા રહ્યો હોય તેથી તે આત્માની. ]

ઉત્તરીકરણેણં—વિશેષ શુદ્ધિ કરવાને.

પાયચ્છિત્ત કરણેણં—પ્રાયશ્ચિત કરવાને. પ્રાયશ્ચિત એમાં પ્રાયઃ એટલે ઘણું અને ચિત્ત એટલે મન અથવા જીવ. એટલે જે ઘણું મનને–જીવને શોધે છે અથવા જે પાપને છેદે છે તે. અથવા પ્રમાદથી થયેલ જે વ્યતિક્રમ (નિષિદ્ધાચરણ) છે તેને પ્રાયઃ જાણી લઈ જાણતાં જાણતાં જે ફરીથી આચરતું નથી તે, અથવા જેનાથી અપરાધની પ્રાયઃ વિશુદ્ધિ થાય છે તે. આ પ્રાયશ્ચિત આભ્યંતર એટલે અંદરની–આત્માની સાથે સંબંધ રાખનાર તપના ૭ પ્રકારનું એક છે. અહીં તે આ-લોયણનું તપ છે, એટલે ગુરૂ પાસે પાપ આલોવીએ, એટલે ગુરૂએ દીવેલું એવું આલોયણાનું તપ છે.

વિસોહીકરણેણં—વિશોધીકરણને માટે એટલે વિશેષ શુદ્ધિ (વિશુદ્ધિ) કરવા માટે. આત્માના પાપરૂપ અંતરમલને ટાળી આત્માને નિર્મળ કરવા અર્થે–વિશુદ્ધિ કરવા અર્થે.

વિસલ્લીકરણેણં—શલ્ય રહીત કરવાને. શલ્ય એટલે અનેક પ્રકારની વેદનાથી પ્રાણીના સમૂહનો જે **'શ્રૃણાતિ'** એટલે ઘાત કરે તે. આને આપણી લોક ભાષામાં 'શળ' કહીએ છીએ. બાવળની 'શૂળ', પેટમાં રોગરૂપે આવતી 'શૂળ' વગેરે બાહ્યશૂળ છે,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જ્યારે આંતરિક 'શળ' તે અહીં કહેવામાં આવે છે. આ શલ્ય ત્રણ જાતનાં છે. ૧. માયાશલ્ય–કપટ ધારવારૂપ શલ્ય. ૨. નિદાન [નિયાણુ] શલ્ય એટલે વિષયભોગની વાંછા કરવારૂપ અને ૩. મિથ્યાશલ્ય અર્થાત્ તત્ત્વાર્થમાં શ્રદ્ધાના અભાવરૂપ. આ ત્રણ શલ્ય જ્યાં સુધી હોય છે ત્યાં સુધી વ્રતી થઈ શકાતું નથી.–જુઓ શ્રી તત્ત્વાર્થમાં ભાષેલું છે કે '**નિઃશલ્યો વ્રતી**'–જે શલ્ય રહિત હોય તેજ વ્રતી થઈ શકે છે. આને જોઇએ કે કપટીનાં વ્રત જૂઠાં હોય, ઇંદ્રિયજનિત વિષયભોગની વાંછાવાળો આત્મજ્ઞાનરહિત રાગી હોય છે, તેથી રાગસહિતને વ્રત હોય તે પરમાર્થને સમજ્યા વગર હોય, તેથી અજ્ઞાનીનું વ્રત નિષ્ફળ છે. મિથ્યાદષ્ટિને વ્રત હોય તો તે દ્રવ્યલિંગી હોવાથી વ્રતી હોઈ શકે નહિ.

પાવાણં કમ્માણં—પાપકર્મને. સંસાર હેતુ રૂપ જ્ઞાનાવરણીય આદિ કર્મોને.

નિગ્ઘાયણટ્ઠાએ—નિર્ઘાતન એટલે ઉચ્છેદન–સમૂળગો નાશ કરવાને અર્થે.

ઠામિકાઉસગ્ગં—સ્થિત થાઉં છું કાઉસગ્ગ પ્રત્યે. કાઉસગ્ગ=કાયોત્સર્ગ. કાયાનો ઉત્સર્ગ એટલે શરીર વ્યાપારનો ત્યાગ.

આમાં પહેલાં 'તસ્સઉત્તરી કરણેણં'થી તે 'વિસલ્લીકરણેણં' એ ચાર પદોથી કાઉસગ્ગ કરવાના ચાર હેતુ કહ્યાં; અને તે કહી શું કરવું છે કે કાઉસગ્ગમાં સ્થિત થાઉં છું એમ કહ્યું. આથી સઘળા છ પદમાં પડિક્કમવાના–પ્રતિક્રમણ કરવાના શબ્દો કહ્યા, તેથી પ્રતિક્રમણ સંપદા થઇ. પ્રતિક્રમણ=નિવર્તન–થયેલા પાપનું નિવારણ–પશ્ચાત્તાપ–આલોચના કરવી તે.

## ૬૦.
## ભાવાર્થ પાઠ.

ઇર્યાપથિકી ક્રિયાથી શુદ્ધ થયેલા આત્માની વિશેષ શુદ્ધિ કરવાને માટે, પ્રાયશ્ચિત કરવાની ઇચ્છાથી, આત્માના કર્મરૂપ અંતરમલ શોધવાની–વિશુદ્ધિ કરવાની અપેક્ષાથી, અને માયાશલ્ય, નિયાણાશલ્ય અને મિથ્યાત્વશલ્ય એ ત્રણ શલ્યથી રહિત થવાને માટે તેમજ પાપકર્મનું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જડમૂળથી ઉચ્છેદન કરવાને અર્થે હું કાયોત્સર્ગ સ્થાપું છું; અર્થાત્ કાયાને એક સ્થળે સ્થિર કરૂં છું.

## ૬૧.
## વિવેચનપાઠ.

કાયોત્સર્ગ એ કાય=શરીર+ઉત્સર્ગ=ત્યાગ. એપરથી થયેલ છે. આનો વિશેષાર્થ એ છે કે મન તથા ઇંદ્રિયોને બહાર જતાં અટકાવવા માટે સર્વ ઉપાધિઓનો ત્યાગ કરવો, અને ધ્યાનમાં ચિત્તને એકાગ્ર કરવું. કાયાને તજીને એટલે કાયાની બીલકુલ દરકાર કર્યા વગર કાયોત્સર્ગ એટલે કાઉસગ્ગ કરવાની સમજણ માટે જે પાઠ છે. તેમાં પહેલો ભાગ 'ઇરિયાવહી' એ પાઠ છે તેમાં અજાણતાં થઇ ગયેલા દોષોની માફી માગી છે, અને આ પાઠ તે દોષને વિશેષ શુદ્ધ કરવા માટે ભણવામાં આવે છે, તથા તેથી હું મારી કાયાનો કોઇ પણ જાતનો વ્યાપાર નહિ કરૂં તેનો દૃઢ નિશ્ચય કરાવનારો છે.

મન, વચન, અને કાયાનો વ્યાપાર જ્યાં સુધી થતો જાય ત્યાં સુધી કર્મને આવવાનું કદી બંધ થઈ શકતું નથી; અને જ્યાં સુધી કર્મમાંથી છૂટા થવાતું નથી ત્યાં સુધી મોક્ષપદ સાધી શકાતું નથી. માટે કર્મનો બંધ તોડવા, તથા તેના આવવાનાં દ્વાર બંધ કરવાની જરૂર છે. તો કર્મથી વિશુદ્ધ થઈ નવીન કર્મનો બંધ ન થાય એવા હેતુથી કાયાનો પણ ઉત્સર્ગ એટલે ત્યાગ કરવાનું જણાવ્યું છે. 'કાઉસગ્ગ' તે છ આભ્યંતર તપમાંનું એક છે.

'ઇર્યાપથિકી' ક્રિયા તે પરદયા અર્થે છે, જ્યારે 'તસ્સઉત્તરી' વગેરે પાઠ સ્વદયા સૂચવે છે. આમ સ્વદયા અને પરદયાએ બંનેથી આત્માની નિર્મળતા પ્રાપ્ત થતી જાય છે.

## ૬૨.
## 'અન્નથ ઉસસિએણં' એ પાઠનો ક્રમહેતુ.

ઉપર 'તસ્સ ઉત્તરી'ના પાઠથી 'ઠામિ કાઉસગ્ગં' એટલે કાય વ્યાપાર એટલે શરીરના વ્યાપારના ત્યાગરૂપ કાયોત્સર્ગમાં રહું છું એ કહેવાથી કાયાનો વ્યાપાર ન કરવાની પ્રતિજ્ઞા લીધી. આ પ્રતિજ્ઞામાં શરીરનો બીજો કોઈ પણ વ્યાપાર થઇ જાય તો તે પ્રતિજ્ઞાનો ભંગ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થાય, તેને માટે તે પ્રતિજ્ઞામાં–કાઉસગ્ગમાં *આગાર મોકળા રાખ્યા છે, અને તે આગાર આ 'અન્નથ ઉસસિએણં'ના પાઠમાં સમાવ્યા છે. આ આગારથી કાઉસગ્ગનો ભંગ થાય નહિ; અને તે આગાર કયા છે તે જણાવવા અને તે જણાવી તેનાથી કાઉસગ્ગ અભગ્ન–ભાંગ્યા વગરનો–અખંડિત, અને અવિરાધિત એટલે થોડાથી પણ વિરાધના થયા વગરનો રહો એ દર્શાવવા નીચેનો '**અન્નથ ઉસસીએણં**' પાઠ બોલવો.

## ૬૩.
## અન્નથ ઉસસિએણં.

મૂળપાઠ:—

**અન્નથ ઉસસિએણં,**
**નીસસિએણં,**
**ખાસિએણં,**
**છીએણં,**
**જંભાઇએણં,**
**ઉડ્ડુએણં,**
**વાયનિસગ્ગેણં,**
**ભમલિએ,**
**પિત્તમુચ્છાએ. ॥ ૧ ॥**
**સુહુમેહિં અંગસંચાલેહિં,**
**સુહુમેહિં ખેલસંચાલેહિં,**
**સુહુમેહિં દિઠિસંચાલેહિં ॥ ૨ ॥**
**એવમાઇએહિં આગારેહિં અભગ્ગો,**
**અવિરાહિઓ,**
**હુજ્જ મે કાઉસ્સગ્ગો ॥ ૩ ॥**
**જાવ અરીહંતાણં,**

* અપવાદ–છૂટ–મોકળી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભગવંતાણું,
નમુક્કારેણું,
ન પારેમિ ॥ ૪ ॥
તાવકાયં,
ઠાણેણું,
મોણેણું,
ઝાણેણું,
અપ્પાણું વોસિરામિ ॥ ૫ ॥

૬૪.

સંસ્કૃત છાયા.

अन्यत्र उच्छ्वसितात्, निःश्वासितात्, कासितात्, क्षुतात्, जृम्भितात्, उद्गारितात्, वातनिसर्गात्, भ्रमर्या, पितमूर्च्छया । सूक्ष्मैः अंगसंचालैः, सूक्ष्मैः श्लेष्मसंचालैः, सूक्ष्मैः दृष्टिसंचालैः । एवमादिभिः आकारैः अभग्नः, अविराधितः, भवेत् मम कायोत्सर्गः । यावत् अर्हतां भगवतां नमस्कारेण न पारयामि तावत् कायं स्थानेन मौनेन ध्यानेन आत्मीयं व्युत्सृजामि ॥

૬૫.

અર્થપાઠ.

૧. એકવચનાંત આગાર સંપદા.

અન્નથ—અન્યત્ર–બીજે સ્થાનકે. એટલે હવે જે ઉચ્છ્વાસાદિક આગારો કહેવામાં આવશે તે આગારોને વર્જીને બીજે સ્થાનકે કાયાનો વ્યાપાર કરવાનો નિયમ કરૂં છું. હવે તે આગારોનાં નામ કહે છેઃ–

ઉસસિએણં—ઉંચો શ્વાસ લેવાથી. મુખથી અને નાસિકાથી.

નીસસિએણં—(મુખથી અને નાસિકાથી) નીચો શ્વાસ લેવાથી.

નોટ—આ બંને આગાર અશક્યપરિહાર એટલે જેનો ત્યાગ કરવો અશક્ય છે, તે હોઇ મૂકયા છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ખાસિએણં—ખાંસી–ઉધરસ આવવાથી.

છીએણં—છીંક આવવાથી.

જંભાઇએણં—બગાસું આવવાથી

નોટ—જે વખતે ખાંસી, છીંક, બગાસું આવે ત્યારે જીવરક્ષા માટે મુખે હાથ આપવો.

ઉડ્ડુએણં—ઓડકાર આવવાથી.

વાયનિસગ્ગેણં—વાયુનો સંચય અધોદ્વારે થવાથી.

ભમલિએ—ભમરી–ચક્કર–ફેર આવવાથી.

પિત્તમુચ્છાએ—પિત્તના પ્રકોપથી મૂર્ચ્છા આવવાથી.

આમાંના નવ પદમાં દરેક પદમાં એક બોલ–વચન વડે આગાર આપેલા છે તેથી એકવચનાંત આગાર સંપદા થઇ. આગાર એટલે છૂટ. કાઉસગ્ગમાં કાયાનો સર્વ વ્યાપાર ત્યાગ કરવાનો છે. ઉપર કહેલ શ્વાસોશ્વાસ, ખાંસી આદિ જે છે તે કાયાનો વ્યાપાર હોવા છતાં કદાચ અટકાવી ન શકાય, તેથી તેને માટે છૂટ મૂકી છે. આવી રીતે છૂટ મૂકવાથી કાયાના થતા વ્યાપારથી કરેલા કાઉસગ્ગનો ભંગ ન થાય. આવાજ આગાર બીજા છે તે કહે છે, પણ તેમાંનો દરેક આગાર એક કરતાં વધારે બોલથી કહેવામાં આવે છે તેથી તે બહુવચનાંત સંપદા છે.

૨. બહુવચનાંત સંપદા.

સુહુમેહિં અંગસંચાલેહિં—સૂક્ષ્મ અંગના સંચાર–હાલવા વડે ટાઢ આદિ વેદનાથી રૂંવાડા ઉભા થાય અને તેથી શરીરનો સંચાર થઈ જાય છે.

સુહુમેહિં ખેલસંચાલેહિં—સૂક્ષ્મ શ્લેષ્મ એટલે થુંક તથા કફ ગળવાથી થતા સંચાર વડે.

સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં—સૂક્ષ્મ દષ્ટિના ( આંખ ઉઘાડવા બીડવાથી) થતા સંચારથી.

૩. આગંતુક આગાર સંપદા.

એવમાઇએહિં આગારેહિં—પૂર્વે કહેલ (બાર) 'વગેરે' આગાર દઇને. અહીં 'વગેરે' કહેવાનું કારણ એ છે કે ઉપર કથેલા બાર સીવાય બીજા ચાર આગાર છે. નામે (૧) વીજળી તથા દીવા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આદિનો પ્રકાશ શરીરપર પડતાં ઓઢવાના વસ્ત્ર આદિ લેવાં પડે, અથવા બીજે સ્થાનકે જવું પડે તો. (૨) ઉંદર અને બીલાડી આગળ જતાં આવતાં દોડતાં હોય, તથા મોટા આગળ પંચેંદ્રિય જીવનું છેદન ભેદન થતું જોવામાં આવે તેથી બીજે સ્થાનકે જવું પડે તો. (૩) અકસ્માત્ ચોરની ધાડ આવી પડવાથી અથવા રાજાદિકના ભયથી બીજે સ્થાનકે જવું પડે તો. (૪) અગ્નિ લાગવાથી અથવા ઘરની ભીંત ખડહડતી પડતી જાણવાથી, તથા પોતાને તથા પરને સર્પાદિનો દંશ થાય, અથવા સિંહાદિકના ઉપદ્રવ થતા જોવામાં આવે, વગેરે વગેરે પ્રસંગો કે જેમાં વધારે વિલંબ કરવાથી ઘણીજ ધર્મની હાનિ થતી દેખીએ તો ત્યાં પૂરો ન કરેલો કાઉસગ્ગ પારતાં છતાં કાઉસગ્ગ ન ભાંગે. આ ચાર આગાર અપવાદ માર્ગે છે, આની સાથે ઉપરના બાર આગાર મેળવતાં સોળ આગાર થાય છે. આ સોળે થતાં

અભગ્ગો—અભગ્ન,અખંડિત.

અવિરાહિઓ—અવિરાધિત, અખંડ

હુજ્જ મે કાઉસગ્ગો,– કાઉસગ્ગ મને હોજો.

૪. કાયોત્સર્ગ વિધિ.

જાવ–જ્યાં સુધી.

અરિહંતાણું, ભગવંતાણું=અરિહંત ભગવાનને

નમુક્કારેણુ—નમસ્કારથી.

ન પારેમિ—ન પારૂં એટલે કાયોત્સર્ગના પાર પ્રત્યે ન પામું–સમાપ્ત ન કરૂં;

આમાં ચાર પદથી કાયોત્સર્ગની અવધિ–મર્યાદા બાંધેલ છે તેથી કાયોત્સર્ગ વિધિ સંપદા.

૫. સ્વરૂપસંપદા

તાવકાયં—ત્યાં સુધી (મારા) શરીરને.

ઠાણેણું—એક સ્થાનકે સ્થિર કરીને.

મોણેણું—મૌન રાખીને.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઝાણેણું—ધ્યાન એટલે ધર્મને વિષે મનની સ્થિરતા અથવા નમસ્કારાદિકને વિષે એકાગ્રતા કરીને.

અપ્પાણં વોસિરામિ—આત્માને (કાયાને) વોસરાવું છું–વ્યુત્સૃજામિ એટલે તજું છું. અર્થાત્ કાઉસગ્ગ રહિતપણા થકી, અને સાવદ્ય વ્યાપાર થકી કાયાને વોસિરાવું છું.

આમાં છ પદથી તાવકાયં ઇત્યાદિમાં શરીર સ્થિર રાખવાનું કહ્યું તેથી તે સ્વરૂપ સંપદા.

૬૬.

## ભાવાર્થપાઠ.

કાયાના વ્યાપારનો ઉત્સર્ગ એટલે ત્યાગ કરતાં નીચે લખેલા આગારથી કાયોત્સર્ગની પ્રતિજ્ઞાનો ભંગ થાય નહિ (૧) ઉંચો શ્વાસ લેવો પડે (૨) નીચો શ્વાસ લેવો પડે (૩) ખાંસી કે ઉધરસ આવે (૪) છીંક આવે (૫) બગાસું આવે (૬) ઓડકાર આવે (૭) વાયુનો સંચાર થાય. (૮) ચકરી કે ફેર આવે (૯) પિતના ચડી જવાથી મૂર્ચ્છા આવે(૧૦) સૂક્ષ્મ અંગનો સંચાર થાય (૧૧) સૂક્ષ્મ શ્લેષ્મ એટલે થુંક કે કફ ગળી જતાં સંચાર થાય (૧૨) સૂક્ષ્મ દૃષ્ટિનો સંચાર થાય. એમ બાર આદિ આગારથી અન્યત્ર–બીજે સ્થળે મારી કાયાનો વ્યાપાર બંધ રહે એવો હું નિયમ કરૂં છું, અને જ્યાં સુધી અરિહંત ભગવાનને નમસ્કાર કરવા રૂપ '**નમો અરિહંતાણં**' એવો શબ્દ ન બોલું ત્યાં સુધી મારો કાયોત્સર્ગ પારૂં નહિં, અને તેટલા વખત સુધી એક સ્થાનકે મૌનપણે, અને એકજ ધ્યાનથી મારી કાયાના દરેક વ્યાપારને હું વોસરાવી દઉં અર્થાત્ તેનો ત્યાગ કરૂં, અને '**નમો અરિહંતાણં**' કહેવા પછી મારો કાયોત્સર્ગ પૂરો થાય.

૬૭.

## વિવેચનપાઠ.

'તસ્સઉત્તરી'ના પાઠથી કાયોત્સર્ગમાં સ્થિત થવાનું છે તેથી શરીરના સર્વ વ્યાપાર દૂર કરવાના છે, આવો દૃઢ નિશ્ચયથી પૂરેપૂરી રીતે પાળવાના પ્રયત્નો કરતાં છતાં કદાચ શરીરનો કોઇ પણ વ્યાપાર કુદરત-

P. P. Ac. Gunratansuriji M.S.  Jin Gun Aaradhak Trust

થી આપણી ઇચ્છા વગર થઇ જાય તો તે તે બાબતનો આગાર (મોકળ) છે; તે બાબતો કઇ કઈ છે તે આ પાઠમાંબતાવવામાં આવ્યું છે.

અહીં યાદ રાખવાનું એ છે કે આ આગારો જાણી જોઇને કાયાના વ્યાપાર માટે રાખવમાં આવ્યા નથી. જે જે આગારોમાં કહ્યા છે તે બધા એવા છે કે તેવી રીતનો કાયાનો વ્યાપાર કુદરતે પોતાની ઇચ્છા વગરનો થઈ જવાનો સંભવ છે; તેથી તે થઇ જાય તો છૂટ છે, અને તે બતાવવા આ પાઠ કહેલો છે. બાકી મૂળ લક્ષ કાઉસગ્ગમાં ધ્યાનમાં સ્થિત થવાનું છે તેથી અંતરંગ શુદ્ધિ થાય છે. અંશ માત્ર પણ મલીનતા ન રહે એવા હેતુથી કાયાના વ્યાપારનો ત્યાગ કરવા આ સામાયિક અને બીજી ક્રિયામાં સૂચવ્યું છે.

મન, વચન, અને કાયાની શુદ્ધિથી સમાધિસ્થ દશા પ્રાપ્ત કરવાની છે. આ પાઠ આ રીતે યોગની દશાનું ભાન કરાવે છે અને જૈનોની સામાન્ય ક્રિયામાં પણ યોગપ્રધાન છે એમ આ ક્રિયા ચોખ્ખી રીતે બતાવી આપે છે. માત્ર તેનો લક્ષ ન રહેવાથી જૈનો પોતાને વારસામાં મળેલી ઉત્તમ પ્રકારની યોગ ક્રિયાનો યથાર્થ ઉપયોગ કરી જાણતા નથી, જ્યારે બીજાઓ તેને મેળવવા અહોનિશ પ્રયત્ન સેવ્યાં કરે છે.

## ૬૮.
## કાયોત્સર્ગમાં ટાળવાના દોષ.

' કાઉસગ્ગ ' કરતી વખતે ૧૯ દોષ ટાળવાના છે, રખેને તેમાંનો કોઇ દોષ થઇ જાય એવા ભયથી ઉપયોગપૂર્વક રહેવાનું છે. તે દોષ નીચે પ્રમાણે છેઃ—

૧. ઘોટકદોષ—ઘોડાની પેઠે એકજ પગપર બધો ભાર રાખી ઉભા રહેવું.
૨. લતાદોષ—વાએ હલાવેલી વેલીની માફક ક્ષણે ક્ષણે કંપવું.
૩. સ્તંભાદિદોષ—ભીંત કે થાંભલાને અઢેળીને રહેવું.
૪. માલદોષ—ઉપરને માલે મસ્તક અડાવી રહેવું.
૫. શબરીદોષ—વસ્ત્રરહિત ભીલડી માફક બે હાથને આગળ લાવી રાખવા.
૬. વધૂદોષ—નવ પરણીત વહુની પેઠે નીચુ માથું કરે.
૭. નિગડદોષ—બેડી ઘાલ્યાની પેઠે પગ પહોળા કરવા યા, ભેગા કરવા, પણ જિનમુદ્રામાં જેટલું અંતર કહ્યું છે તે નવ રાખવું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૮. લંબુત્તરદોષ—નાભિથી ઉપર અને જાનુ નીચે વસ્ત્ર પહેરવું. ખરી રીતે નાભિથી ચાર આંગળ ઉંચે અને જાનુથી ચાર આંગળ નીચે ચોલપટ પહેરવું કહ્યું છે.

૯. સ્તનદોષ—ડાંસ આદિના ભયથી ચોલપટ્ટાદિથી હૃદયને ઢાંકવું.

૧૦. ઉધિદોષ—ગાડાંની ઉંધીની પેઠે પગની બે પાની મેળવીને આગળ બે પગ વિસ્તારી અથવા બે પગના બે અંગુઠા મેળવીને પાછલા પાનીના ભાગ તરફ બંને પગ વિસ્તારવા.

૧૧. સંયતિદોષ—સંયતિ મહાસતીની પેઠે બંને ખભા ઉપર વસ્ત્ર ઓઢવાં. કારણ કે આથી જે જમણો ખભો કાઉસગ્ગમાં ઉઘાડો કરવો જોઇએ તે થતો નથી તેથી દોષ લાગે છે.

૧૨. ખલણદોષ—ઘોડાના ચોકડાની પેઠે રજોહરણ આડું રાખવું.

૧૩. વાયસદોષ—કાગડાની પેઠે આંખના ડોળા આમતેમ ફેરવવા.

૧૪. કપિથ્થદોષ—પહેરવાના વસ્ત્રનો ગોટો કરી બે પગ વચ્ચે રાખવો.

૧૫. શિરકંપદોષ—ભૂતની પેઠે માથું હલાવવું.

૧૬. મૂકદોષ—મુંગાની પેઠે હું હું કરવું.

૧૭. ભ્રમરાંગુલી દોષ—નવકાર કે લોગસ્સ ગણવાને ભ્રમર તથા આંગળી હલાવવા.

૧૮. મદિરાદોષ—દારૂ પીધાની પેઠે બડબડ કરવું.

૧૯. અપેક્ષા વિના આમતેમ જોઇ વાનરની પેઠે બે હોઠ હલાવવા.

આ કાઉસગ્ગના ઓગણીશ દોષમાં ૮, ૯, ૧૧ મો એમ ત્રણ દોષ મહાસતી સાધ્વીને ન લાગે, કારણ કે તેનું શરીર વસ્ત્રથી ઢંકાયલું હોયજ. પણ આમાં એટલું વિશેષ છે કે સાધ્વી પ્રતિક્રમણાદિ ક્રિયા કરે તો મસ્તક ઉઘાડું રાખે, અને આ ત્રણ દોષ અને છઠો વધૂ દોષ એમ ચાર દોષ શ્રાવિકાને ન લાગે. બીજા લાગે. આના માટે નીચે પ્રમાણે સઝાય છે.

૬૯.

## કાઉસગ્ગમાં અટકાવવાના ૧૯ દોષની સઝાય.

ચોપાઈ.

સકલદેવ સ્મરી અરિહંત, પ્રણમી સદ્ગુરૂ ગુણે મહંત;
ઓગણીશ દોષ કાઉસગ્ગ તણા, બોલું શ્રુત અનુસારે સુણો. ૧

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઘોટકદોષ પ્રથમ કહ્યો એહ, વાંકો પગ રાખે વળી જેહ;
લતાદોષ બીજો હવે સુણો, ડીલ હલાવે તે અતિ ઘણો. ૨
ઓઠીંગણ લઇને જે રહે, સ્તંભદોષ તે ત્રીજો કહે;
માલવદોષ ચોથો કહ્યો એહ, મસ્તક અડકાવી રહે જેહ. ૩
પગ અંગુઠા મેલી રહે, ઉધિદોષ પંચમ તે લહે;
એઉ પગ પાની મેળવે, નિલયદોષ છઠ્ઠો જિન કવે. ૪
ગુહ્યસ્થાને રાખે નિજ હાથ, સવરી દોષ કહ્યો જગનાથ;
ધર્મોપકરણ વાંકું ગ્રહે, ખલીનદોષ તેને પણ કહે. ૫
મુખચાલના કરે અતિ ઘણું, ખલીનદોષ આઠમ તે ભણું;
ઘુંઘટ તાણીને જે રહે, વધૂ દોષ નવમો તે લહે. ૬
લડસડતું પહેરે પહેરણું, દશમો દોષ લંબોત્તર ભણું;
હૃદયસ્થલ આચ્છાદિત રહે, તે સ્તનદોષ અગ્યારમો લહે. ૭
વસ્ત્રેસુ ઢાંકે સહિ દેહ, સંયતિદોષ બારમો તેહ;
પાંપણી ચાલો કરે અતિ ઘણો, ભ્રમરદોષ તેરમો ગણો. ૮
અંગુલી હલાવે સંખ્યા કાજ, અંગુલિદોષ ચૌદમો લાજ;
નેત્ર તણા જે ચાળા ધરે, તે વાયસદોષ પંદરમો કરે. ૯
પહેર્યાં વસ્ત્ર સંકોડી રહે, કપિથ્થદોષ સોળમો લહે;
મસ્તક ધૂણાવે અતિ ઘણું, તે શિરકંપ સત્તરમો સુણું. ૧૦
મદિરાની પરે જે બુડબુડે, વારૂણિદોષ અઢારમો ચઢે;
મુંગાની પરે હું હું કરે, મુકદોષ ઓગણીસમો ધરે. ૧૧
ત્રણ દોષ એ માંહે ટળે, સોળ દોષ સાધવીને મળે;
લંબુત્તર સ્તન ને સંયતિ, દોષ એહ બોલ્યા જિનપતિ. ૧૨
બહુ દોષ ચોથો જબ ટળે, પંદર દોષ શ્રાવિકાને મળે;
કાઉસગ્ગથી સમતા સુખ થાય, કઠિન કર્મ કોડી પુલાય. ૧૩
કાઉસગ્ગ કરતાં શિવ સુખ હોય, કાઉસગ્ગ સમતા પણ કહિયે કોય;
દોષરહિત કાઉસગ્ગ કીજીએ, તો સહેજે શિવફળ લીજીએ;
**ધીર**વિમળ પંડિતનો શિષ્ય, કવિ **નય**વિમળ ભણે સુજગીશ. ૧૪

શ્રી **જ્ઞાન**વિમળસૂરિ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ૭૦.

## પ્રતિજ્ઞા.

આ પાઠમાંની છેલ્લી સ્વરૂપસંપદામાં, 'તાવકાય' એથી તે ' વોસિરામિ ' સુધી જે કહેલ છે તેમાં પ્રતિજ્ઞા લેવાય છે. આ પ્રતિજ્ઞાનો ભંગ થવો નથી જોઇતો, કારણ કે આપણે વ્યવહારમાં જોઇશું તો વખતસરની હુંડી સ્વીકારવાની પ્રતિજ્ઞા જો કોઇ આસામી તોડે, તો તે આસામી કાચી પડેલી લેખાય છે, અને કોઇ તેનો વિશ્વાસ કરતું નથી; તો આ ધર્મક્રિયામાં શુભ પ્રતિજ્ઞા અવશ્ય .પાળવીજ જોઇએ. વળી આ પ્રતિજ્ઞા ગુરૂસમક્ષ, અને આત્મા સમક્ષ લેવાય છે કે 'સ્થાનથી ખસીશ નહિ, મૌન રહીશ, ધ્યાનમાં સ્થિત થઇશ, અને આ શરીર ઉપર આત્મત્વ–મારાપણું મુકી દઉં છું ' આમ કહ્યા છતાં–દૃઢપણે નિશ્ચય રીતે પ્રતિજ્ઞા કર્યા છતાં કાયોત્સર્ગમાં અવ્યવસ્થિતપણે વર્તાય તો પ્રતિજ્ઞા–ભંગ થાય છે. માટે તે અવ્યવસ્થા ન થાય, તે માટે શરીરના વ્યાપારથી થતા ઉપર કહી ગયા તે ઓગણીશ દોષ ટાળવા માટે ઉપયોગપૂર્વક રહેવાનું છે, અને મૌનપણે એકાગ્ર ચિત્ત રાખી ધ્યાનમાં સ્થિત થવાનું છે. .

## ૭૧.

## 'લોગસ્સ સૂત્ર'ની વિધિ.

(૧) આ કાયોત્સર્ગને વિષે **'લોગસ્સ'**ના પચીસ પદ એટલે " ચંદેસુ નિમ્મલયરા " સુધી ચિંતવવા;. અને

(૨) કાઉસગ્ગ પૂરો થયા પછી **" નમો અરિહંતાણં "** કહીને કાઉસગ્ગ પારવો.

(૩) આ કાઉસગ્ગ પછી સંપૂર્ણ આખો **'લોગસ્સ'** એટલે 'સિદ્ધાસિદ્ધ મમ દિસંતુ" સુધી પ્રગટ કહેવો.

**વિશેષ સમજણ—**કાયોત્સર્ગમાં શ્વાસોશ્વાસનું પ્રમાણ—માપ કહેલું છે, અને તેથી જ્યારે એક 'લોગસ્સ'નો કાયોત્સર્ગ કરવામાં આવે છે ત્યારે 'ચંદેસું નિમ્મલયરા' સુધીના પચીસ પદનું ચિંતવન કરવાનું કહ્યું છે. આ પચીસ પદનું ચિંતવન કરતાં પચીસ શ્વાસોશ્વાસ જેટલો કાળ જાય છે. કેટલાક આ અનુક્રમ સમજતા નહિ હોવાને લીધે અધુરા શ્વાસોશ્વાસે પદ યાદ કરી જાય છે, અને કાયોત્સર્ગ કે જે ધ્યાનની ક્રિ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

યા છે તે માત્ર પદને યદ્વાતદ્વા-એટલે ગમે તે રીતે સંભારીને કાયોત્સર્ગ પૂરો કરે છે. આ રીતે કાયોત્સર્ગ કરવો યોગ્ય નથી. એક એક શ્વાસોશ્વાસ સુધી એક એક પદના અર્થનું મનન કરતાં જવું જોઇએ, અને એવી રીતે શ્વાસોશ્વાસ પૂરા થાય; ત્યારે 'નમો અરિહંતાણં' કહીને કાયોત્સર્ગ પારવો જોઇએ. કાયોત્સર્ગ કરતાં દષ્ટિને સ્થાપનાચાર્ય સંમુખ અથવા નાકની અણીપર સ્થાપવી જોઇએ.

૭૨.

## લોગસ્સ સૂત્રનો ક્રમહેતુ.

કાયોત્સર્ગ પૂરો કર્યા પછી 'લોગસ્સ'નો પાઠ પ્રગટ બોલવાનું કારણ એમ છે કે ઉપર કહી ગયા તે ક્રિયાથી આત્માની શુદ્ધિ કર્યા પછી ધર્મ પ્રવર્તક પરમોપકારી વર્તમાન ચોવીસીના ચોવીસ તીર્થંકરોને નમન કરવારૂપ કાર્ય કરવું જોઇએ. વર્તમાન ચોવીસીના તીર્થંકરો સ્મરવા, અને અતીત અને અનાગત ચોવીસીના તીર્થંકરો નહિ, તેનું કારણ કે વર્તમાન ચોવીસીના ઋષભાદિક તીર્થંકરો ભરતક્ષેત્રમાં ઉત્પન્ન થયેલ હોવાથી આસન્ન ઉપકારી છે. વળી ધ્યાનમાં રહેવું એ 'અન્નથ ઉસસિએણ'ના પાઠના 'ઝાણેણં' શબ્દથી જણાય છે, અને તે પરથી એ સૂચિત થાય છે કે અમુક નિર્મિત કાળ સુધી કોઈ પણ જાતનું પ્રશસ્ત ધ્યાન કરવું જોઇએ; પણ દરેકમાં તેવું ધ્યાન કરવાની શક્તિ ન હોઈ શકે માટે શિષ્ટ પુરૂષો એ વર્તમાન ચોવીશીનાં નામના સ્તવન રૂપે, 'લોગસ્સ' પાઠ પચીશ પદ સાથે ચિંતવવા નકી કરેલ હોય એમ લાગે છે. આ પદ એવી રીતે ચિંતવવા કે એક એક પદે એક એક શ્વાસોશ્વાસ લેવો અને તેટલા કાળમાં તેનો અર્થ ચિંતવવો.

ચોવીશ તીર્થંકરનું ધ્યાન ઘણું ઉપકારી છે. શ્રીમદ્ વિજયલક્ષ્મી સૂરિ પોતાની વીશ સ્થાનકની પૂજામાં કથે છે કેઃ-

'અરિહંત પદ ધ્યાતાં થકાં, દ્રવ્ય ગુણ પરજાયરે;—
ભેદ છેદ કરી આતમા, અરિહંત રૂપી થાયરે.

કહેવાનું તાત્પર્ય કેઃ—

તીર્થંકર મહારાજની સ્તુતિ કરવાનું કારણ એ છે કે તેથી પહેલાં તો સમ્યક્ત્વ નિર્મળ થાય છે, એટલે દર્શનાચારની વિશુદ્ધિ થાય છે અને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પછી તીર્થંકર જેવાજ ગુણો ધીમે ધીમે પ્રગટી નીકળે છે. કારણ કે શ્રી ગૌતમ સ્વામીએ પ્રશ્ન કર્યો કેઃ-

**थय थुइ मंगलेण, भंते जीवे किं जणइ गोयमा।**
**नाण दंसण चारित्त बोहिलाभं जणइ ॥**

અર્થ—હે ભગવન્ ! સ્તવન અને સ્તુતિ કરવાથી જીવને કેવો લાભ થાય ? ત્યારે **વીર**પ્રભુએ કહ્યું કે 'હે ગૌતમ ! જ્ઞાન, દર્શન, ચારિત્ર અને સમકીતનો લાભ થાય.'

**વિવેચન**—પૂજ્ય પુરૂષોની સ્તુતિ કરવાથી આત્માના જે મૂળ ગુણો જ્ઞાન, દર્શન અને ચારિત્ર તેની પ્રાપ્તિ થાય.

વળી જીવની પરિણતિનો ઘણો આધાર આલંબન ઉપર રહેલો છે, તેથી તીર્થંકરનું સ્તવનરૂપ આલંબન શ્રેષ્ઠ હોવાથી તેનું શાસ્ત્રકારે કથન કરેલું છે અને તેથી દરેક ક્રિયામાં 'લોગસ્સ'નો પાઠ કહેલો છે. આ લોગસ્સનું બીજું નામ ચતુર્વિંશ-ચોવીશ તીર્થંકરોની સ્તુતિ રૂપ હોવાથી 'ચતુર્વિંશતિસ્તવ' (ચઉવિસથ્થો) આપેલ છે અને તેને પ્રતિક્રમણના છ આવશ્યકમાંનું બીજું આવશ્યક ગણેલું છે.

## ૭૩.
## લોગસ્સસૂત્ર.

મૂળપાઠઃ—

**લોગસ્સ ઉજ્જોઅગરે,**
**ધમ્મ તિથ્થયરે જિણે,**
**અરિહંતે કિત્તઈસ્સં,**
**ચઉવિસંપિ કેવલી. ×॥ ૧ ॥**
**ઉસભમજિયં ચ વંદે,**
**સંભવમભિણંદણં ચ સુમઇ ચ,**
**પઉમપ્પહં સુપાસં,**
**જિણં ચ ચંદપ્પહં વંદે. ॥ ૨ ॥**

×આ અનુષ્ટુપ્ છંદ-શ્લોક છે, અને ત્યારપછી બધું ગાથા-આર્યા છંદમાં છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સુવિહિં ચ પુપ્ફદંતં,
સીઅલ સિજ્જંસ વાસુપુજ્જં ચ,
વિમલમણંતં ચ જિણં,
ધમ્મં સંતિં ચ વંદામિ ॥ ૩ ॥
કુંથું અરં ચ મલ્લિં,
વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ,
વંદામિ રિટ્ઠનેમિં,
પાસં તહ વદ્ધમાણં ચ ॥ ૪ ॥
એવં મએ અભિથુઆ,
વિહુયરયમલા પહીણજરમરણા,
ચઉવીસંપિ જિણવરા,
તિત્થયરા મે પસીયંતુ ॥ ૫ ॥
કિત્તિય વંદિય મહિયા,
જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા,
આરૂગ્ગ બોહિલાભં,
સમાહિવર મુત્તમં દિંતુ ॥ ૬ ॥
ચંદેસુ નિમ્મલયરા,
આઇચ્ચેસુ અહિયં પયાસયરા,
સાગરવર ગંભીરા,
સિદ્ધાસિદ્ધિં મમ દીસંતુ ॥ ૭ ॥

૭૪.

संस्कृत छाया.

लोकस्य उद्योतकरान्, धर्मतीर्थकरान् जिनान् ।
अर्हतः कीर्त्तयिष्ये, चतुर्विंशतिमपि केवलिनः ॥ १ ॥
ऋषभमजितं च वंदे, संभवमभिनंदनं च सुमतिं च ।
पद्मप्रभं सुपार्श्वं, जिनं च चंद्रप्रभं वंदे ॥ २ ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

सुविधिं च पुप्फदंतं, शीतलश्रेयांसवासुपूज्यान् च ।
विमलमनंतं च जिनं, धर्मं शांतिं च वंदे ॥ ३ ॥
कुंथुं अरं च मल्लिं, वंदे मुनिसुव्रतं नमिजिनं च ।
वंदे अरिष्टनेमिं, पार्श्वं तथा वर्द्धमानं च ॥ ४ ॥
एवं मया अभिष्टुता, विधूतरजोमलाः प्रक्षीणजरामरणाः ।
चतुर्विंशतिरपि जिनवराः, तीर्थंकराः मम प्रसीदंतु ॥ ५ ॥
कीर्तितवंदितमहिताः, ये एते लोकस्य उत्तमा सिद्धा ।
आरोग्यबोधिलाभं, समाधिवरं उत्तमं ददतु ॥ ६ ॥
चंद्रेभ्यो निर्मलतराः, आदित्येभ्यः अधिकं प्रकाशकराः ।
सागरवरगंभीराः, सिद्धाः सिद्धिं मम दिशंतु ॥ ७ ॥

७५.

## અર્થપાઠ.

લોગસ્સ—લોકના ( લોકવિષે ). પાંચ અસ્તિકાય જેમાં રહેલ છે એવા લોકના.

ઇજ્જોઅગયે—ઉદ્યોત–પ્રકાશ કરનાર. કેવલજ્ઞાન રૂપી પ્રદીપથી.

ધમ્મતિત્થયરે—ધર્મ તિર્થના કરનારને. તીર્થ એટલે જેનાથી તરાય છે તે; ધર્મતીર્થ એટલે ધર્મ જે તીર્થમાં પ્રધાન છે તે; ધર્મતીર્થ કરવાનું શીલ છે જેમનું તે ધર્મતીર્થંકર; કારણ કે દેવ, મનુષ્ય અસુર યુક્ત પરિષદ્ (પર્ષદા)માં સર્વને પરિણમે એવી ભાષાથી ભરેલી વાણીથી તીર્થંકરો ધર્મતીર્થ પ્રવર્તાવે છે. આ પદથી પ્રભૂનો પૂજાતિશય તેમજ વચનાતિશય બતાવાયા.

જિણે—જિનોને. જિન=રાગદ્વેષાદિને જીતનારા. આ પદથી અપાયાપગમાતિશય સૂચવાય છે.

અરિહંતે—અરિહંતને. કર્મરૂપ શત્રુને હણવાથી નિર્દોષપણું પ્રાપ્ત થયું છે જેને એવા અરિહંતને. ( અરિહંતના વિશેષ અર્થ માટે આગળ જુઓ. પૃ. ૮૬ ).

કિત્તઇસ્સં—કીર્તન–પ્રશંસા–સ્તુતિ કરીશ. અહીં જે સ્તુતિ કરીશું તે નામોચ્ચારપૂર્વક જેવા કે શ્રી ઋષભનાથ આદિ ચોવીસ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વર્તમાનચોવીસીના તીર્થંકરોના નામ લઇને કરીશું. આ બધા ભાવાર્હત્ છે, જ્યારે અરિહંત એ પદમાં રાજ્યાદિક અવસ્થાને વિષે દ્રવ્ય અરિહંતનો પણ સમાવેશ થાય છે, તેથી તેને અલગ કરી અહીં ભાવાર્હત્ કહેવામાં આવે છે, તે ખાસ સૂચવવાને 'કેવલી' એ નામ હવે પછી મૂકવામાં આવશે.

ચઉવિસંપિ—ચોવીસ અને (બીજા) પણ. ચોવીસમાં ઋષભાદિક ચોવીસ તીર્થંકરનો સમાવેશ થાય છે, અને અપિ=પણ શબ્દથી અન્ય તીર્થંકરો કે જે મહાવિદેહ આદિ ક્ષેત્રમાં છે તેનો પણ સમાવેશ થાય છે.

કેવલી—કેવલજ્ઞાનીને; કેવલજ્ઞાન જેને ઉત્પન્ન થયું છે તેમને.

+હવે ચોવીશ તીર્થંકરોનાં નામ આવે છે

[1]ઉસભં—ઋષભ (દેવ)ને

---

+ શ્રી ઋષભ આદિ ચોવીશે તીર્થંકરો (વર્તમાન ચોવીશીના) અહીં નામ આપેલાં છે. તે નામના અર્થ પણ છે. તે બે પ્રકારે છે. સામાન્યથી અને વિશેષથી. સામાન્ય અર્થ દરેક તીર્થંકરોમાં વ્યાપ્ત છે એટલે દાખલા તરીકે ઋષભ લઇએ તેનો અર્થ કરતાં 'યઃ ઋષતિ' એટલે જે જાય છે (પરમપદ પ્રત્યે) તે ઋષભ. આ અર્થ દરેક તીર્થંકરને સામાન્ય છે કારણ કે દરેક તીર્થંકર એટલે શ્રીઋષભદેવ ઉપરાંત સર્વે પરમપદ પ્રત્યે જાય છે; માટે દરેક તીર્થંકરના વિશેષ નામ પરથી સામાન્ય અર્થ કરવામાં આવ્યો છે તે સામાન્ય અર્થ; અને જે વિશેષ અર્થ કરવામાં આવે છે જેમકે ગર્ભમાં આવ્યા પછી અમુક જાતનો પ્રભાવ થાય તેથી જે નામ પડે, તે વિશેષાર્થ છે. આ અર્થ જેનો કરવામાં આવ્યો હોય તેનેજ લાગુ પડે છે, જેમ કે 'વૃષભનાથ;' આ નામ પહેલા તીર્થંકર પોતાની માતાના ગર્ભમાં આવતાં તે માતાએ પ્રથમ સ્વપ્નમાં વૃષભ-બળદ દીઠો તેથી પડયું છે. આ બીજા તીર્થંકરોના સંબંધમાં બનતું નથી. આવી રીતે દરેક નામપરથી જે સામાન્ય અર્થ થતો હોય તે નીચે ફૂટનોટમાં અનુક્રમે પહેલાં આપવામાં આવ્યો છે, અને જે વિશેષાર્થ થતો હોય તે પછીથી આપવામાં આવ્યો છે.

૧. તે પ્રભુના બંને ઉરૂ (સાથળ)માં વૃષભનું લાંછન-લક્ષણ ચિન્હ હતું, તેથી અને સર્વ તીર્થંકરોની માતા પ્રથમ સ્વપ્નમાં હસ્તી-હાથી દેખે, જ્યારે

[૨]અજિયં ચ—અને અજિતનાથને
વંદે—વંદન કરૂં છું–વાંદું છું.
[૩]સંભવં—સંભવનાથને
[૪]અભિણંદણં ચ—અને અભિનંદનને
[૫]સુમઇંચ—અને સુમતિનાથને

---

એમની માતા મરૂદેવીએ પ્રથમ સ્વપ્નમાં વૃષભ-બળદ દીઠો તેથી આ પ્રભુનું નામ 'વૃષભ' પડયું, વળી તેઓ ધર્મની આદિ કરનાર થયા તેથી તેમનું બીજું નામ આદિનાથ છે. લાંછન વૃષભ છે.

૨. અજિતનાથ ભગવાન્ પરિસહ આદિથી પણ જીતાય નહિ તેવા અજિત હતાં, તથા તે પોતાની માતાના ગર્ભમાં નહોતા આવ્યા, ત્યારે તેમની માતા અને પિતા દ્યુતરમણ કોઇ વખત કરતા હતા ત્યારે માતા બાજી હારી જતા હતા; પરંતુ જ્યારે ગર્ભમાં આવ્યા, ત્યારથી માતા અજિત એટલે જીતાય નહિ તેવા થયા એટલે તેમની સાથે પ્રભુના પિતા હારી જવા લાગ્યા. આથી પ્રભુનું નામ 'અજિતનાથ' આપવામાં આવ્યું. આમનું લાંછન હસ્તી છે.

૩. સંભવનાથ એ નામ પડવાનાં કારણો–(૧) તેનામાં પ્રકર્ષે ચોત્રીશ અતિસયનો (સંભવ) છે, તેથી (૨) જે આ પ્રભુની સ્તુતિ કરે છે તેને સં=સુખ ભવ=થાય છે માટે. (૩) આ ભગવાન્ ગર્ભમાં આવ્યા પછી અધિક સસ્ય–ધાન્યનો સંભવ થયો માટે, એટલે દેશમાં દુકાળ હતો, અને ભગવાન્ ગર્ભમાં આવ્યાથી અણચિંતવ્યો મેહ આવ્યો, ધાન્યનાં વહાણો આવ્યાં, અને અણચિંતવ્યો પૃથ્વીમાં ધાન્યનો સંભવ થયો તેથી. આમનું લાંછન અશ્વ (ઘોડો) છે.

૪. અભિનંદનનું નામ પડવાનાં કારણો—(૧) જેમનું અભિનંદન દેવેંદ્રાદિથી થાય છે (૨) પ્રભુ ગર્ભમાં આવ્યા ત્યારથી પ્રતિક્ષણે શક્રાભિનંદન થતું એટલે શક્ર–ઇંદ્ર આવી સ્તવી સ્તવીને જતો, આપરથી અભિનંધા–પ્રશંસ્યા માટે. આમનું લાંછન વાનર (વાંદરો) છે.

૫. સુમતિનાથ–(૧) સુ એટલે શોભન જેમની મતિ છે તે (૨) તે પ્રભુ ગર્ભમાં આવ્યાથી તેમના માતાની મતિ સુનિશ્ચિત–ભલી થઇ છે તે આવી રીતેઃ–એક વણિકને બે સ્ત્રીઓ હતી, તેમાં મોટી વંધ્યા–વાંઝણી હતી જ્યારે નાનીને પુત્ર થયો હતો. તે વણીક મરી જવાથી આ બંને સ્ત્રીઓ વચ્ચે વઢવાડ થઇ, મોટી કહે કે મારો છોકરો છે, નાની કહે કે

[૬]પઉમપ્પહં—પદ્મપ્રભને
[૭]સુપાસં—સુપાર્શ્વનાથને.
જિણં ચ—વળી જિન એટલે કર્મરૂપી શત્રુને જીતનાર એવા.
[૮]ચંદપ્પહં—ચંદ્રપ્રભને.
વંદે—(હું) વાંદું છું.

---

મારો પુત્ર છે, કારણ કે જેનો પુત્ર ઠરે, તેને વણિકની બધી દોલત મળે. આનો ન્યાય રાજા પાસે કરાવવા બંને વઢતી વઢતી ગઈ. રાજાથી ચૂકાદો ન થયો. આ વખતે દરબારમાં રાણીજી હતાં. તેણીને ગર્ભના માહાત્મ્યથી ચૂકાદો કરવાની ભલી બુદ્ધિ થઈ. યુક્તિથી કહ્યું 'બંને સોકયો મળી ધન અડધો અડધ વહેંચી લ્યો, અને છોકરાના પણ બે ભાગ કરી અડધો અડધ વહેંચી લ્યો !' આ સાંભળી નાની કે જે સગી મા હતી તે બોલી 'મારે દ્રવ્ય જોઈતું નથી, અને છોકરાના કાંઈ બે ભાગ થાય નહિ; મારે પુત્રનો તથા ધનનો ખપ નથી, પુત્ર એનેજ સોંપો. એનો છે તે મહારોજ છે !' રાણીજી તરત બોલ્યાં 'એ પુત્ર ન્હાની સ્ત્રીનો છે. કેમકે પુત્રનું મરણ થાય ત્યાં સુધી મ્હોટી સ્ત્રીથી ના કહેવાણી નહિ, અને ન્હાની સ્ત્રીએ પોતાનો પુત્ર હોવાથી તેને મારવાની મનાઇ કરી માટે, તે તેનોજ–ન્હાની સ્ત્રીનો છે તેથી ધન તથા પુત્ર તેણીનેજ સ્વાધીન કરવું.' આવી રીતે ન્યાય બુદ્ધિ ઉપજી માટે. આમનું લાંછન ક્રૌંચ પક્ષી છે.

૬. પદ્મપ્રભ (૧) જેની પ્રભા એટલે કાંતિ નિઃકપતાથી પદ્મના સમૂહ જેવી છે (કારણ કે પદ્મ–કમળ પાણીમાં રહ્યું છતાં પાણીથી અલગ–નિઃકંપ છે) તે; (૨) ગર્ભમાં આવ્યા પછી માતાને પદ્મની શય્યાપર શયન કરવાનો દોહલો (દોહદ) ઉપજ્યો તેથી. (૩) ભગવાનનું પદ્મના રાતા વર્ણ જેવું શરીર હતું તેથી. આમનું લાંછન પણ પદ્મ છે.

૭. સુપાર્શ્વનાથ—(૧) સુપાર્શ્વ એટલે રૂડાં છે પાર્શ્વ–પડખાં–પાસાં છે જેને (૨) ભગવાન્ ગર્ભમાં આવ્યાથી તેમની માતા સુપાર્શ્વા થઈ એટલે કોઢના રોગવાળા પોતાના પડખા હતા તે સુવર્ણ વર્ણવાળાં સુકુમાલ થયાં તેથી. લાંછન સ્વસ્તિક ( સાથીઓ ).

૮. ચંદ્રપ્રભ—(૧) ચંદ્ર સમાન જેની પ્રભા–કાંતિ છે, વર્ણ છે તે. (૨) પરમેશ્વર ગર્ભમાં આવ્યાથી માતાને ચંદ્રનું પાન કરવાનો દોહલો ઉપજ્યો તેથી. આમનું લાંછન ચંદ્ર છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૯સુવિહિંચ પુપ્ફદંતં—વળી સુવિધિનાથને-પુષ્પદંતને.
૧૦સીઅલ—શીતલનાથને.
૧૧સિજ્જંસં ચ—શ્રેયાંસનાથને.
૧૨વાસુપુજ્જં ચ—વાસુપૂજ્યને.
૧૩વિમલં—વિમલનાથને.

૯. સુવિધિનાથ—(૧) સુવિધિ એટલે શોભન વિધિ છે જેનો એટલે સર્વ સ્થળે કૌશલ્ય છે જેનું તે. (૨) ભગવાન્ ગર્ભમાં આવ્યાથી તેમના માતા, પિતા ભલી વિધિએ કરી ધર્મમાં પ્રવર્ત્યા. આમનું બીજું નામ પુષ્પદંત છે કારણ કે મચકુંદ ફૂલની કળી જેવા ઉજ્જવલ પ્રભુના દાંત હતા. લાંછન મગર મત્સ્ય ( મગરમછ ) છે.

૧૦. શીતલનાથ—(૧) સમસ્ત જીવોના સંતાપને શીતલ-હરણ કરે છે તેથી. (૨) ભગવાનના પિતાને પિત્ત દાહ રોગ થયો હતો તે ગર્ભમાં આવ્યા પછી તેમના શરીરપર પ્રભુની માતાએ હાથ ફેરવ્યો એટલે ઉપશાંત થયો-શરીરે શીતલતા થઈ તેથી. લાંછન શ્રીવત્સ.

૧૧. શ્રેયાંસનાથ—(૧) જે સર્વ જગતનું શ્રેય-હિત કરનાર છે તે તથા (૨) સકલ જગતને જેમનું અત્યંત પ્રશંસા કરવાપણું છે તે. (૩) ગર્ભમાં આવ્યા પછી માતાને શ્રેય થયું તેથી. તે આ રીતેઃ-રાજાના ઘરમાં પરંપરાગત દેવથી અધિષ્ઠિત થયેલી શય્યા હતી. તે પર જે બેસે કે સૂવે તેને ઉપદ્રવ ઉપજતો હતો. આ શય્યાની પૂજા થતી હતી. પ્રભુ ગર્ભમાં આવ્યા પછી માતાને આ શય્યાપર સૂવાનો દોહલો ઉત્પન્ન થયો, તે વખતે વિચાર્યું કે દેવ ગુરૂની પ્રતિમાની પૂજા થાય, પરંતુ શય્યાની પૂજા ક્યાંહી સાંભળી નથી, એમ ચિંતવી સય્યાના રક્ષકે મનાઇ કરી તોપણ તે પર સૂતા. ગર્ભના પ્રભાવથી આધષ્ઠિત દેવ શય્યા મૂકી જતો રહ્યો અને રાજા પ્રમુખે શય્યાને પછીથી વપરાશમાં લીધી. આ રીતે માતાનું શ્રેય થયું. લાંછન ગેંડો.

૧૨. વાસુપૂજ્ય—(૧) વસુ એટલે અમુક પ્રકારના દેવતા છે તેનાથી પૂજવા યોગ્ય તે. (૨) ભગવંત ગર્ભમાં આવ્યા પછી વસુ એટલે હિરણ્ય અથવા રત્ન તેનાથી ઇંદ્ર મહારાજા આવી રાજકુલને પૂજતા હતા તેથી (૩) અથવા તેમના પિતાનું નામ વસુપૂજ્ય હતું, તેના પુત્ર તેથી વાસુપૂજ્ય. લાંછન મહિષ ( પાડો ).

૧૩. વિમલનાથ—(૧) જે વિમલ છે એટલે જેને નિર્મલ જ્ઞાનાદિક છે તે, અથવા (૨) જે કર્મમલ રહિત છે તે (૩) પ્રભુ ગર્ભમાં આવ્યા પછી માતા વિ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

[૧૪]અણંતં ચ—વળી અનંતનાથને.
જિણં—એ જિનને.
[૧૫]ધમ્મં—ધર્મનાથને.
[૧૬]સંતિં ચ—અને શાંતિનાથને.
વંદામિ—(હું) વાંદું છું.

મલમતિવાળી થઇ તેથી તે આ રીતેઃ–નગરમાં કોઈ સ્ત્રી ભર્તાર દેહરે આવી ઉતર્યા; સ્ત્રી પાણી પીવા બીજે સ્થળે ગઈ, તે વખતે ભર્તાર એકલો રહ્યો અને એક વ્યંતરી દેવી ત્યાં રહેતી હતી તેણીને તે પુરૂષનું સુંદર રૂપ જોઇને તેની સાથે કામક્રીડા કરવાની ઇચ્છા થઇ તેથી તેની બહાર ગયેલી સ્ત્રીના જેવુંજ રૂપ લઇ તે પુરૂષ પાસે આવી, તે વખતે તેની મૂળ સ્ત્રી પણ બહારથી આવી. પુરૂષે બંનેને સમાન રૂપવાળી જોઈ કહ્યું કે 'આમાં મારી પોતાની સ્ત્રી કોણ છે?' બંનેએ કહ્યું કે 'હું તારી સ્ત્રી છું.' આમ વઢતાં વઢતાં રાજા પાસે આવ્યા. રાજા અને પ્રધાન બંનેનું સરખું રૂપ જોઈ નિવેડો કરી શક્યા નહિ, તે વખતે રાજાની રાણી અને પ્રભુની માતાએ પુરૂષને એક બાજુ રાખી એવું કહ્યું કે 'જે સ્ત્રી પોતાના સત્ય વચનના પ્રભાવથી દૂર ઉભેલા પોતાના ભરથારને ખસ્યા વગર સ્પર્શ કરે, તેનો એ ભરથાર જાણવો.' વ્યંતરીએ દેવશક્તિના પ્રભાવથી પોતાનો હાથ લાંબો કરી તે પુરૂષનો સ્પર્શ કર્યો, એટલે રાણીએ તરતજ તેનો હાથ પકડી તું વ્યંતરી છે એમ કહી પોતાને સ્થાનકે જવાનું કહ્યું. આવા જુદા ચાર ન્યાયથી રાણી વિમલ મતિવાળી કહેવાણી. (૪) પ્રભુ ગર્ભમાં આવ્યાથી તેના પ્રભાવે માતાનું શરીર પણ નિર્મલ થયું તેથી. લાંછન સુવર.

૧૪. અનંતનાથ—(૧) જેને અનંતજ્ઞાન, દર્શન આદિ છે. અથવા (૨) જેને કર્મના અનંત અંશ જીતેલા છે. (૩) ગામમાં તાવના વાસરા હતા, પ્રભુ ગર્ભે આવ્યા ત્યારે માતાએ અનંત ગાંઠના દોરા કરી બાંધવાથી તાવને દૂર કર્યો (૪) તથા સ્વપ્નમાં જેનો અંત નહિ આવે તેવી મોટી રત્નની માળા માતાએ જોઇ તેથી. લાંછન સિંચાણો.

૧૫. ધર્મનાથ—(૧) દુર્ગતિએ પડતા પ્રાણીને ધરી રાખે તે; (૨) પ્રભુ ગર્ભમાં આવ્યાથી પ્રભુના માતપિતા દાનાદિધર્મપરાયણ થયા તેથી. લાંછન વજ્ર.

૧૬. શાંતિનાથ—(૧) સ્વયમેવ શાંતિના કરનાર, અથવા (૨) સાંતિના યોગથી અથવા શાંતિરૂપ હોવાથી. (૩) દેશમાં મરકીનો ઉપદ્રવ ઘણો હતો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

[17]કુંથું—કુંથુનાથને.
[18]અરં ચ—અને અરનાથને.
[19]મલ્લિં—મલ્લિનાથને.
વંદે—( હું ) વાંદું છું.
[20]મુણિસુવ્વયં—મુનિસુવ્રતને.
[21]નમિજિણં ચ—અને નમિ જિનને.
વંદામિ—( હું ) વાંદું છું.

---

તે ભગવંત ગર્ભે આવ્યા પછી માતાએ અમૃત છાંટયું તેથી મરકીની શાંતિ થઇ એ પ્રભાવથી. લાંછન મૃગ.

૧૭. કુંથુનાથ—(૧) કુ એટલે પૃથ્વી તેને વિષે સ્થિત માટે (૨) ભગવાન્ ગર્ભમાં આવ્યા પછી માતાએ સ્વપ્નમાં રત્નનો થુભ (ઢગલો) પૃથ્વીને વિષે જોયો (૩) તથા શત્રુ હતા તે કુંથુઆની પેઠે ન્હાના થયા (૪) અથવા પ્રભુ જન્મ્યા પછી કુંથુઆ પ્રમુખ ન્હાના મોટા જીવોની જયણા દેશમાં પ્રવર્તી માટે. લાંછન છાગ ( બોકડો.)

૧૮. અરનાથ—(૧) વૃદ્ધ પુરૂષો અર એવું નામ એવા પુરૂષને આપે છે કે જે અરિહંત જેવા સર્વોત્તમ પુરૂષ જે કુલને વિષે ઉપજે તેની કુલની વૃદ્ધિ થાય. (૨) પ્રભુ ગર્ભમાં આવ્યા પછી તેમની માતાએ સ્વપ્નમાં સર્વ રત્નમય અર એટલે આરો તથા થુભ એટલે ઢગલો જોયો માટે. લાંછન નંદાવર્ત.

૧૯. મલ્લિનાથ—(૧) પરિસહરૂપ મલ્લ તેનો જય કરનાર તે મલ્લિ. (૨) ભગવાન્ ગર્ભમાં આવ્યા પછી માતાને એક ઋતુમાં સર્વ ઋતુનાં સુગંધિ ફૂલની શય્યામાં સૂવાનો દોહલો થયો માટે માલ્લિનાથ. લાંછન કલશ.

૨૦. મુનિસુવ્રત—(૧) જે જગત્‌ની ત્રણકાલની અવસ્થા જાણે તે મુનિ, અને વળી જેને શોભન વ્રત છે તે સુવ્રત. (૨) ભગવંત ગર્ભમાં આવ્યા પછી એમની માતાને મુનિ સરખા શોભન શ્રાવકનાં વ્રત પાળ્યાં, એ ગર્ભના પ્રભાવે આ નામ પાડયું. લાંછન કાચબો.

૨૧. નમિનાથ—(૧) પરિસહ ઉપસર્ગાદિક જેણે નમાવ્યા છે તે નમિ. (૨) પ્રભુ ગર્ભમાં આવ્યા પછી ગર્ભના પ્રભાવે શહેરપર ચડી આવેલા રાજાઓ નમ્યા હતા, તે આવી રીતેઃ—સીમાડાના રાજાઓ ભગવંતના પિતાના શત્રુ હતા, તે ચઢી આવી ગામને વીંટી લીધું. રાજા આકુળવ્યાકુળ થઈ નિમિત્તિઆ (જોષિ)ને બોલાવી ઉપાય પૂછયો; નિમિત્તિ-

૨૨રિટ્ઠનેમિં—અરિષ્ટનેમિને.
૨૩પાસં—પાર્શ્વનાથને.
તહ—તથા
૨૪વદ્ધમાણં ચ—અને વર્ધમાનને.

---

આએ કહ્યું કે 'રાણી સગર્ભા છે, તેણીને ગઢ ઉપર ચડાવી શત્રુઓને તેણીનું દર્શન કરાવો.' તેમ કરતાં શત્રુઓ ભગવંતની માતાને તેણીનું તેજ ન ખમાતાં નમસ્કાર કરતાં કરતાં રવાના થઈ ગયા. લાંછન—નીલોત્પલ એટલે નીલવર્ણવાળું કમળ.

૨૨. અરિષ્ટનેમિ—(૧) રિષ્ટ એટલે પાપ તેનો અભાવ એટલે નાશ કરવામાં નેમિ એટલે ચક્ર સમાન માટે અરિષ્ટનેમિ. (૨) પ્રભુ ગર્ભમાં આવ્યા પછી માતાએ સ્વપ્નમાં અરિષ્ટ એટલે કાળા રત્નની રેલ દીઠી, તથા આકાશમાં નેમિ એટલે ચક્ર ઉછળતું જોયું. આવા પ્રભાવથી અરિષ્ટનેમિ નામ દીધું. આ ભગવાનનું બીજું નામ નેમિનાથ છે. લંછન શંખ છે.

૨૩. પાર્શ્વનાથ—(૧) જે સમસ્તભાવોને 'સ્પૃશતિ' એટલે જાણે છે માટે; (૨) એમનો વૈયાવૃત્ય કરનાર પાર્શ્વ નામનો યક્ષ છે તેના તથા એટલે સ્વામી તેથી પાર્શ્વનાથ (૩) અથવા પ્રભુ ગર્ભમાં આવ્યા પછી માતાએ અંધારી રાત્રે પોતાની પાસે દીઠો તે સર્પના જવાના માર્ગની વચમાં રાજાનો (પ્રભુના પિતા) હાથ દેખી રાણીએ ઉંચો કર્યો તેથી રાજા જાગી ઉઠયો અને બોલ્યો 'શા માટે હાથ ઉંચો કર્યો ?.' રાણીએ કહ્યું 'મેં સર્પ જોયો તેથી.' રાજા બોલ્યો 'તમે જૂઠું બોલો છો.' પછી તેણે દીવો મંગાવી જોયું તો સર્પ જોયો. તેથી વિસ્મય પામી રાજાએ વિચાર્યું કે મેં ન દીઠો અને રાણીએ દીઠો એ ખરે ગર્ભનો પ્રભાવ છે ? એમ જાણી પાર્શ્વનાથ નામ આપ્યું. લાંછન સર્પ.

૨૪. વર્ધમાન—(૧) જન્મથી માંડી જ્ઞાનાદિકથી વૃદ્ધિ પામ્યા તે વર્ધમાન (૨) ભગવાન્ ગર્ભે આવ્યા પછી માતા પિતા સમસ્ત ઋદ્ધિથી વૃદ્ધિ પામ્યા, ધન ધાન્યાદિકના ભંડાર તથા દેશ નગરાદિકની વૃદ્ધિ થઇ, સર્વ રાજા આજ્ઞામાં વર્તવા લાગ્યા. આ પ્રભાવથી વર્ધમાન નામ પાડયું. બીજું નામ મહાવીર છે. (૧) ભગવંતે જન્મતાંજ મેરૂપર્વતને ડાબા પગના અંગુઠાથી કંપાવ્યો, (૨) ભગવંતની સાથે તેના બળની પરીક્ષા કરવા આવેલો દેવતા આમલક્રીડા (આંબલી પીંપળીની રમત) કરતાં હાર્યો. આમ ભગવંતનું અનંત બળ જાણીને શ્રી મહાવીર એવું બીજું નામ ઇંદ્ર મહારાજે આપ્યું. લાંછન કેશરી છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એવં—એ પ્રકારે.

મએ—મેં-મારા જીવે.

અભિથુઆ—અભિસ્તુતિ કરી એટલે નામપૂર્વક સ્તવ્યા.

વિહુયરયમલા—કર્મરૂપી રજ અને મલને વિશેષ પ્રકારે જેણે ટાળ્યા છે એવા. અહીં કર્મરૂપી રજ તે જે કર્મ જતાં આવતાં (ઇર્યાપથિકી ક્રિયાથી) બંધાય, અથવા નવા બંધાતાં જે ઢીલાં કર્મ તે રૂપી રજ. અને કર્મરૂપી મલ એટલે પૂર્વે બાંધેલ ચીરકાલનાં સંચિત, નિકાચિત ગાઢકર્મ, અથવા સાંપરાયિક ક્રિયાથી બંધાતાં કર્મ તે રૂપી મલ.

પહીણ—પ્રક્ષીણ એટલે અતિશયે કરીને ક્ષય કર્યા છે

જરમરણા—જરા અને મરણ (જેણે); એટલે જે સમય સમય આયુષ્ ઘટે તેને જરા કહીએ, અને સર્વથા આયુ ઘટીને પ્રાણ જુદો પડે તેને મરણ કહીએ.

ચઉવિસંપિ—ચોવીશે પણ (પૂર્વે કહેલા વર્તમાન ચોવીશીના અને 'અપિ' એટલે 'પણ' એમાં બીજા તીર્થંકરોનો સમાવેશ થાય છે.)

જિણવરા—જિનવરો-જિનમાં ઉત્તમ એટલે શ્રુતધર આદિ જિનો થકી શ્રેષ્ઠ.

તિત્થયરા—તીર્થંકરો.

મે—મારા ઉપર.

પસીયંતુ—પ્રસન્ન થાઓ. પ્રસાદ એટલે કૃપા કરો.

નોટ—જેને આપણે 'પ્રસન્ન થાઓ' એમ કહીએ છીએ તે જિન ભગવાન્ વીતરાગ છે એટલે તેથી સ્તુતિ કરનાર ઉપર પ્રસન્ન થતા નથી, તેમજ તેની નિંદા કરનાર ઉપર અપ્રસન્ન થતા નથી; પરંતુ સ્તુતિ કરનારને સ્તુતિનું ફળ મળે છે, અને નિંદા કરનારને નિંદાનું ફળ મળે છે. કારણ કે દરેક ક્રિયાનું ફળ તો અવશ્ય હોય છેજ. વળી જેવી રીતે ચિંતામણીથી, મંત્રાદિક કરવાથી શુભની વાંચ્છા કરનારને શુભ ફળ મળે છે અને અશુભની વાંચ્છા કરનારને અશુભ ફળ મળે છે, તેવી અહીં સ્તુતિ કરવાથી સ્તુતિનું ફળ મળે છે. અહીં કોઈ એમ કહે કે 'જે પ્રસન્ન થતાજ નથી, તે શી રીતે પ્રસન્ન થશે? માટે વૃથા પ્રલાપ કર-

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

વાથી ભક્તિનો અતિશય થતો નથી,' આના ઉત્તરમાં કહેવાનું કે પ્રસન્ન થાઓ એવું કહેવાથી દોષ પણ નથી, કારણ કે જેની સ્તુતિ કરી પ્રસન્ન થવાનું કહીએ છીએ તેના કલેશ આદિ ક્ષીણ થઇ ગયા છે તે જેમ પ્રસન્ન થતા નથી, તેમ તેમની સ્તુતિ વૃથા પણ થતી નથી કારણ કે તેને સર્વભાવની વિશુદ્ધિ છે.

કિત્તિય—(જે) કીર્તિત તે; એટલે નામવિશેષથી જેનું ઇંદ્રો આદિ કીર્તન કરે છે, સ્તુતિ કરે છે.

વંદિય—(જે) વંદિત છે; એટલે જેને ઇંદ્ર આદિ વિશુદ્ધ મન, વચન અને કાયાથી વંદે છે–પંચાંગ નમસ્કાર કરે છે.

મહિયા—(જે) મહિત છે, એટલે ઇંદ્રાદિક જેને પુષ્પ આદિથી પૂજે છે.

જેએ—(એવા) જે, તે.

લોગસ્સ—લોકના (લોકને વિષે)

ઉત્તમા—ઉત્તમ પ્રધાન એવા.

સિદ્ધા—સિદ્ધ થયા છે એટલે નિષ્ઠિતાર્થ–જેના અર્થ સર્વ સંપૂર્ણ થયા છે એવા થયા છે–સિદ્ધ ગતિને પામ્યા છે.

આરૂગ્ગ—આરોગ્યતા. આરોગ્યતા બે પ્રકારની છે. દ્રવ્યારોગ્યતા એટલે તાવ આદિ રોગથી રહિતપણું અને ભાવારોગ્યતા એટલે સિદ્ધપણું. અહીં સિદ્ધપણું અર્થ છે.

બોહિલાભં—બોધિલાભને–સમ્યકત્વને એટલે શ્રી જિનધર્મની પ્રાપ્તિના લાભને.

સમાહિવરમુત્તમં—પ્રધાન અને ઉત્તમ સમાધિને. સમાધિ એટલે જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ રત્નત્રયને વિષે એકતા–પરમસ્થિરતા.

દિંતુ—દ્યો, આપો.

ચંદેસુ—ચંદ્રોમાં–ચંદ્રના સમુદાયથકી.

નિમ્મલયરા—નિર્મલતર–અતિ નિર્મળ.

આઇચ્ચેસુ—આદિત્યોમાં–સૂર્યના સમુદાયથકી.

અહિયં—અધિક.

પયાસયરા—પ્રકાશના કરનારા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાગરવર—ઉત્તમ સાગર (પેઠે) એટલે ઉત્તમ એવા **સ્વયંભૂરમણ** નામના સમુદ્ર જેવા.
ગંભીરા—ગભીર છે જેઓ, (એવા)
સિદ્ધા—સિદ્ધ એટલે જે અષ્ટ કર્મથી રહિત સિદ્ધ થયા છે તે.
સિદ્ધિં—સિદ્ધિને—મુક્તિને
મમ—મને
દીસંતુ—આપો.
આને '**નામસ્તવ**' કહેવામાં આવે છે.

## ૭૬.
## ભાવાર્થ પાઠ.

આ ચૌદ રાજલોકને વિષે જેઓ ઉદ્યાત કરી રહ્યા છે, ધર્મતીર્થને પ્રવર્તાવી રહ્યા છે એવા શ્રી અરિહંત ચોવીશે કેવલી પ્રભુ છે તેની હું સ્તુતિ કરીશ. ૧

(૧) શ્રી **ઋ**ષભદેવ (૨) શ્રી **અ**જીતનાથ (૩) શ્રી **સં**ભવનાથ (૪) શ્રી **અ**ભિનંદન (૫) શ્રી સુમતિનાથ (૬) શ્રી **પ**દ્મપ્રભ (૭) શ્રી **સુ**પાર્શ્વનાથ (૮) શ્રી ચંદ્રપ્રભ (૯) શ્રી સુવિધિનાથ કે શ્રી પુષ્પદંત (૧૦) શ્રી **શી**તલનાથ (૧૧) શ્રી શ્રેયાંસનાથ (૧૨) શ્રી **વા**સુપૂજ્ય (૧૩) શ્રી **વિ**મલનાથ (૧૪) શ્રી **અ**નંતનાથ (૧૫) શ્રી ધર્મનાથ (૧૬) શ્રી શાંતિનાથ (૧૭) શ્રી કુંથુનાથ (૧૮) શ્રી **અ**રનાથ (૧૯) શ્રી **મ**લ્લિનાથ (૨૦) શ્રી **મુ**નિસુવ્રત (૨૧) શ્રી **ન**મીનાથ (૨૨) શ્રી **અ**રિષ્ટનેમિ (**ને**મિનાથ) (૨૩) શ્રી **પા**ર્શ્વનાથ અને (૨૪) શ્રી **વ**ર્ધમાન અથવા શ્રી **મ**હાવીર ૨–૪

એ ચોવીશે તીર્થંકરોની મેં નામોચ્ચારપૂર્વક સ્તુતિ કરી, જેઓએ કર્મરૂપી રજ અને મલને દૂર કર્યા છે, જન્મ જરા અને મરણને ટાળ્યા છે એવા તે ચોવીશે તીર્થંકરો મારાપર પ્રસન્ન થાઓ ! ૫.

ઇંદ્રાદિક જેઓની કીર્તિ કરે છે, જેમને વંદન કરે છે, અને જેમનું પૂજન કરે છે, અને જેઓ લોકને વિષે ઉત્તમ પ્રકારે સિદ્ધ થયા છે તે શ્રી તીર્થંકર પ્રભુ મને આરોગ્યતા, બોધિલાભ, અને ઉત્તમ પ્રધાન એવી સમાધિ આપો ! ૬.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જેઓ અનેક ચંદ્રના સમૂહથી પણ નિર્મળ છે, અનેક સૂર્યના સમુદાયથી વિશેષ પ્રકાશ કરનારા છે, અને સ્વયંભૂ રમણ સમુદ્રથી પણ જેઓ ગંભીર છે તે શ્રી સિદ્ધ ભગવાન મને સિદ્ધિ આપો ! ૭.

૭૭.

## વિવેચન પાઠ.

અન્ય ધર્મમાં યોગ ઉપર ઘણાં શાસ્ત્રો છે, જ્યારે આપણામાં તે સંબંધે છે કે નહિ એના જવાબમાં કહેવાનું કે 'અવશ્ય છે.' 'યોગબિંદુ', 'યોગશાસ્ત્ર', 'યોગપ્રદીપ' વગેરે અનેક ગ્રંથો યોગ સંબંધે જૈનોમાં છે; અને જૈનોમાં યોગ છે એવું સૂચવન અહીં કરી બતાવવાનું કારણ એ છે કે 'લોગસ્સ' નો પાઠજ તે કહી આપે છે.

આમાં ચોવીશ જિનવરનાં નામ કહી પછી જે યાચના કરી છે તેમાં ' સમાહિવરમુત્તમં દિંતુ ' એવી પણ યાચના કરી છે. તે કહે છે કે ' અમને ઉત્તમોત્તમ સમાધિ આપો '. સમાધિ એટલે આ સંસારમાં બધી જગાએ આધિ ( મનનું દુઃખ ), વ્યાધિ ( રોગ ) અને ઉપાધિ ( બહારથી આવી પડેલું દુઃખ ) એ ત્રણ વિટંબના લાગી રહીજ છે. આ વિટંબના–જંજાળ–દુઃખથી વિરક્ત બની સમતા ભાવે રહેવું તેનું નામ સમાધિ છે.

સામાયિક ક્રિયા સમતા ભાવે રહેવાની ક્રિયા છે, તેથી તે સમાધિરૂપ છે. આત્માની સ્વાનુભવરૂપ સ્થિતિ વિચારી તે સ્થિતિ પ્રાપ્ત કરવાનાં લક્ષણો શોધી તે પ્રમાણે વર્તન રાખવું તે સામાયિક અને સમાધિનો ઉદ્દેશ છે. ક્રિયા સમજણ અને ભાવથી કરવાથી ઉત્તમ ભાવનાના સ્વરૂપને પ્રાપ્ત કરીએ છીએ. આથી આત્મા સ્વસ્વરૂપમાં રહી ઉચ્ચ સ્થિતિએ ચઢે છે.

' લોક ' એટલે ચૌદ રાજલોક. ચૌદ રાજલોકનું સ્વરૂપ બે પગ પહોળા કરી કેડ ઉપર હાથ દઈ ઉભેલા માણસના જેવું–પુરૂષાકાર છે એ સામાન્યાકારે કહી શકાય તેમ છે.

કર્મને લીધેજ આ સંસારમાં જન્મ, જરા અને મરણનાં દુઃખો ભોગવવાં પડે છે. કર્મ એજ પુનઃ જન્મનું કારણ છે, માટે કર્મ રૂપી રજ–મેલને ટાળવાના પ્રયાસ કરવાને આ પાઠથી સૂચના મળે છે,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નહારાં, પાપકારી, અનીતિનાં કૃત્યોથી કર્મનો સમૂહ-જથ્થો વધતો જાય છે, જ્યારે દયા, અનુકંપા, પરોપકાર, નીતિ, દાન, શિયળ, તપ, ભાવના આદિથી એ કર્મોનો ધીમે ધીમે નાશ થતો જાય છે, અથવા શુભ કર્મમાં વધારો થાય છે, તેથી તીર્થંકર દેવની પ્રસન્નતા માગવાનું કારણ એ છે કે એવી રીતે તેમનાં સ્મરણ ચિંતવનથી તેમના ગુણોમાંના કોઇ પણ ગુણો કોઈ પણ અંશે ગ્રહણ કરવાની આપણને ટેવ પડે, અને તેથી પાછાં અનીતિનાં-પાપકારી આચરણો ન આચરીએ.

૭૮.

**મુહપત્તીની પડિલેહણા.**—( મુખવસ્ત્રિકા પ્રતિલેખન ).

**વિધિ**—ઉપર પ્રમાણેનો ' લોગસ્સ ' નો પાઠ પ્રગટ કહ્યા પછી મુખવસ્ત્રિકાનું પ્રતિલેખન કરવા માટે અગાઉ ( ૧ ) ખમાસમણ પૂર્વક ( ૨ ) સદ્ગુરૂનો મુહપત્તી પડિલેહવાનો આદેશ માગી ( ૩ ) બેસી *( ગોદોહાસને ) ( ૪ ) મુહપત્તી પડિલેહવી. મુહપત્તી પડિલેહવા માટે આજ્ઞા આવી રીતે માંગવી.

**" ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ !**
**મુહપત્તી પડિલેહું ? "**

**સંસ્કૃત છાયા.**

**इच्छाकारेण संदिसह भगवन् मुखवस्त्रिकां प्रतिलिखामि.**

અર્થ—હે ભગવન્ ! ઇચ્છાએ કરી મને આદેશ આપો કે હું મુહપત્તી પડિલેહું.

આથી ગુરૂ આજ્ઞા આપે **" પડિલેહ. "**

ત્યારે સામાયિક કરનારે **" ઇચ્છં "** એમ કહી મુહપત્તી તથા અંગની પડિલેહણા કરવી.

---

*ગોદોહાસન—એટલે જેમ કોઈ ગાય દોહતું હોય, અને બે પગ ઉભા રાખી અધર બેસે, અને બે હાથ બે જાંગની વચ્ચે ગાયના આંચળ ઉપર હોય તેમ, એટલે બે પગ વચ્ચે અધર બેસી વચમાં બે હાથ રાખી જે આસન થાય તે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૭૯.

## મુહપત્તી પડિલેહવાનો હેતુ.

અહીં લક્ષમાં રાખવાનું છે કે ગુરૂ સાક્ષાત્ હાજર ન હોય છતાં ગુરૂ સમીપેજ બેઠો છું, એવી ભાવના રાખીને ગુરૂની આજ્ઞા માગવાનો વિધિ યથાવિધિ આચરવો; અર્થાત્ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્!" ઇત્યાદિપૂર્વક જાણે સાક્ષાત્ સદ્‌ગુરૂ પાસે આજ્ઞા માગતા હોઇએ એમ વર્તવું; અને ગુરૂની સ્થાપના કાંઇ વાણી બોલે નહિ, છતાં માગેલ આજ્ઞાનો સદ્‌ગુરૂ તરફથી ઉત્તર મળ્યો છે, એમ ધારી તે તે કાર્યમાં પ્રવર્તવું. આવી પ્રવૃત્તિ એ વિનયનું પરમ-મોટું કારણ છે; અને પ્રમાદ ટાળવાનું, તથા ઉપયોગ જાગૃત રાખવાનું ઉત્તમ સાધન છે. પડિલેહણનો મૂળ શબ્દ પ્રતિલેખન છે; પ્રતિ=તરફ, ફરી+લેખન=જોવું. લિખ્ ધાતુપરથી એટલે ફરી ફરી વાર જોવું, નિરીક્ષણ કરવું.

૮૦.

## મુહપત્તી કઇ રીતે પડિલેહવી?

હવે મુહપત્તી પડિલેહતાં તેના તથા અંગપડિલેહણના દરેકના પચીશ પચીશ એમ મળી નીચેના પચાસ બોલો મનમાં બોલી જવા, એટલે તેના સ્મરણ-ચિંતવનપૂર્વક મુહપત્તી અને અંગ પડિલેહવા (પ્રતિખવા). પહેલાં મુહપત્તી અને અંગ-શરીર-કાયા કઇ રીતે પડિલહવા તે કહે છે, અને પછી તે દરેકમાં શું ચિંતવવું તે કહીશું.

**दिट्ठि पडिलेह एगा, छ उड्डपप्फोड तिग ति अंतरिआ।**
**अक्खोड पमज्जणया, नव नव मुहपत्ति पणवीसा ॥**

૧. એક દૃષ્ટિ પ્રતિલેખના—એટલે પ્રથમ મુહપત્તીના બંને પાસા સર્વત્ર દૃષ્ટિએથી જોવા.

૬. ૭ ઉર્ધ્વ +પખોડ પ્રતિલેખના—એટલે ત્યાર પછી મુહપત્તીને ફેરવી બે હાથે-ડાબા અને પછી જમણા હાથે પકડીને નચાવવા રૂપ ત્રણ ત્રણ ઉંચા પખોડા કરવા, તે ૭ વાર ખંખેરવા રૂપ.

૯. નવ +અખ્ખોડ પ્રતિલેખના } ત્યાર પછી ત્રણ અખ્ખોડા
૯. નવ પ્રમાર્જના પ્રતિલેખના } અને ત્રણ પ્રમાર્જના તે અનુ-

૨૫.

---

+ પખોડ, અખ્ખોડ—આ શબ્દો 'પ્ર-ક્ષાલન, અ-ક્ષાલન' ના અપભ્રંશ હોવા સંભવે છે. આ સંભવ કલ્પનાજનિત છે; પણ તે કલ્પનાને પુષ્ટિ આપ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ક્રમે ત્રણવાર એક એકને અંતરે કરવા એટલે મુહપત્તિના ત્રણ વધૂટક ( વહુના ઘુંઘટની માફક ) કરી જમણા હાથની અંગુલીના આંતરાની વચમાં ભરાવીને ત્રણ અખોડા પસલી ભરીએ એટલે ત્રણવાર મુહપત્તિ ઊંચી રાખી ડાબા હાથના તળા ઉપર સ્પર્શ કર્યા સિવાય અંદર લઇએ અને પછી ત્રણ પ્રમાર્જના પશલી માંહેથી ઘસીને કાઢીએ, એમ એક એકને આંતરે ત્રણવાર ત્રણ ત્રણ પ્રમાર્જના કરવી. એ પ્રમાણે કરતાં નવ અખ્ખોડા ( ખંખેરવા ૩૫ ) પ્રતિલેખના થાય છે.

## ૮૧.

## અંગની પચીશ પ્રતિલેખના.

આ રીતે મુહપત્તીની કુલ પચવીશ પ્રતિલેખના થઇ. હવે અંગની પચવીશ પ્રતિલેખના કહીએ.

**पाया हिणेण तिअ तिअ, वामेअर बाहु सीस मुह हिअए ।**
**अंसुद्वाहो पिट्टे, चउ छप्पय देह पणवीसा ॥**

૧૫. પ્રતિલેખના—વામ એટલે ડાબા હાથે, જમણા હાથે, શીષ એટલે મસ્તકે, મુખે, અને હૃદયસ્થાને એમ પાંચ સ્થાને પ્રદક્ષિણાવર્તે કરી ત્રણ ત્રણ વાર પ્રતિલેખના કરવી; એટલે મુહપત્તી વધૂટકની પેઠે ગ્રહણ કરી ડાબા હાથ આદિ પાંચ સ્થાને ફેરવવાથી પંદર પ્રતિલેખના.

૪. પ્રતિલેખના—બે ખભાની ઉપર તથા બે નીચે, તથા વાંસાની બાજુએ, એટલે બે ખભા ઉપર અને બે કાંઇક વાંસાનો

---

નાર એ 'પખોડા–અખોડા' શબ્દોનો વ્યવહાર જે ક્રિયા માટે યોજ્યો છે, તે ક્રિયાનો હેતુ છે. આ ક્રિયા તે મુહપત્તીના પ્રતિલેખનમાં 'પખોડા–અખોડા' કરે છે તે છે. મુહપત્તીના પચાશ બોલ દાખવ્યા છે, તે હાલ વ્યવહારમાં બહુધા અપ્રચલિત છે; પણ એ બોલમાં ઉત્તમ હેતુ રહેલો છે; 'સમ્યક્ત્વ મોહિની' આદિ પરિહરૂં એ 'પખોડા'–પ્રક્ષાલન અને 'સદ્દેવાદિ' આદરૂં એ અખોડા–અક્ષાલન, આમ કલ્પના થાય છે, પણ તેની સત્યતાનો આગ્રહ કરી શકાય એમ નથી. આવી રીતે એક વિદ્વાન્ મને પત્રદ્વારા જણાવે છે.

મો. દ. દેશાઈ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભાગ આવી જાય તેવી રીતે બે કક્ષાને--પડખાને વિષે, એમ ચાર પ્રતિલેખના.

નોટ-કેડથી નીચેના ભાગે મુહપત્તી અડાડવી ન જોઇએ તેથી શરીરની ઓગણીશ પ્રતિલેખના મુહપત્તીથી, અને બે પગની છ પ્રતિલેખના ચરવળાથી કરવી જોઇએ. કેટલાકો ચરવળો નથી રાખતા, તેમણે આ વાત ધ્યાનમાં લેવાની છે.

આ ઉપર કહેલી પ્રતિલેખના પુરૂષોને માટે છે. સ્ત્રીઓને માટે તેમનું શરીર અને મસ્તક લુગડાંથી ઢંકાયેલું હોય માટે તેઓથી શરીરની પચીશ પ્રતિલેખનામાંથી ત્રણ મસ્તકની, ત્રણ હૃદયની, બે ખભાની અને બે પાસાની-પડખાની એ દશ પ્રતિલેખના ન થઇ શકે, તેથી તેઓને બાકીની પંદર પ્રતિલેખના હોય, કેમકે સ્ત્રીઓને મર્યાદા સાચવવાની જરૂર છે.

## ૮૨.

## મુહપત્તી પડિલેહતાં ચિંતવવાના પચાશ બોલ.

ઉપર આપણે મુહપત્તીની અને અંગની પ્રતિલેખના કઈ રીતે કરવી જોઇએ તે કહી ગયા, હવે તે પ્રતિલેખના કરતાં શું ચિંતવવું તે કહીએ. આ સંબંધમાં લખવાનું કે **આવશ્યક** વૃત્તિ અને **પ્રવચન**-સારોદ્ધાર વગેરે ગ્રંથોમાં પ્રતિલેખનામાં જીવરક્ષાનો હેતુ અને જિનેશ્વરની આજ્ઞા કહી છે, તોપણ મનરૂપ મર્કટ-વાંદરાને નિયમમાં લાવવા સારૂ અન્ય આચાર્યોએ પચાસ પ્રતિલેખના વખતે પચાસ બોલ મનમાં યાદ લાવવાના કહ્યા છે તે આ પ્રમાણે.

**सुत्तथ तत्तदिट्ठि, दंसणमोहातिगं च रागतिगं;**
**देवाईतत्ततिगं, तहय अदेवाइतत्ततिगं ॥**
**नाणाइतिगं तह, तव्विराहणा तिन्निगुत्ति दंडतिगं;**
**इय मुहणंतग पडि लेहणाइ कमसो विचिंतिज्जा ॥**
**हासो रईअ अरई, भय सोग दुगंछया य वजिज्जा;**
**भुअ जुअलं पेहंतो, सीसे अपसथ्थ लेसतिगं ॥**
**गारवतिगं च वयणे, उरि सल्लतिगं कसायचउ पीट्ठे;**
**पयजुगि छज्जीवं वहं, तणुपेहाए विझ्झाणमिणं ॥**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રથમ દૃષ્ટિ પ્રતિલેખનામાં એટલે મુહપત્તી ઉખેલી તેને બે બાજુ એ જોતાં—સૂત્રાર્થ તત્ત્વદૃષ્ટિ રાખું એટલે **'સૂત્ર, અર્થ, તત્ત્વ, કરી સદ્દહું** ( હૃદયને વિષે ધારણ કરૂં )' એમ ચિંતવવું.

ઉર્ધ્વ પખોડા કરતાં ડાબે હાથેમુહપત્તીને ખંખેરતાં–દર્શન–મોહત્રિક ત્યજું એટલે '**સમ્યકત્વ મોહનીય, મિશ્રમોહનીય, મિથ્યાત્વ મોહનીય પરિહરૂં**' અને

ઉર્ધ્વ પખોડા કરતાં જમણે હાથે મુહપત્તીને ખંખેરતાં—રાગત્રિક ત્યજું એટલે '**કામરાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગ પરિહરૂં**' એમ ચિંતવવું.

ત્યાર પછી પ્રથમના ત્રણ અખ્ખોડામાં ( જમણા હાથની આંગળીના આંતરા વચ્ચે મુહપત્તી ભરાવી, ડાબા હાથના તળમાં અંદર લેતાં)–દેવાદિ–તત્વત્રિક ધારણ કરૂં એટલે '**સુદેવ, સુગુરૂ, સુધર્મ આદરૂં**;' અને

પ્રથમની ત્રણ પ્રમાર્જનામાં ( ડાબા હાથના તળામાં મુહપત્તીને ત્રણવાર ઘસી કાઢતાં )–અદેવાદિ તત્ત્વત્રિક તજું એટલે '**કુદેવ, કુગુરૂ, કુધર્મ પરિહરૂં**,' એમ ચિંતવવું.

બીજા ત્રણ અખ્ખોડામાં–જ્ઞાનાદિત્રિક ધારણ કરૂં એટલે **જ્ઞાન, દર્શન, ચારિત્ર આદરૂં**' અને

બીજી ત્રણ પ્રમાર્જનામાં–તેની વિરાધનાત્રિક તજું એટલે '**જ્ઞાનવિરાધના, દર્શનવિરાધના, ચારિત્ર વિરાધના પરિહરૂં**,' એમ ચિંતવવું.

ત્રીજા ત્રણ અખ્ખોડામાં—ત્રિગુપ્તિ રાખવી એટલે '**મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ આદરૂં**,' અને

ત્રીજી ત્રણ પ્રમાર્જનામાં—દંડત્રિક તજું એટલે '**મનદંડ, વચનદંડ, કાયદંડ પરિહરૂં**,' એમ ચિંતવવું.

આવી રીતે મુહપત્તી પ્રતિલેહતાં ચિંતવવું.

ડાબા હાથની ભુજાએ ત્રણવાર પુંજતા–પ્રતિલેખના કરતાં '**હાસ્ય, રતિ, અરતિ પરિહરૂં**,' એમ ચિંતવવું.

ડાબા હાથમાં મુહપત્તી ઉપર પ્રમાણેજ ગ્રહણ કરી જમણી ભુજાએ પ્રતિલેખના કરતાં '**ભય, શોક, દુગંચ્છા પરિહરૂં**,' એમ ચિંતવવું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મસ્તકની પ્રમાર્જના કરતાં—લેશ્યાત્રિક એટલે '**કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા પરિહરૂં,**'

મુખની ત્રણ પ્રતિલેખના કરતાં—ગારવત્રિક એટલે '**ઋદ્ધિગારવ, રસગારવ, સાતાગારવ પરિહરૂં,**' અને

હૃદયની ત્રણ પ્રતિલેખના કરતાં—શલ્યત્રિક એટલે **માયાશલ્ય, નીયાણશલ્ય, મિથ્યાત્વશલ્ય પરિહરૂં,**' એમ ચિંતવવું.

ડાબા ખભા અને જમણા ખભાની નીચે ઉપર બે પડખે પ્રતિલેખના કરતાં ચાર કષાય એટલે એક તરફ '**ક્રોધ, માન પરિહરૂં,**' અને બીજી તરફ '**માયા, લોભ પરિહરૂં**' એમ ચિંતવવું.

ડાબે પગે પ્રતિલેખના કરતાં '**પૃથ્વીકાય, અપકાય, તેઉકાયની** [1]**રક્ષા કરૂં**' અને જમણે પગે પ્રતિલેખના કરતાં '**વાયુકાય, વનસ્પતિકાય, ત્રસકાયની રક્ષા કરૂં.**' એમ પાદયુગલ એટલે બંને પગની પ્રતિલેખના કરતાં છ કાયજીવની રક્ષા કરૂં એમ ચિંતવવું.

આ રીતે અંગની પ્રતિલેખના કરતાં ચિંતવવાના બોલ કહ્યા અને ઉપર કહેલા પચીશ મુહપત્તિની પ્રતિલેખના કરતાં ચિંતવવાના બોલ એમ પચાસ બોલ હૃદયમાં ઉપર કહેલ વિધિ પ્રમાણે ચિંતવવા.

૮૩.

## મુહપત્તી પડિલેહવાનો વિશેષ હેતુ.

મુહપત્તિની પડિલેહણા ( પ્રતિલેખના ) તે માત્ર મુહપત્તિના એક વસ્ત્રના કટકાને ખંખેરવાનું છે, અથવા તે વસ્ત્રને પડિલેહવાનું છે એમ નથી, પરંતુ તે વસ્ત્રના ખંડથી શરીરના જે જે અંગો ઉપર સંમાર્જન કરવામાં આવે છે, તે તે અંગોની સાથે તે અંગનું સંમાર્જન કરતી વખતે જે જે શબ્દો હોય કે ઉપાદેય બોલવામાં આવે છે તે તે સંબંધ ધરાવે છે.

---

૧ 'રક્ષા કરૂં' એ શબ્દો મુનિએ બોલવાના છે. સંસારીને માટે 'જયણા કરૂં' એમ બોલવાનો રિવાજ ચાલે છે. આ વિચારતાં બરાબર છે, કારણ કે સંસારી જીવો રક્ષા કરવા સમર્થ નથી, તેથી 'જયણા કરૂં' એમ બોલે, જ્યારે મુનિ છકાયના રક્ષક હોવાથી 'રક્ષા કરૂં' એમ બોલે તે યોગ્ય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હાસ્ય, રતિ, અરતિ, ક્રોધ, માન, માયા, લોભ વગેરે કર્મના પુદ્ગલો હોઇ પૌદ્ગલિક છે, અને તેમની શરીરના અમુક અમુક ભાગમાં મુખ્યતા–નિવાસસત્તા કે ઉત્પત્તિસત્તા હોવી જોઇએ. દાખલા તરીકે કામ છે તે જો કે સકલ શરીરમાં રહેલો છે, છતાં જુદી જુદી વખતે તે કામ જુદા જુદા અંગનો સ્પર્શ કરવાથી તુરતજ ઉદ્ભવે છે. આ વાત ઘણે સ્થળે લખેલ છે. જુઓ શ્રી **વી**રવિજય મહારાજ કૃત સ્થૂલીભદ્રની શીયળવેલની બીજી ઢાળ; તેમ આ દરેકને માટે સ્થાનનિયામકતા હોવી જોઇએ. મુહપત્તિના સંમાર્જનથી એમ સમજાય છે કે તે તે સ્થળથી સંમાર્જનદ્વારા જે હેય તેને દૂર કરવા, અને જે જે અંગે ઉપાદેય અર્થસૂચક શબ્દો બોલાય છે તે તે અંગોના સ્થળથી તે તે ઉપાદેય કરવું–પ્રાપ્ત કરવું. આ ઉપરથી શરીરની સાથે મનની–અંતરંગશુદ્ધિ બહુ ધાડો, નિકટ અને ઉપયોગી સંબંધ ધરાવે છે તે સ્પષ્ટ રીતે જણાય છે.

મુહપત્તિની પડિલેહણા જે બોલ. બોલી કરવાની કહેલ છે, તેમાં સળંગ જોઇએ તો શરીરના અવયવોના સ્પર્શથી અંતરંગ શુદ્ધિનો વિસ્તાર છે. શુદ્ધ ક્રિયા અને ભાવનાથી તે તે અંગવડે તે તે ક્રિયા ભાવ સાથે કરવાથી તે તે ગુણ પ્રગટે છે. આ વાતની સિદ્ધિ માટે હાલમાં પ્રચલિત થયેલી 'મેસ્મેરિઝમ' નામની ક્રિયા આબાદ ઉદાહરણ પૂરૂં પાડે છે. તે ક્રિયામાં સંમાર્જન કરવાથી પ્રાણવિનિમય થાય છે, અને તે દ્વારા અનેક જાતના રોગો મટાડી શકાય છે. વળી બીજું ઉદાહરણ એ છે કે જૂના માણસો, વૃદ્ધ ડોસીઓ, મંત્રવાદીઓ શબ્દોચ્ચાર સાથે હાથ આદિ શરીરના અવયવોની સંમાર્જન ક્રિયા કરે છે, જેવી રીતે આંખનો ઝોકો ઉતારવો, સર્પ તથા વીંછીનું ઝેર ઉતારવું, ભૂત, પ્રેત આદિનો વળગાડ કાઢવો વિગેરેમાં સમાર્જન ક્રિયા તે જોવામાં આવે છે.

માતા પોતાના પુત્રના શરીર ઉપર પ્રેમથી હાથ ફેરવે છે, તેથી તે હાથદ્વારા પ્રેમપ્રવાહ બાળકના શરીરમાં દાખલ થઈ બાળકને પુષ્ટ બનાવે છે. આવીજ રીતે ઘોડા, બળદ, ગાય વગેરે જાનવરો સંબંધમાં જોવામાં આવે છે, જેમકે તોફાને ચડેલો ઘોડો તેનાપર હાથ ફેરવવાથી શાંત થઈ જાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ બધાં દૃષ્ટાંત આપી એ બતાવવાનું છે કે મુહપત્તિના સંમાર્જનની ક્રિયામાં ગંભીર અર્થ સમાયેલો છે. જેમ આપણામાં આવી ક્રિયા છે તેમ અન્ય ધર્મોમાં પણ જોવામાં આવે છે. ગાયત્રી બોલતાં અમુક શબ્દોચ્ચાર વખતે હાથથી અમુક અંગને બ્રાહ્મણો સ્પર્શે છે, કેટલાક ડાભના તૃણથી કાયશુદ્ધિ કરે છે, કેટલાક શ્રુતિથી કરે છે. મુસલમાનો પણ નમાજ પઢતી વખતે જુદા જુદા અંગનો સ્પર્શ કરે છે. આ સર્વની મતલબ અંતરંગ દોષની શુદ્ધિ છે.

૮૪.

## મુહપત્તીના પચાશ બોલ. સઝ્ઝાય.

ઢાલ.

સિરિ જંબૂરે, વિનય ભક્તિ શિર નામીને;
કરજોડીરે, પૂછે સોહમ સ્વામીને:—
ભગવંતારે, કહો શિવકાંતા કેમ મળે;
કહે સોહમરે, મિથ્યા ભ્રમ દૂરે ટળે.

ત્રુટક.

દૂરે ટળે વિષ ગરલ ઈહા, ઉભય માર્ગ અનુસરી,
એક જ્ઞાન દૂજા કરત કિરિયા, અભેદારોપણ કરી,
જિમ પંગુ દર્શિત ચરણ કર્ષિત, અંધ બિહું નિજપુર ગયા,
તિમ સત્ત્વ સજતા તત્ત્વ ભજતા, ભવિક કેઈ સુખિયા થયા.૧

ઢાલ.

વૈકલ્ય જ્યુંરે, કષ્ટ તે કરવું સોહિલું;
પણ જંબૂરે, જાણપણું જગ દોહિલું;
તેણે જાણીરે, આવશ્યક કિરિયા કરો,
ઉપગરણેરે, રજહરણો મુહપત્તિ ધરો.

ત્રુટક.

મુહપત્તિ શ્વેતં માનોપેતં, સોલ નિજ અંગુલ ભરી,
દોય હાથ ઝાલી દગ નિહાલી, દષ્ટિ પડિલેહણ કરી;
ત્યાં સૂત્ર અર્થે સુતત્ત્વ કરીને, સદ્દહું એમ ભાવિયે,
નચા વચ્ચા રૂપ તિગ તિગ, પખોડા પટ લાવિયે. ૨

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઢાલ.

સમકિત મોહનીરે, મિશ્ર મિથ્યાત્વને પરિહરૂં,
કામ રાગરે, સ્નેહ દૃષ્ટિ રાગ સંહરૂં;
એ સાતેરે, બોલ કહ્યા હવે આગલે,
અંગુલિ વચ્ચેરે, ત્રણ વધૂટક કરતલે. ૧

ત્રુટક.

કરતલે વામે અંજલિ ધરિ, અખોડા નવ કીજિયે,
પ્રમાર્જન નવ તિમજ કરિયે, તિગ તિગંતર લીજિયે;
સુદેવ સુગુરૂ સુધર્મ આદરૂં, પ્રતિપક્ષી પરિહરૂં,
વલિ જ્ઞાનદર્શન ચરણ આદરૂં, વિરાધન ત્રિક અપહરૂં. ૩

ઢાલ.

મનોગુપ્તિરે, વચન કાય ગુપ્તિ ભજું,
મનોદંડરે, વચન કાય દંડને તજું;
પચવીશરે, બોલ એ મુહપતિના લહ્યા,
હવે અંગનારે, પરિહરૂં એમ સઘળા કહ્યા.

ત્રુટક.

કહ્યા વધૂટક કરિ પરસ્પર, વામ હાથે ત્રિક કરો,
હાસ્ય રતિને અરતિ છંડી, ઈતર કરત્રિક અનુસરો;
ભય શોક દુગચ્છા તજીને, પયાહિણે આચરો,
કૃષ્ણ લેશ્યા નીલ કાપોત, લલાટે ત્રિક પરિહરો. ૪

ઢાલ.

રસ ગારવરે, રિદ્ધિ શાતા ગારવા,
મુખ હૈડેરે, ત્રણ ત્રણ એમ ધારવા;
માયા શલ્યરે, નિયાણ મિથ્યાત્વ ટાલિયે,
વામ ખંધેરે, ક્રોધ માન દોય ગાલિયે.

ત્રુટક.

ગાલીએ માયા લોભ દક્ષિણ, ખંધ ઉર્ધ્વ અધો મળી
ત્રિક વામ પાદે પુઢવી અપ વળી, તેઉની રક્ષા કરી;
જમણે પગે ત્રણ વાઉ વણસઇ, ત્રસકાયની રક્ષા કરૂં,
પચાશ બોલે પડિલેહણ, કરત જ્ઞાની ભવ હરૂં. ૫

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઢાલ.

એહ માંહેથીરે, ચાલીશ બોલ તે નારીને,
શીશ હૃદયનારે, ખંધ બોલ દશ વારીને;
ઇણ વિધિસ્યુંરે, પડિલેહણથી શિવ લહ્યો;
અવધિ કરીરે, છ કાયનો વિરાધક કહ્યો.

ત્રુટક.

કહ્યો કિંચિત્ આવશ્યકથી, તથા પ્રવચનસારથી,
ભાવના ચેતન પાવના કહી, ગુરૂ વચન અનુસારથી;
શિવ લહે જંબૂ રહે જો શુભ, વીરવિજયની વાણીએ,
મન માંકડું વનવાસ રમતું, વશ કરી ઘર આણીએ.

૮૫.

## મુહપત્તીના બોલથી લાભ.

મુહપત્તિ તથા અંગ પડિલેહણાની પચાશ બોલરૂપ પાંચ ગાથાઓ, પૂર્વે એવી પ્રવૃત્તિ ચાલતી હોવાનું સૂચવન કરે છે, પણ હાલ જે પ્રવૃત્તિ ચાલે છે, તે જોતાં તો એ પ્રવૃત્તિ આકરી લાગશે; છતાં સામાયિકના સૂત્રપાઠો, તથા તેનો વિધિ જોતાં–વિચારતાં આમ પ્રવર્તવું વિશેષ કલ્યાણનાં હેતુરૂપ છે. આવી રીતે પ્રવર્તવાનો અભ્યાસ પાડવામાં આવે, તો વિનય સચવાય છે, પ્રમાદ ટળે છે, જાગૃતિ–ઉપયોગ રહે છે, નિર્જરા થાય છે. વગેરે અનેક રીતે સામાયિક વધારે વધારે શુદ્ધ બને છે.

૮૬.

## 'કરેમિભંતે સૂત્રં' પહેલાંની વિધિ.

મુહપત્તિ પડિલેહી, (૧) ઉભા થઇ (૨) "ઇચ્છામિ ખમાસમણ" ના પાઠથી વંદન કરી, "**ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! સામાયિક સંદિસાહુ ?**" એટલે 'હે ભગવાન્! ઇચ્છાએ કરીને મને આદેશ આપો; હું હવે શુદ્ધ થયો છું તેથી સામાયિક અંગિકાર કરૂં ?' એ પ્રમાણે આજ્ઞા માગવી; (૪) ત્યારે ગુરૂ કહે કે '**સંદિસહ**'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એટલે આજ્ઞા છે. પછી (૫) વળી બીજી વાર 'ઇચ્છામિ ખમાસમણ' પૂર્વક આજ્ઞા માંગતા કહેવું કે '**ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ સામાયિક ઠાઉં ?**' એટલે 'હે ભગવન્! ઇચ્છાએ કરીને મને આદેશ આપો કે હું સામાયિકમાં સ્થિત થાઉં? (૬) ત્યારે ગુરૂ કહે '**ઠાઓ**' એટલે સ્થિત થાઓ. અથવા તો "ઇચ્છં" કહી (૭) અંજલિ કરી બે હાથ જોડી પવિત્ર નવકાર મંત્રનું સ્મરણ કરી (૮) "ઇચ્છકારિ **ભગવન્! પસાય કરી સામાયિક દંડક ઉચ્ચરાવોજી!**" એમ ગુરૂને વિનવી, અથવા એ હાજર ન હોય તો જે કોઇ વૃદ્ધ શિષ્ટ જન પાસે સામાયિક કરતા હોય તેને વિનવી, તેઓ પાસે સામાયિક દંડક કહેવરાવી, અથવા એ બધા હાજર ન હોય તો પોતે (૯) "**કરેમિ ભંતે**" નો પાઠ બોલી સામાયિક દંડક પચ્ચખાણ કરવું. ગુરૂના અભાવે વૃદ્ધ–શિષ્ટ સ્વધર્મ ચિંતક, કે જેણે સામાયિક લીધું હોય, તેને સામાયિક દંડક માટે વિનંતિ કરવી; એ એક વિનયનો આચાર છે; તેમજ વળી એ માટેના એ સાક્ષી થાય છે. આ સામાયિકનો પાઠ ભણ્યા પછી સામાયિકી કાળ શરૂ થાય છે.

### ૮૭.

### ક્રમહેતુ.

આ કાળથી માંડી સામાયિક પુરૂં થાય ત્યાં સુધીમાં સમતાભાવે રહેવાથી સામાયિક શુદ્ધ થાય છે, તેનો હેતુ પાર પડે છે. તો હવે સામાયિકના કાળમાં શું કરવું, તે અર્થે સામાયિક લેનાર પોતેજ સદ્‌ગુરૂ આગળ સઝાય–સ્વાધ્યાયનો આદેશ–આજ્ઞા માગે છે.

### ૮૮.

### કરેમિ ભંતે.

મૂળપાઠ.—

**કરેમિ ભંતે સામાઇયં,**
**સાવજ્જં જોગં પચ્ચખામિ,**
**જાવ નિયમં પજ્જુવાસામિ,**
**દુવિહં,**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તિવિહેણં,
મણેણં, વાયાએ, કાએણં,
ન કરેમિ, ન કારવેમિ,
તસ્સ ભંતે, પડિક્કમામિ, નિંદામિ,
ગરિહામિ,
અપ્પાણં વોસિરામિ ॥ ૧ ॥

૮૯.

## સંસ્કૃત છાયા.

करोमि हे भगवन्, सामायिकं सावद्यं योगं प्रत्याख्यामि, यावत् नियमं पर्युपासे, द्विविधं, त्रिविधेन, मनसा वचसा कायेन, न करोमि न कारयामि, तस्य भगवन्! प्रतिक्रमामि, निंदामि, गर्हे, आत्मानं व्युत्सृजामि ॥

૯૦.

## અર્થપાઠ.

કરેમિ—(હું) કરૂં છું.
ભંતે—હે ! ભદંત, ભયાંત, ભવાંત. ભદંત એટલે કલ્યાણકારી; ભયાંત એટલે સાત પ્રકારના ભયનો અંત કરનાર; ભવાંત એટલે ચતુર્ગતિ રૂપ ભવનો અંત-નાશ કરનાર.
સામાઇયં—સામાયિકને.
સાવજ્જં—સાવદ્ય એટલે સ=સહિત અને અવદ્ય=પાપ. પાપ-સહિત (એવા).
જોગં—યોગ એટલે મન, વચન અને કાયાના વ્યાપાર, તે પ્રત્યે.
પચ્ચખામિ—હું પચ્ચખું છું-પ્રત્યાખ્યાન કરૂં છું-નિષેધું છું-ત્યાગું છું.
જાવ—જ્યાં સુધી.
નિયમં—નિયમપ્રત્યે એટલે સામાયિક વ્રતના નિયમ પ્રત્યે.
પજ્જુવાસામિ—હું પર્યુપાસું એટલે સેવું (રહું).

એટલે સામાયિકનો જઘન્ય-ઓછામાં ઓછો કાલ એક મુહુર્ત પ્રમાણ છે ત્યાં સુધી.

દુવિહં—બે પ્રકારે-એટલે કરવા, કરાવવા રૂપ બે પ્રકારનો સાવદ્ય વ્યાપાર.

તિવિહેણં—ત્રણ પ્રકારે; ( એટલે )

મણેણં—મને કરીને.

વાયાએ—વાચાથી-વચનને કરીને.

કાએણં—કાયથી-શરીરે કરીને.

ન કરેમિ—( હું ) નહિં કરૂં;

ન કારવેમિ—( હું ) નહિ કરાવું.

તસ્સ—તે પ્રત્યે એટલે જે સાવદ્ય વ્યાપાર અતીત—ભૂતકાલમાં કર્યા હોય તે પ્રત્યે.

ભંતે—હે ભગવંત !

પડિક્કમામિ—[હું] પ્રતિક્રમું છું એટલે [ પાપથી ] નિવર્તું છું-મિચ્છામિ દુક્કડ લઉં છું.

નિંદામિ [હું] નિંદું છું ( આત્માની સાક્ષીએ ).

ગરિહામિ—[ હું ] ગર્હું છું—ગર્હા કરૂં છું-વિશેષે નિંદુ છું. ( ગુરૂની સાક્ષીએ ).

અપ્પાણં—આત્માને એટલે પૂર્વકાલ સંબંધી દુષ્ટ ક્રિયા કરનાર એવો જે મારો આત્મા તેને તે દુષ્ટ ક્રિયા થકી.

વોસિરામિ—[ હું ] વોસરાવું છું—વ્યુત્સર્ગ કરૂં છું—વિશેષે કરી તજું છું.

નોટ—આ પાઠ બોલતાં સાધુઓ 'જાવ નિયમં' ને બદલે 'જાવ જીવં' એટલે આખી જીંદગી સુધી એમ બોલે છે, તથા 'દુવિહં' ને બદલે '**તિવિહં**' કહે છે અને 'સવ્વં, કરતંપિ અન્નં ન સમણુ જાણમિ' એવા બે પાઠ અધિક બોલે છે.

## ૯૧.
## ભાવાર્થ પાઠ.

ગુરૂ પાસે સામાયિકનું પચ્ચખાણ લેતાં કહેવાનું કે હે ! ભગવાન્-હે ભદંત ! હું સામાયિક કરૂં છું. સર્વ પાપના યોગનો ત્યાગ કરૂં છું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જ્યાં સુધી નિયમમાં રહું ત્યાં સુધી બે પ્રકારે એટલે કરવા અને કરાવવા રૂપ, ત્રણ પ્રકારે એટલે મન, વચન અને કાયાએ હું ન કરૂં, બીજા પાસે ન કરાવું, અને આગળ કર્યા હોય તેનો હે ભગવંત ! હું ત્યાગ કરૂં છું, નિંદા કરૂં છું અને વિશેષે કરીને તેની ગર્હા કરૂં છું, અને એ દુષ્ટ ક્રિયા થકી મારા આત્માને વોસિરાવું છું એટલે તજું છું.

૯૨.

## વિવેચનપાઠ.

ઇર્યાપથિકી ક્રિયાથી થતા દોષનું 'ઇરિયાવહી' ના સૂત્રથી મિથ્યા દુષ્કૃત લઇ અને કાયોત્સર્ગની ક્રિયા કરી બાહ્ય તેમજ અંતરથી શુદ્ધ થયા પછી ઓછામાં ઓછી બે ઘડી સુધી સામાયિકમાં સ્થિત થવાને માટે ગુરૂ પાસે પ્રત્યાખ્યાન ( પચ્ચખાણ ) લેવું જોઇએ. આ પ્રત્યાખ્યાન તરીકે 'કરેમિભંતે' નો પાઠ કહેલો છે, અને તેમાં સામાયિકનું સ્વરૂપ બહુ સારી રીતે સમજી શકાય છે.

સામાયિકના પચ્ચખાણરૂપ "કરેમિભંતે" થી સામાયિકસ્વરૂપ બરાબર સમજાશે. તેમાં કહેલ છે કે:—"હે ભદંત, હે કલ્યાણકારી પ્રભો ! હું સામાયિક કરૂં છું; સાવદ્યયોગ-પાપરૂપ યોગનું પચ્ચખાણ કરૂં છું; એટલે જેથી પાપ-દોષ લાગે, આત્માર્થ હણાય એવો મન-વચન-કાયાના ત્રણે યોગનું પચ્ચખાણ કરૂં છું; અર્થાત્ મનથી માઠું ચિંતવું નહિ, વાણીથી મીઠું બોલું નહિ, કાયાથી માઠું આચરૂં નહિ, હિંસા થાય તેમ કાયા પ્રવર્તાવું નહિ; એમ એ યોગના પચ્ચખાણ કરૂં છું. મન-વચન-કાયાની ચંચળતાથી વિરમું છું-અટકું છું. ક્યાં સુધી ? તો કે, જ્યાં સુધી નિયમ હોય ત્યાં સુધી એટલે ઓછામાં ઓછી બે ઘડી સુધી. હવે ત્યારે સાવદ્યયોગથી-પાપરૂપ યોગથી વિરમી શું કરવું ? તો કે પજ્જુવાસામિ-પર્યુપાસના કરૂં છું-સદ્દગુરૂ, સદ્દેવની ભક્તિ કરૂં છું; આત્મચિંતવન કરૂં છું; સઝાય કરૂં છું-જેથી આત્માર્થ પ્રગટે એમ વર્તું છું.

હવે એ સાવદ્ય-પાપરૂપ યોગથી કેવી રીતે વિરમું ? તો કે "દુવિહં" બે પ્રકારે, અર્થાત્ સાવદ્યયોગ કરૂં નહિ, અને કરાવું નહિ, અને પાછાં તે પણ ત્રણ 'તિવિહેણં' એટલે ત્રણ પ્રકારે-મનથી, વચનથી અને કાયાથી આમ ૭ પ્રકારે સદોષયોગથી નિવર્તું છું. તે ૭ પ્રકાર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

( ૧ ) મનથી કરૂં નહિ.
( ૨ ) મનથી કરાવું નહિ.
( ૩ ) વચનથી કરૂં નહિ.
( ૪ ) વચનથી કરાવું નહિ.
( ૫ ) કાયાથી કરૂં નહિ.
( ૬ ) કાયાથી કરાવું નહિ.

હે ભદ્રકારી! એ સાવદ્યયોગથી હું નિવર્તું છું; તેનું હું પચ્ચખાણ કરૂં છું; સામાયિકકાળમાં હું તેનો ત્યાગ કરૂં છું. પૂર્વકાળે થએલા માઠા યોગની હું આલોચના કરૂં છું, આત્મસાક્ષીએ નિંદું છું. આપની સાક્ષીએ વિશેષપણે નિંદા કરૂં છું; આત્માને તે યોગમાંથી નિવર્તાવું છું. " કરેમિ ભંતે " એ સૂત્રપાઠમાં પવિત્ર સામાયિકનું આવું અદ્દ્ભુત સ્વરૂપ રહેલું છે, પણ આ કાળના પ્રમાદને વશ થયેલા બાળજીવો એ અદ્દ્ભુત સ્વરૂપ ક્યાંથી જાણે? બહુ વિરલા જાણે છે.

## ૯૩.

## ' કરેમિભંતે ' સૂત્ર પછીની વિધિ.

સામાયિક દંડકનો ઉચ્ચાર થયો, એટલે " કરેમિભંતે " નો પાઠ બોલાયો—કે તરતજ સામાયિક લેનાર જે અત્યાર સુધી ઉભા ઉભા વિધિ આચરતો હતો, તે હવે સદ્દગુરૂને ( ૧ ) " ઇચ્છામિ ખમાસમણુ " પૂર્વક વંદન કરી (૨) " **ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! બેસણે સંદિસાહુ?** " એમ કહે; વળી ગુરૂ એ આજ્ઞા આપે અથવા મળી છે એમ ગણી (૩) ફરી પ્રણિપાતના સૂત્ર પાઠપૂર્વક (૪) "**ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ બેસણે ઠાઉં?**" એમ કહી (૫) ફરી બેસી જવું.

બેઠા પછી હવે સામાયિકમાં સાવદ્ય યોગનાં તો પચ્ચખાણ કર્યાં છે, ત્યારે હવે જીવે કરવું શું? જીવ જીવન્મુક્ત દશા તો પામ્યો નથી, અને તે મેળવવા જીવ દ્રવ્ય સામાયિકથી તો આરંભ કરે છે,—તો ચિત્ત, એકદમ તો સમતાભાવ ન ભજે, તો જે નિરવદ્યયોગે—પાપ કર્યા વગર એ સમતા પ્રાપ્ત થાય—એવાં સત્શાસ્ત્રનું વાંચન, મનન, નિદિધ્યાસન,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અથવા પઠન–પાઠન, અથવા [1]વાંચના, [2]પૃચ્છના, [3]પરાવર્તના, [4]ધર્મ-કથા, [5]અનુપ્રેક્ષા રૂપ પાંચ પ્રકારના સ્વાધ્યાય (સઝ્ઝાય) સાધનરૂપ છે, તો તેવાં સાધનોનું અવલંબન લેવા માટે

૯૪.

## સ્વાધ્યાય કર્યા પહેલાંની વિધિ.

( ૧ ) સુવિનીતપણે બેસી સામાયિક લેનાર ( ૨ ) ફરી પ્રતિપાત સૂત્ર ( ઇચ્છામિ ખમાસમણ ) નો ઉચ્ચાર કરી ( ૩ ) " **ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સઝાય સંદિસાહુ ?** " એમ કહી જાણે ગુરૂની આજ્ઞા મળી છે, એમ ગણી (૪) ફરી ખમાસમણ દઇ " **ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સઝાય કરૂં.** " અર્થાત્ હે ભગવન્ ! હે પવિત્ર સદ્દગુરૂ ! હવે હું આપશ્રીની આજ્ઞા અનુસાર સ્વાધ્યાયમાં સ્થિત થાઉં છું, મારો સામાયિકી કાળ સત્શાસ્ત્ર વાંચવામાં, એ સંબંધમાં ઉપજતા પ્રશ્નો આપશ્રીને ખુલાસા–સમજુતી માટે પૂછવામાં, વાંચેલું વિચારવામાં અથવા ફરી ફરી સંભારી જવામાં, ધર્મનો લાભ થાય એવી કથાઓમાં સંસારની પુદ્દગલની અનિત્યતા વિચારવા રૂપ, અથવા આત્માની ઋદ્ધિ વિચારવા રૂપ, અથવા નવતત્વ, છ દ્રવ્યનો વિચાર કરવા રૂપ અનુ-પ્રેક્ષા, ભાવના, ચિંતવનમાં ગાળીશ.

આવી રીતે સામાયિકમાં સ્થિત થયા પછી તરત (૫) પ્રાંજલિ-બદ્ધ થઇ અંજલીથી બે હાથ જોડી પરમ પવિત્ર કલ્યાણકારી (૬) નવ-કાર મંત્રનું ત્રણવાર સ્મરણ કરવું. સામાયિક લીધા પછી તે પારવાનું થાય ત્યાં સુધીમાં ઉપર મુજબ (૭) સ્વાધ્યાયમાં સ્થિત થવું પરમ કલ્યાણકારી છે. અજ્ઞાન અવસ્થામાં જીવતો સ્વભાવ મનના સંયોગથી

---

૧ વાચના—નિર્જરા માટે યથાયોગ્ય સૂત્ર વગેરેનું દાન કરવું અથવા ગ્રહણ કરવું તે.

૨ પૃચ્છના—વાચનામાં કંઈ સંશય રહ્યો હોય તે ગુરૂને પૂછવો તે.

૩ પરાવર્તના—પૂર્વે ભણેલા સૂત્રાદિકને ભૂલી ન જવાય તે માટે વારંવાર ફેરવી જવું તે.

૪ ધર્મકથા—જંબૂસ્વામી વગેરે સ્થવિરોની કથા સાંભળવી અથવા કહેવી તે.

૫ અનુપ્રેક્ષા—મનમાંજ સૂત્રાદિકનું વારંવાર સ્મરણ કરવું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચળ–વિચળ પરિણામવાળો હોય છે. સાવદ્ય યોગના પચ્ચખાણ કર્યા છતાં તેની ચળ–વિચળતા એકદમ કે રફતે રફતે દૂર થાય તેમ કરવા નિરવદ્ય યોગરૂપ એવી સ્વાધ્યાયના, ધર્મધ્યાનના, ભેદ જ્ઞાનીઓએ બોધ્યા છે, જે આત્માનું હિત ઇચ્છનાર દરેક જીવે અવશ્ય આચરણીય છે. આથી પરિણામે સર્વથા સર્વ સાવદ્ય યોગથી વિરમી જીવ કેવળ-દશારૂપ થશે. સ્વાધ્યાય અને ધ્યાનના ભેદ વગેરે સંબંધી વિસ્તારપૂર્વક તત્ત્વાર્થ, જ્ઞાનાર્ણવ આદિ ગ્રંથોમાં જોઈ લેવું.

૯૫.

## સામાયિક કેમ લેવું–પારવું? બેસીને કે ઉભા રહીને?

હમણાંની ચાલુ પરંપરા જોઇએ તો સામાયિક બેસીને લેવાનો પ્રચાર કેટલાક અણસમજુ વર્ગમાં દેખાય છે, પણ એનો વિધિ તપાસીએ તો ઉપર જણાવ્યા મુજબ **"ખમાસમણ"** ઉભા થઈ દઇ, ઉભા રહીને, જરૂર વેળાએ બેસીને સામાયિક લેવું ઘટે છે.

**"કરેમિભંતે"** ના પાઠના પ્રકાશ થયા પછીનો જે આજ્ઞા માંગવાનો પાઠ નામે **"બેસણે સંદિસાહું"** છે તે એમ સૂચવે છે કે હજી સામાયિક લેનાર ઉભો છે.

જો એ વિધિ મુજબ સામાયિક લેવામાં આવે તો મુહપત્તી પડીલેહતી વખતે ગોદોહાસને (જુઓ ફુટનોટ પૃ. ૧૬૦) મુહપત્તીવડે અંગ વિગેરેનું પ્રતિલેખન કરવું જોઇએ. આમ કરવું તે અપ્રમત્ત (પ્રમાદ વગરનો) યોગ, આત્મજાગૃતિ, શુદ્ધ ઉપયોગનું સૂચવનરૂપ, કારણરૂપ છે.

શ્રમણભગવાન્ શ્રી મહાવીર પરમાત્માએ કેવલજ્ઞાન મેળવ્યા પહેલાં સાડાબાર વરસ અનેક પરીષહ વેઠયા, તેમાં તેઓશ્રી અખંડ ઉપયોગમાં–આત્મજાગૃતિમાં રહ્યા, પ્રાયઃ નિદ્રા પણ ન લીધી, અરધો કલાક માત્ર સહજ નિદ્રા આવી ગઇ; પલાંઠી વાળી સુખાસને બિરાજ્યા નહિ, પણ જ્યારે કદાચ દેહની સ્વસ્થતા રાખવા અર્થે બેઠા ત્યારે ઉભેજ પગે, ગોદોહાસનેજ બિરાજ્યા. તે એમ સૂચવવા કે, અહો! હજી અમારે ઘણું કરવાનું છે; કર્મશત્રુઓ અને કાળ શિકારી આ પાસે ભમે છે; તેઓને દૂર ખસેડવા માટે સદૈવ જાગૃત રહેવાનું છે; તો–મારાથી નિરાંતે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પગ ઠેરવી બેસાયજ કેમ? આમ ભગવાન્ ગોદોહાસને બિરાજી ચિંતવતા હતા. આવીજ જાગૃતિની સૂચનારૂપે આ આસનની પરંપરા પડી લાગે. છે. હજી પણ પ્રતિક્રમણ, પૌષધ, તથા સાધુઓની પ્રવૃત્તિમાં આ આસન ઓઘે ચાલે છે, તો તેમજ સમજીને, સમજવાનો ખપ કરીને ચાલવું ઉચિત છે, જરૂરનું છે.

૯૬.

## સામાયિક *પારવાનો વિધિ.

અત્યાર સુધી જે બોલાયું છે તે સામાયિક લેવા સંબંધી છે, તેમાં સામાયિક લેવાની વિધિ આવી જાય છે અને ત્યાર પછી સામાયિકી કાળ શરૂ થાય છે. આ કાળમાં સઝાય આદિ જે કરવા યોગ્ય છે તે પણ કહી જવાયું છે. હવે આ સામાયિકી કાળ કે જે બે ઘડીનો જઘન્ય એટલે નાનામાં નાનો રાખવામાં આવેલ છે તે પૂરો થતાં સામાયિક પારવું જોઇએ. હવે તે કઇ રીતે પારવું જોઇએ તેના માટે વિધિ બતાવાય છે.

૧. '**ખમાસમણ**' દેવું. ૨. તે દઇ '**ઇરિયાવહિ**' પડિક્કમવી. ૩. તે પડિક્કમી યાવત્ **કાયોત્સર્ગ** ( કાઉસગ્ગ ) કરવો. ૪. તે કરી '**લોગસ્સ**' કહેવો. ૫. તે પછી '**ખમાસમણ**' દેવું અને ૬. તે પૂર્વક મુહપત્તી પડિલેહવાની આ રીતે આજ્ઞા માંગવી કે "**ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! મુહપત્તી પડિલેહું?**" ૭ '**ઇચ્છં**' કહીને આજ્ઞા લઈ મુહપત્તીનું પડિલેહણ કરવું. ૮. '**ખમાસમણ**' દેવું. ૯. તે દઈ એવી આજ્ઞા માંગવી કે "**ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! સામાયિક પારૂં?**" ૧૦. એટલે ગુરૂ વિશેષ સામાયિક કરવાનું એટલે કે '**पुणोवि कायव्वो**'-ફરીથી કરવા યોગ્ય છે એ શબ્દોમાં કહે ત્યારે કહેવું કે '**યથાશક્તિ**' એટલે યથાશક્તિ કરીશ એવો ઉત્તર આપવો. ૧૧. ત્યાર પછી વળી '**ખમાસમણ**' દેવું ૧૨. તે દઇને ઇચ્છા-

* પારવું-આમાં સંસ્કૃત ધાતુ ( **पारं-इ** જવું. ) છે એટલે પાર જવું-છેડે જવું એટલે પૂરૂં કરવું. આજ અર્થનો ધાતુ **पारं+गम्** છે કે જે પરથી પારંગત શબ્દ થયેલ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**કારેણ સંદિસહ ભગવન્ સામાયિક પાર્યું.** આમ કહેવું. ૧૩. આ પછી ગુરૂ કહે કે **आयरो न मुत्तव्वो** આદર ન મૂકવો–છોડવો. પછી '**तहत्ति**' **तथेति** એટલે આપનું કહેવું સત્ય છે એમ કહી ૧૪. જમણો હાથ ચરવળા ઉપર અથવા કટાસણા ઉપર સ્થાપીને એક **નવકાર** ગણવો ૧૫. તે ગણી નીચે લખેલો "**સામાઇય વયજુત્તો**" એ પાઠ કહેવો. ૧૬. ત્યાર પછી જમણો હાથ સ્થાપના સામે સવળો રાખીને એક **નવકાર** ગણવો.

૯૭.

## વિધિમાં સવળો હાથ રાખવાનો હેતુ.

સાક્ષાત્ ગુરૂ હાજર હોય તો મુખ્ય તો ગુરૂના ચરણકમલની સ્થાપના કરવાની છે, અને તેમ કરીને સામાયિક પારવાનું છે. આની મતલબ વિનય છે. હાલમાં ચરવલા કે જમીન ઉપર હાથ મૂકવાની પ્રવૃત્તિ ચાલે છે તેનું કારણ એ હોવું જોઇએ કે સ્થાપનાચાર્ય સમ્મુખ સામાયિક કરવાનો વધારે રીવાજ હોવાથી એ રૂઢી પડી ગયેલી લાગે છે, અથવા તો ગુરૂ કોઈ બીજા શુભ કાર્યમાં પ્રવૃત્ત હોય તો તેમના ચરણમાં સ્પર્શ થવાથી તે કાર્યમાં ખલેલ પડે માટે આ પ્રવૃત્તિ ચાલેલી હોવી જોઇએ; પરંતુ એ લક્ષમાં રાખવાનું છે કે હાથ મૂકતાં ભાવના એજ રાખવાની છે કે 'ગુરૂ ચરણે હાથ મૂકીને હું આ ક્રિયા કરૂં છું.' સવળો હાથ રાખીને જે નવકાર ગણવાનો છે તે શ્રાવકે ઈત્વરકાલને માટે સ્થાપના સ્થાપી હોય તે ઉથ્થાપવા માટે છે. પણ સાક્ષાત્ ગુરૂ સન્મુખ શ્રાવકે સામાયિક લીધું હોય તો અને ગુરૂએ પોતે સામાયિક લીધું હોય તો, અથવા ગુરૂએ પોતે સ્થાપેલી સ્થાપની આગળ પોતે સામાયિક લીધું હોય તો તે શ્રાવકે અથવા ગુરૂએ સવળો હાથ રાખી નવકાર ગણવાની જરૂર ઉપલા કારણ માટે નથી. જો માંગલિક માટે નવકાર ગણવો હોય તો સુખેથી હાથ જોડી ગણી શકાય, પણ તેની ખાસ આવશ્યકતા નથી.

સવળો અર્થ રાખવાનું કારણ એ હોઈ શકે છે કે (૧) પહેલાં આપણે અવળો હાથ રાખી માનસિક સંકલ્પથી ગુણોનું સ્થાપનામાં

P. P. Ac. Gunratansuriji M.S.                                                                 Jin Gun Aaradhak Trust

સ્થાપન કર્યું હતું, તે ગુણોનું સંહરણ રૂપ સંકલ્પથી પાછા મનમાં સ્થાપવા માટે સવળો હાથ રાખવાનો છે, એમ સમજાય છે.

(૨) અથવા બીજી રીતે કહીએ તો સવળો હાથ રાખવો તે 'વરદા' મુદ્રા છે. આ મુદ્રા એમ સૂચવે છે કે "હે ગુરૂ મહારાજ! મને વરદાન આપો કે 'હું તને મારા ચરણમાં રાખીશ અને મારી આશિષ છે કે તારી સદા સુબુદ્ધિ રહેશે.' જેહથી ફરી ફરી હું આવી ક્રિયા કરવા ઉત્કંઠિત થાઉં તેમજ મારામાં આ ક્રિયાના ગુણ પ્રાપ્ત થાય. ઇત્યાદિ."

(૩) અથવા ગુરૂ પાસે વર માંગવા રૂપ 'વરદા મુદ્રા' કરવાની હોવી જોઈએ એમ પણ સમજાય છે. વગેરે અનેક હેતુઓ અનેક ક્રિયામાં વિવેકનો પૂરો ઉપયોગ કરવાથી અગર ગુરૂગમથી સમજી શકાય છે, કારણ કે ક્રિયાવિધિઓને હેતુ વગર શિષ્ટ પુરૂષો કદી ગતિમાન્ કરતા નથી.

૯૮.

મૂળપાઠ. સામાઇયવયજુત્તો.

*સામાઈયવયજુત્તો,
જાવ મણે હોઇ નિયમસંજુત્તો ।
છિન્નઈ અસુહં કમ્મં,
સામાઇઅ જત્તિઆવારા ॥ ૧ ॥
સામાઈઅંમિ ઉ કએ,
સમણો ઈવ સાવઓ હવઈ જમ્હા,
એએણ કારણેણં,
બહુસો સામાઇઅં કુજ્જા ॥ ૨ ॥
સામાયિકવિધિં લીધું,
વિધિં પારિઉં,
વિધિ કરતાં જે કોઈ અવિધિ હુઓ હોય,

* પહેલી બે ગાથાઓ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે સવિ હું મન વચન કાયાયેં કરી
મિચ્છામિ દુક્કડં ॥ ૩ ॥

૯૯.

संस्कृत छाया.

सामायिक व्रतयुक्तः, यावत् मनसि भवति नियमसंयुक्तः ।
छिद्यते अशुभं कर्म, सामायिकं यावतो वारान् ॥
सामायिके तु कृते, श्रमणः इव श्रावकः भवति यस्मात् ।
एतेन कारणेन, बहुशः सामायिकं कुर्यात् ॥

સામાઇઅ—સામાયિક.
વયજુત્તો—વ્રતયુક્ત—વ્રતમાં સંયુક્ત ( હોય )
જાવમણે—જ્યાં સુધી મન એટલે જીવ.
હોઈ નિયમસંજુત્તો—નિયમને વિષે સંયુક્ત હોય. નિયમને વિષે એટલે સાવદ્ય વ્યાપારના નિયમ એટલે પચ્ચખાણને વિષે.
છિન્નઈ—છેદે.
અસુહં—અશુભ.
કમ્મં—કર્મને.
સામાઈયિ—સામાયિક.
જત્તિઆવારા—જેટલીવાર.
સામાઇઅંમિ—સામાયિક.
ઉ—પણ, વળી.
કએ—(કૃતે) એટલે કરતાં સતાં
સમણો—શ્રમણ—સાધુ.
ઈવ—જેવો, સમાન.
સાવઓ—શ્રાવક.
હવઈ—હોય, થાય.
જમ્હા—જે માટે, જેથી.
એએણ—એ.
કારણેણં—કારણથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બહુસો—બહુશઃ-બહુવાર ઘણી વખત.
સામાઇયં—સામાયિક.
કુજ્જા—કરે, કરવી જોઇએ.

## ૧૦૦.
## ભાવાર્થપાઠ.

જ્યાં સુધી મન, સાવદ્ય વ્યાપારના નિયમ એટલે પચ્ચખ્ખાણથી સંયુક્ત-સારી રીતે જોડાયેલું હોય, અને સામાયિક વ્રત ગ્રહણ કરેલું હોય ત્યાં સુધી સામાયિક કરનાર જીવ જેટલી વાર સામાયિક કરે તેટલીવાર અશુભ કર્મને છેદે; વળી સામાયિક કરતી વખતે શ્રાવક હોય તે પણ સાધુ જેવોજ થઈ જાય છે, તે કારણથી તત્ત્વના જાણ પુરૂષોએ ઘણીવાર સામાયિક કરવી જોઈએ.

## ૧૦૧.
## વિવેચનપાઠ.

આ પ્રમાણે ભાવના ભાવીને સામાયિક કરવાની વિધિના અનુક્રમમાં કાંઈ દોષ થયો હોય તેને મન, વચન, અને કાયાવડે કરીને મિથ્યા દુષ્કૃત દેવાય છે.

આ મન વચન કાયાના સઘળા મળીને બત્રીશ દોષ છે. તેમાં મનના દશ, વચનના દશ, અને કાયાના બાર દોષ છે. આ કયા કયા દોષ છે તે આગળ સામાયિક વિચારમાં કહેવાઈ ગયું છે. જુઓ પૃ. ૨૦-૨૨, તો તે દોષ સામાયિકમાં ન થાય તેવો ઉપયોગ હમેશાં રાખી વર્તવું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## પરિશિષ્ટ અ.

**વિધિ**—ઉભા થઈ બે હાથ જોડી નીચે મુજબ સુશ્રાવકે મુનિરાજને સંયમ યાત્રાનો નિર્વાહ પૂછવો.

### સુગુરૂને શાતા સુખ પૃચ્છા.

***ઇચ્છકાર, સુહરાઈ, સુહદેવસિ, સુખતપ, શરીર નિરાબાધ, સુખ સંજમ જાત્રા, નિર્વહોછોજી, સ્વામી શાતા છેજી; ભાત પાણીનો લાભ દેજોજી ॥**

**અર્થ**—ઇચ્છાકર—ઇચ્છા કરૂં છું.

સુહરાઇ—સુખે રાત્રી.

સુહ દેવસિ—સુખે દિવસ.

સુખતપ—સુખે તપશ્ચર્યામાં.

શરીરનિરાબાધ—શરીર સંબંધી નિરાબાધપણામાં–આબાધ એટલે પીડા રહીતપણે એટલે રોગરહિતપણે.

સુખ સંજમ જાત્રા—સુખે સંયમ યાત્રા

નિર્વહો છો—વહન કરો છો. તેમાં પ્રવર્તો છો.

**વિવેચન**—**શ્રાદ્ધવિધિમાં** કહ્યું છે કે સુશ્રાવક મુનિરાજને સંયમયાત્રાનો નિર્વાહ પૂછે, તે એમકેઃ—"તમારી સંયમયાત્રા નિર્વહે છે? તમારી રાત્રિ સુખથી ગઈ? તમારૂં શરીર નિરાબાધ છે? કોઈ વ્યાધિ તમને પીડા તો નથી કરતો? વૈદ્યનું પ્રયોજન પડે તેવું શું કાંઈ નથી? ઔષધી આદિનો ખપ નથી? કાંઇ પથ્ય વગેરેની આવસ્યકતા નથી? વિગેરે પ્રશ્ન કરવાં.

હેતુ—આવા પ્રશ્ન કરવાથી કર્મની મોટી નિર્જરા થાય છે. કહ્યું છે કેઃ—સાધુઓની સન્મુખ જવાથી, તેમને વંદના તથા નમસ્કાર કરવાથી અને સંયમ યાત્રાનાં પ્રશ્ન પૂછવાથી ચિરકાળનું સંચિત કરેલું કર્મ પણ ક્ષણ માત્રમાં શિથિલ બંધવાળું થાય છે.

* આ સામાયિક સૂત્રમાં નથી, પણ તેનો ઉપયોગ ગુરૂને વંદન કરતાં થાય છે અને થવાની જરૂર પણ છે તેથી અહીં આપેલ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પરિશિષ્ટ બ.

## નવવિધ-નવપ્રકારે બ્રહ્મચર્ય.

પાંચ ઇંદ્રિયોના વિકારને રોકવાથી બ્રહ્મચર્ય આપોઆપ પાળી શકાય છે, છતાં તેમાં દઢ રહેવાને માટે તે બ્રહ્મચર્યમાં વિઘ્ન કરનાર જે નવ કારણો છે તેનાથી દૂર રહેવું જોઇએ. આ નવ કારણોથી ચેતવું તેને શાસ્ત્રમાં બ્રહ્મચર્યની નવ વાડ કહે છે. વાડ જેમ તેની અંદર રહેલ વસ્તુનું રક્ષણ કરે છે, તેવીજ રીતે બ્રહ્મચર્યનું આ નવ કારણો રક્ષણ કરે છે. આ નીચે પ્રમાણે છેઃ—

૧. **વિવિક્તવસતિસેવા**—એટલે એકાંત સ્થળમાં નિવાસ કરવો. વિ-વિક્ત એટલે સ્ત્રી, પશુ, નપુંસક તેનાથી રહિત એવા એકાંત સ્થાનનો પરિભોગ કરવો કારણકે સ્ત્રી વગેરેથી સહિત એવા સ્થાનને વિષે વસવાથી વ્રતધારી પુરૂષોને બ્રહ્મચર્યવ્રતના નાશ થવાનો પ્રસંગ આવે છે. શ્રી ઉદયરત્ન મહારાજ કથે છે કેઃ—

(ઢાલ વધાવાની. પહેલોને પાસો હોજી–એ દેશી).

પહેલીને વાડેં હોજી **વીર** જિનવરે કહ્યો,<br>
સેવો સેવો હો વસ્તિ વિચારીનેજી.<br>
સ્ત્રી, પશુ, પડંગ, હોજી વાસો વસે જિહાં,<br>
તિહાં નવિ રહેવું હો શિલવ્રતધારીનેજી.<br>
જિમ તરૂડાલે હોજી વસતો વાંદરો,<br>
મનમાં બીએ રખે ભોંએ પડુંજી.<br>
મંજારી દેખી હોજી પિંજરમાંહેથી,<br>
પોપટ ચિંતે રખે દાંટે ચડુંજી.<br>
જિમ સિહલંકી હોજી સુંદરી શિર ધરી,<br>
જલનું બેડું હો જુગતિથી જાલવેજી.<br>
તિમ મુનિ મનમાં હોજી રાખે ગોપવી,<br>
નારીને નિરખી હાંજી ચિત્ત નવિ ચાલવેજી.<br>
જિહાં હોવે વાસો હોજી સહેજે મંજારનો,<br>
જોખમ લાગે હો મુષકની જાતનેજી.<br>
તેમ બ્રહ્મચારી હોજી નારીની સંગતે,<br>
હારે હો હારેરે શિયલ સુદ્ધાંતનેજી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ત્રુટક.

એમ વાડ વિઘટે વિષય પ્રગટે, શંકા કંખા નીપજે,
તીવ્ર કામે ધાતુ બિગડે, રોગ બહુવિધ ઊપજે;
મનમાંહે વિષય વ્યાપે, વિષય શું મન રહે મળી,
ઉદયરત્ન કહે તિણે કારણ, નવ વાડ રાખો નિર્મલી.

**અર્થ**—શ્રી **વીર** જિનવરે પહેલી વાડમાં એવું કહ્યું છે કે વસ્તીને વિચારીને સેવવી, જ્યાં સ્ત્રી, પશુ, નપુંસક વસીને રહે છે ત્યાં શીયલ-વ્રતના ધારકને રહેવું નહિ. જેમ ઝાડની ડાળે વસતા વાંદરાને રખેને હું જમીનપર પડું એવી બીક લાગે છે, જેમ પોપટ પાંજરામાંથી બીલાડી દેખીને રખેને તેની દોટમાં આવી જાઉં એમ બીતો રહે છે, જેમ સિંહ ગતિવાળી સુંદરી માથાપર પાણીનું બેડું જુગતિથી જાળવે છે કે રખેને તે પડી જાય તેવી રીતે મુનિ મનને ગોપવી નારીને નિરખતાં ચિત્ત ચંચલ કરતા નથી. એતો સ્વાભાવિક છે કે જ્યાં બીલાડી વસે છે ત્યાં મુષક-ઉંદરની જાતને જરૂર પ્રાણનું જોખમ આવે તેવી રીતે બ્રહ્મચારીને નારીની સંગતથી શીયલને પણ જોખમ લાગે છે.

એવી રીતે વાડનો નાશ થાય તો વિષય પ્રગટતાં શંકા, કાંક્ષા ઉત્પન્ન થાય છે, કામ તીવ્ર થતાં ધાતુ બગડે છે અને અનેક જાતના રોગ ઉપજે છે. મનમાં વિષય વ્યાપતાં વિષય સાથે મન મળી જાય છે; તેથી શ્રી ઉદયરત્ન કહે છે કે નિર્મળ એવી નવ વાડો જાળવો.

૨. **स्त्रीकथापरिहार**—સ્ત્રીની કથાનો પરિત્યાગ કરવો. સ્ત્રીઓની કથા કહેતાં વાતો ચાર પ્રકારની હોય છે. (૧) જાતિ કથા, (૨) કુલ કથા, (૩) રૂપ કથા, (૪) નેપથ્ય એટલે વેષ કથા.

શ્રી ઉદયરત્ન મહારાજ બીજી વાડ સંબંધી કહે છેઃ—

ઢાલ બીજી (વિદર્લ દેશ કુંડનપુર નયરી—એ દેશી.)

સુરપતિ સેવિત ત્રિભુવનધણી, અજ્ઞાનતિમિર હર દિનમણિ;
શીયલ રતન યતનાને તંતે, ભાંખી વાડ બીજી ભગવંતે. ૧.

ત્રુટક.

ભગવંત ભાખે સંત્ર સાખે, શીયલ સુરતરૂ રાખવા;
મુક્તિ મહાફળ હેતુ અદ્‌ભુત, ચારિત્રનો રસ ચાખવા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મીઠે વચને માનનીશું, યથા ન કરે કામની;
વાડ વિધિ શું જેહ પાળે, બલિહારી તસ નામની.
વાત વ્રતને ઘાતકારી, પવન જિમ તરૂપાતને;
વાત કરતાં વિષય જાગે, તે માટે તજો તુમ વાતને.
લીંબુ દેખી દૂરથી જિમ, ખટાશે ડાઢો ગળે;
ગગન ગર્જારવ સુણીને, હડકવા જિમ ઉચ્છળે.
તિમ વ્રતીનાં ચિત્ત ઉલ્લસે, વયણ સુંદરીનાં સુણી;
કથા તજો તિણે કારણે, એમ પ્રકાશે ત્રિભુવન ધણી.

અર્થ—ઇંદ્રથી સેવાયેલ ત્રણ ભુવનના સ્વામી, અને અજ્ઞાનરૂપી અંધકારને હરવામાં સૂર્ય સમાન એવા ભગવાને શીયલરૂપી રત્નની યત્ના એટલે સંભાળ કરવા માટે બીજી વાડ કહી છે.

ભગવંત સંઘની સાક્ષીએ એવું ભાખે છે કે શીયલરૂપી દેવવૃક્ષનું રક્ષણ કરવા અને મુક્તિરૂપી મહાફળના હેતુરૂપ ચારિત્રનો અદ્ભુત રસ ચાખવા માટે માનુની એટલે સ્ત્રી સાથે મીઠા વચનથી કામની વાત ન કરવી. આ વાડ વિધિથી જે પાળે તેના નામની બલિહારી છે; (કારણ કે) જેમ પવન ઝાડને પાડી નાખે છે તેમ વાત શિયલવ્રતનો નાશ કરનાર છે. વાત કરવાથી વિષય જાગે છે માટે તે વાત તમે તજો. જેમ દૂરથી લીંબુ જોઈને તેની ખટાશથી દાઢમાં પાણી આવે છે, જેમ વાદળમાં ગર્જના સાંભળવાથી હડકવા વધારે ઉછળે છે, તેમ વ્રતીનાં ચિત્ત સુંદરીનાં વચનો સુણીને ઉલ્લસે છે તેથી કથા તજો એમ ત્રિભુવનનાથ પ્રકાશે છે.

૩. **निषद्यानुपवेशनम्**—નિષદ્ય એટલે સ્ત્રીની બેસવાની વસ્તુ ઉપર બેસવું નહિ. વિશેષાર્થમાં એ છે કે પાટ પાટલો પ્રમુખ સ્ત્રીને બેસવાની વસ્તુપર સ્ત્રી ઉઠી ગયા પછી બે ઘડી સુધી બ્રહ્મચારીએ બેસવું નહિ, કારણ કે તત્કાલ બેસે તો તેને, સ્ત્રીના શરીરનો જે સંયોગ તેથી થયેલા ઉષ્ણસ્પર્શના વશથી મનને વિહ્વલતા થવા રૂપ દોષનો સંભવ છે. શ્રી ઉદયરત્ન મહારાજ કહે છે કેઃ—

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઢાલ ત્રીજી. ( તટ જમુનાનોરે અતિ રળીઆમણોરે—એ દેશી )

ત્રીજીનેં વાડેરે, ત્રિભુવન રાજીયોરે, એણીપરેં દીઍ ઉપદેશ
આસન છંડોરે સાધુજી નારીનોરે, મુહૂર્ત્ત લગેં સુવિશેષ
હું બલિહારીરે જાઉં તેહનીરે. ૧.
ધન્ય ધન્ય તેહની હો માત.
શીલ સુરંગીરે રંગાણી રાગશુંરે, જેહની સાતે હો ધાત. હું૦ ૨.
શયનાસનેરે પાટ્યને પાટલેરે, જિહાં જિહાં બેસે હો નાર;
બે ઘડી લગેરે તિહાં બેસે નહિરે, શીલ વ્રત રાખણ હાર. હું૦ ૩.
કોહોલા કેરીરે ગંધ સંયોગથીરે, જિમ જાયે કણુકની વાક;
તિમ અબલાનુંરે આસન સેવતાંરે, વિણસે શિયલ સુપાક. હું૦ ૪.

અર્થ—ત્રિભુવનના રાજા એવા પ્રભુ ત્રીજી વાડના સંબંધમાં એવો ઉપદેશ આપે છે કે સાધુજી ! એક મુહૂર્ત સારી રીતે નારીનું આસન તજો. આમ કરનારની હું બલીહારી જાઉં છું. તેમની માતાને ધન્ય ધન્ય છે, કે જે શીલથી સુરંગીત છે અને જેની સાતે ધાતુ પણ શીલ પરના પ્રેમથી રંગાયેલી છે. સૂવાના આસનપર, પાટ કે પાટલાપર જ્યાં જ્યાં સ્ત્રી બેસે ત્યાં બે ઘડી સુધી શીલની રક્ષા કરનાર બેસે નહિ. જેમ કણુકની ચીકાશ કોળાની ગંધ આવવાથી જાય છે તેમ અબળા એટલે સ્ત્રીનું આસન સેવવાથી શિયલરૂપી સારો વિપાક બગડે છે.

૪ **इन्द्रियाप्रयोगः**—સ્ત્રીના શરીરને વિષે-અંગોપાંગને વિષે નેત્રાદિ પોતાની ઇંદ્રિયોનો પ્રવેશ ન કરે-જોવું આદિ ક્રિયા ન કરે. આનો વિશેષાર્થ એ છે કે નેત્ર વગેરે ઇંદ્રિયોના વિષય ભાવને કોઇ પ્રકારે પામેલાં કહેતાં ચક્ષુ વગેરે ઇંદ્રિયોને દેખવા પ્રમુખ જે વિષય તેને કોઇ પ્રકારે પામેલા એવા, સ્ત્રીના શરીરના અવયવ કહેતાં ગુહ્ય, સાથલ, મુખ-કાખ, સ્તન ઇત્યાદિ અંગો તેને વિષે અપ્રયોગ કરવો એટલે તે તે સ્ત્રીના અંગોને જોવા વાસ્તે પ્રયત્ન ન કરવો, એટલે સહજ કોઇ પ્રકારે સ્ત્રીનાં કોઇક અંગ દેખવામાં આવી જાય તો ફરીથી તે અંગને જોવામાં પ્રયત્ન ન કરવો. તેમજ સ્ત્રીના અંગ માત્રને વિષે સર્વ ઇંદ્રિયોનો અપ્રયોગ કહેતાં અવ્યાપાર કરવો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આહારાદિક લેવા જતાં આહાર આપનારી સ્ત્રી પાસે કાંઇ સચિત્ત વસ્તુ છે કે નહીં તે તપાસવા તથા સ્ત્રી સગર્ભા છે કે નહીં તે તપાસવા સ્ત્રીનાં અંગોપાગને જોવાં પડે તો ઉપરના કારણોથી સાપેક્ષ જોવાની છુટ છે; પણ રાગના હેતુથી જોવાં નહીં. શ્રી ઉદયરત્નજી કહે છે કેઃ—

ઢાલ ચોથી ( હું વારી રંગઢોલણા—એ દેશી)

ચોથી તે વાડે તુમે ચેતજો હો રાજા, એણિપરેં ભાંખે શ્રી જિનભૂપરે
સંવેગી સૂધા સાધુજી.
નયણ કમલ વિકાસીને હો રાજ, રખે નિરખો રમણીનું રૂપ રે.
સંવેગી સૂધા સાધુજી—૧.
રૂપ જોતાં રઢ લાગશે હો રાજ, હેલા ઉલ્લસશે અનંગરે—સં.
મનમાંહે જાગશે મોહની હો રાજ, ત્યારે હોશે વ્રતનો ભંગરે—સં. ૨.
દિનકર સાહામું દેખતાં હો રાજ, જગમેં નયણે ઘટે જિમ તેજરે. સં.
તિમ તરૂણી તન પેખતાં હો રાજ, હીણું થાયે શીયલ સુહેજરે સં. ૩.

અર્થ—શ્રી જિનરાજા ચોથી વાડમાં એમ ભાખે છે કે રાજા એટલે આત્માએ ખાસ ચેતવાનું એ છે કે રખે નયનરૂપી કમળને વિકાસીને સ્ત્રીનું રૂપ નિરખી નિરખી જુઓ. રૂપ જોવાથી રઢ એટલે પ્રીતિ લાગશે અને અનંગ એટલે કામદેવ ઉલ્લસશે. મનમાં મોહની જાગશે અને તેથી શીયલ વ્રતનો ભંગ થશે. જેમ સૂર્ય સામું નિરખીને જોતાં આંખનું તેજ ઘટે છે તેમ તરૂણી-સ્ત્રીનું શરીર પેખતાં શીયલ સ્વાભાવિક રીતે નબળું થાય છે.

૫. **कुड्यांतरदांपत्यवर्जनम्**—એટલે એક ભીંતને આંતરે સ્ત્રી પુરૂષનું યુગલ રહેતું હોય એવા સ્થાનનો ત્યાગ કરવો. કુડ્ય એટલે ભીંત તેના અંતરે રહેલું દંપતિ એટલે સ્ત્રી પુરૂષનું જોડું તેને કુડ્યાંતર-દાંપત્ય કહીએ. તે જ્યાં રહેતાં હોય તેવા સ્થાનનો વસવા નિમિત્તે, અથવા સ્વાધ્યાય, ધ્યાન ઇત્યાદિ નિમિત્તે ન રહેવું અર્થાત્ એવા સ્થાનમાં સ્વાધ્યાયાદિક ન કરવાં. કારણ કે તેમ કરવાથી તેઓના શૃંગારમય વચન સાંભળવાથી વ્રતને હાની પહોંચવા સંભવ છે.

શ્રી ઉદયરત્નજી મહારાજ વદે છે કેઃ—

ઢાલ પાંચમી ( થાંપર વારી મારા સાહિબા, કંબલ મત ચાલો–એ દેશી.)

પાંચમી વાડી પરમેસરે, વખાણીજી વાડ,
સાંભળજો શ્રોતા તુમે, ધર્મી વ્રત ધાર. ૧.

કુડયંતર વર કામિની, રમે જિહાં રાગે,
સ્વર કંકણાદિકનો સુણી, જિહાં મન્મથ જાગે. ૨.
તિહાં વસવું બ્રહ્મચારીને, ન કહ્યું વીતરાગે,
વાડ ભાંગે શીલરત્નની, જિહાં લાંછન લાગે. ૩.
અગ્નિ પાસે જિમ ઓગળે, ભાજન માંહે ધરિયા,
લાખને મીણ જાએ ગળી, નવિ રહે રસભરિયા. ૪.
તિમ હાવભાવ નારીતણા, હાંસું ને રૂદના,
સાંભળતાં શીયળ વીઘટે, મન વીંધે મદના. ૫.

અર્થ—પરમેશ્વરે પાંચમી વાડ વખાણી છે તે ધર્મવાળા અને વ્રતધારી શ્રોતાજનો ! તમે સાંભળજો. કુડ્ય એટલે ભીંતને આંતરે જ્યાં વર અને વહુ રાગથી રહે છે, જ્યાં કંકણ આદિનો અવાજ થતાં મન્મથ એટલે કામદેવ જાગે છે ત્યાં બ્રહ્મચારીએ વસવું નહિ એમ વીતરાગ પ્રભુએ કહ્યું છે. અગ્નિ પાસે વાસણમાં ધરેલા લાખ અને મીણ ઓગળી ગળી જાય છે, અને રસભરેલા રહેતા નથી તેમ સ્ત્રીના હાવભાવ, હાસ્ય, અને રૂદન સાંભળતાં શીયલ બહુ ઘટે છે અને મદન એટલે કામદેવ મનને વીંધે છે.

૬. **પૂર્વક્રીડિતાસ્મૃતિઃ**—સ્ત્રી સાથે જે પ્રથમ ક્રીડા કરી હોય તેનું સ્મરણ ન કરવું. પ્રવજ્યા–દીક્ષા અંગિકાર કર્યા પહેલાં અથવા તો વ્રત લીધા પહેલાં અતિશય પ્રમોદ ઉપજાવનાર એવી જે સ્ત્રી તેનો પ્રસંગ પ્રમુખ જે વિલાસ કરેલા હોય તેનું સ્મરણ ન કરવું. જે પ્રથમ સ્ત્રીનો ભોગ ભોગવીને પછી સાધુ થયેલા છે તે પ્રત્યે આ ઉપદેશ છે.

શ્રી ઉદયરત્ન મહારાજ કહે છેઃ—

ઢાલ છઠ્ઠી ( સહીયાં મારાં નયણ સમારો–એ દેશી ).

છઠ્ઠીને વાડે છેલછબીલો, ગુણરત્નને ગાડો ભર્યોજી,
**દશ**રથકુલે નગીનો, **વીર**જિણંદ એમ ઉચ્ચરેજી. ૧.
અવ્રતીપણે તે જે આગે, કામક્રીડા બહુવિધ કરીજી,
વ્રત લેઇને વિલસિત પહેલાં, રખે સંભારો દિલધરીજી. ૨.
અગ્નિ ભાર્યા ઉપર પૂળો, મેલે જિમ જ્વાલા વમીજી,
વરસ દિવસેં જિમ વિષધરનું, શંકાએ વિષ સંક્રમેજી. ૩.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિષયસુખ વિલસિત પહેલાં, તિમ શીયલવંત સંભારતોજી,
વ્યાકુલ થઇ શીયલ વિરાધે, પછી થાયે ઓરતોજી. ૪.

અર્થ—સિદ્ધારથ રાજાના કુળમાં ગુણ રત્નથી પૂર્ણ ભરેલ એવા છેલછબીલા નગીન વીરજિનેંદ્રે છટ્ઠી વાડના સંબંધમાં એવું કહેલ છે કે પૂર્વે વ્રતી થયા પહેલાં–દીક્ષા લીધા પહેલાં એટલે સંસારીપણે જે જે જુદી જાતની કામક્રીડા કરી હોય તે તથા આગળના વિલાસો વ્રત લીધા પછી રખેને દીલથી સંભારો–યાદ કરતા હો! એટલે તેમ ન થવું જોઇએ. ભારેલો અગ્નિ હોય અને તે ઉપર જો ઘાસનો પૂળો મૂકેલો હોય તો ફરી અગ્નિ વમાય છે–થાય છે, વળી જેમ સરપ વરસ આખરે મેં વિષ વમ્યું હશે કે નહીં એવી શંકા થતાં ફરીવાર વિષ બહાર કાઢે છે તેવી રીતે શિયળવંત આગળનાં વિષય સુખ અને વિલાસો યાદ કરતો થકો વ્યાકુળ થાય છે અને તેથી શીયળ વ્રતની વિરાધના કરે છે અને પછી ઓરતો–અફસોસ થાય છે. ૧–૪.

૭. **प्रणीताभोजनम्**—પ્રણીત એટલે અતિ સ્નિગ્ધ એવાનું અભોજન કરવું–ભોજન કરવું નહિ. એટલે ગળતા છે ઘીના બિંદુ જેથી ઘી આદિકથી ઘણો રસબસ થયેલો આહાર લેવો નહિ એટલે તેનાથી પોતાનું ઉપજીવન ન કરવું. મતલબ જેનાથી વિષય વાસના વધે તેવો આહાર કે દવા મુનિએ કે વ્રતધારિએ ગ્રહણ કરવાં નહીં.

શ્રી ઉદયરત્ન મહારાજનું કથન એ છે કેઃ—

ઢાલ સાતમી ( ગઢ બુંદીરાવાલા—એ દેશી )

સાતમી વાડે વીર પયંપે, સુણો સંજમના રાગી હો
શીલરથના હો ધોરી, સૂધા સાધુ વૈરાગી.
મુજ આણાકારીને બ્રહ્મચારી, વિષયરસના ત્યાગી હો.
શીલરથના હો ધોરી, સૂધા સાધુ વૈરાગી. ૧.
સરસ આહાર તજજોજી સહેજે, વિગય થોડી વાવરજો હો શી.
માદક આહારેં મન્મથ કોપે, તેહનો પરિહરજો હો શી. ૨.
સન્નિપાતે જિમ ઘૃત યોગે, અધિક કરે ઉલાળો હો શી.
પાંચે ઇંદ્રિય તિમ રસેં પોષ્યાં, ચારિત્રમાં કરે ચાળા હો શી. ૩.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અર્થ—હે સંજમના રાગી, શીલરથને હાંકનાર શુદ્ધ વૈરાગ્યવાન્ સાધુઓ! સાતમી વાડના સંબંધમાં શ્રી **વીર**પ્રભુ જે કહે છે તે સાંભળો. 'તમે બ્રહ્મચારી વિષયરસના ત્યાગી હોઈ મારી આજ્ઞાએ વર્તો છો; તો સ્વાભાવિક રીતે સરસ એટલે રસવાળો આહાર તજી દેજો, અને વિગય એટલે વિકૃતિ-વિકાર કરનાર પદાર્થો કહ્યા છે તે ઓછા વાપરજો. માદક આહારથી કામ એકદમ જાગે છે તો તેનો દૂર કરજો. ઘી ખાવાથી જેમ સંનિપાત ઘણો ઉછાળો મારે છે એટલે વધે છે તેમ રસથી પોષેલી પાંચે ઇંદ્રિયો ચારિત્રમાં ચાળા કરે છે-વિધવિધ વિક્ષેપ પાડે છે. ૧-૩.

૮. **अतिमात्राभोगः**—અતિશય એટલે પ્રમાણથી અધિક આહારનો ભોગ ન કરવો એટલે અતિ સ્નિગ્ધ ન હોય તોપણ તે આહાર અતિશય ન કરવો. બત્રીશ કોળીઆ, ઇત્યાદિ જે શાસ્ત્રમાં પ્રમાણ લખ્યું છે તેથી અતિશય-વધારે આહાર ન કરવો. અતિ આહારથી વિષયવૃદ્ધિ થાય છે અથવા તો પચાવવાને માટે તેવી દવા ખાવી પડે છે.

શ્રી ઉદયરત્નમુનિ એમ વદે છે કેઃ—

ઢાળ આઠમી. ( રાગ મારૂ. ઓડણ્ ખોલો કમાડ-એ દેશી )

ત્રિશલાસુત હો ત્રિગડે બેસી એમ, આઠમી વાડ વખાણી શીલની
અતિ માત્રા હો અહાર તજો અણગાર, લાલચ રાખો જો સંજમ શીલની. ૧
અતિ આહારે હો આવે ઊંઘ અપાર, સુપનમાંહે થાયે શીલવિરાધના.
વળી થાયે હો તેણે મદવંતી દેહ, સંયમની નવી થાયે આરાધના. ૨
જિમ શેરના હો માપામાંહે દોઢ શેર, ઓરીને ઉપર દીજે ઢાંકણું;
ભાંજે તોલડી હો ખીચડી ખેરૂ થાય, તેમ અતિમાત્રાએ વ્રત બગડે ઘણું. ૩

અર્થ—ત્રિશલા માતાના પુત્ર શ્રી વીરપ્રભુએ ત્રણ ગઢમાં બેસી શીલની આઠમી વાડ પર વ્યાખ્યાન કર્યું છે કે હે અણગાર-મુનિઓ! શીલ સંજમની લાલચ-ઇચ્છા રાખો તો આહાર અતિમાત્રાએ તજવાનો છે. અતિ આહારથી ઘણીજ ઉંઘ આવે છે, અને સ્વપ્નમાં શીલની વિરાધના-ખંડના થાય છે. વળી તેથી શરીર મદવાળું થતાં સંયમની આરાધના થઇ શકતી નથી-સંયમ બરાબર પાળી શકાતો નથી. જેમ કોઈ શેરનું માપ હોય તેમાં દોઢ શેર (ચૂલાપર) ઓરીને-નાંખીને

તેનાપર એકદમ ઢાંકણું દેવામાં આવે અને તેથી તે તોલડી-વાસણ-માપ તૂટી જાય, અને વધારે ભરેલું અનાજ-ખીચડી ઢોળાઇ જાય, તેમ અતિમાત્રાએ—ગજા ઉપરાંત આહાર લેવાથી શીયલ વ્રત ઘણું બગડે છે.

૯ **विभूषापारिवर्जनम्**—અલંકારનો ત્યાગ કરવો-ન પહેરવાં-એટલે શૃંગારનાં લક્ષણવાળાં શરીરની અને ઉપકરણની શોભાનો ત્યાગ કરવો.

આવી રીતે ઉપર કહેલાં સ્ત્રીકથાદિક નવ કારણનો ત્યાગ કરવો કારણ કે તે સર્વને મોહના ઉદ્રેકપણાના એટલે અતિશય મોહની ઉત્પત્તિના હેતુ છે. શ્રી ઉદયરત્ન મુનિશ્રી કથે છે કે—

ઢાલ નવમી. ( કાયથ કેસવારે-અથવા ગરબાની દેશી. )

નવમી વાડે નિવારજોરે, સાધુજી શણગાર;
શરીર શોભાવ્યું શોભે નહિરે, અવનિતલે અણગાર. ૧
એમ ઉપદેશે **વીર**જીરે, મુનિવર ધરજોરે મન;
શીખામણ એ માહરીરેં, કરજો શીલ જતન. ૨
સ્નાન વિલેપન વાસનારે, ઉત્તમ વસ્ત્ર અપાર;
તેલ તંબોલ આદિ તજોરે, ઉદ્ભટ વેશ સફાર. ૩
ધોઇને ધરણી ધર્યોરે, જિમ રત્ન હાર્યો કુંભાર;
તિમ શીલ રત્નને હારશોરે, જે કરશો શણગાર. ૪

અર્થ—હે સાધુજી ! નવમી વાડે શણગારનો ત્યાગ કરજો. શણગારથી શોભાવેલું શરીર આ પૃથ્વીપર હે સાધુજી ! શોભતું નથી એવું શ્રી **વીર**જી ઉપદેશે છે તો તે મુનિવર ! મનમાં ધારી રાખજો; અને કહે છે કે મારી શિખામણ એ છે કે શીલની રક્ષા કરજો. ૧-૨

ન્હાવું, વિલેપ કરવો, વાસ સુગંધ રાખવા, ઘણાં ઉત્તમ વસ્ત્ર, તેલ તંબોલ આદિ જે ઘણો ઉદ્ભટ એટલે બાંકેરાવ જેવો વેશ તજો: જેમ કુંભારે ભૂમિ ઉપર ધોઇને રાખેલ રત્નને ખોઈ દીધો; તેમ જો શણગાર કરશો તો શીલરૂપી રત્ન ખોઈ બેસશો.૩-૪.

છેલ્લે શ્રી ઉદયરત્ન કવિ કહે છે કે:—

ઢાલ દશમી ( ભટીયાણીની દેશી. )

એકલી નારી સાથે, મારગે જાતાં હો, વળી વાત ન કીજીએ,
એક સેજે નર હોય, શીલવંત નવિ સૂવે હો, સહેજે ગાલ ન દીજીએ. ૧.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ન સૂવારે નિજપાસ, સાડાછ વરસની હો, કાંઇ પુત્રીને પણ હેજમાં,
સાત વરસ ઉપરાંત, સુતને પણ ન સૂવારે હો, કાંઇ શીલવંતી તેમ સેજમાં. ૨.
સ્ત્રીસંગે નવલાખ, પ્રાણી હણાયે હો, ભગવંતે ભાંખ્યું ઇસ્યું,
અસંખ્યાતા પણ જીવ, સમૂચ્છિમ પંચેંદ્રિય હણાયે હો,ઘણું કહીએ કિસ્યું. ૩.
એમ જાણી નરનારી, શીયલની સદ્દહણા હો, શુદ્ધિ મનમાં ધારજો,
એહ દુર્ગતીનું મૂલ, અબ્રહ્મસેવામાંહિ હો, જાતાં મનને વારજો. ૪.
તપગચ્છ ગયણદિણંદ, મનવંછિત ફલદાતાહો, શ્રી હીરરત્નસૂરીશ્વરૂ,
પામી તાસ પસાય, વાડ વખાણી હો, શીયલની એહ મનોહરૂ. ૫.
ખંભાત રહી ચોમાસ, સત્તરસેં ત્રેસઠેં હો, શ્રાવણ વદિ બીજ બુધે ભણી.
ઉદયરત્ન કહે કરજોડ, શિયલ જે પાલે હો, તેહને જાઉં ભામણે. ૬.

અર્થ—શીયલવંત થવાનો ઉપદેશ કરવા ઉપસંહારમાં કહે છે કે:—એકલી નારીની સાથે માર્ગમાં વાત ન કરીએ, એક પથારીમાં બે પુરૂષ હોય તો તેવી રીતે શીલવંત સૂવે નહિ, એને સ્વાભાવિક રીતે ગાળ ન આપે. પોતાની પુત્રીને પણ સાડા છ વરસની ઉમર થયા પછી પોતાની સાથે આનંદથી સુવાડે નહિ, અને તેવીજ રીતે શીયલવંતી નારી પોતાના પુત્રને પણ સાત વરસ ઉપરની ઉમરનો થયા પછી પોતાની સાથે એક પથારીમાં સૂવાડે નહિ. ૧-૨.

ભગવંતે એવું ભાખેલું છે કે સ્ત્રી સંગ કરતાં નવલાખ જીવ હણાય છે, વળી અસંખ્યાતા જીવ સમૂર્છિમ પંચેંદ્રિય જીવ હણાય છે. આ વિષે કેટલું કહેવું ? માટે એમ જાણી નરનારીએ શીયલનું સરસ વહન કરવું એમ મનમાં શુદ્ધિથી ધારવું, અને અબ્રહ્મ–મૈથુનની સેવા કરવી એ માઠી ગતિનું મૂળ છે એમ જાણી તેમાં જતા મનને રોકવું ઘટે છે. ૩-૪.

હવે શ્રી ઉદયરત્ન મહારાજ પોતાની પ્રશસ્તિ કહે છે કે તપગચ્છરૂપી આકાશના દિનેંદ્ર એટલે સૂર્ય સમાન મન વાંછિત ફળના આપનાર શ્રી હીરરત્ન સૂરીશ્વરની કૃપા પામી શીયલની મનોહર વાડનું અહીં વ્યાખ્યાન કર્યું છે. ચોમાસું ખંભાતમાં હતું ત્યારે સં. ૧૭૬૩ ના શ્રાવણ વદ ૨ વાર બુધવારે શ્રી ઉદયરત્ન મહારાજે આ ઢાળો બનાવી છે, અને છેલ્લે કહે છે કે જે શિયળ પાળે તેને હું વારીજાઉં. ૫-૬.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પરિશિષ્ટ ૩.

## સ્વાધ્યાયકાલ.

સામાયિક લીધા પછી, અને સામાયિક પૂરું કર્યા પહેલાં—એટલે સામાયિકકાલમાં સમતાપરિણામે સ્થિરતા રાખવાની છે, અને તે માટે તત્ત્વજ્ઞાન આદિનાં પુસ્તકો અવલોકવા, મનન કરવાનાં છે, અને તે કાલમાં સ્વાધ્યાય કરવાનો છે. આ સ્વાધ્યાય કરવામાં સજ્ઝાય, સ્તવન, પદ, આદિ બોલવામાં આવે છે. તો તે વખતે સમતાપ્રધાન, તત્ત્વજ્ઞાન-નો ભાસ આપે તેવાં સજ્ઝાય—સ્તવન—પદાદિ બોલાય, અને તેનો અર્થ સમજી અનુભવાય તે હેતુથી ખાસ ચૂંટી કાઢી તેના અર્થ સાથે અહીં સામાયિક સૂત્રના એક પરિશિષ્ટ તરીકે આપવામાં આવ્યાં છે, તો આશા છે કે તેનો યથાર્થ ઉપયોગ કરવામાં આવશે.

૧.

### અરિહંત ભગવાનનાં મોક્ષસ્થાન.

( હરિગીતની ચાલમાં ગવાશે. )

અષ્ટાપદે શ્રી **આદિ** જિનવર, **વીર પાવા**પુરિ વરૂ;<br>
વાસુપૂજ્ય **ચંપા** નયર સિદ્ધા, **નેમ રેવા**ગિરિ વરૂ. ૧<br>
**સમેત**શિખરે વીશ જિનવર, મોક્ષ પહોતા મુનિવરૂ;<br>
ચોવીશ જિનવર નિત્ય વંદું, સકલ સંઘ સુહંકરૂ. ૨

અર્થ—( મુનિ—વરૂ ) મુનિઓમાં શ્રેષ્ઠ એવા જે તીર્થંકરો તેઓમાંથી શ્રી પ્રહેલા શ્રી **ઋ**ષભદેવ **અ**ષ્ટાપદ ઉપર, શ્રી **વીર**પ્રભુ **પાવા**પુરી ઉપર, શ્રી **વાસુ**પૂજ્ય ભગવાન **ચંપા**નગરીમાં, તથા બાકીના વીસ જિનેશ્વરો **સમેત** શીખર ઉપર મોક્ષે ગયા—નિર્વાણ પામ્યા. સર્વ સંઘને સુખ—કલ્યાણ—કરનારા એવા એ ચોવીસ અરિહંતોને હું દરરોજ વંદના—નમસ્કાર કરૂં છું.

૨.

### જિનપૂજા.

દોહા.

જીવડા! જિનવર પૂજીએ, પૂજાના ફલ જોય;<br>
રાજા નમે પ્રજા નમે, આણ ન લોપે કોય. ૧

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કુંભે બાંધ્યો જલ રહે, જલ વિના કુંભ ન હોય;
જ્ઞાને બાંધ્યો મન રહે, ગુરૂ વિના જ્ઞાન ન હોય. ૨
ગુરૂ દીવો ગુરૂ દેવતા, ગુરૂ વિના ઘોર અંધાર;
જે ગુરૂ વાણી વેગલા, તે રડવડીઆ સંસાર. ૩
ભાવે ભાવના ભાવિયે, ભાવે દીજે દાન;
ભાવે જિનવર પૂજીએ, ભાવે કેવલજ્ઞાન. ૪
પ્રભુ નામકી ઔષધી, ખરે મનશું ખાય;
રોગ પીડા વ્યાપે નહિ, મહા દોષ મીટ જાય. ૫
પ્રભુપૂજન હું ચલ્યો, કેશર ચંદન ઘનસાર;
નવે અંગે પૂજા કરી, ભવસાયર પાર ઉતાર. ૬
પાંચ કોડીને ફૂલડે, પામ્યો દેશ અઢાર;
કુમારપાલ રાજા થયો, વર્ત્યો જય જય કાર. ૭

અર્થ—હે જીવ ! પૂજાના ફળ જોઇ–વિચારીને જિનોમાં ઉત્તમ એવા તીર્થંકર પ્રભૂની પૂજા કરો: જિનેશ્વરની પૂજા કરનારને રાજા નમે છે, પ્રજા નમે છે અને તેની આજ્ઞા–વચન કોઇ લોપી–ઉથાપી શકતું નથી. (આતો માત્ર વ્યાવહારિક લાભ છે, પારમાર્થિક તો તેથી બીજા ઘણાએ છે.) ૧.

(જ્ઞાનની જરૂર વિષે કહે છે.) જેમ ઘડામાં પાણી બાંધીને રાખી શકાય છે, પણ પાણી ઘડા વગર રહી શકતું નથી, તેવી રીતે મનને જ્ઞાનથી વશ કરી શકાય છે–એકાગ્ર કરી શકાય છે, પણ તે જ્ઞાન ગુરૂવિના પામી શકાતું નથી. ગુરૂ એજ દીવો–જ્ઞાનરૂપી તેજ આપનાર દીપક છે, તેજ પ્રભુ છે, તેના વગર (મિથ્યાત્વરૂપી) ઘોર અંધારૂં છે, તેની વાણીથી જે દૂર રહ્યા છે–જેમણે સાંભળી નથી તેઓજ સંસારમાં રઝળે છે. ૨–૩.

ભાવપૂર્વક–હૃદયથી–ભાવના ભાવવી (એટલે સમજીને જિનેશ્વરના અંતરંગ સ્વરૂપની સ્તુતિ કરવી), ભાવવડે દાન દેવું, ભાવથી જિનની પૂજા કરવી, કારણકે ભાવ એજ કેવલજ્ઞાન પામવાનું (અચૂક) હેતુ છે. ૪.

પ્રભુનું નામ એ એક ઓસડ છે, જે સાચા મનથી ખાવામાં આવે તો તેથી રોગ પીડા થતાં નથી અને મોટા દોષો–દુઃખો પણ મટી જાય છે. ૫.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હે પ્રભુ! કેશર, ચંદન, કપૂર આદિવડે આપની પૂજા કરવાને હું ઉજમાળ થયો છું, અને આપના સર્વે નવ અંગોએ પૂજા કરી એટલુંજ માગું છું કે મને ભવરૂપી દરીઆથી પાર ઉતારો-ભવભ્રમણમાંથી છોડાવો. માત્ર પાંચ કોડીના ફૂલવડે પ્રભુપૂજા કરવાથી કુમારપાળને અઢાર દેશ મળ્યા તથા તે રાજા થયો, અને તેનો સર્વત્ર જયજયકાર થયો. ૭.

વિશેષાર્થ—પ્રથમ ક્રિયા (જિનેશ્વરની પૂજા)-કરવાનો ઉપદેશ આપ્યો. પછી તરતજ વિચાર્યું કે મનની એકાગ્રતા વિના (સરખાવો-'એકમના ધુરી થઇએરે'—આનંદઘન.) ક્રિયા યથાર્થ ફળ આપી શકે નહિ, અને તે એકાગ્રતા જ્ઞાન વિના થઇ શકે નહિ, માટે બીજી કડીમાં મનને વશ કરવા જ્ઞાનની આવશ્યકતા બતાવી, મન જેથી વશ થાય એવું સમ્યગ્જ્ઞાન, જિનેશ્વરનું-શુદ્ધ આત્માનું-સ્વરૂપ જેમણે યથાતથ્યપણે જાણ્યું છે એવા શ્રી સદ્ગુરૂના યોગવિના પામી શકાય નહિ, માટે ત્રીજી કડીમાં સદ્ગુરૂનું માહાત્મ્ય વર્ણવ્યું, અને સદ્ગુરૂનેજ "દેવતા"-દેવાધિદેવ કહ્યા, અને સદ્દેવને જે ઉપમાઓ આપી શકાય તે સદ્ગુરૂને આપી* આ પ્રમાણે ચોથી કડીમાં ગુરૂ પાસેથી જિનેશ્વરની પૂજાનું રહસ્ય જાણી-જ્ઞાનયુક્ત ભાવપૂર્વક પૂજા કરવા પ્રેરણા કરી, ભાવથીજ સર્વસિદ્ધિ છે એમ બતાવ્યું. અહીં ભાવપૂજાની પ્રધાનતા-શ્રેષ્ટતા દાખવી પાંચમી કડીમાં ભાવપૂજાનું માહાત્મ્ય બતાવ્યું-વ્યાવહારિક તેમજ પારમાર્થિક મહાલાભો બતાવ્યા. (અત્રે રોગપીડા-દ્રવ્ય ને ભાવ બન્નેથી સમજવાની છે. શુદ્ધ સમકીત થયા પછી—પ્રભુને પ્રભુપણે ઓળખી તેમની પૂજા કર્યા

---

* સરખાવો. 'ગુરૂ દીવો ગુરૂ દેવતા, ગુરૂ તુઠે ગમ હોય.
ગુરૂ કહિયે માતાપિતા, ગુરૂથી અધિક ન કોય.
—નેમવિજયજીકૃત ધર્મપરીક્ષાનો રાસ.

'ગુરૂ દેવો ગુરૂ દેવતા, ગુરૂથી લહિયે નાણ,
આ ભવ સુખસંપદ દીયે, પરભવ કોડી કલ્યાણ.
—ધમ્મિલકુમારનો રાસ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પછી—કર્મરૂપી રોગની વૃદ્ધિ થતી નથી.* છઠ્ઠી કડીમાં યથાવિધિ કરેલી પૂજાને મોક્ષફળ આપનારી કહી છે. છેલ્લી કડીમાં દૃષ્ટાંત આપી તેજ ઉપદેશને દઢીભૂત કરેલ છે કે માત્ર પાંચ કોડીના ફુલો ભાવપૂર્વક ચડાવવાથી વ્યાવહારિક મહાલાભ–નૃપતિપણું–એ અનંતર– સમીપ (બીજા ભવેજ) ફળ મળ્યું, અને પરંપર ફળ જે મોક્ષ તે થોડા ભવમાંજ પ્રાપ્ત થશે.

(આ વિશેષાર્થ ઉપરના વર્ગના વિદ્યાર્થીઓના તથા શિક્ષકોના ઉપયોગ અર્થે છે.)

## ૩.

## ચોવીશ જિનનામ સ્તવન.

(પહોરે પોપટ રાજા રામના, સતી સીતા પઢાવે–એ પ્રભાતીયામાં ગવાશે).

પ્રહસમે ભાવ ધરી ઘણો, પ્રણમું મનરે આણંદા;
ધન્ય વેલા ધન્ય તે ઘડી, નિરખું પ્રભુમુખચંદા. પ્ર. ૧

ઋષભ અજિત સંભવ ભલા, અભિનંદન, વંદું;
સુમતિ પદ્મપ્રભ જિનવરા, શ્રી સુપાર્શ્વ જિણંદા. પ્ર. ૨

ચંદ્રપ્રભ સુવિધિ નમું, શીતલ શ્રેયાંસ;
વાસુપૂજ્ય વિમલ પ્રભુ, અનંત ધર્મ જિણંદા. પ્ર. ૩

શાંતિ કુંથુ અર જિનવરા, એ ત્રણ ચક્રી કહીજે;
મલ્લી મુનિસુવ્રત પ્રભુ, નમિ નેમ જિણંદા. પ્ર. ૪

પાર્શ્વ વીર નિત વંદીએ, એહવા જિન ચોવીશ;
જ્ઞાનવિમલ સૂરિ પ્રણમતાં, નિત હોએ જગીશ. પ્ર. ૫

અર્થ–સવારને વખતે ઘણો ભાવ ધરી અતિ આનંદ–ઉલ્લાસપૂર્વક હું આપને પ્રણામ કરૂં છું. પ્રભુના મુખરૂપી ચંદ્રમાનું જ્યારે જ્યારે દર્શન થાય છે તે અવસરને ધન્ય છે, અને તે ઘડીને પણ ધન્ય છે. (મતલબ કે તેજ અવસર તેજ ઘડી–જીવનની સફળ છે.) ૧.

હું કલ્યાણના કરનાર ઋષભનાથ, અજીતનાથ, સંભવનાથ, ને

*સરખાવો. ધર્મ જિનેશ્વર ચરણ ગ્રહ્યા પછી, કોઈ ન બાંધે કર્મ.
આનંદઘન.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અભિનંદન, સુમતિનાથ, પદ્મપ્રભુ, એ જિનવરોને, તથા શ્રી સુપાર્શ્વનાથ જિનેશ્વરને વંદન કરૂં છું. ૨.

(વળી) ચંદ્રપ્રભ, સુવિધિનાથ, **શી**તળનાથ, શ્રેયાંસનાથ, વાસુપૂજ્ય, વિમલનાથ પ્રભુને, તથા અનંતનાથ અને ધર્મનાથ એ જિનવરોને નમું છું. ૩.

**શાં**તિનાથ, કુંથુનાથ, અરનાથ એ જિનવરો જેઓ ત્રણે ચક્રવતી હતા તેમને તથા મલ્લીનાથ, મુનિસુવ્રત પ્રભુ, નમિનાથ, નેમિનાથ એ જિનેંદ્રો તથા પાર્શ્વનાથ, મહાવીર એમ સર્વ ચોવીશ જિન–વીતરાગ દેવોને હમેશાં વંદીએ, (કારણકે) જ્ઞાનવિમલ સૂરિ કહે છે કે તેમ પ્રણામ કરતાં જગતમાં જયજયકાર થાય છે. ૪–૫.

## ૪.

## પંચતીર્થી ચૈત્યવંદન.

દોહા.

* આજ દેવ અરિહંત નમું, સમરૂં તારૂં નામ;
જ્યાં જ્યાં પ્રતિમા જિન તણી, ત્યાં ત્યાં કરૂં પ્રણામ. ૧
શત્રુંજય શ્રી આદિદેવ, નેમ નમું ગિરનાર;
તારંગે શ્રી અજિતનાથ, આબુ ઋષભ જુહાર. ૨
અષ્ટાપદ ગિરિ ઉપરે, જિન ચોવીસે જોય;
મણિમય મૂરતિ માનશું, ભરતે ભરાવી સોય. ૩
સમેતશિખર તીરથ વડું, જ્યાં વીશે જિન પાય;
વૈભારગિરિ ઉપરે, શ્રી વીર જિનેશ્વર રાય. ૪
માંડવગઢનો રાજીઓ, નામે દેવ સુપાસ;
રિખભ કહે જિન સમરતાં, પહોંચે મનની આશ. ૫

અર્થ–આજ હે અરિહંત દેવ ! આપને નમું છું અને આપનું નામ સ્મરૂં છું. વળી જિન ભગવાનની જ્યાં જ્યાં પ્રતિમા–મૂર્તિ છે તે તે સર્વે સ્થાને રહેલી પ્રતિમાઓને (મનથી) પ્રણામ કરૂં છું. ૧

શત્રુંજય પર્વત ઉપર શ્રી આદિદેવની મૂર્તિ છે, ગિરનારપર નેમ-

*શિક્ષકે તીર્થસ્થળો સંબંધી ઉપયોગી હકીકત આપવી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નાથ પ્રભુની, તારંગામાં શ્રી અજિતનાથની અને આબુપર ઋષભના-થની છે તેને મારા જુહાર-પ્રણામ હોજો. ૨.

અષ્ટાપદ પર્વત ઉપર જ્યાં ભરત ચક્રવર્તીએ દરેક જિનવરના માન-દેહ પ્રમાણ-અનુસાર સ્ફટિક મણીની મૂર્તિ કરાવેલ શોભે છે. તે ચોવીસે જિનપ્રતિમાને (અંતરથી) નીરખી નમસ્કાર કરૂં છું. ૩.

સમેતશિખર મોટું તીર્થ છે જ્યાં વીશ જિન ભગવાનોની પાદુકા છે, અને વૈભારક પર્વત પર શ્રી મહાવીર જિનેશ્વરની મૂર્તિ છે તેમને હું ભાવથી નમું છું. ૪

[1] માંડવગઢનો રાજા-નાયક જે શ્રી સુપાર્શ્વ દેવ છે તેમને પણ હું નમું છું.આ પ્રમાણે જિન ભગવાનોને સમરતાં ઋષભદાસ કવિ કહે છે કે મનની કોઇ પણ આશા સિદ્ધ થાય છે. ૫

૫.

## જિન પ્રભુના નવ અંગની પૂજામાં રહેલ ભાવના.

દોહા.

જલ ભરી સંપૂટ પત્રમાં, યુગલિક નર પૂજંત;
ઋષભચરણ અંગુઠડો, દાયક ભવજલ અંત. ૧
જાનુબલે કાઉસગ્ગ રહ્યા, વિચર્યા દેશ વિદેશ;
ખડાં ખડાં કેવલ લહ્યું, પૂજો જાનુ નરેશ. ૨
લોકાંતિક વચને કરી, વરસ્યા વરસી દાન;
કરકંડે પ્રભુ પૂજના, પૂજો ભવિ ! બહુ માન. ૩
માન ગયું દોય અંશથી, દેખી વીર્ય અનંત;
ભુજાબલે ભવજલ તર્યા, પૂજો ખંધ મહંત. ૪
રત્નત્રયિ ગુણ ઉજ્વલી, સકલ સુગુણ વિશ્રામ;
નાભિ કમલની પૂજના, કરતાં અવિચલ ધામ. ૫
હૃદયકમલ ઉપશમ બલે, બાલ્યા રાગ ને રોષ;
હેમ દહે વનખંડને, હૃદય તિલક સંતોષ. ૬

---

૧ આ શ્રી મંડપ નામનું તીર્થ છે, હાલમાં તે માંડવગઢ એ નામથી ઓળખાય છે. રજપુતાના માળવા રેલ્વેના મહુની છાવણીના સ્ટેશને ઉતરીને શ્રી માંડવગઢ જવાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સોલ પહોર દઇ દેશના, કંઠ વિવર વર્તુલ;
મધુર ધ્વનિ સુર નર સુણે, તેણે ગલે તિલક અમૂલ. ૭
તીર્થંકરપદ પુણ્યથી, ત્રિભુવન જન સેવંત;
ત્રિભુવન તિલક સમા પ્રભુ, ભાલ તિલક જયવંત. ૮
સિદ્ધશિલા ગુણ ઉજ્જલી, લોકાંતે ભગવંત;
વસિયા તિણે કારણ ભવિ, શિરશિખા પૂજંત. ૯
ઉપદેશક નવ તત્ત્વના, તેણે નવ અંગ જિણંદ;
પૂજો બહુ વિધ ભાવથી, કહે શુભ **વીર** મુણિંદ. ૧૦

અર્થ—જેવી રીતે સંપુટમાં-અંજલિમાં જળ લઈ જુગલીઆઓએ ઋષભ દેવના પગના અંગુઠાની પૂજા કરી હતી, તેવી રીતે હે ભવ્યો ! તમે પણ કરી ભવરૂપી મહાસાગરનો પાર પામો. ૧

જે જાનુ (સાથળ) ના બળાથી કાયોત્સર્ગમાં રહેલા હતા, દેશવિદેશ વિચર્યા હતા અને જેનાથી તેઓ ઉભા ઉભા કેવલજ્ઞાન પામ્યા હતા, તે નરેશ-જગત્પ્રભુના જાનુને ( હે ભવિજનો !) પૂજો. ૨.

જે કરના—હાથના કાંડાથી પ્રભુએ લોકાંતિક દેવતાઓ કહી ગયા પછી વરસીદાન આપ્યું હતું તેની પૂજા હે ભવિ! બહુ માનથી કરો. ૩

પ્રભુનું અનંત વીર્ય—શક્તિ જોઈ બંને અંશમાંથી અભિમાન ગળી ગયું છે—નષ્ટ થયું છે–પોતાના જે ભુજાઓના (અનંત) બલથી–સ્વપરાક્રમથી પ્રભુ ભવરૂપી જળને તરી ગયા તે મહાન્ સ્કંધ–ખભાની પૂજા કરો. ૪

જે નાભિસ્થાને રહેલા કમલના ધ્યાનથી સર્વ સરસ ગુણના ભાજનરૂપ જ્ઞાન–દર્શન–ચારિત્રરૂપી શુદ્ધ રત્નત્રયીની પ્રાપ્તિ થાય છે તે નાભિકમલની પૂજા કરો કે જે કરતાં–કરવાથી અવિચલ ધામ–એટલે મોક્ષસ્થાન મળે છે. ૫

જેમ હેમ–બરફ પડવાથી વનનો કોઇ ભાગ બળી જાય છે–નાશ પામે છે તેમ ઉપશમ બળથી–સમરસ ભાવથી હૃદયકમળમાં પ્રકટેલી અત્યંત શાંતિ–શિતળતાથી રાગદ્વેષરૂપ કર્મવનને પ્રભુએ બાળી નાંખ્યોઃ એવા પ્રભુના હૃદય ઉપર તિલક કરી તું સંતોષ પામ. ૬

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જે કંઠના અંદરના ગોળ પોલાણ ભાગથી વાણી કાઢી ×પ્રભુએ સોળ પહોર ઉપદેશ આપ્યો–જે મધુર ધ્વનિ સાંભળીને મનુષ્યો તથા દેવતાઓ અમૂલ્ય લાભ પામ્યા તે કંઠ–ગળા ઉપર તિલક કર કે જે તને અમૂલ્ય–અતુલ્ય લાભ આપનાર છે. ૭

તીર્થંકર નામકર્મરૂપી પુણ્યના પ્રભાવથી જેમની ત્રણે લોકના જીવો પૂજા કરે છે, તે ત્રિભુવનપૂજ્ય–જગતિશિરોમણિ પ્રભુના કપાળે તિલક કર કે જેથી તું જયવંત થઈશ. ૮

લોકને અંતે ગુણથી ઉજળી–શુદ્ધ એવી સિદ્ધશિલા છે ત્યાં ભગવાન્ રહેલા છે તેથી ભવી લોકો શિરશિખા–મસ્તકને પૂજે છે. ૯.

નવ તત્ત્વના જેઓ ઉપદેશક છે એવા શ્રી જિનેશ્વરની ( ઉપર કહ્યા પ્રમાણે ) નવે અંગે અનેક પ્રકારે ( કેશર–ફુલ આદિ વડે ) પૂજા કરો, એમ મુનિમાં ઇંદ્ર સમાન એવા ( શુભ ) જગવત્સલ શ્રી **વીર** પ્રભુ કહે છે, ( 'શુભવીર ' એ પરથી શુભવિજયના શિષ્ય **વીર**વિજયજી એ કવિનું નામ સૂચવાય છે. ) ૧૦.

## ૬.
## આરતી.

( માનસરોવર નીર વિના જ્યમ, એ ભૈરવીની ઢાળમાં ગવાશે.)

**પહેલી** આરતી પ્રથમ જિણંદા, **શત્રુંજયમંડણ ઋ**ષભ જિણંદા;
શ્રી **સિદ્ધાચલ** તીર્થે આવ્યા, પૂરવ નવાણું ભવિકમન ભાવ્યા.
આરતી કીજે શ્રી જિનવરકી. ૧
દૂસરી આરતી **શાં**તિ જિણંદકી, શાંતિ કરે પ્રભુ શિવમારગકી;
પારેવો જેણે શરણે રાખ્યો, કેવલ પામીને ધર્મ પ્રકાશ્યો. આરતી. ૨
તીસરી આરતી શ્રી **ને**મનાથ, **રાજુલ** નારી તારી નિજ હાથ;
**સહસ** પુરૂષશું સંયમ લીધો, કરી નિજ આતમ કારજ સીધો. આરતી. ૩
ચોથી આરતી ચિહું ગતિ વારી, **પા**રસનાથ ભવિક હિતકારી;
ગોડીપાસ સંખેસરો પાસ, ભવિજનની પૂરે મન આસ. આરતી. ૪

×પ્રભુ હમેશાં કાંઇ સોળ પહોર સુધી દેશના આપતા નથી, માત્ર પહેલી યા છેલ્લી દેસના એટલી લાંબી હોય છે. આ અંગે શાસ્ત્રાનુસાર જે કાંઇ ખુલાસો હોય તે કરવો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પાંચમી આરતી શ્રી મહાવીર, મેરૂપરે જિમ રહ્યા ધીર;
સાડાબાર વરસ તપ તપીયા, કર્મ ખપાવીરે શિવપુર વસિયા. આરતી. ૫
એણિપરે પ્રભુજીની આરતી કરશે, શુભ પરિણામે શિવપુર વરશે.
કરજોડી સેવક એમ બોલે, નહિ કોઈ મારા જિનજીને તોલે. આરતી. ૬

અર્થ—પહેલી આરતી ( મૂળ આર્તિ, એટલે પીડા. જે પીડા ઉતારે છે તે ) પ્રથમ જિનેંદ્ર શ્રી ઋષભનાથની કહીએ; કે જે શત્રુંજય પર્વતને શોભાવનાર જિનેંદ્ર છે, અને જેઓ સિદ્ધાચલ (શત્રુંજય) તીર્થ ઉપર નવાણું પૂર્વ વખત આવ્યા હતા, અને ભવિજીવોને ઉલ્લાસમાન કર્યા હતા. ૧.

બીજી આરતી શ્રી શાંતિનાથ જિનેંદ્ર ભગવાનની કરીએ; જેઓ શાંતિ કરનાર છે, અને મોક્ષમાર્ગના સ્વામી છે, જેણે ( મેઘરથરાયના ભવમાં ) પારેવો ( પોતાની કાયાના ભોગે ) બચાવ્યો હતો, અને જેઓએ કેવલજ્ઞાન પામીને–તીર્થંકર થઈ ધર્મને પ્રગટ કર્યો હતો. ૨.

ત્રીજી આરતી શ્રી નેમનાથ પ્રભુની કરીએ કે જેણે પોતાના હાથે રાજુલ સ્ત્રીને તારી હતી, અને હજારો પુરૂષો સાથે દીક્ષા લઇ પોતાનું આત્મકાર્ય સિદ્ધ કર્યું હતું. ૩.

ચોથી આરતિ શ્રી પાર્શ્વનાથ પ્રભુની કરીએ કે જે ચાર ગતિ ( નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ )ના ટાળનાર, અને ભવિજીવોનું કલ્યાણ કરનાર છે. આવા શ્રી ગોડી પાસ, શંખેશ્વર પાસ ભવિજીવોની આશા પૂરે છે. ૪.

પાંચમી આરતી શ્રી મહાવીર ભગવાનની કરીએ કે જે મેરૂપર્વતની પેઠે ( ઉપસર્ગમાં તેમજ કાઉસગ્ગ ધ્યાનમાં ) ધીર–અચળ રહ્યા હતા, અને તેવી રીતે રહી સાડાબાર વરસ સુધી તપ કરી કર્મનો ક્ષય કરી મોક્ષનગરમાં ગયા છે. ૫.

આવી રીતે ( ચારિત્રપરથી બોધ લઇને ) પ્રભુજીની આરતિ જે શુભ પરિણામ રાખી કરશે તે મોક્ષનગર પ્રાપ્ત કરશે. સેવક હાથ જોડીને એમ કહે છે કે 'મારા જિનપ્રભુની સમાન કોઈ નથી.' ૬.

## ૭.
## મંગલિક દીવો.

(રાગ પીલુ,–અથવા સિંહાના કન્હરામાં ગવાશે.)

દીવોરે દીવો મંગલિક દીવો, આરતી ઉતારીને બહુ ચિરંજીવો. દી.
સોહામણું ઘર, પર્વ દિવાલી, અંબર ખેલે અબલાબાલી. દી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દેપાલ ભણે ઇણે દેવ અજુઆલી, ભાવે ભગતેં વિઘ્ન નિવારી. દી.
દેપાલ ભણે ઇણે કલી કાલે, આરતી ઉતારી રાજા કુંઅરપાલે. દી.
તે ઘર મંગલિક, જે ઘર મંગલિક, ચતુર્વિધ સંઘ ઘર મંગલિકદીવો. દી.

દીવો–આરતીનો દીવો એ મંગલિક દીવો છે, (તો તેથી, પ્રભુની આરતી [દીવાથી] ઉતારી લાંબું આયુષ્ય મેળવો. (જે આ દીવાથી આરતી ઉતારે છે તેનું ઘર સોહામણું–રળીઆમણું છે, અને તે દિવસ તે દીવાળીના પર્વ જેવો છે, અને તેથી દેવતાની કુમારિકાઓ આકાશમાં ખેલ કરે છે.

દેપાલ કવિ ભણે છે કે આવી રીતે દેવને અજવાળવાથી–તેમનો મંગળીક દીવો ભાવપૂર્વક ભક્તિ કરવાથી વિઘ્નો દૂર થાય છે. વળી દેપાલકવિ દૃષ્ટાંત આપે છે કે આવી રીતે કળિકાળમાં [પણ] કુમારપાલે આરતી ઉતારી (રાજા થયા હતા) તો જે ઘરમાં મંગલિક દીવો છે તે ઘેર મંગલ હોય છે, અને ચાર જાતનો સંઘ તે માંગલિક દીવાવાળા ઘરમાં (પધારે છે.)

## ૮.
## શ્રી પરમાત્માનું ચૈત્યવંદન.

[ રાગ ગઝલ.–' જા સખી તું વેગે વેલી ' એ રાહમાં ગવાશે.]

પરમેશ્વર પરમાત્મા, પાવન પરમિટ્ઠ;
જય જગગુરૂ દેવાધિદેવ, નયણે મેં દીઠ. ૧
અચલ અકલ અવિકાર સાર, કરૂણા રસસિંધુ;
જગતીજન આધાર એક, નિઃકારણ બંધુ. ૨
ગુણ અનંત પ્રભુ તાહરા એ, કિમહિ કળ્યા ન જાય;
રામ પ્રભુ જિન ધ્યાનથી, ચિદાનંદ સુખ થાય. ૩

અર્થ—હે પરમેશ્વર! (પરમ–મોટા+ઈશ્વર–નાથ જગતના મહાસ્વામી) પરમાત્મા! પવિત્ર પ્રભુ! પરમ ઇષ્ટદેવ, જગતના ગુરૂ, દેવાધિદેવ–દેવોના દેવ! આપનો જય થાઓ કે જેમને નજરે જોવાનો મહા લાભ આજે હું પામ્યો. ૧.

વળી હે પ્રભુ! આપ કેવા છો?–અચલ એટલે પોતાના સ્વરૂપમાં શુદ્ધ આત્મભાવમાં–નિશ્ચલપણે સ્થિત છો; અકળ એટલે આપનું મહાત્મ્ય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કોઇથી સમજી ન શકાય એવું અચિંત્ય છે, અવિકાર એટલે રાગદ્વેષાદિ પરભાવરૂપ વિકારરહિત છો; સર્વ પદાર્થોમાં સારભૂત-શ્રેષ્ટ-શુદ્ધ આત્મા (પરમાત્મા) છો, (ભવાટવીમાં ભૂલા પડેલા જીવો ઉપર કરૂણા કરનાર -એવા) કરૂણારસ એટલે દયાના મહાસાગરરૂપ છો, સંસારી જીવોને વિશ્રામના સ્થાન-શરણરૂપ-આપ એકજ છો; કોઈ પણ પ્રકારના લાભની આશા વિના પરઉપકાર કરનારા છો-બંધુ તુલ્ય સહાયતા આપનાર છો-પરમસખા છો-૨.

એમ આપના ગુણો અનંત છે જે કોઈ રીતે સંપૂર્ણપણે સમજી શકાય તેમ નથી. (માટે વિશેષ શું કહું?) ટુંકામાં આત્મામાં રમણ કરનાર (રામ) જિનેશ્વર ભગવાન્! આપનું ચિંતન કર્યાથી જ્ઞાનાનંદ પૂર્ણ આત્માની-સ્વરૂપની પ્રાપ્તિ થાય છે. (અહીં 'રામ' એ શબ્દથી રામવિજયજી એ કવિનામ સૂચવાય છે.) ૩.

૯.

## દેવપ્રત્યે અરજ.

ભવ ભવ તુંમહીજ દેવ, ચરણ તોરાં ધરૂં.
ભવસાયરથી તાર, અરજ આવી કરૂં. ૧

(દોહા).

પ્રભુ દર્શન સુખસંપદા, પ્રભુ દર્શન નવનિદ્ધિ,
પ્રભુ દર્શનથી પામીએ, સકલ પદારથ સિદ્ધિ. ૨

(હરિગીતની ઢાળ).

જગત્ સ્વામી મોક્ષગામી, મોક્ષગામી સુખ કર,
પ્રભુ અજર અમર અખંડ નિર્મળ, મોહમિથ્યા તમહરૂ;
દેવાધિદેવા ચરણ સેવા, નિત્ય મેવા આપીએ,
નિજદાસ જાણી દયા આણી, આપ સમોવડ સ્થાપીએ. ૩

(દોહા).

અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ સિદ્ધ સ્વરૂપ;
અનુભવ મારગ મોક્ષનો, અનુભવ કેવળરૂપ. ૪

(હરિગીતની ઢાળ).

શ્રી અનંતનાથ પ્રગટ પરમેશ્વર, અલિમ વિઘ્ન સવિ દૂર કરે,
વાટઘાટ સમરે જે સાહેબ, ભયભંજન ચકચૂર કરો;

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લીલા લચ્છી દાસ તુમારો, કોઈ પૂજે કોઇ અરજ કરે,
પ્રભુ નજર કરીને નિરખો સાહેબ, તુમસેવક અરદાસ કરે. ૫
( ચોપાઈની લાંબી ઢાળ ).
શ્રી આબુ અષ્ટાપદ ગિરિનાર, સમેતશિખર શત્રુંજય સાર;
પંચો તીરથ ઉત્તમ ઠામ, સિદ્ધિ ગયા તેને કરૂં પ્રણામ. ૬

અર્થ—હે દેવ ! ભવોભવ તમારાંજ ચરણ ધરવાનો છું, તું ભવ-રૂપી દરીયાથી તાર એ તારી પાસે આવીને અરજ કરૂં છું. ૧

પ્રભુનાં દર્શન સુખ દેનારાં છે, પ્રભુનાં દર્શન નવ નિધિ-ભંડાર ભરનારાં છે અને પ્રભુ દર્શનથી સર્વ પદાર્થની સિદ્ધિ મેળવાય છે. ૨

હે જગતના સ્વામી, મોક્ષમાર્ગમાં લઇ જનારા, મોક્ષે ગયેલા હે પ્રભુ ! અમોને સુખ આપો. આપ પ્રભુ અજર (જેને જરા–ઘડપણ નથી એવા), અમર (મૃત્યુ જેને નથી એવા), અખંડ (જેમાં કંઈ ખંડ–ભાગ નથી એવા), નિર્મળ છો તો મોહ મિથ્યાત્વરૂપ અંધકાર દૂર કરો. હે દેવના પણ દેવ ! આપના ચરણની સેવા રૂપી મેવા હમેશાં આપો અને પોતાનો દાસ જાણી તેના પર દયા લાવી પોતાની પાસે સ્થાપો. ૩

( આપના ચરણની સેવાથી પ્રાપ્ત થતો ) અનુભવ ચિંતામણિ (જે ચિંતીએ તે આપનારૂં) રત્ન છે, તેજ અનુભવથી આત્મસ્વરૂપની સિદ્ધિ થાય છે, તેજ અનુભવ મોક્ષનો માર્ગ છે અને તેજ અનુભવ કેવલ-સ્વરૂપે છે. ૪

શ્રી અનંતનાથ પ્રભુ પ્રગટ છે, તે સર્વ મિથ્યા (અલીક) વિઘ્નો દૂર કરનાર છે, અને તે સાહેબને જે વાટે–રસ્તામાં કે ઘાટે સ્મરે તેના ભયને ભાંગી ચૂરેચૂરા કરે છે.

આ તમારો લીલાલચ્છી કહે છે કે કોઇ દાસ આપ સાહેબની પૂજા કરી કોઇ જાતની અરજ કરે છે, જ્યારે હું તે આ તારો સેવક એવી અરજ કરૂં છું કે 'નજર કરીને હે સાહેબ ! મારા પર જુઓ.'

૬૦.

## 'પ્રભુજી પ્રીતમબિન નહિ કોઈ પ્રીતમ.'

( રાગ કાફી. )

એ જિનકે પાય લાગ, તુને કહિયે કે તો—એ જિનકે.
આઠોઇ જામ ફિરે મદમાતો, મોહ નિંદરીયાસું જાગરે–તુને. ૧

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રભુજી પ્રીતમબિન નહિ કોઇ પ્રીતમ, પ્રભુજીની પૂજા
ઘણી માગ રે–તુને. ૨

ભવકા ફેરાવારી કરે જિનચંદા, આનંદઘન પાય લાગ રે–તુને. ૩

અર્થ—એ જિન દેવને પગે લાગ–શરણે જા. તને તે કેટલું (કેતો) કહીએ? આઠ યામ–પહોર મદમાતો થઇને શું ફરે છે? હવે તો એ મોહ–અજ્ઞાનરૂપી નિંદ્રામાંથી જાગ. ૧

એક પ્રભુજી સિવાય અન્ય કોઈ પણ આ દુનિયામાં પ્રેમ કરવા યોગ્ય નથી માટે તે પ્રભુજીની સેવાનીજ વિશેષે કરીને યાચના કર; એ જિનચંદ્ર છે, તે જ ભ્રમણનો અંત લાવનાર છે માટે તે આનંદના સમૂહ રૂપ પરમાત્માને પાય લાગ–પ્રણામ કર–શરણે જા. ૨–૩

## ૧૧.
## નિંદાની સઝ્ઝાય.

નિંદા મ કરજો કોઈની પારકી રે, નિંદાના બોલ્યાં મહા પાપ રે;
વૈર વિરોધ વાધે ઘણો રે, નિંદા કરતો ન ગણે માય બાપરે. નિંદા. ૧
દૂર બલંતી કાં દેખો તુમ્હે રે? પગમાં બલતી દેખો સહુ કોય રે;
પરના મેલમાં ધોયાં લૂગડાં રે, કહો કેમ ઉજળાં હોય રે?–નિંદા. ૨
આપ સંભાળો સહુ કો આપણી રે, નિંદાની મૂકો પડી ટેવ રે,
થોડે ઘણે અવગુણો સહુ ભર્યા રે, કેહના નળીયાં ચુએ કેહનાં નેવરે–નિંદા. ૩
નિંદા કરે તે થાયે નારકી રે, તપ જપ કીધું સહુ જાય રે,
નિંદા કરો તો કરજો આપણી રે, જેમ છુટકબારો થાય રે–નિંદા. ૪
ગુણ ગ્રહજો સહુ કો તણા રે, જેહમાં દેખો એક વિચાર રે;
કૃષ્ણ પરે સુખ પામશો રે, સમયસુંદર સુખકાર રે. નિંદા. ૫

અર્થ—(હે સુજ્ઞ મનુષ્યો!) કોઇની–પારકી–બીજાની નિંદા કરશો નહિ; (કારણ કે) નિંદાના વચનો બોલવાથી મહા પાપ બંધાય છે, તેથી વેર વિરોધ–કલેશ ઘણો વધે છે, અને નિંદા કરનારને પોતાના મા કે બાપની શરમ લાગતી નથી–એટલે પોતાના માબાપની નિંદા કરવાનું ચૂકતો નથી.

દૂરે બળતું હોય તેને (બીજાના દોષને) તમે શાને માટે જુઓ છો? તમારા પોતાના પગલા નીચે જે બળતું હોય તેજ (પોતાના દોષને)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સૌ કોઈ જુઓને, કારણ કે બીજાના મેલમાં જે લૂગડાં ધોયેલાં હોય, તે કેવી રીતે ઉજળાં-ચોખ્ખાં હોય ? ન જ હોય. ઉલટાં બગડેલાં હોય.૨

સહુ કોઇ પોતપોતાનુંજ સંભાળ ( કે રખેને કંઈ દોષ થઇ જાય.) અને નિંદાની ટેવ પડેલી છે તે તજી દો. સૌ થોડાઘણા અવગુણથી ભરેલા છે; ( કહેવત પ્રમાણે ) કોઇનાં નળીઆં ચૂએ તો કોઇનાં નેવાં ચૂએ છે, એટલે કોઈમાં એક દોષ તો કોઇમાં બીજો એમ કાંઇ ને કાંઈ દોષ હોય છે. ૩

જે નિંદા કરે છે તે નરકમાં જાય છે, અને જે કાંઇ જપ તપ કર્યું હોય તે સર્વ તેથી નાશ પામે છે. નિંદા કરવી તો પોતાનીજ કરવી, કે જેથી પોતાના દોષથી છુટકબારો થાય-છુટી શકાય. ૪.

જેમાંથી એક વિચાર નીકળે એવું લાગે તે સહુના ગુણ પકડજો, અને તેથી **સમયસુંદર** કવિ કહે છે કે *કૃષ્ણની પેઠે સુખ પામી સુખકારી થશો. એટલે ગુણ સર્વથા આદરણીય છે એ એક વિચારને અવલંબી જેમાં ગુણ દેખો તે હરકોઇના ( પછી ભલે તે બાળ હોય કે વૃદ્ધ હોય કે અન્ય હોય-ભલો હોય કે બુરો હોય )-ગુણ ગ્રહણ કરજો, તો શ્રી કૃષ્ણની પેઠે સુખ પામશો ( એવું **સમયસુંદર** મુનિનું સુખકારી વચન છે. ૫

## ૧૨.

## વિમલ જિનસ્તવન.

### પ્રભુદર્શન.

રાગ મલ્હાર-( ઇડર આંબા આંબલીરે-એ દેશી )

દુખ દોહગ દૂરે ટળ્યાંરે, સુખ સંપદશું ભેટ;
ધીંગ ધણી માથે કિયોરે, કુણ ગંજે નરખેટ.
**વિમલજિન, દીઠા લોયણ આજ, મારા સીધા વંછિત કાજ. વિમલ. ૧**

---

* કૃષ્ણ **વાસુદેવ** એ ગુણગ્રાહીનો ઉત્તમ દાખલો છે; તેમની કસોટી લેવા માટે એક દેવતા મરણ પામેલા દુર્ગંધી કૂતરાનું રૂપ લઈ કૃષ્ણવાસુદેવ માર્ગમાં જતા હતા ત્યાં માર્ગમાં રહ્યા. કૃષ્ણવાસુદેવ આ જોઈ કૂતરાના દાંત બહાર હતા તે પરથી કહ્યું કે 'કેવા સુંદર દાંતવાળો આ કૂતરે છે ?' આ પરથી સાર એ લેવાનો છે કે ગુણગ્રાહી થવું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચરણકમલ કમલા વસેરે, નિરમલ થિરપદ દેખ;
સમલ અથિરપદ પરિહરીરે, પંકજ પામર પેખ. વિમલજિન. ૨
મુઝ મન તુજપદ પંકજેરે, લીનો ગુણ મકરંદ;
રંક ગણે મંદિર ધરારે, ઇંદ્ર ચંદ્ર નાગિંદ્ર. વિમલજિન. ૩
સાહિબ સમરથ તું ધણીરે, પામ્યો પરમ ઉદાર;
મન વિસરામી વાલહોરે, આતમચો આધાર. વિમલજિન. ૪
દર્શન દીઠે જિન તણોરે, સંશય ન રહે વેધ;
દિનકર કર ભર પસરંતારે, અંધકાર પ્રતિષેધ. વિમલજિન. ૫
અમીય ભરી મૂરતિ રચીરે, ઉપમા ન ઘટે કોય;
શાંતિ સુધારસ ઝીલતીરે, નિરખત તૃપ્તિ ન હોય. વિમલજિન. ૬
એક અરજ સેવક તણીરે, અવધારો જિનદેવ;
કૃપા કરી મુઝ દીજીએરે, આનંદઘન પદ સેવ. વિમલજિન. ૭

અર્થ—વિમલનાથ જિન (તેરમા)ને લોચનવડે–ચક્ષુવડે (અંતચક્ષુવડે) આજે જોયા, તેથી મારા મનવાંચ્છિત કામો સિદ્ધ થયાં અને (ભવ-ભ્રમણરૂપી) દુઃખદોહગ–દુર્ભાગ્ય (અનાદિનું અજ્ઞાન) દૂર જતાં રહ્યાં અને (અનુભવરૂપી) સુખ તથા (સ્વરૂપ) સંપદા–રત્નમયની સાથે મેળાપ થયો, ધીંગા–જોરાવર ધણી–નાથનો આશ્રય લીધા પછી–ક્યો નરખેટ–નરાધમ (મોહાદિક કષાય) ગાંજી શકે–જીતી શકે તેમ છે–વ્યથા ઉપજાવી શકે તેમ છે? ૧.

લક્ષ્મીને પોતાનું સ્થાન જે કમલ તે કાદવમાંથી ઉત્પન્ન થયેલું હોવાથી (મલરહિત) સમલ જણાયું, તથા થોડા દિવસમાં તે ખરી જતું હોવાથી અસ્થિર–નાશવંત લાગ્યું, તેથી તેને તજી દીધું, તથા આપના ચરણકમલને કર્મમલથી રહિત સુસ્થિરસ્થાન જાણીને તેમાં આવીને વસી–મતલબ કે મુક્તિરૂપી લક્ષ્મીનો વાસો પ્રભુના ચરણકમલ-માં છે, તેને સેવો કે જેથી સમસ્ત લક્ષ્મી પ્રાપ્ત થાય. ૨.

મારૂં મન તારા ચરણકમલપર અનંતજ્ઞાનાદિ ગુણરૂપ મકરંદ–પરાગ લેવામાં લીન થયું છે, તેથી તે મેરૂપર્વતની સુવર્ણમય પૃથ્વીને, કે (સર્વ સંપત્તિવાન્ દેવતાઓના પતિ) ઇંદ્રને, ચંદ્રને તથા નાગેંદ્રને તુચ્છ ગણે છે. મતલબ કે તારાં ચરણકમલની ભક્તિ આગળ તે કોઇ ગણત્રીમાં નથી ૩.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હે સાહેબ! મને મહા લાભ થયો કે આપના જેવા પરમ ઉદાર, સમર્થ નાયકને હું પામ્યો; વળી હે વહાલા! (સંસારથી ઉદાસીન થયેલા) મનને આપજ વિશ્રામના સ્થાન છો, આપજ આત્માના આધારરૂપ છો. ૪.

જેવી રીતે દિનકર–સૂર્યના કિરણનો સમુદાય પસરતાં–ફેલાતાં અંધારાનો પ્રતિષેધ–અટકાવ થાય છે, તેવી રીતે જિનના દર્શન થવાથી સંશય વિપર્યય આદિ અજ્ઞાનનો ઉચ્છેદ–નાશ થાય છે. ૫.

આપની મૂર્તિની રચના જાણે અમૃતથી સીંચી સીંચીને કરેલી હોય તેવી જણાય છે, તેને કોઇ પણ ઉપમા ઘટી શકતી નથી એવી અનુપમ છે; (વળી) તે મૂર્તિ શાંતરસરૂપી અમૃતમાં ઝીલે છે (એટલે તે અમૃત તેનાપર વરસી રહ્યું છે) અને તેને નિરખતાં તૃપ્તિજ થતી નથી. ૬.

હે જિનદેવ! સેવકની માત્ર આટલી (એક) અરજી સ્વીકારો અને કૃપા કરીને હે આનંદથી ભરપૂર (આનંદપૂર્ણ) પરમાત્મા! મને આપના ચરણકમલની સેવા કરવાનો અવસર આપો. ૭.

## ૧૩.

## સુપાર્શ્વજિનસ્તવન.

### 'માર્ગ બતાવો.'

(રાતડી આ રમીનેરે, કિહાં થકી આવીઆ એ દેશી.)

મુજ મન ભમરો પ્રભુગુણ ફૂલડેરે, રમણ કરે દિનરાતરે;
સુણજો સ્વામિ સુપાસ સોહામણારે, કરજોડી કહું વાતરે. મુજ. ૧
મનડું તે ચાહેરે, પ્રભુ મળવા ભણીરે, પણ દીસે છે અંતરાયરે;
જીવ પ્રમાદીરે કર્મતણે વશેરે, તે કેમ મળવું થાયરે. મુજ. ૨
લાખ ચોરાશી જીવાયોનિમાંરે, ભવ અટવી ગતિ ચારરે;
કાલ અનાદિ અનંત ભમતાં થકાંરે, કિમહી ન આવે પારરે. મુજ. ૩
મારગ બતાવોરે સાહેબ માહરારે, જિમ આવું તુમ પાયરે;
લાજ વધારો રે સેવક જાણીનેરે, દ્યો દર્શન જિનરાયરે. મુજ. ૪
મૂર્તિ તાહરી રૂપે રૂઅડીરે, અનુભવપદ દાતાર,
નિત્યલાભ પ્રભુશું પ્રેમે વિનવેરે, તુમથી લહું સુખસારરે. મુજ. ૫.

અર્થ—હે સુંદર સુપાર્શ્વનાથ સ્વામિ! હું હાથ જોડી જે વાત કહું છું તે સાંભળો. હે પ્રભુ! મારૂં મનરૂપી ભ્રમર આપ પ્રભુના ગુણરૂપી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પુલમાં દીવસ અને રાત રમણ કર્યા કરે છે. ? (મતલબ કે આપના નામની મને લય લાગી છે. આપના સ્વરૂપમાં મારૂં મન લીન થયું છે.)

પ્રભુને મળવા માટે મન ચાહે છે, પણ તેમ થવામાં (અંતરાય–વિઘ્ન)–અંતરાય કર્મ–આંડાં હોય તેમ દેખાય છે. કર્મને વશ હોવાથી જીવ પ્રમાદમાં પડયો છે–[ એટલે પોતાની શક્તિ સ્ફુરાવતો નથી ] તેથી તે મળવું–મિલાપ કેમ થઇ શકે ? ૨.

( અને એમ નહિ થાય તો ) ચોરાશી લાખ જીવ યોનિમાં, અને ચાર *ગતિરૂપ ભવરૂપી જંગલમાં અનાદિ કાળથી અનંતીવાર ભમતાં ભમતાં કોઇ રીતે પાર આવે તેમ નથી. ૩.

માટે હે મારા સાહેબ–નાથ ! મને તે માર્ગ બતાવો કે જેથી આપના ચરણ સમીપ આવું–અથવા કે જેથી મારો આત્મા આપની સમ્મુખ રહે–આપના ચરણનું શરણ સદાકાળ ગ્રહણ કરી રહે; અને મને સેવક જાણીને–એટલે માત્ર આપનો સેવક છું એમ ધારીને ( એટલે મારી યોગ્યતાનો વિચાર કર્યા વિના, કારણ કે મારામાં એકે ગુણ નથી કે જેથી આપની દયાને લાયક થાઉં ), હે જિનરાય ! મને દર્શન આપો–આપના અભ્યંતર સ્વરૂપનું સાક્ષાત્ દર્શન આપો, તેમ કરવાથી આપની લાજમાં–સુજશનોજ+ વધારો થશે. ૪.

તારી મૂર્તિ જેમ રૂપમાં ઘણી સારી છે, તેમ અનુભવનું પદ આપનારી છે–એટલે આત્માનુભવનો હેતુ છે–સ્વરૂપપ્રાપ્તિ કરાવનારી છે તેથી નિત્યલાભ કવિ પ્રભુને પ્રેમથી વિનવે છે કે તારાથીજ સર્વ સુખનો સાર હું અવશ્ય પામીશ. ૫.

## ૧૪.

## વર્ત્તમાન શ્રી બાહુજિન સ્તવન.

### "સાહેબ ! મુજ મન રમો."

( નણદલની દેશી. )

સાહેબ, બાહુ જિનેસર વીનવું, વીનતડી અવધાર હો;
સાહેબ, ભવ ભયથી હું ઉભગ્યો, હવે મુજ પાર ઉતાર હો. સાહેબ. ૧

*મનુષ્ય, દેવતા, નારક, અને તિર્યંચ એ ચાર ગતિ.

+સરખાવો–તાર હો, પ્રભુ મુજ સેવક ભણી (જાણી) તાર જગતમાં એટલો સુજશ લીજે;
દાસ અવગુણ ભર્યો જાણી પોતાતણો, દયાનિધિ ! દીનપર દયા કીજે.
—દેવચંદ્રજી–મહાવીર સ્તવન.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાહેબ, તુમ સરિખા મુજ શિર છતે, કર્મ કરે કેમ જોર હો?
સાહેબ, ભુજંગ તણો ભય તિહાં નહીં, જિહાં વન વિચરે મોર હો. સા. ૨
સાહેબ, જિહાં રવી તેજે ઝલહલે, તિહાં કેમ રહે અંધકાર હો?
સાહેબ, કેસરી જિહાં ક્રીડા કરે, તિહાં નહિં ગજનો પ્રચાર હો. સા. ૩
સાહેબ, તિમ જો તુમે મુજ મન રમો, તો નાસે દૂરિત સંસાર હો;
સાહેબ, વચ્છવિજય સુસિમા પુરી, રાય સુગ્રીવ મલ્હાર હો. સા. ૪
સાહેબ, હરણલંછન એમ મેં સ્તવ્યો, મોહના રાણીનો કંત હો;
સાહેબ, વિજયાનંદન મુજ દીઓ, જશ કહે સુખ અનંત હો. સા. ૫

અર્થ—હે બાહુ જિનેશ્વર! આપ સાહેબને વિનવું છું; મારી વિનતિ ધ્યાનમાં લેજો. તે વિનતિ એ છે કે હું ભવભ્રમણની બીકથી કંટાળી ગયો છું, તો હવે મને તેથી પાર ઉતારો. ૧.

આપના જેવા મારા માથા ઉપર ( નાયક ) હોવા છતાં કર્મ કેવી રીતે પોતાનું જોર ચલાવી શકે છે? જે વનમાં મોર વિચરતા હોય ત્યાં ભુજંગ–સર્પનો ભય રહેતો નથી; જ્યાં સૂર્યનું તેજ જળહળતું હોય ત્યાં અંધારૂં કેમ રહે ? મતલબ કે રહેતું નથી, જ્યાં કેસરી–સીંહ રમતો હોય, ત્યાં હાથીનો પ્રચાર હોતો નથી. ૨–૩.

તેવી રીતે જો આપ મારા મનમાં રમો તો આ દુઃખમય સંસારનો અવશ્ય નાશ થાય.* એવી રીતે હે પ્રભુ! હે વત્સવિજયમાં સુસીમા નગરીમાં સુગ્રીવ રાજાના પુત્ર, અને મોહના રાણીના ભરથાર મૃગલંચ્છન જિનવર મેં આપની સ્તુતિ કરેલ છે તો 'હે વિજયારાણીના પુત્ર!' જશવિજય ઉપાધ્યાય કહે છે કે 'મને અનંત સુખ આપો.' ૪–૫.

## ૧૫.

## શાંતિ જિન સ્તવન.

### શાંતિ જિનની મૂર્તિ જોતાં ઉગતા વિચાર.

શાંતિજીનું મુખડું જોવા ભણી જી, મુજ મનડું રે લોભાય;
ચિતડું જાણે રે ઉડી મલું જી, પણ પ્રભુ કિમ રે મિલાય? શાંતિ. ૧

---

*કર્મ કેમ જોર કરે છે તેનો આ ઉત્તર છે કે જો પ્રભુ મનમાં નિરંતર રમે તો કર્મ જોર કરે નહિ. અથવા આનો બીજો અર્થ થઇ શકે કેઃ—

આપને નાયક તરીકે શીરે સ્થાપ્યા પછી–આપનું શરણ ગ્રહણ કર્યા પછી કર્મ કેવી રીતે જોર કરી શકે ?–મતલબ કે કર્મ જોર કરી શકતા નથીજ. સરખાવો "ધર્મ જિનેશ્વર ચરણ ગ્રહ્યા પછી કોઇ ન બાંધે કર્મ." –શ્રી આનંદઘન.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દૈવ ન દીધી મુજને પાંખડી જી, આવું હું કિમ રે હજૂર ?
પણ પ્રભુ જાણજો વંદના જી, આતમરામ સનૂર. શાંતિ. ૨
ગજપુરી નગરીનો રાજીયો જી, અચિરા નંદન એહ;
જિમ રે પારેવડો રાખીઓ જી, તિમ પ્રભુ રાખજો નેહ. શાંતિ. ૩
મસ્તકે મુગટ સોહામણો જી, કાને કુંડલ શ્રીકાર;
બાંહે બાજૂબંધ બેરખાજી, કંઠડે નવસરો હાર. શાંતિ. ૪
આજ ભલે રે દિન ઉગીઓ જી, દૂધડે વૂઠડા મેહ;
વાચક સહેજસુંદર તણો જી, નિત્યલાભ પ્રભુ ગુણગેહ. શાંતિ. ૫

અર્થ—શાંતિનાથ પ્રભુનું મુખડું જોવા માટે મારૂં મન લોભાય છે, અને ચિતડું એમ ચિંતવે છે જે ઉડીને તેમને મળું, પણ પ્રભુને કેમ મળાય ?–કારણ કે દૈવે મને પાંખડી દીધી નથી, તેથી પ્રભુ હજૂર હું કેમ આવી શકું ? (આવી શકું તેમ નથી) પણ આત્મામાં રમણ કરી રહેલા–આતમરામ તેજ:પુંજ પ્રભુ ! આપ વંદના જાણજો–ધ્યાનમાં લેજો. ૨.

ગજપુરી નગરીના રાજા અને અચિરાદેવીના પુત્ર હે પ્રભુજી ! જેવી રીતે × ( મેઘરથરાયના ભવમાં ) પારેવો શરણે રાખ્યો હતો તેવી રીતે મારાપર સ્નેહ–કરૂણા–દયા રાખજો.

( પ્રભુની મૂર્તિ કેવી છે ? ) માથે સરસ મુગટ, કાને સુંદર કુંડલ, બાંયે બાજુબંધ બેરખા અને ગળે નવસેરો હાર શોભે છે. ૪.

× કથા. શ્રી શાંતિનાથના મેઘરથ રાજાના ભવમાં મેઘરથ રાજા ધ્યાનમાં બેઠા હતા, ત્યારે એક પક્ષી (કબૂતર) થરથરતું તેના શરણે આવ્યું; તે પાછળ બાજ આવ્યો, અને પોતાના ભક્ષ્યને માંગ્યું. રાજાએ માંસાહારના દોષ સમજાવ્યા; બાજ કહે ' હું ભુખ્યો છું, ત્યાં મને કંઈ કર્તવ્ય અકર્તવ્ય સુઝે નહિ. રાજા–હું તને તે પક્ષીની ભારોભાર માંસ મંગાવી આપું. બાજ–હું મારી નજર આગળ મરેલા પ્રાણીનું માંસ ખાઉં છું. રાજાએ વિચાર્યું કે બીજા પ્રાણીને મારા વચન ખાતર મારવાં યોગ્ય નથી. આમ ધારી પોતાના શરીરમાંથી માંસ કાપવા માંડયું. તાજવામાં મૂકતાં પક્ષીવાળું તાજવું નમતું રહ્યું–તે કેમે પૂરૂં થાય નહિ. રાજા પોતે સામા પલ્લામાં બેઠા, પણ પૂરૂં ન થયું તેવામાં એક દેવતા આવ્યો. તેણે કહ્યું–' ધન્ય છે રાજા. ઈશાનેંદ્ર આગળ ત્હારાં વખાણ થયાં તે સહન ન થવાથી મેં પરીક્ષા કાજે આ કપોત ( પારેવું ) અને બાજ મોકલ્યા. હવે બસ થયું. ' આટલી વાત કહી તે દેવતા ચાલ્યો ગયો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(પ્રભુના દર્શનનો લાભ મળ્યો તેથી–પ્રભુની ભાવપૂર્વક સ્તવના કરવાનો ઉલ્લાસ થયો તેથી) આજે ભલે દિવસ ઉગ્યો કે મારે આજે દૂધના વરસાદ વરસ્યા–ગુણોના ઘર–મંદિર એવા પ્રભુની મેં સ્તવના કરી એમ વાચક–ઉપાધ્યાય શ્રી સહેજસુંદરના (શિષ્ય) નિત્યલાભ કવિ કહે છે.

૧૬.

## પાર્શ્વ જિન સ્તવન.

### સેવાની રીત.

(પદ.—રાગ બિલાવલ.)

મેરે સાહિબ તુમહિ હો શ્રી પાસ જિણંદા;
ખિજમતગાર ગરીબ હું, મેં તેરા બંદા. મેરે. ૧
મેં ચકોર કરૂં ચાકરી, જબ તુમહિ ચંદા;
ચક્રવાકમેં હુઇ રહૌં, જબ તુમહિ દિણંદા. મેરે. ૨
મધુકર પરે મેં રન જનું, જબ તુમ અરવિંદા;
ભક્તિ કરો ખગપતિ પરે, જબ તુમહિં ગોવિંદા. મેરે. ૩
તુમ જબ ગર્જિત ધન ભયે, તબ મેં શિખ બંદા;
તુમ સાયર જબ મેં તદા, સુરસરિતા અમંદા. મેરે. ૪
દૂર કરો દાદા પાસજી! ભવદુઃખકા ફંદા;
વાચક જશ કહે દાસકુ, દિયો પરમાનંદા. મેરે. ૫

અર્થ—હે શ્રી પાર્શ્વનાથ જિનેંદ્ર! મારા ધણી–સ્વામી તો આપજ છો, હું તો આપની ખીજમતમાં–સેવામાં રહેનાર ગરીબ બંદો–સેવક છું. ૧

જો આપ ચંદ્રમા હો તો હું ચકોર થઇ ચાકરી કરીશ; જો આપ દિનેંદ્ર–સૂર્ય હો તો હું ચક્રવાક થઈ રહીશ. જો આપ અરવિંદ–કમલ હો, તો હું ભમરો બની રણકાર કરીશ–આપના પ્રત્યે ભમીશ. જો આપ ગોવિંદ હો તો હું ખગપતિ–ગરૂડ બની ભક્તિ કરીશ. જો આપ ગર્જના કરતા મેઘ–વરસાદ બનશો તો હું સેવક શિખિન્–મોર બનીશ, જો આપ સાગર બનશો તો હું અમંદ–પ્રબલ ગતિવાળી સુરસરિતા–ગંગા નદી બનીશ. મતલબ કે એમ સદા આપનામાં તન્મય–લીન રહીશ. ૨–૪.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કવિ જશવિજયજી ઉપાધ્યાય કહે છે કે હે પાર્શ્વનાથ દાદા! મારા ભવદુઃખના ફંદ દૂર કરો અને આપના આ દાસને પરમાનંદ (મોક્ષ) આપો. ૫.

નોટ–ચકોર અને ચંદ્રમા, ચક્રવાક અને સૂર્ય, ભ્રમર અને કમલ, મોર અને મેઘ, સરિતા અને સાગર–એમની વચ્ચે જેવો નિઃસીમ અખંડ પ્રેમ છે–જેવી રીતે પોતાના ઇષ્ટમાં એકાકાર બને છે–લીન થઇ જાય છે–તેવી રીતે પ્રભુમાં જેટલા સુધી એકાકાર વૃત્તિ થઈ નથી, નિરંતર તેના નામની ધૂન–રટના–લય લાગી નથી, પરમાત્મ સ્વરૂપમાં અંતરાત્મા અભેદ ભાવે સમાઇ નથી રહેતો, વૃત્તિ કિંચિત્ પણ બહિર્મુખ થઈ પરભાવમાં દોડયા કરે છે–મન અંતર્મુખ નથી થયું–તેટલા સુધી સ્વરૂપની પ્રાપ્તિ–પરમાનંદનો યોગ–મોક્ષ સુખ નથી. એવા શુદ્ધ સાત્વિકભાવ વિનાની ભક્તિ શ્રેષ્ઠ ભક્તિ નથી : માત્ર ભાક્તના ચાળા છે; માટે એવી લોકોત્તર ભક્તિ પ્રકટાવી આત્મઅર્પણતા કરો કે જેથી ઝટ કાર્યસિદ્ધિ થાય.

૧૭.

## પાર્શ્વનાથ સ્તુતિ.

### પ્રભુમહિમા.

(પદ–રાગ ભૈરવ એટલે–હર હર નર્મદે હરે હરે—એ લયમાં ગવાશે)

જય જય જય જય પાસ જિણંદ,
અંતરીક પ્રભુ ત્રિભુવન તારન, ભવિકકમલ ઉલ્લાસ દિણંદ. જય. ૧
તેરે ચરન શરન મેં કીને, તું બિનુ કુન તોરે ભવફંદ;
પરમ પુરૂષ પરમારથ દર્શી, તું દિયે ભવિકકું પરમાનંદ. જય. ૨
તું નાયક તું શિવ સુખદાયક, તું હિતચિંતક તું સુખકંદ;
તું જનરંજન તું ભવભંજન, તું કેવલ કમલા ગોવિંદ. જય. ૩
કોડીદેવ મિલિકે કર ન શકે, એક અંગુઠ રૂપ પ્રતિછંદ;
ઐસો અદ્‌ભુત રૂપ તિહારો, વરસત માનુ અમૃતકો બુંદ. જય. ૪
મેરે મન મધુકરકે મોહન!, તુમ હો વિમલ સદલ અરવિંદ;
નયન ચકોરવિલાસ કરતુ હે, દેખત તુમ મુખ પૂરન ચંદ. જય. ૫
દૂર જાવે પ્રભુ! તુમ દાસનતેં, દુઃખ દોહગ દાલિદ્ર અઘ દંદ;
વાચક જસ કહે સહસફલતેં તુમ હો, જે બોલે તુમ ગુનકે વૃંદ. જય. ૬

અર્થ—હે શ્રી પાર્શ્વજિનેંદ્ર! આપ જયવંતા છો. અંતરીક્ષજીમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બિરાજેલ પ્રભુ! આપ ત્રણ ભુવનના તારનાર છો, અને ભવિકરૂપી કમળને ખીલવનાર સૂર્ય સમાન છો. ૧

આપનાં ચરણ મેં શરણ કર્યાં છે, એટલે તેનું મેં શરણ ગ્રહેલ છે; (કારણ કે) આપના વિના કોઈ પણ ભવનો ફંદ–જાળ તોડી શકે તેમ નથી. આપ પરમપુરૂષ છો, પરમ અર્થને દેખાડનાર છો, અને ભવિકને પરમ આનંદ દેનાર છો. આપજ નાયક છો, આપજ શિવ સુખના દેનાર છો, આપજ અમારૂં હિત ચાહનાર છો, આપજ સુખના મૂળ છો, આપજ ભક્ત જનોને આનંદ દેનાર છો, આપજ ભવને (જન્મ મરણને) તોડનાર છો, આપજ (કેવલજ્ઞાન) રૂપી લક્ષ્મીના પતિ–વિશ્નુ–ગોવિંદ છો. મતલબ કે સર્વસ્વ આપજ છો.–૨–૩.

આપનું રૂપ એવું અદ્‌ભુત–તેજવંત છે કે આપના (આત્મ પ્રદેશના) એક અંગુઠાના પડઘા–પ્રતિભાસ જેવું રૂપ–તેજ કોડી દેવતાઓનું (રૂપ) ભેગું મળે તોય થાય તેમ નથી; અને જાણે તારામાંથી (શાંતરસ) અમૃતના બિંદુ વરસી રહ્યાં હોય એમ હું માનું છું. ૪

હે મોહન! મારા મનરૂપી મધુકર–ભ્રમરને માટે આપ શુદ્ધ અને ઘણાં પાંદડાંવાળા કમળ છો, અને મારા નયનરૂપી ચકોર આપના પૂર્ણિમાના ચંદ્રમા જેવા મુખને જોઇને વિલાસ કરે છે. ૫

હે પ્રભુ! આપના સેવક પાસેથી દુઃખ, દુર્ભાગ્ય, દારિદ્ર, પાપ રૂપી દ્વંદ્વ નાશી જાય છે–ભાગી છૂટે છે, મતલબ કે આપનો સેવક સુખ દુઃખ આદિ દ્વંદ્વભાવથી રહિત સમરસી થાય છે. અને યશોવિજયજી ઉપાધ્યાય કહે છે કે જે આપના ગુણના સમૂહનું ગાન કરે છે તેને *હજારગણું ફળ મળે છે.

## ૧૮.

## જીભને ઉપદેશ.

બાપલડીરે જીભલડીરે!, તું કાં નવિ બોલે મીઠું ?
વિરૂઆ વચનતણું ફળ વિરૂઉં, તે શું તેં નવિ દીઠું ?—રે બાપલડી! ૧
અન્ન પાન અણગમતું તુજને, જો નવિ રૂચે અનીઠું,
અણબોલાવી તું શા માટે, બોલે કુવચન ધીઠું ?—રે બાપલડી! ૨

* ? (સહસ્ત્ર ફણવાળી અંતરીક્ષની મૂર્તિ છે?)

P. P. Ac. Gunratansuriji M.S.                Jin Gun Aaradhak Trust

અગ્નિએ દહ્યું નવપલ્લવ થાયે, કુવચન દુર્ગતિ ઘાલે;
અગ્નિ થકી તે અધિકું કુવચન, તે તો ક્ષણ ક્ષણ સાલે. રે બાપલડી! ૩
ક્રોધ ભર્યું ને કૂડું બોલે, અભિમાની અણુશક્તિ;
આપતણાં અવગુણ નવિ દેખે, તે કેમ જાશે મુક્તિ? રે બાપલડી! ૪
તે નર માન બહોત નવિ પામે, જે નર હોય મુખરોગી;
તેને કોઇ નવિ બોલાવે, તે તો પ્રત્યક્ષ શોગી. રે બાપલડી! ૫
જન્મ જન્મની પ્રીતિ વિણશે, કડવે વચને બોલ્યે;
મીઠાં બોલ થકી વિણ ગરથે, લેવો સવિ જગ મોલે. રે બાપલડી! ૬
આગમ વચન તણે અનુસારે, જે ભવી રૂડું ભાખે;
પ્રગટ થઇ પરમેશ્વર તેની, લાજ જગમાંહી રાખે. રે બાપલડી! ૭
સુવચન કુવચનતું ફળ જાણી, ગુણ અવગુણ મન આણી;
વાત કહીજે અમિય સમાણી, લબ્ધિ કહે સુણ પ્રાણી. રે બાપલડી! ૮

અર્થ—હે બાપુડી (વ્હાલી)–પામર જીભ! તું શા માટે મીઠું–પ્રિય બોલતી નથી? શું તને ખબર નથી કે–ખાત્રી નથી થઈ કે વિરૂદ્ધ–ખરાબ વચનનું ફળ ખરાબ છે? ૧.

જો તને નહિ ગમતું હોય એવું અપ્રિય અન્ન–પાન તને મળે છે તો તે તને ભાવતું નથી–અનિષ્ટ લાગે છે, તો બીજાને અપ્રિય લાગે એવા કુવચન–ખરાબ વચન તું ધૃષ્ટ બનીને (વિનાકારણે) તને બોલાવી ન હોય છતાં પણ, શા માટે બોલે છે? ૨.

અગ્નિએ બળેલું (ઝાડ) પલ્લવિત–પાદડાંવાળું થતું નથી તેવી રીતે ખરાબ વચનથી (સારી ગતિ થતી નથી પણ) નઠારી ગતિમાં પડાય છે, અગ્નિ તો સારી, પણ કુવચન તો તેના કરતાં ખરાબ, કારણ કે અગ્નિ તો એક વખત બાળીને રહી જાય, ત્યારે ખરાબ વચન તો ક્ષણે ક્ષણે શલ્યરૂપ–કાંટા રૂપ થાય છે. ૩.

જે અભિમાની અને શક્તિ વગરના માણસ હોય તેજ ક્રોધથી ભરેલું જૂ ઠું વચન બોલે છે અને પોતાના અવગુણને જોતા નથી; તે પામર મુક્તિ કેમ પામશે? ૪.

જે માણસને મુખનો (બકબકાટ–લવારો કરવાનો) રોગ હોય તે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઝાઝુ માન પામતો નથી, એને કોઈ બોલાવતું નથી, (તેથી) તે પ્રત્યક્ષ શોકવાળો રહે છે. ૫.

કડવાં વચન બોલવાથી જન્મો જન્મની પ્રીતિ હોય તે નાશ પામે છે, (જ્યારે) મીઠાં-મધુર બોલથી વિણ ગરથે-એક પાઇ ખરચ્યા વિના- આખા જગતને મૂલ્યે લઇ શકાય છે-વશ કરી શકાય છે. ૬.

જે ભવિજન આગમ-સિદ્ધાંતના વચનને અનુસારે-પ્રમાણે રૂડું-મીઠું બોલે છે તેની લાજ પરમેશ્વર* પણ પ્રકટ થઇ જગમાં રાખે છે. ૭.

(આવી રીતે) સારાં વચન, અને ખરાબ વચનનાં ફળ જાણી એટલે એકથી ગુણ-લાભ છે, બીજાથી અવગુણ-હાની છે, એમ સમજી હે પ્રાણી! તમે અમૃત સમાન (મીઠી) વાણી બોલજો એમ લબ્ધિ-વિજય કહે છે. ૮.

## ૧૯.

## ×શત્રુંજય સ્તવન.

શ્રીરે સિદ્ધાચળ ભેટવા મુજ મન અધિક ઉમાહ્યો.
ઋષભ જિણંદ જુહારીને, લીજે ભવતણો લાહો—શ્રી. ૧
મણિમય મૂરતિ ઋષભની, નીપાઇ અભિરામ;
ભુવન કરાવ્યો કનકમય, રાખ્યો ભરતે નામ—શ્રી. ૨
ઇણે ગિરિ ઋષભ સમોસર્યા, પૂરવ નવાણું વાર;
રામ, પાંડવ મુકતે ગયા, પામ્યા ભવનો પાર.—શ્રી. ૩
નેમવિના ત્રેવીશ જિનો, આવ્યા સિદ્ધક્ષેત્ર જાણી;
શત્રુંજા સમો તીરથ નહિ, બોલ્યા સીમંધર વાણી—શ્રી. ૪
પૂર્વ પુણ્યપસાયથી, વિમલાચલ પાયો;
કાંતિવિજય હર્ષે કરી, વિમલાચલ ગાયો—શ્રી. ૫

અર્થ—શ્રી સિદ્ધાચલ (શત્રુંજય-સિદ્ધક્ષેત્ર) ને ભેટવા-જોવા મારૂં મન બહુ ઉછળી રહ્યું છે; તો (ત્યાં જઇ) ઋષભનાથને જુહાર-નમ-સ્કાર કરી ભવનો લાવો લઇએ. ૧.

*શાસનદેવતા આવી ઇષ્ટફળ આપે છે.
× જુઓ પ્રકરણમાળામાં શત્રુંજય લઘુકલ્પ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શ્રી ભરત મહારાજાએ ઋષભની મણિમય મૂર્તિ સુંદર કરાવી અને ભુવન–મંદિર પણ સુવર્ણનું કરાવી +પોતાનું નામ (કીર્તિવંત) રાખ્યું છે. ૨

આ પર્વતપર શ્રી ઋષભનાથ નવાણું પૂર્વ વાર સમોસર્યા છે, અને રામ, પાંડવ મોક્ષે ગયા અને ભવનો પાર–છેડો પામ્યા છે. ૩.

આને સિદ્ધોનું ક્ષેત્ર જાણી નેમિનાથ સિવાયના ત્રેવિશે જિનો–તીર્થંકરો અહીં આવ્યા છે, અને વિહરમાન શ્રી સીમંધર સ્વામીએ કહ્યું છે કે 'શેત્રુંજા સમાન એકે તીર્થ નથી.' ૪.

કાંતિવિજયજી કહે છે કે પૂર્વના પુણ્યના પ્રતાપથી–પ્રભાવથી મને આ વિમલાચલ (વિમલ=શુદ્ધ+અચલ=પર્વત) તીર્થ પ્રાપ્ત થયું અને તેથી તે પર્વતને મેં (આ રીતે) ઉલ્લાસથી ગાયો છે. ૫.

## ૨૦.

## [૧]આઠ મદની સઝાય.

### મદ ત્યાગ.

મદ આઠ મહામુનિ વારિયે, જે દુર્ગતિના દાતારોરે;
શ્રીવીર જિનેશ્વર ઉપદિશે, ભાંખે સોહમ ગણધારોરે. મદ. ૧
હાંજી જાતિનો મદ પહેલો કહ્યો, પૂર્વે હારકેશીએ કીધોરે;
ચંડાળતણે કુળ ઉપન્યો, તપથી નવ કારજ સીધ્યોરે. મદ. ૨
હાંજી કુળમદ બીજો દાખિયો, મરિચિ ભવે કીધો પ્રાણીરે;
કોડાકોડિ સાગર ભવમાં ભમ્યો, મદ મ કરો એમ મન જાણીરે. મદ. ૩
હાંજી બળમદથી દુઃખ પામિયા, શ્રેણિક વસુમતિ જીવોરે;
જઇ ભોગવ્યાં દુઃખ નરકતણાં, મુખ પાડંતાં નિત રીવોરે. મદ. ૪
હાંજી સનત્કુમાર નરેસરૂ, સુર આગળ રૂપ વખાણ્યુંરે;
રોમ રોમ કાયા બગડી ગઇ, મદ ચોથાનું એ ટાણુંરે. મદ. ૫
હાંજી મુનિવર સંયમ પાળતાં, તપનો મદ મનમાં આયોરે;
થયા કૂરકંડુ ઋષિ રાજીઆ, પામ્યા તપનો અંતરાયોરે. મદ. ૬
હાંજી દેશ દશાર્ણનો ધણી, રાય દશાર્ણભદ્ર અભિમાનીરે;

+ આના પછી ઘણા ઉદ્ધાર થઈ ગયા છે.

૧ નમ્રતા અથવા મદત્યાગનો પાઠ આપતાં શિક્ષકે આ સજ્ઝાય દૃષ્ટાંતો માટે જોવાની છે તેથી તે અહીં આપી છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઈંદ્રની ઋદ્ધિ દેખી બૂઝીયો, સંસાર તજી થયો જ્ઞાનીરે. મદ. ૭
હાંજી સ્થૂળભદ્રે વિદ્યાનો કર્યો, મદ સાતમો જે દુઃખદાઇરે;
શ્રુત પૂર્ણ અર્થ ન પામીઆ, જુઓ માનતણી અધિકાઇરે. મદ. ૮
રાય સુભૂમ ષટ્ ખંડનો ધણી, લોભનો મદ કીધો અપારરે;
હય ગય રથ સબ સાગર ગળ્યું, ગયો સાતમી નરક મઝારરે. મદ. ૯
એમ તન ધન જોબન રાજ્યનો, મ ધરો મનમાં અહંકારોરે;
એ અસ્થિર અસત્ય સવિ કારમું, વિણસે ક્ષણમાં બહુ વારોરે. મદ. ૧૦
મદ આઠ નિવારો વ્રત ધરી, પાળો સંયમ સુખકારીરે;
કહે માનવિજય તે પામશે, અવિચળ પદવી નરનારીરે. મદ. ૧૧

## ૨૧.

## સિદ્ધાચલ સ્તવન.

### નવાણું યાત્રા.

[૧]જાત્રા નવાણું કરીએ, શેત્રુંજા ગિરિ, જાત્રા નવાણું કરીએ.
સહસકોડ ભવપાતિક છૂટે, શેત્રુંજા સામો ડગ ભરીએ—શેત્રુંજા૦
પૂરવ નવાણું વાર, ઋષભ જિણંદ સમોસરીએ.
પુંડગિરિ, જાત્રા નવાણું કરીએ. ૧
પુંડરિકપદ જપી મન હરખે, અધ્યવસાય શુભ ધરીએ—શેત્રુંજા.
સાત છઠ દોય અઠમ તપસ્યા, કરી ચઢીએ ગિરિવરીએ—શેત્રુંજા. ૨
પડિકમણા દોય વિધિશું કરીએ, પાપ પડલ પરિહરિએ—શેત્રુંજા.
ભુમિ સંથારો નારી તણો સંગ, દૂર થકી પરિહરીએ—શેત્રુંજા. ૩
એકલ આહારી ને સચેત પરિહારી, ગુરૂ સાથે પદ અનુસરીએ.શેત્રુંજા.૪
કલીકાલે એ તીરથ મોટું, પ્રવહણ જિમ ભર દરરીએ.—શેત્રુંજા. ૫
ઉત્તમ એ ગિરિવર સેવંતા, પદ્મ કહે ભવ તરીએ—શેત્રુંજા. ૬

અર્થ–[૨]શેત્રુંજય પર્વતની નવાણું જાત્રા કરીએ. તે શેત્રુંજય પર્વત જવાને સામું પગલું ભરીએ–પ્રયાણ કરીએ તો હજાર ક્રોડ ભવનાં પાપ છૂટે છે. તે [૩]પુંડરિકગિરિ ઉપર શ્રી ઋષભનાથ નવાણુ [૪]પૂર્વ વાર સમોભર્યા હતા. ૧

૧ આ ધન્યાશ્રી રાગમાં ગવાશે. ૨ શુકરાજના દ્રવ્ય ને ભાવ શત્રુઓનો વિનાશ (જય) થવાથી એ નામ પડેલ છે. ૩ પુંડરીક ગણધર પાંચ ક્રોડ મુનિ સાથે ચૈત્રી પુનમે એ તીર્થે સિદ્ધ થયા, તેથી એ નામ છે. ૪ ચોરાશી લાખ એને પૂર્વાંગ કહે છે, તેને ચોરાશી લાખે ગુણતાં જે સંખ્યા આવે તે પૂર્વ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે પુંડરિકગિરિના પદનો આનંદિત મનથી જાપ કરી શુભ અ-ધ્યવસાય (ભાવ) ધરવા, અને પર્વતમાં ઉત્તમ એવા તે પર્વતની પર સાત છઠ, અને બે અઠમની તપસ્યા કરી ચડવું. ૨

બે પ્રતિક્રમણ (સવાર અને સાંજ) વિધિ સહિત કરવાં, (એટલે આવશ્યક દોય વારી કરવાં) કે જેથી આપણે પાપરૂપી પડલને દૂર કરી શકીએ અને ભૂમિપર સૂવાનું અને નારીનો સંગ દૂરથી તજી દેવાનો છે. (એટલે ભૂમિ સંથારી, બ્રહ્મચારી થવું.) ૩

એક વખત આહાર લેવો (એકાહારી થવું), સચિત્ત પદાર્થનો ત્યાગ કરવો (સચિત્ત પરિહારી થવું), અને ગુરૂ સાથે પગે જવું (ગુરૂ સાથે પદચારી થવું.) (આવી રીતે *છ'રી' પાળવાની છે.) કળિકાળમાં જેમ ભરદરિયામાં નાવ મળે તેમ એ તીર્થ મળેલ છે. પદ્મવિજયજી કહે છે કે એ ઉત્તમ ગિરિવરને સેવતાં ભવ (સમુદ્ર) તરી જવાય છે. ૪–૫.

## ૨૨.

## પાર્શ્વનાથ જિનસ્તવન.

### નિરૂપાધિક વીતરાગ મૂર્તિ.

દેહી દેહી નણંદ હઠીલી—એ દેશી.

શ્રી પાસજી પ્રગટ પ્રભાવી, તુજ મૂરતિ મુજ મન ભાવી રે,
મનમોહના જિનરાયા—
સુર નર કિંનર ગાયો રે. મનમોહના.
જે દિનથી મૂરતિ દીઠી, તે દિનથી આપદા નીઠી રે—મનમોહના. ૧

---

* છરી પાળવી એમાં 'છ' અને 'રી' એ બે શબ્દો છે. 'છ' સંખ્યા બતાવે છે અને 'રી' એ છએ પ્રકારની ક્રિયાઓમાં છેવટે આવતા 'રી' શબ્દનો સૂચક છે. તે આ:—૧ એકલવિહારી. દરરોજ એકાસણું કરવું, ૨ સચિત્ત પરિહારી સચિત્તનો સર્વથા ત્યાગ કરવો ૩ ગુરૂસાથે પદચારી–ગુરૂ મહારાજની સાથે પગે ચાલવું ૪. ભોંય સંથારી–ભૂમિપર સુવું, ઢોલીઆપર ન સુવું. ૫ બ્રહ્મચારી–કાયાએ બ્રહ્મચર્ય પાળવું. અને ૬ આવશ્યક દોયવારી–બે ટંક પ્રતિક્રમણ કરવું (રાઈદેવસી). બીજીરીતે પણ છરી ગણાવેલી છે. તેમાં બે ટંક પ્રતિક્રમણને સ્થાને સમકિતધારી એ છઠ્ઠી 'રી' આપેલી છે. તેની વ્યાખ્યા એ છે કે સમકિત પાળે, ત્રિકાલ પૂજા કરે, બે ટંક પ્રતિક્રમણ કરે, અને પચ્ચખાણ કરે. આ છ'રી'નો સંસ્કૃત શ્લોક નીચે પ્રમાણે છે:—

**एकाहारी भूमिसंस्तारकारी, पद्भ्यां चारी शुद्धसम्यक्त्वधारी।**
**यात्राकाले सर्वसचित्तहारी, पुन्यात्मा स्याद् ब्रह्मचारी विवेकी॥**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મુખ મટકાળું સુપ્રસન્ન, દેખત રીઝે ભવીમન્ન રે—મનમોહના.
સમતા રસ કેરા કચોલા, નયણા દીઠે રંગ રોલા રે—મનમોહના. ૨
હાથે ન ધરે હથિયાર, નહિ જપમાલાનો પ્રચાર રે—મન૦
ઉત્સંગે ન ધરે રામા, તેહથી ઉપજે સવિ કામા રે—મન૦ ૩
ન કરે ગીત નૃત્યના ચાળા, એતો પ્રત્યક્ષ નટના ચાળા રે—મન૦
આપે ન બજાવે વાજાં, ન ધરે વસ્ત્ર જીરણ સાજાં રે—મન૦ ૪
એમ મૂરતિ તુજ નિરૂપાધી, વીતરાગપણે કરી સાધી રે—મન૦
કહે **માન**વિજય ઉવજ્ઝાયા, મેં અવલંબ્યા તુજ પાયા રે—મન૦ ૫

અર્થ—જેનો પ્રભાવ-શક્તિ પ્રગટ છે એવા હે શ્રી **પા**ર્શ્વનાથ પ્રભુ! તારી મૂર્તિ મનને ગમી છે. તેથી તું જિનેશ્વર મનને મોહનરૂપે છો, અને તારી સ્તુતિ દેવતા, મનુષ્ય અને કિંનરોએ કરી છે. જે દિવસથી તારી મૂર્તિ જોઇ છે તે દિવસથી મારાં વિઘ્ન નાઠાં છે. ૧.

મટકા કરતું તારૂં મુખ સારી રીતે પ્રસન્ન જોઇ ભવીનું મન રીઝે છે–રાજી થાય છે; વળી સમતાના રસનું કચોળું–વાસણ હોય નહિ તેવા તારાં નયનં જોઇને અતિશય આનંદ થાય છે. ૨.

તારા હાથમાં કંઇ હથિયાર નથી, તેમ જપમાળા નથી. ખોળામાં સ્ત્રી ધારતો નથી કે જેથી કામવાસના જાગે. વળી તમે ગીત નાચના ચાળા કરતા નથી, કારણ કે તે તો પ્રત્યક્ષ નટના ચાળા છે. વળી વાજા પણ બજાવતા નથી કે જૂનાં કે આખાં લૂગડાં પણ પહેરતા નથી. ૩–૪.

આવી તારી મૂર્તિ નિરૂપાધિક–કંઈ પણ ઉપાધી વગરની છે અને તેથી તારૂં નામ જે વીતરાગ તેનું વીતરાગપણું સાર્થક છે. **માન**વિજય ઉપાધ્યાય કહે છે કે તેથી મેં તારા પગનું અવલંબન–શરણ લીધેલ છે. ૫.

## ૨૩.

## શ્રી પાર્શ્વ જિનસ્તવન.

### માનવદેહની સફલતા.

ઉઠો ઉઠોરે મોરા આતમરામ, જિનમુખ જોવા જઇએ રે–
પ્રભુજીનો દર્શન છે અતી દોહલો, તે કેમ સોહલો જાણો રે;
વારવાર માનવભવ જેવો, મળવો મુશ્કીલ ટાણો રે. ઉઠો. ૧

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચાર દિવસનો ચટકો મટકો, દેખીને મત રાચો રે;
વિણસી જાતાં વાર ન લાગે, કાયા ઘટ છે કાચો રે. ઉઠો. ૨
હીરો હાથ અમૂલક પાયો, મૂઢપણે મત ભમજો રે;
સહેજ સલૂણા **પાસ** જિણંદશું, રાજી થઇ ચિત્ત રમજોરે. ઉઠો. ૩
અનંત ગુણે કરી ભરીઆ જિનવર, પુરવ પુણ્યે પાયો રે;
તે દેખીને મ્હારા મનમાં, આનંદ અધિક સોહાયો રે. ઉઠો. ૪
મન ગત મોરા આતમરામ, કરજો સુકૃત કમાઇ રે;
લાભ ઉદય જિણચંદ લઇને, વર્તે સિદ્ધ સવાઇ રે. ઉઠો. ૫

અર્થ—(સુમતિ કહે છે કે) હે આતમરામ (અંતરાત્મા)! ઉઠો ઉઠો [ મોહ નિદ્રાને ત્યાગો ] ચાલો આપણે જિનપ્રભુનું મુખ જોવા જઇએ. (કારણકે) પ્રભુજીનું દર્શન અતિ દુર્લભ છે, તેને સુલભ જાણી શું પ્રમાદમાં પડી સૂતા છો? × માનવ ભવ જેવો અવસર–જોગ-વાઈ–ફરી ફરી મળવો મુશ્કેલ છે. ૧

આ જીંદગી એ ચાર દિવસનો ચટકો, મટકો છે–બહુજ ક્ષણિક છે; તો તે દેખીને તેમાં મુગ્ધ નહિ થઇ જાઓ. શરીર એ કાચો ઘડો છે, તે નાશ પામતાં વાર નહિ લાગે. ૨

(આ મનુષ્યભવ રૂપી) અમૂલ્ય હીરો હાથ પામી મૂઢપણે *હવે ભમતા નહિ, પણ (અમૂઢ થઈ–વસ્તુ સ્વરૂપ ઓળખીને) સહજ–સ્વ-ભાવથી જે સુંદર છે એવા શ્રી **પાર્શ્વ** જિનેશ્વરમાં ચિત્તને રાજી થઇ રમાડજો–તેમાંજ લીન રાખજો. ૩

જિનવર તો અનંત ગુણોથી ભરેલા છે, અને પૂર્વના પુણ્યથીજ હું તેમને પામી શકયો એમ સમજીને મારા મનમાં અધિક આનંદ–ઉત્સાહ મનથી ઓળખી શકાતો એવો પ્રકટી રહ્યો છે. ૪

હે મારા આતમરામ! સારા કામ રૂપી કમાઈ કરજો, અને ઉદય-લાભ કહે છે કે જિનચંદ્રને પામીને સવાગણી–અધિક સિદ્ધિ મેળવજો. ૫

× સરખાવો. મુગ્ધ સુગમ કરી પૂજન આદરે, પૂજન અગમ અનૂપ.
* અમૂઢદૃષ્ટિ એ સમકીતનું એક અંગ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ૨૪.
## શ્રી પાર્શ્વ જિનસ્તવન.
### 'સબરે સંસારસેં હે જિન ન્યારા'
(સિંહાનો કન્હરો અગર પીલુમાં ગવાશે.)

નિર્મલ હોઈભજલે પ્રભુ પ્યારે, સબરે સંસારસેં હૈ જિન ન્યારે;–નિ. ૧
પાર્શ્વપ્રભુજીકો દર્શન કરલે, ભવજલ પાર ઉતારણહારે—નિર્મલ. ૨
જાકે અવિચલ જ્યોતિ બિરાજે, અકલ અગોચર રૂપ ઉદારે—નિર્મલ. ૩
વાકે ગુનકો પાર ન લહિયે, કહિ ન શકે કોઈ જગ આધારે—નિર્મલ. ૪
વાકે ભજન સુખ પાવત પ્રાણી, શુદ્ધ ક્ષમાકલ્યાણ ઉદારે—નિર્મલ. ૫

અર્થ—હે ભદ્ર (પ્યારે)! તું નિર્મલ થઇ–શુદ્ધ ચિત્તવાળો થઇ પ્રભુને ભજી લે; આખા સંસારથી–સર્વ સંસારી જીવોથી–પરઉપાધિથી તે ન્યારા–વિલક્ષણ છે. ૧ એવા શ્રી પાર્શ્વપ્રભુજીનું દર્શન કરી લે, (કારણ કે) તે ભવરૂપી જળમાંથી પાર ઉતારનાર છે; ૨

(વળી) જેની (જ્ઞાન) જ્યોતિ–પ્રકાશ અવિચલપણે શોભી રહેલ છે, અને જેનું રૂપ–સ્વરૂપ અકલ–કળી ન શકાય તેવું, અગોચર–ઇંદ્રિયોથી જાણી ન શકાય તેવું, ઉદાર–મહાન્ છે, તેના ગુણનો પાર–છેડો (આપણે) લઇ શકીએ તેમ નથી, (તેમજ) કોઇ જગતના આધારે રહેલ –જગતવાસી જીવ પણ કહી શકે તેમ નથી, અથવા જગતના આધાર તે પ્રભુના ગુણનો કોઇ પાર પામી શકે–કે કોઇ કથીશકે તેમ નથી, ૩–૪

ક્ષમાકલ્યાણ મુનિ કહે છે કે તેના ભજનથીજ પ્રાણી શુદ્ધ, અને મહત્ સુખ ને મોક્ષ તે પામે છે. ૫.

## ૨૫.
## શ્રી ધર્મનાથ જિન સ્તવન.
### નિર્મળતા તે જ ધર્મ.
( સુખને મરકલડે–એ દેશી. )

શ્રી ધર્મ જિણંદ દયાળજી ! ધર્મ તણો દાતા;
સવિ જંતુ તણો રખવાળજી, ધર્મ તણો ત્રાતા.
જસ અમિય સમાણી વાણીજી. ધર્મ.
જેહ નિસુણે ભાવે પ્રાણીજી. ધર્મ. ૧
તેહના ચિત્તનો મેલ જાયજી, ધ. જિમ કતકફળે જળ થાયજી. ધ. ૨

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નિર્મળતા તેહ જ ધર્મજી, ધ. કલુષાઇ મટયાનો મર્મજી. ધ. ૩
નિજ ધર્મ તો સહજ સ્વભાવજી ધ. તોહિ તુજ નિમિત્ત પ્રભાવજી. ધ. ૪
વનરાજી ફૂલન શક્તિજી, ધ. પણ ઋતુરાજે હોય વ્યક્તિજી. ધ. ૫
કમળાકરે કમળ વિકાસજી, ધ. સોરભતા લક્ષ્મી વાસજી. ધ. ૬
તે દિનકર કિરણો જોયજી, ધ. એમ ધર્મદાયક તું હોયજી. ધ. ૭
તે માટે ધર્મના રાગીજી, ધ. તુજ પદ સેવે બડભાગીજી. ધ. ૮
કહે **મા**નવિજય ઉવઝાયજી, ધ. નિજ અનુભવ જ્ઞાન પસાયજી. ધ. ૯

અર્થ—હે દયાળુ શ્રી ધર્મનાથ જિનેશ્વર ! આપ ધર્મના દેનાર છો, અને સર્વ જીવના રક્ષક છો (તેથી) ધર્મના રક્ષક છો. આપની અમૃત સમાન વાણીને જે પ્રાણી ભાવથી સાંભળે છે, તેના ચિત્તનો મેલ જાય છે એટલે જેમ કતકફળ–નિર્મળી–નાંખવાથી જળ શુદ્ધ થાય છે તેમ (તે શુદ્ધ થાય છે.) ૧–૨.

+નિર્મળતા—આત્માની શુદ્ધતા તે જ ધર્મ છે, અને તે જ કલુષતા-મેલ દૂર થયાનું રહસ્ય–ફળ–પ્રગટ પ્રમાણ છે. વળી જો કે શુદ્ધ સ્વ-ભાવ જ પોતાનો ધર્મ છે (**वत्थु सहावो धम्मो**) તોપણ (તે પામવામાં) તારા નિમિત્તપણાનો પ્રભાવ છે (એટલે તારાથી તે મૂલ ધર્મ–આત્મ-સ્વભાવ મેળવી શકાય છે.) ૪

(હવે દૃષ્ટાંતો કહે છેઃ–) વનની તરૂશ્રેણીમાં ફૂલવાની શક્તિ છે, પણ તે ઋતુરાજ–વસંતનો (નિમિત્ત) મળ્યે વ્યક્ત–પ્રકટ થાય છે; કમળાકરમાં–સરોવરમાં કમલ પોતાનામાં સુગંધરૂપી સંપત્તિનો વાસ હોય છે, પણ તે દિનકર–સૂર્યનાં કિરણો જુએ છે ત્યારે (એટલે સૂર્યનું નિમિત્ત મળ્યે) વિકાસે છે અને સુગંધ આપે છે; તેવી જ રીતે તું ધર્મનો દેનાર (દેવામાં નિમિત્ત છો, તે નિમિત્ત મળ્યે ધર્મ જે આત્માનો સહજ સ્વભાવ તે પ્રગટે છે.) ૫–૭.

તેટલા માટે ધર્મના રાગી–રસીયા મોટા ભાગ્યવાળા થઇને તારા ચરણને સેવે છે, એમ પોતાના અનુભવ જ્ઞાનના પ્રતાપે શ્રી **મા**નવિજય ઉપાધ્યાય કહે છે. ૮

---

+સરખાવો.
જે જે અંશે નિરૂપાધિતા, તે તે અંશે માનો રે ધર્મ.
(તેમ–જે જે અંશે નિર્મળતા, તે તે અંશે માનો રે ધર્મ.)–

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

## ૨૬.
## 'અંતરંગ અમૃતરસ ચાખો.'

પદ. રાગ કાફી.

તો બીન ઓર ન જાચું, જિણંદરાય !

પ્રભુજી !–તો બીન૦

મેં તો મેરો મન નિશ્ચય કીનો, એહમાં કછુ નહિ કાચુ. જિ૦ ૧
તમ ચરન કમલપર પંકજ મન મેરો, અનુભવ રસ ભર ચાખું;
અંતરંગ અમૃતરસ ચાખો, એહ વચન મન સાચું. જિ૦ ૨
જસ પ્રભુધ્યાયો મહારસ પાયો, અવર રસે નહિ રાચું;
અંતરંગ ફરસ્યો દર્શન તેરો, તુજ ગુણ રસ સંગ માચું. જિ૦ ૩

અર્થ—હે જિનેંદ્ર પ્રભુજી ! તારા વિના હું બીજું કાંઇ માગતો નથી. મતલબ કે તારા સ્વરૂપની પ્રાપ્તિ સિવાય મને અન્ય કોઈ ઇચ્છા નથી. કારણ કે તારા સિવાય સારપદાર્થ જગતમાં કોઇ નથી એમ મેં મારા મનમાં નિશ્ચય કરેલ છે અને તેમાં કંઈ કાચું રહ્યું નથી. (સંશય–વિપર્ય–યાદિને સ્થાન રહ્યું નથી.) [ એટલે તે નિશ્ચય ફેરવવો પડે તેમ નથી. ] ૧.

તારા ચરણ રૂપી કમળમાં ભ્રમર રૂપી મારૂં મન લીન થયેલ છે, અને તેથી અનુભવ રસનો ભર–અતિશય ચાખું છું. અંતરંગ–અંતરમાં રહેલ અમૃતરસ ચાખો એ આપનું વચન આજ મને ખરેખર સાચું લાગે છે. ૨

જેમણે જેમણે પ્રભુનું ધ્યાન કરેલ છે તે તે મહારસ પામ્યા છે માટે હું જશવિજયજી કહું છું કે પ્રભુનું ધ્યાન કરવાથી હું મહારસ પામ્યો છું અને બીજા કોઈ રસમાં રાચીશ–લીન થઇશ નહિ. આપના દર્શનનો ( સાક્ષાત્ દર્શનનો યા સમ્યક્ દર્શનનો ) મને અંતરમાં સ્પર્શ થવાથી તારા ગુણના રસમાં હવે નિમગ્ન રહું છું–રહીશ. ૩.

## ૨૭.
## ૪ કષાય.
### (૧) ક્રોધ.

કડવાં ફળ છે ક્રોધનાં, જ્ઞાની એમ બોલે;
રીસ તણો રસ જાણીએ, હલાહલ તોલે.—
કડવાં ફળ છે ક્રોધનાં. ૧

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ક્રોધે ક્રોડ પૂરવ તણું, સંજમ ફલ જાય;
ક્રોધ સહિત તપ જે કરે, તે તો લેખે ન થાય. કડવાં. ૨
સાધુ ઘણો તપિયો હતો, ધરતો મન વૈરાગ;
શિષ્યના ક્રોધ થકી થયો, ચંડકોશીઓ નાગ. કડવાં. ૩
આગ ઉઠે જે ઘર થકી, તે પહેલું ઘર બાલે;
જલનો જોગ જો નવિ મલે, તો પાસેનું પરજાલે. કડવાં. ૪
ક્રોધ તણી ગતિ એહવી, કહે કેવળનાણી,
હાણ કરે જે હેતની, જાળવજો એમ જાણી. કડવાં. ૫
ઉદયરત્ન કહે ક્રોધને, કાઢજો ગલે સાહી,
કાયા કરજો નિર્મળી, ઉપશમ રસ નાહી. કડવાં. ૬

અર્થ—જ્ઞાનીઓ એમ કહે છે કે ક્રોધનાં ફળ કડવાં છે, અને રીસ-ક્રોધનો રસ હલાહલ-ઝેર જેવો છે એમ જાણજો. ૧.

ક્રોધ કરવાથી ક્રોડ પૂર્વ સુધી કરેલા સંજમ (તપ)નું ફળ નાશ પામે છે, અને ક્રોધ સાથે જે તપ કરે છે તે ગણુતીમાં આવતું નથી એટલે તેથી ભવના ફેરા ઓછા થતા નથી, માટે તે નકામું છે. ૨.

(દૃષ્ટાંત કહે છે) એક સાધુ ઘણો તપસ્વી હતો, અને મનમાં વૈરાગ્ય ધરતો હતો, પણ શિષ્યપરના ક્રોધ થકી *ચંડકોશીઓ નાગ થયો. ૩.

જે ઘરથી આગ ઉઠી તે ઘર પહેલુંજ બળે, અને જો પાણીનો જોગ ન મળે તો પાસેનું ઘર બાળે; (તેમ ક્રોધ કરનાર પોતાની શુદ્ધ પરિણતિનો નાશ કરે, પોતાને નુકશાન કરે અને ક્ષમા ન થઈ તો બીજાની શુદ્ધ પરિણતિનો નાશ થાય-બીજાને નુકશાન કરે.) ૪.

આવી ગતિ ક્રોધની છે એમ કેવલજ્ઞાની-ભગવાન્ કહે છે. તે હેતનો નાશ કરે છે એમ જાણી તેને જાળવજો-સાવધાન થઇને ચાલજો. ૫.

શ્રી ઉદયરત્ન મહારાજ કહે છે કે ક્રોધને ગળેથી પકડી દૂર કરજો, અને ઉપશમ-સમતાના રસમાં ન્હાઇ કાયાને શુદ્ધ કરજો. ૬.

*આનો અધિકાર જોવા માટે જુઓ ત્રિષષ્ઠી શલાકા પુરૂષ ચરિત્ર પર્વ ૧૦ (ભાષાંતર) પૃ. ૪૩-૪૪.

૨૮.

## ( ૨ ) માન.

( પઢોરે પોપટ રાજા રામના—એ પ્રભાતીમાં ગવાશે. )

રે જીવ ! માન ન કીજીએ, માને વિનય ન આવે;
વિનય વિના વિદ્યા નહીં, તો કિમ સમકિત પાવે ?—
રે જીવ ! માન ન કીજીએ. ૧
સમકિત વિણ ચારિત્ર નહીં, ચારિત્ર વિણ નહિ મુક્તિ;
મુક્તિનાં સુખ છે શાશ્વતાં, તે કેમ લહિયે જુક્તિ. રે જીવ ! ૨
વિનયવડો સંસારમાં, ગુણમાં અધિકારી;
માને ગુણ જાયે ગલી, પ્રાણી ! જો જો વિચારી. રે જીવ ! ૩
માન કર્યું જો રાવણે, તે તો રામે માર્યો;
દુર્યોધન ગર્વે કરી, અંતે સવિ તે હાર્યો. રે જીવ ! ૪
સૂકાં લાકડાં સારીખો, દુઃખદાયી એ ખોટો;
ઉદયરત્ન કહે માનને, દેજો તમે દેશવટો. રે જીવ ! ૫

અર્થ—હે જીવ ! તને માન કરવો નથી ઘટતો, ( કારણ કે ) માનથી વિનય આવતો નથી, વિનય વિના વિદ્યા–જ્ઞાન નથી અને (જો જ્ઞાન ન હોય તો ) સમ્યક્ત્વ કેમ પ્રાપ્ત થાય ? ૧.

સમકિત વિના ચારિત્ર નથી, ચારિત્ર વિના મોક્ષ નથી, તો ( મોક્ષ-વગર ) મોક્ષના જે શાશ્વત સુખ છે તે જુક્તિથી કેમ લઇ શકીએ ? ૨.

વિનય સંસારમાં મોટો છે, અને ( સર્વે ) ગુણોમાં અધિકારી–શિરોમણી રૂપ છે. માનથી ગુણો ગળી જાય છે–નાશ પામે છે, એ વાત હે પ્રાણી ! તું વિચારી જો. ૩.

( દૃષ્ટાંત કહે છે કે ) રાવણે અભિમાન કર્યું તો તે રામથી મૃત્યુ પામ્યો; તેમ દુર્યોધને ગર્વ કર્યો તેથી તેણે ( રાજપાટ આદિ ) સર્વ ગુમાવ્યું. ૪.

સૂકાં લાકડાં જેમ વળતાં નથી તેમ અભિમાની જીવ અક્કડ રહે છે તેથી તે જ્ઞાન પામી શકતો નથી, માટે તે અભિમાન દુઃખદાયી અને ખોટો–મિથ્યા છે તેથી ઉદયરત્ન મહારાજ કહે છે કે માનને દેશવટો આપજો. ૫.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૨૯.

## ( ૩ ) માયા.

( ધંન્યાશ્રીમાં ગવારો. )

સમકિતનું મૂલ જાણીએ જી, સત્ય વચન સાક્ષાત;
સાચામાં સમકિત વસે જી, × માયામાં મિથ્યાત્વ રે.
પ્રાણી ! મ કરીશ માયા લગાર.— પ્રાણી ! ૧
મુખમીઠો જુઠે મને જી, કૂડ કપટનો કોટ;
જીભે તો 'જી જી' કરે જી, ચિત્તમાંહે તાકે ચોટ રે. પ્રાણી ! ૨
આપગરજે આઘો પડે જી, પણ ન ધરે વિશ્વાસ;
મનશું રાખે આંતરો જી, એ માયાનો પાસ રે. પ્રાણી ! ૩
જેહશું બાંધે પ્રીતડી જી, તેહશું રહે પ્રતિકૂલ;
મેલ ન છંડે મનતણો જી, એ માયાનું મૂલ રે. પ્રાણી ! ૪
તપ કીધો માયા કરી જી, મિત્રશું રાખ્યો રે ભેદ;
મલ્લી જિનેશ્વર જાણજો જી, તે પામ્યા સ્ત્રીવેદ રે. પ્રાણી ! ૫
ઉદયરત્ન કહે સાંભળો જી, મેલો માયાની બુદ્ધ;
મુક્તિ પુરી જાવા તણો જી, એ મારગ છે શુદ્ધ રે, પ્રાણી ! ૬

અર્થ—હે પ્રાણી ! જરી પણ કપટ કરીશ નહિ. સમકિતનું મૂળ પ્રત્યક્ષ સત્ય વચન છે, સાચામાંજ સમકિત રહેલું છે, માયામાં –કૂડામાં–જૂઠામાં મિથ્યાત્વ છે. ૧.

( કપટી ) મુખથી મીઠો, અને હૃદયથી ખોટો હોય છે અને કૂડ–જૂઠ અને કપટનો કિલ્લો હોય છે એટલે જીભે તો 'જીજી' એવા માનદર્શક વચનો બોલે છે, જ્યારે હૃદયમાં તો એવી ચોટ તાકે છે–કે ક્યારે એને મારી માયા જાળમાં ફસાવું ? ૨.

તે પોતાની ગરજ હોય ત્યારે આઘો આઘો (?) થાય છે એટલે બીજા બધા કરતાં પોતાનું કામ કરી લેવામાં આગળ થાય છે. પણ મનમાં આપણાપર વિશ્વાસ કદી રાખતો નથી. મનમાં આંતરો–ભેદ રહેલ હોય છે. આ બધા માયા–કપટના ફંદ છે. ૩

( કપટી ) જેની સાથે પ્રીત બાંધે તેની સાથે ( મનથી ) પ્રતિકૂલ

× પાઠાંતર–કૂડામાં.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

–આડો–વિરૂદ્ધ રહે, અને પોતાના મનનો મેલ કદી ન છોડે. આ માયાનું મૂળ છે. ૪

( દૃષ્ટાંત કહે છે કે ) પૂર્વભવે માયાથી તપ કીધો અને મિત્રની સાથે ભેદ રાખ્યો તેથી મલ્લિનાથ જિનેશ્વર સરખા પણ સ્ત્રી અવતારને પામ્યા. ૫

શ્રી ઉદયરત્ન મહારાજ કહે છે તે સાંભળો–કે તમે કપટરૂપી બુદ્ધિ તજી દ્યો, કારણ કે મોક્ષ નગરમાં જવાનો માર્ગ છે. તે તો શુદ્ધ છે–સરળતામાં રહેલો છે. ૬

૩૦.

## ( ૪ ) લોભ.

તુમે લક્ષણ જો જો લોભનાંરે, લોભે જન પામે ક્ષોભનારે;
લોભે ડાહ્યા મન ડોલ્યા કરેરે, લોભે દુર્ઘટ પંથે સંચરેરે. તુમે. ૧
તજો લોભ તેહનાં લઉં ભામણાંરે, વળી પાયે નમીને કરૂં ખામણાંરે;
લોભે મરજાદા ન રહે કેહનીરે, તુમે સંગત મેલો તેહનીરે. તુમે. ૨
લોભે ઘર મહેલી રણમાં મરેરે, લોભે ઉંચ તે નીચું આચરેરે;
લોભે પાપભણી પગલાં ભરેરે, લોભે અકરાજ કરતાં ન ઓસરેરે. તુમે. ૩
લોભે મન ન રહે નિર્મલું રે, લોભે સગપણ નાસે વેગલુંરે;
લોભે ન રહે પ્રીતિને પાવડુંરે, લોભે ધન મલે બહુ એકડુંરે. તુમે. ૪
લોભે પુત્ર પ્રત્યે પિતા હણેરે, લોભે હત્યા પાતક નવિ ગણેરે;
તેતો દામતણે લોભે કરીરે, ઉપર મણિધર થાયે મરીરે. તુમે. ૫
જોતાં લોભનો થોભ દિસે નહીરે, એવું સૂત્ર સિદ્ધાંતે કહ્યું સહીરે;
લોભે ચક્રી સંભૂમ નામે જુઓરે, તે તો સમુદ્રમાંહે ડુબી મુવોરે. તુમે. ૬
એમ જાણીને લોભને છંડજોરે, એક ધર્મશું મમતા મંડજોરે;
કવિ ઉદયરત્ન ભાખે મુદારે, વંદુ લોભ તજે તેહને સદારે. તુમે. ૭

અર્થ—તમે લોભનાં લક્ષણ જો જો:—કે લોભથી લોક ક્ષોભ પામે છે–દાન દેવામાં આંચકો ખાય છે. લોભથી ડાહ્યા પુરૂષોનું મન ડોલ્યાં કરે છે–સ્થિર રહેતું નથી અને લોભને વશ થઈ ગમે તેવા ભયાનક માર્ગમાં તે જાય છે–પ્રયાણ કરે છે. ૧

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જે લોભ મૂકી દે છે તેનાં હું ઓવારણાં લઉં-તેના પર વારી જાઉં અને તેને પગે પડીને તેની સાક્ષીએ હું મારા દોષને ખમાવું. લોભથી કોઇની મર્યાદા-શરમ રહેતી નથી, માટે તેની સંગત છોડો. ૨

લોભે (માણસો) ઘર મૂકીને રણમાં મરવા જાય છે, અને લોભથી ઉચ્ચ પુરૂષો નીચ કૃત્ય આચરે છે. લોભે પાપ ભણી પગલાં ભરાય છે-પાપ કૃત્ય આદરાય છે અને લોભથી અકૃત્ય કરતાં પાછા હઠતા નથી! ૩

લોભથી મન શુદ્ધ રહેતું નથી અને તેથી સગપણ વેગળું રહે છે એટલે સગાંઓને પણ ભૂલી જવાય છે. લોભથી પ્રીતિ તેમજ પ્રતિષ્ઠા રહેતી નથી અને લોભથીજ બહુ ધન એકઠું થાય છે (કારણ કે દમડી ખરચાય તો ઓછું થાય ને!) ૪

લોભથી બાપ દીકરાને મારી નાંખે છે, અને લોભથી કોઇની હત્યા કરવી એ પાપ છે એવી જ્ઞાન-સમજ રહેતી નથી. આવા લોભી દામના લોભથી તે પૈસાપર (રખેવાળી રાખવા) મરીને મણિધર-સરપ થાય છે. ૫

જગત જોતાં લોભને થોભ હોય એમ કયાંય દેખાતું નથી, એવું સૂત્ર સિદ્ધાંતમાં કહેલું છે તે સત્ય છે. એ લોભથીજ સંભૂમ નામનો ચક્રી સમુદ્રમાં ડૂબી મુઓ. ૬

આમ જાણીને લોભને દૂર કરજો અને માત્ર એક ધર્મ સાથે મમતા-ભક્તિ રાખજો. આ પ્રમાણે શ્રી ઉદયરત્ન મહારાજે લોભના લક્ષણ કહ્યા છે. જે લોભને તજે તેને હમેશાં મારી વંદના હોજો ૬.

## ૩૧.

## *ક્ષમા છત્રીશી.

(જે ચપલાને ચિંતવું નિશદિન, તે મુજથી બેદીલ રહેરે-એ લયમાં ગવાશે.)

આદર જીવ! ક્ષમા ગુણ આદર, મ કરીશ રાગને દ્વેષજી;
સમતાએ શિવસુખ પામીજે, ક્રોધે કુગતિ વિશેષજી. આદર. ૧
સમતા સંજમ સાર સુણીને, કલ્પસૂત્રની સાખજી;
ક્રોધે પૂર્વ કોડી ચારિત્ર બાળે, ભગવંત એણીપરે ભાખજી. આદર. ૨

* શિક્ષકને માટે દૃષ્ટાંતો દેવા અર્થે આ અહીં આપેલ છે કારણ કે ક્ષમાનો પાઠ અહીં શીખવવાનો છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કોણ કોણ જીવ તર્યા ઉપશમથી, સાંભળ તું દૃષ્ટાંતજી;
કોણ કોણ જીવ ભમ્યા વનમાંહે, ક્રોધ તણે[1]વિરતંતજી. આદર. ૩
સોમલ સસરે શીષ [2]પ્રજાળ્યો, બાંધી માટીની પાળજી;
ગજસુકુમાર ક્ષમા મન ધરતો, મુક્તિ ગયો તત્કાળજી. આદર. ૪
કુળવાળુઓ સાધુ કહાતો, કીધો ક્રોધ અપારજી;
કોણિકની ગણિકા વશ પડીઓ, રડવડીઓ સંસારજી. આદર. ૫
[3]સોવનકાર [4]કરી અતિ વેદન, [5]વ્યાઘ્રશું વીંટયો શીષજી;
મેતાર્ય ઋષિ મુક્તિએ પહોંતો, ઉપશમ એહ [6]જગીશજી. આદર. ૬
કુરડ મહાકુરડ બે સાધુ કહંતા, રહ્યા [7]કુણાલા ખાલજી;
ક્રોધ કરીને કુગતિએ પહોંતા, જન્મ ગમાયો [8]આળજી. આદર. ૭
કર્મ ખપાવી મુક્તિએ પહોતા, સ્કંધક સૂરિના શિષ્યજી;
પાલક પાપીએ ઘાણી પીલ્યા, નાણી મનમાં રીસજી. આદર. ૮
[9]અંચુકારી નારી ચૂકી, તોડયો પીયુશું નેહજી;
બબ્બર કુલના દુઃખ સહ્યા બહોળા, ક્રોધતણા ફળ એહજી. આદર. ૯
વાઘણે સર્વ શરીર વિલોવ્યું, તત્ક્ષણ છોડયા પ્રાણજી;
સાધુ સુકોશલ શિવસુખ પામ્યા, એહ ક્ષમાગુણ જાણજી. આદર. ૧૦
કોણ ચંડાલ કહીજે બેઉમાં, [10]નિરતિ નહિ કહે દેવજી;
ઋષિ ચંડાલ કહીજે વઢતો, ટાળો [11]વેઢની ટેવજી. આદર. ૧૧
સાતમી નરકે ગયો તે બ્રહ્મદત્ત, કાઢી બ્રાહ્મણની આંખજી;
ક્રોધતણાં ફળ કડવાં જાણી, રાગદ્વેષ દ્યો નાંખજી. આદર. ૧૨
સ્કંધક ઋષિની [12]ખાલ ઉતારી, સહ્યો પરિસહ જેણેજી;
ગર્ભાવાસનાં દુઃખથી છૂટયો, સબલ ક્ષમા ગુણ તેણેજી. આદર. ૧૩
ક્રોધ કરી સ્કંધક આચાર્ય, હુઓ અગ્નિ કુમારજી;
દંડક નૃપનો દેશ પ્રજાળ્યો, ભમશે ભવમોઝારજી. આદર. ૧૪
ચંડરૌદ્ર આચાર્ય ચાલંતા, મસ્તક દીધ પ્રહારજી;
ક્ષમા કરંતા કેવલ પામ્યો, [13]નવદીક્ષિત અણગારજી. આદર. ૧૫

---

૧. વૃત્તાંત–એટલે તે બાબતથી. ૨. બાળ્યો. ૩ સુવર્ણકાર–સોની. ૪ અતિ દુઃખ–વેદના પામી–પરિસહ સહન કરી. ૫. વાધ. ૬ જગીશ–જગત્‌માં પ્રધાન. ૭. કુણાલા નગરીની પાણીની ખાળ. ૮. ફોગટ. ૯–૧૦. ક્રોધમાં આસક્તિ નહિ તે સ્થિતિ. ૧૧. વેઢની–વઢવાની, વાંધા કાઢવાની. ૧૨. ચામડી. ૧૩. જેણે હમણાંજ–નવીન દીક્ષા લીધી છે તે મુનિ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પાંચવાર ઋષિને સંતાપ્યો, આણી મનમાં દ્વેષજી;
પાંચ ભવ સીમ દહ્યો નંદનાવિક, ક્રોધ તણાં ફળ દેખજી. આદર. ૧૬
સાગર ચંદનો શિષ્ય પ્રજાળ્યો, નિશિ નભસેન નરિંદજી;
સમતાભાવ ધરી સુરલોકે, પહોંતો પરમાનંદજી. આદર. ૧૭
ચંદના ગુરૂણીએ ઘણું [14]નિભ્રંછી, ધિક્ ધિક્ તુજ અવતારરે;
મૃગાવતિ કેવલશ્રી પામી, એહ ક્ષમાનો સારરે. આદર. ૧૮
સાંબ-પ્રદ્યુમ્નકુંવર સંતાપ્યો, કૃષ્ણ દ્વૈપાયન [15]સાહજી;
ક્રોધ કરી તપનો ફળ હાર્યો, કીધો દ્વારિકા દાહજી. આદર. ૧૯
ભરતને [16]મારણ મુઠી ઉપાડી, બાહુબલ બલવંતજી;
ઉપશમરસ મનમાંહી આણી, સંજમ લીએ મતિવંતજી. આદર. ૨૦
કાઉસગ્ગમાં ચડીઓ અતિ ક્રોધે, પ્રસન્નચંદ્ર ઋષિરાયજી;
સાતમી નરક તણાં દળ મેલ્યા, કડવા તેણે કષાયજી. આદર. ૨૧
આહારમાંહી ક્રોધે ઋષિ થુંક્યો, આણ્યો અમૃત ભાવજી;
કુરગડુઓ કેવલ પામ્યો, ક્ષમા તણો પ્રભાવજી. આદર. ૨૨
પાર્શ્વનાથને ઉપસર્ગ કીધો, કમઠ [17]ભવાંતર [18]ધીઠજી;
નરક તિર્યંચતણાં દુઃખ લીધાં, ક્રોધતણું ફળ દીઠજી; આધાર. ૨૩
ક્ષમાવંત દમદંત મુનિશ્વર, વનમાં રહ્યો કાયોત્સર્ગરે;
કૌરવ [19]કટકે હણ્યો એ ટાણે, તોડયા કર્મના વર્ગરે. આદર. ૨૪
સજ્યાપાલક કાને [21]તરૂઓ, નામ્યો ક્રોધ [22]ઉદીર;
બેઉ કાને ખીલા ઠોકાણા, નવી છૂટા મહાવીરજી. આદર. ૨૫
[23]ચાર હત્યાનો કારક હુતો, દૃઢપ્રહાર અતિરંકજી;
ક્ષમા કરીને મુક્તિએ પહોંતો, ઉપસર્ગ સહ્યા અનેકજી. આદર. ૨૬
પહોરમાંહે ઉપજતો હાર્યો, ક્રોધે કેવલનાણજી;
દેખો શ્રી દમસાર મુનીશ્વર, સૂત્ર ગણો ઉઠાણજી. આદર. ૨૭
સિંહ ગુફા વાસી ઋષિએ કીધો, સ્થૂલિભદ્ર ઉપર ક્રોધજી;
વેશ્યા વચને ગયો નેપાલે, કીધો સંજમ લોપજી. આદર. ૨૮

---

૧૪. ધિક્કારી–આત્મનિંદા કરી ૧૫. સાથ. ૧૬. મારવાને માટે. ૧૭. બીજે ભવે. ૧૮. ઉચ્છૃંખલ. ૧૯. લશ્કર-પરિવાર. ૨૦. સમુહ. ૨૧. શીશું. ૨૨ ઉદીરણા. ૨૩ બ્રહ્મહત્યા, સ્ત્રીહત્યા, બાલહત્યા, ગૌહત્યા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચંદ્રાવતંસક કાઉસગ્ગ રહીઓ, ક્ષમાતણો ભંડારજી;
દાસી તેલ ભર્યો નિશિ દીવો, સુરપદવી લહે સારજી. આદર. ૨૯
એમ અનેક તર્યા ત્રિભુવનમાં, ક્ષમા ગુણે ભવી જીવજી;
ક્રોધ કરીને કુગતિ પહોંતા, પાડંતાં મુખ [૨૪]રીવજી, આદર. ૩૦
વિષ હળાહળ કરીએ [૨૫]વિરૂઓ, તે મારે એકવારજી;
પણ કષાય અનંતી વેળા, આપે મરણ અપારજી. આદર. ૩૧
ક્રોધ કરીને તપજપ કીધો, ન પડે કાંઈ ઠામજી;
આપ તપે પરને સંતાપે, ક્રોધશું શું કહો કામજી. આદર. ૩૨
ક્ષમા કરતાં ખરચ ન લાગે, ભાંગે ક્રોડ કલેશજી;
અરિહંત દેવ આરાધક થાએ, વ્યાપે સુજશ પરદેશજી. આદર. ૩૩
નગરમાંહી નાગોર [૨૫]નગીનો, જ્યાં [૨૬]જિનવર પ્રાસાદજી;
શ્રાવક લોક વસે અતિ સુખીઆ, ધર્મતણા [૨૭]પ્રસાદજી. આદર. ૩૪
ક્ષમા છત્રીશી ખાંતે કીધી, આતમપર ઉપકારજી;
સાંભળતાં શ્રાવક પણ સમજ્યા, ઉપશમ ધર્યો અપારજી. આદર. ૩૫
યુગ પ્રધાન જિનચંદ્ર સૂરીશ્વર, સકલચંદ તસ શિષ્યજી;
સમયસુંદર તસ શિષ્ય ભણે એમ, ચતુર્વિધ સંઘ જગીશજી. આદર. ૩૬

## ૩૨.

## ઋષભ જિનસ્તવન.

### પરથકી પ્રીતિ તુટે તોજ પ્રભુથી પ્રીતિ થાય.

( નિંદરડી વેરણ હુઇ રહી—એ દેશી )

ઋષભ જિણંદશું પ્રીતડી, કિમ કીજે હો કહો ચતુર! વિચાર;
પ્રભુજી જઇ અળગા વસ્યા, તિહાં કિણે નવિ હો કોઇ વચન ઉચ્ચાર.
ઋષભ જિણંદશું પ્રીતડી. ૧
કાગળ પણ પહોંચે નહિ, નવિ પહોંચે હો તિહાં કો પરધાન;
જે પહોંચે તે તુમ સમો, નવિ ભાખે હો કોઇનો વ્યવધાન. ઋષભ. ૨
પ્રીત કરે તે રાગીયા, જિનવરજી હો! તુમે તો વીતરાગ;
પ્રીતડી જેહ અરાગીથી, ભેળવવી હો લોકોત્તર માગ ઋષભ. ૩

૨૪ રાડ, પૂકાર. ૨૫. વિરૂપ–કારી, જાલીમ. ૨૬ જિનવરનો પ્રાસાદ એટલે મહેલ–દેવમંદીર. ૨૭ પ્રસાદ–મહેરબાની.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રીતિ અનાદિની વિષ ભરી, તે રીતે હો કરવા મુજ ભાવ;
કરવી નિર્વિષ પ્રીતડી, કિણ ભાંતે હો કહો બને બનાવ. ઋષભ. ૪
પ્રીતિ અનંતી પર થકી, જે તોડે હો તે જોડે એહ;
પરમ પુરૂષથી રાગતા, એકત્વતા હો દાખી ગુણગેહ. ઋષભ. ૫
પ્રભુજીને અવલંબતા, નિજ પ્રભુતા હો પ્રગટે ગુણરાશ;
દેવચંદ્રની સેવના, આપે મુજ હો અવિચલ સુખવાસ. ઋષભ. ૬

અર્થ—શ્રી ઋષભદેવ પ્રથમ જિનેશ્વરની સાથે કઈ રીતે પ્રીતિ કરીએ તેનો વિચાર હે ચતુર નર! કોઇ મને કહો. પ્રભુજી તો દૂરે વસ્યા છે, કે જ્યાં (સિદ્ધ સ્થાને) કોઈ વચનનું ઉચ્ચારવું નથી. ૧.

ત્યાં કાગળ પણ પહોંચે તેમ નથી, તેમ કોઈ પરધાન–માણસ કે જેની સાથે વિનતિ કહાવીએ તે પણ પહોંચી શકે તેમ નથી., અને જો કોઈ પહોંચે તો તે તારા જેવોજ પહોંચે, અને તે કોઇનું વ્યવધાન–આંતરો–ભેદ કહે તેમ નથી. ૨

(વળી) જે રાગી હોય તેજ પ્રીતિ કરે, (જ્યારે) હે જિનવરજી! આપ તો વીતરાગ–રાગરહિત છો. (અને અમો રાગીની) પ્રીતિ તુમ અરાગી સાથે મેળવવી તે તો લોકોત્તર માર્ગ છે–અતિ આશ્ચર્યની વાત છે. ૩

(વળી) અમારી સંસારીની પ્રીતિ અનાદિકાળથી ઝેરથી ભરેલી (કર્મના બંધનરૂપ) છે, પણ તે રીતે પ્રભુજી! તમારા ઉપર રાગ કરવાનો મારો ભાવ છે પણ તે રાગ કામનો નહિ તેથી વિષ વગરની પ્રીતિ મારે તારા ઉપર કરવી છે તો હવે કઇ રીતે એ બનાવ બને? ૪.

(હવે ચતુર પુરૂષ ઉપાય કહે છે) પરવસ્તુ–પરભાવથી જીવને અનંતી પ્રીતિ છે, તે જો જીવ તોડે તો એહ–એ અરિહંતાદિ સાથે પ્રીતિ જોડે; પણ રાગ તો પાપ સ્થાનક છે તો શા માટે તે કરવો? (ઉત્તર) પરમપુરૂષ જે વીતરાગ તેની સાથે રાગીપણું અને તેથી ગુણમાં એકત્વ ધ્યાને મળવું તે ગુણનું ઘર છે. તેજ વીતરાગતાનું કારણ છે. ૫.

પ્રભુજીને અવલંબતા–તેનો આધાર લેતાં પોતાની પ્રભુતા અને ગુણનો સમુહ પ્રગટે (તે માટે) દેવોમાં ચંદ્રસમાન (જે વીતરાગ દેવ) તેની સેવા–ભક્તિ મને અવિચલ સુખનો વાસ આપે. ૬.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૩૩.

## અંતરીક્ષ પાર્શ્વનાથ સ્તુતિ.

### મુઝ માનસરે પરમહંસ રહીએ.

(ભુજંગીની ચાલમાં ગવાશે.)

પ્રભુ પાસજી! તાહરૂં નામ મીઠું, ત્રિહૂં લોકમાં એટલું સાર દીઠું;
સદા સમરતાં સેવતાં પાપ નાઠું, મન માહરે તાહરૂં ધ્યાન બેઠું. ૧
મન તુમ્હ પાસે વસે રાત દિવસે, મુખ પંકજ નિરખવા હંસ હીસે;
ધન્ય તે ઘડી જે ઘડી નયણ દીસે, ભલી ભકિત ભાવે કરી વિનવીસે. ૨
અહો! એહ સંસાર છે દુઃખદોરી, ઇંદ્રજાલમાં ચિત્ત લાગી ઠગોરી;
પ્રભુ માનીએ વિનતિ એક મોરી, મુઝ તાર તું તાર બલિહારી તોરી. ૩
સહી સુપન જંજાલમાં સવ્વ મોહ્યા, ઘડિયાલમાં કાળ રમતો ન જોયો,
મુધા એમ સંસારમાં જન્મ ખોયો, અહો! ઘૃતતણે કારણે જળ વિલોવ્યો. ૪
એ તો ભમરલો કેસુઆં ભ્રાંતિ ધાયો, જઇ શુકતણી ચંચુમાંહે ભરાયો;
શૂકે જંબુ જાણી ગલેં દુઃખ પાયો, પ્રભુ લાલચે જીવડો એમ વાહ્યો. ૫
ભમ્યો ભર્મભૂલો, રમ્યો કર્મભારી, દયા ધર્મની શર્મ મેં નવી વિચારી;
તોરી નર્મવાણી પરમ સુખકારી, ત્રિહું લોકના નાથ! મેં નવિ સંભારી. ૬
વિષય વેલડી શેલડી કરીય જાણી, ભજી મોહ તૃષ્ણા તજી તુઝ વાણી;
એહવો ભલો ભૂંડો નિજ દાસ જાણી, પ્રભુ! રાખીએ બાંહીની છાંય પ્રાણી. ૭
માહરી વિવિધ અપરાધની કોડી સહીએ, પ્રભુ! શરણ આવ્યા તણી લાજ વહીએ;
વળી ઘણી ઘણી વિનતિ એમ કહીએ, મુઝ માનસરે પરમહંસ! રહીએ. ૮.

**કલશ.**

કૃપામૂરતિ પાસ સ્વામિ, મુક્તિ ગામી ધ્યાઈએ;
અતિ ભગતિ ભાવે, વિપતિ જાવે, પરમ સંપદ પાઇએ.
પ્રભુ મહિમ સાગર, ગુણ વિરાગર, પાસ અંતરિક જે સ્તવે;
તસ સકલ મંગલ જય જયારવ, આનંદવર્ધન વીનવે. ૯

અર્થ—હે પાર્શ્વનાથ પ્રભુ! આપનું નામ મીઠું છે. ત્રણ લોકમાં કાંઇ પણ સારભૂત પદાર્થ મેં જોયો હોય તો તે એજ છે. સદા આપના નામસ્મરણથી, આપની સેવા–ભકિતથી પાપ નાશી જાય છે, તેથી આપનુંજ ધ્યાન મારા મનમાં બેસી ગયું–વસી રહ્યું છે. ૧

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આપની પાસે મારૂં મન રાતદિવસ રહ્યાંજ કરે છે, અને મારા અંતરાત્મારૂપી હંસ આપના મુખરૂપી કમળને જોવા માટે આનંદ આતુર થઇ રહ્યો છે. જે ઘડીએ નયનથી આપને જોવાનો, અને સારી રીતે ભકિત કરી વિનતિ કરવાનો (વખત) અવસર આવશે તે ઘડીને ધન્ય છે. ૨

અહો ! આ સંસાર દુઃખની દોરીરૂપ છે, અને સંસારની ઇંદ્રજાળમાં મારૂં ચિત્ત ઠગાઇ લીન બન્યું છે, તો હે પ્રભુ! મારી એક એ વિનતિ માનો, અને મને તેમાંથી તારો–છોડાવો. હે પ્રભુ ! એમ કરવામાંજ આપની બલીહારી–શોભા છે. ૩

( હવે પોતાના ગત જીવનનું નિરીક્ષણ કરે છે–) ખરેખર, (આજ મને નિશ્ચય થાય છે કે ) આટલા દિવસ સુધી આ સ્વપ્નજંજાળમાં હું સર્વથા મોહી પડયો હતો; ક્ષણે ક્ષણે ઘડીઆળમાં કાળ રમતો રમતો રમતો ભાગી જાય છે તે હું જોઇ શકયો નહોતો. આવી રીતે સંસારમાં મુગ્ધ બની મેં મૂર્ખાએ મુધા–વ્યર્થ જન્મ ખોઈ નાખ્યો. અહો ! કેવું શોકજનક છે કે ઘી મેળવવા માટે હું જળને વલોવવા લાગી ગયો ! એ તો એવી વાત થઇ કે ભ્રમર કેસુડાની ભ્રાંતિ કરી ધાયો, પણ ખરી રીતે ( કેસુંડાને બદલે કેસુડાં જેવી ) પોપટની ચાંચમાં જઈને ભરાયો. પોપટ જાંબુ ફળ જાણી ગળે ઉતારતાં દુઃખ પામ્યો. તેવી રીતે હે પ્રભુ! લાલચમાં આ જીવ ઉંડોને ઉંડો ફસાતો ગયો. ૪–૫.

એમ ભર્મથી—સંદેહથી ભૂલી હું બહુ આથડયો, અને જબરાં કર્મો કરવામાં (રમ્યો) મંડ્યો, અને તેમ કરતાં દયા રૂપી ધર્મની શરમ–પરવા ન રાખી અને તારી પરમ સુખકારી–કલ્યાણદાયક વાણી પણ હે ત્રણ લોકના નાથ! મેં કદી યાદ કરી નહિ. ૬

વિષયરૂપ વેલને શેલડીની માફક મીઠી જાણી તેનું પાન કર્યું, અને આપની વાણીને તજી દઈ મોહ તથા તૃષ્ણાનેજ આધીન થઇ વર્ત્યો. આ પ્રમાણે મેં આટલા સુધી મારી જીંદગી ગાળી છે. હવે આપને શરણ આવ્યો છું માટે ભલો કે ભુંડો ગમે તેવો છું છતાં હવે આપનો દાસ છું એમ જાણી હે પ્રભુ ! મને આપની બાંયની છાંયા નીચે રાખો.૭

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મારા જુદા જુદા અપરાધ કરોડો થયા હશે, પણ તેને સહીને-દ-રગુજર કરીને હે પ્રભુ! આપને શરણે આવેલો એવો જે હું તેની હવે લાજ નિભાવજો. વળી ફરી ફરી વાર આપને એટલીજ વિનતિ કરવાની કે-ઘણામાં ઘણી આપને એટલીજ વિનતિ છે કે હે પરમહંસ! મારા હૃદયરૂપી સરોવરમાં આપ નિરંતર વાસ કરજો. [ મતલબ કે આપનું ( પિંડસ્થ ) ધ્યાન મને સદા રહેજો ]. ૮.

કૃપામૂર્તિ, અને મોક્ષને પામેલા પાર્શ્વપ્રભુનું ધ્યાન કરવું ઘટે છે, અતિ ભક્તિ ભાવથી તેમ કરતાં આપણી વિપત્તિ જાય છે, અને પરમ સંપત્તિ ( મોક્ષ ) ની પ્રાપ્તિ થાય છે, પ્રભુ મહિમાના સાગર છે; ગુણ-ની ખાણ એવા શ્રી અંતરીક્ષ પાર્શ્વપ્રભુને જે સ્તવે તેનું સંપૂર્ણ મંગલ-કલ્યાણ થાય છે. અને તેનો જયજયકાર થાય છે એમ જાણીને શ્રી આનંદવર્ધન મુનિ તેમને વિનવે છે ( અથવા આ સ્તુતિ કરી છે. )

## ૩૪.

## ચંદ્રપ્રભ જિનસ્તવન.

### અવંચક ભક્તિ થાય તો અવંચક ફળ નીપજે.

( રાગ કેદારો તથા ગોડી. કુમરી રોવે આક્રંદ કરે, મુને કોઈ મૂકાવે, એ દેશી.)

( વણઝારાની દેશીમાં પણ ગવાશે. )

દેખણ દે રે સખી ! મુને દેખણ દે, ચંદ્રપ્રભ મુખચંદ<br>
સખી ! મુને દેખણ દે.<br>
ઉપશમ રસનો કંદ, સખી !૦ [૧]ગતકલિમલ દુખ દંદ. સખી. ૧<br>
સુહમ નિગોદે ન દેખીઓ, સખી !૦ બાદર અતિહિ વિશેષ. સખી.<br>
પુઢવી આઉ ન લેખીઓ, સખી !૦ તેઉ વાઉ ન લેશ. સખી. ૨<br>
વનસ્પતિ અતિ ઘણ દિહા, સખી !૦ દીઠો નહીય દેદાર. સખી.<br>
બિ તિ ચઉરિંદી [૨]જલલિહા, સખી૦ ગતિ સન્ની પણ ધાર. સખી. ૩<br>
સુર તિરિ નિરય નિવાસમાં, સખી૦ મનુજ અનારજ સાથ. સખી.

૧. પાઠાંતર—સેવે સુરનર ઇંદ-એટલે જેને દેવતા, નર તથા ઇંદ્ર સેવે છે.
૨. પાઠાંતર—જળલીહા-આ પાઠ લેવાથી અર્થ એ થાય છે કે-જ્યારે તે શરીર લીધું ત્યારે પણ પ્રભુનું સુખ ન દીઠું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અપર્ઝુંતા પ્રતિભાસમાં, સ૦ ચતુર ન ચઢીઓ હાથ. સ૦ ૪
એમ અનેક થળ જાણીએ, સ૦ દર્શનવિણ જિનદેવ. સ૦
આગમથી મત જાણીએ, સ૦ કીજે નિર્મલ સેવ. સ૦ ૫
નિર્મળ સાધુ ભક્તિ લહી, સ૦ યોગ અવંચક હોય. સ૦
ક્રિયા અવંચક તિમ સહી, સ૦ ફ્લ અવંચક જોય. સ૦ ૬
પ્રેરક અવસર જિનવરૂ, સ૦ મોહનીય ક્ષય જાય. સ૦
કામિતપૂરણ સુરતરૂ, સ૦ આનંદઘન પ્રભુ પાય. સ૦ ૭

અર્થ—( આત્મા શુદ્ધ ચેતનાને કહે છે ) હે સખી ! ચંદ્રપ્રભ ભગવાનના મુખરૂપી ચંદ્રને મને જોવા દે, કે જે ઉપશમ–શાંત રસનો કંદમૂળ અથવા સમૂહ છે, અને જેમાંથી પાપરૂપ કીચડ અને દુઃખનું દ્વંદ્વ એટલે જોડું ચાલ્યું ગયું છે. ૧.

સૂક્ષ્મ નિગોદમાં પ્રભુનું મુખ દીઠું નથી, અને બાદર નિગોદમાં અત્યંત પણ ભગવાનનું મુખ દીઠું નથી. પૃથ્વી, અપ્–જળકાય છે ( ત્યાં પણ ) નથી જાણ્યો ( તેજ પ્રમાણે ) તેઉ–તેજ તથા વાયુકાયમાં પણ લેશ માત્ર પ્રભુનું મુખ દીઠું નહિ. ર

વનસ્પતિકાયમાં ઘણા દિવસ અત્યંત (રહ્યો) પણ દીદાર–મુખ જોયું નહિ. બિ–બે, તિ–ત્રણ, ચઉરિંદિ–ચારઇંદ્રિયવાળું ( શરીર ધારણ કર્યું પણ ) તે જળલીહા–જળલીટી–પાણીમાં કહાડેલી લીટીની પેઠે નિષ્ફળ થયું. ગતસન્ની–સંજ્ઞારહિત પણ–પંચેંદ્રિયપણામાં ( પણ પ્રભુ મુખ ન જોયું ) એમ તું ધાર–જાણ. ૩.

સુર, તિર્યંચ, નારકીના સ્થાનમાં તેમજ અનાર્ય મનુષ્યની સંગતમાં અપર્યાપ્ત રૂપે પ્રતિભાસમાં–ધર્માધર્મરૂપ વિવેકના રહિતપણાથી ચતુર એવા પ્રભુ અથવા શુદ્ધ ચેતન હાથ ન આવ્યો, મતલબ કે મને પ્રભુનું [1]દર્શન થયું નહિ. ૪.

આવી રીતે અનેક સ્થળ હે જિનદેવ ! આપનાં દર્શન વિના જાણીએ–અનુભવીએ. આગમથી ( ભગવાનનાં દર્શનનો ) મત–અભિપ્રાય

૧. અત્રે દર્શન એટલે માત્ર આંખે જોવાની વાત નથી, સુરાદિને આંખે જોવાનો પ્રસંગ આવે છે, પણ પ્રભુના સ્વરૂપનું અંતરમાં દર્શન થવાનું–પ્રભુપણે પ્રભુને શુદ્ધ ચેતનારૂપે ઓળખવાના પ્રસંગનો બહુધા અસંભવ છે.

સમજીએ, (અને તેમ સમજીને) નિર્મળ-શુદ્ધ રીતે (ભગવાનની) સેવા કરવી જોઇએ. ૫.

નિર્મળ-શુદ્ધ સાધુ પુરૂષોની ભક્તિ પામવાથી મન વચન અને કાયાના યોગની પ્રવૃત્તિ અવંચક-આત્મગુણોને ન ઠગનારી એકરૂપ થાય. (તેથી) ક્રિયા પણ અઠગાઈ રૂપ થાય (અને) તે રીતે તેનું શુદ્ધ આત્મતત્વની પ્રાપ્તિનું ફળ નક્કી અઠગાઇરૂપ જોઇ લેવું. ૬

આમ અવંચકતા પ્રકટે તે અવસરે પ્રેરણા કરનાર-આગળ લઇ જનાર જિનવર છે (એવી પ્રેરણાને લીધે તેમની સાથે તદાકારપણે આત્મા પ્રવર્તે તેથી) મોહનીય કર્મનો ક્ષય થાય છે. એમ પ્રભુનાં ચરણકમળ મનોવાંચ્છિત પૂરવાને કલ્પવૃક્ષ સમાન અને આનંદના સમૂહરૂપ છે, તેથી મને પ્રભુનું મુખ જોવા દે.

## ૩૫.

## ભાવવ્યાપારી—સંવરનું સ્વરૂપ.

નરભવનગર સોહામણું, વણઝારારે,
પામીને કરજે વ્યાપાર, અહો મોરા નાયકરે.
સત્તાવન સંવર તણી વણ૰ પોઠી ભરજે ઉદાર. અહો. ૧
શુભ પરિણામ વિચિત્રતા વણ૰ કરિયાણાં બહુ મૂલ; અહો.
મોક્ષ નગર જાવા ભણી વણ૰ કરજે ચિત્ત અનુકૂળ; અહો. ૨
ક્રોધ દાવાનલ ઓલવે વણ૰ માન વિષય ગિરિરાજ; અહો.
ઓલંઘજે હળવે કરી વણ૰ સાવધાન કરો કાજ. અહો. ૩
વંશજાળ માયા તણી વણ૰ નવિ કરજે વિશરામ; અહો.
[1]ખાડી મનોરથ ભટ તણી વણ૰ પૂરણું નહિ કામ. અહો. ૪
રાગદ્વેષ દોય ચોરટા વણ૰ વાટમાં કરશે હેરાન; અહો.
વિવિધ વીર્ય ઉલ્લાસથી વણ૰ તે હણજેરે ઠાય. અહો. ૫
એમ સર્વે વિઘ્ન વિદારીને વણ૰ પહોંચજે શિવપુર વાસ; અહો.
ક્ષય ઉપશમ જે ભાવના વણ૰ પોઠે ભર્યાં ગુણરાશ. અહો. ૬
ક્ષાયક ભાવે તે થશે વણ૰ લાભ હોશે અપાર; અહો.
ઉત્તમ વણજ જે એમ કરે વણ૰ પદ્મ નમે વારંવાર. અહો. ૭

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

અર્થ—હે વણઝારા–વેપારી ! મનુષ્ય ભવરૂપી નગર બહુજ સુંદર છે તો તે પામીને મારા નાયક ! તું વેપાર કરજે. [1]સત્તાવન સંવરની પોઠ ભરજે, અને તેમાં શુભ [2]પરિણામરૂપી જુદી જુદી જાતનાં બહુ મૂલ્યવાળાં કરીઆણાં રાખજે ! અને તે ભરી મોક્ષનગર જવા માટે અનુકૂલ ચિત્ત રાખી પ્રયાણ કરજે. ૧–૨.

( માર્ગમાં ) ક્રોધ રૂપી દાવાનળ (આવશે) તેને ઓલવજે, અને અ-ભિમાન–વિષય રૂપી મહાન્ પર્વતોને ધીમેથી ઓળંગજે, અને તે કામ [3]સાવધાનીથી કરજે. વળી માયારૂપી વેશજાળ–કપટજાળ આવશે તેમાં

૧.—આશ્રવથી–કર્મદ્વારથી જીવને જે કર્મો આવે છે તેને રોકનાર તે સંવર. તે ૫૭ છે:—પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, દશ યતિધર્મ, બાર ભાવના, બાવીશ પરિસહ, અને પાંચ ચારિત્ર.

૨.—સંવર છે તે ' શુદ્ધ ' પરિણામરૂપ છે તેમાં એક્કે કર્મ આવવાનો અભાવ છે. જ્યારે ' શુભ ' પરિણામથી અવશ્ય પુણ્યાશ્રવ તથા ' અશુભ ' થી પાપાશ્રવ થાય છે, છતાં અત્રે શુભ પરિણામરૂપી કરિયાણાનું વ્યાપાર કરવા કહેલું, તેનું કારણ એટલુંજ કે શુદ્ધોપયોગમાં અંતર્મુહૂર્ત કાળથી વિશેષ સ્થિતિ સાધારણ રીતે થઇ શકતી નથી તેથી જે સમયે ' શુદ્ધોપયોગ ' રહી ન શકે તે સમયે ' શુભ ઉપયોગ ' રાખવાનો છે. ' શુદ્ધ ' ઉપયોગ ન હોય ને ' શુભ ' ઉપયોગ પણ ન રાખે તો તો ' અશુભ ' માં પડી ભ્રષ્ટ થવાનો પ્રસંગ આવે. શુભમાં પ્રવર્તતી વખતે પણ ' શુભ ' થી મોક્ષ છે એવી મિથ્યાત્વરૂપી–અજ્ઞાનમૂલક–ભાવના સમકીતી કદી કરતો નથી. અંતરમાં તો નિરંતર અવિચ્છિન્નપણે એજ શ્રદ્ધાન રહે છે કે શુદ્ધોપયોગ એજ ધર્મ છે, શુદ્ધોપયોગ એજ આત્મસ્વભાવ છે, અને શુદ્ધોપયોગથી પોતાના શુદ્ધ સ્વભાવમાં નિશ્ચયપણે રહેવાથીજ મોક્ષ છે. એવી ભાવના કરતો થકો સમકીતી શુભ કર્મ કરે છે તદપિ નિર્લેપ રહે છે.

૩.—આ બે કડીઓમાં જીતકષાય થવાની ક્રોધ, માન, માયા તથા લોભ એ ચારે કષાયનો નાશ કરવાની આવશ્યકતા બતાવી છે. તેનો જય સાવધાનીથી કરવાનો છે. એટલે સંવરનું મૂળ જે ભેદજ્ઞાન તેના નિરંતર સેવનથી પ્રમાદ તજી જાગ્રત થઇને બરાબર ઉપયોગપૂર્વક કરવાનો છે. ભેદવિજ્ઞાન પામવાથી સમકીતી એમ વિચારે છે કે કષાય છે તે વિભાવરૂપી પરિણામ છે–જડ કર્મ જન્ય પરિણામ છે, જ્યારે મારો 'સ્વ'ભાવ તો શુદ્ધ ચેતનમય છે. મારે એ 'પર'ભાવનો ત્યાગ કર્તવ્ય છે કારણ કે પરભાવના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિસામો કરીશ નહિ–જરા પણ લપટાઇશ નહિ. મનોરથ રૂપી ભટની–યોદ્ધાની તૃષ્ણારૂપ ખાડી આવશે તેને પૂરવાની ઇચ્છા કરીશ નહિ (કારણ તૃષ્ણારૂપી ખાઈ અગાધ અનંત છે–કદી પૂરી શકાય તેમ નથી–) પાંચ ઇંદ્રિયોના વિષયોને ગમે તેટલું ભોગવ્યા છતાં–ભવોભવ ભોગવ્યા છતાં તૃપ્તિ કદી થતી નથી. ૩–૪

વાટમાં આત્મસ્વરૂપને લુંટનારા રાગદ્વેષ રૂપી બે ચોર હેરાન કરશે પણ તેને જુદા જુદા વીર્યના ઉલ્લાસથી—આત્મબળને સ્ફુરાવી તેને દામ કરજે–હણજે અથવા તેજ સ્થાને હણી નાંખજે.

આવી રીતે સર્વ વિઘ્નને ( રાગદ્વેષ તથા કષાયરૂપી સ્વરૂપઘાતક મોહભાવને) દૂર કરી સદા સંવરરૂપ થઇને મોક્ષ નગરને સ્થાને પહોંચજે. જે ગુણના રાશી રૂપ [૪]ક્ષયોપશમ ભાવનાની તું જે પોઠ ભરે તે જ્યારે ક્ષાયકરૂપ થશે, ત્યારે તેથી કેવળજ્ઞાનરૂપી અનંત લાભ થશે. કર્તા શ્રી પદ્મવિજયજી કહે છે કે જે આવો ઉત્તમ વેપાર કરે તેને હું વારંવાર નમસ્કાર કરૂં છું. (આમાં 'ઉત્તમ' એ નામથી કર્તાએ પોતાના ગુરૂ ' ઉત્તમવિજયજીનું ' નામ પણ સૂચવ્યું છે. ૫–૬

## ૩૬.

## શુદ્ધ દેવસ્વરૂપ.

( જે ચપલાને ચિંતવું નિશદિન, તે મુજથી બેદીલ રહેસે–એ લયમાં ગવાશે. )

દેવ! નિરંજન ભવભયભંજન, તત્ત્વજ્ઞાનકા દરીઆ રે;<br>
મતિ, શ્રુત, અવધિ ને મનપર્યવ, કેવલજ્ઞાને ભરીઆરે—દેવ! ૧

---

ત્યાગથીજ ( સ્વભાવમાં સ્થિતિથીજ ) શુદ્ધ સ્વભાવની (મોક્ષની) પ્રાપ્તિ છે; એવી ભાવના વડે–ચારિત્ર મોહનિય કર્મના ઉદયને બળે જે કષાય ઉદ્ભવે છે. તેને કર્મજન્ય–પરભાવરૂપી–પરિણામ જાણી તેમાં તે રસ લેતો નથી. તદાકાર પરિણામતો નથી તેથી તે નિર્બંધ–નિરાશ્રવ–નિર્લેપ રહે છે.

૪.—ક્ષયોપશમ દશામાં કષાયાદિરૂપ મોહની કર્મને ઉપશમાવી–દાબી રાખવામાં આવે છે, પણ તેમાંથી કોઈ ઉદયમાં આવે તો તેનો ક્ષય–આત્યંતિક નાશ કરવામાં આવે છે. પણ આ ક્ષયોપશમ દશા રહે તેટલા સુધી શ્રેણી આરૂઢ થઈ શકાય તેમ નથી. ક્ષયોપશમ ભાવમાંથી જ્યારે ક્ષાયિક ભાવ થાય છે ત્યારપછીજ ક્ષપક શ્રેણિ માંડી શકાય છે અને કેવળ જ્ઞાનદશા પ્રાપ્ત કરી શકાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કામ ક્રોધ લોભ મત્સર મારણ, અષ્ટકરમ હણીઆરે;
ચારે નારી દૂર નિવારી, પંચમ સુંદરી વરીઆરે—દેવ ! ૨.
દર્શન જ્ઞાન એકરસ જાકૂં, ક્ષીરોદધિજ્યું ભરીઆરે;
રૂપચંદ પ્રભુ નામકી નાવા, જો બેઠાસો તરીઆરે—દેવ ! ૩

અર્થ—હે દેવ ! આપ નિરંજન ( નિર્લેપ ), ભવરૂપી ભયને ભાંગનાર, તત્ત્વજ્ઞાનના સમુદ્ર છો, અને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનપર્યવજ્ઞાન અને કેવલજ્ઞાન–એ પાંચે પ્રકારના જ્ઞાનથી પૂર્ણ છો. ૧

આપે કામ, ક્રોધ, લોભ અને મત્સર એ કષાયોના મારનારા છો અને આપે આઠે કર્મને હણી નાંખ્યા છે. ચાર ગતિ ( નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવતા ) રૂપી સ્ત્રીને દૂર કાઢીને પંચમગતિ–મુક્તિરૂપી સુંદરીને વર્યા છો–પરણ્યા છે. ૨.

જેમનામાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન ક્ષીર સમુદ્રની માફક એકરસ થઇ ભરેલા છે, એવા પ્રભુના નામરૂપી હોડીમાં કવિ રૂપચંદ કહે છે કે જે બેઠા તે તર્યા સમજવા. ૩.

## ૩૭.

## નવધા ભક્તિ યાને શુદ્ધ ક્રિયાનું સ્વરૂપ.*

( ચોપાઈની ઢાળ. )

શ્રવણ કીર્તન સેવન ત્રણ્ય સાર, વચન વંદન ધ્યાન મન ધાર;
લઘુતા એકતા સમતા સહી, નવધા ક્રિયા તે એમ સદ્દહી. ૧
ગુણ અનંત જીવ દ્રવ્યનાં કહ્યાં, જ્ઞાન દર્શન સુખ વીર્યે ગ્રહ્યાં;
તેહ તણું સાંભળવું કરે, પ્રથમ ક્રિયા પાતક પરિહરે. ૨
કીર્તન કથની કરે અતિ ઘણી, જે દ્રવ્ય ગુણ પર્યાયે ભણી.
વચન યોગી પાતક પરિહરે, બીજી ક્રિયા સજ થઇ આદરે. ૩

* આ પદમાં ક્રિયાનું યથાતથ્ય સ્વરૂપ વર્ણવ્યું છે. આવી શુદ્ધ ક્રિયાજ નિર્જરાનો હેતુ છે. અશુદ્ધ ક્રિયા તો બંધનું કારણ થાય છે.

સરખાવો.—નિજ સ્વરૂપ જે કિરિયા સાધે, તેહ અધ્યાતમ લહિયેરે;
જે કિરિયા કરિ ચઉ ગતિ સાધે, તે ન અધ્યાતમ કહિયેરે.
—શ્રી આનંદઘનજી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સેવન કરતો હૃદય મોઝાર, ગુણ સંભારે વારોવાર;
દુર્ગતિ કાપે નિશ્ચે સહી, ત્રીજા બોલ થકી એ લહી. ૪
વંદન કરતો ભાવથી વળી, ચેતન દ્રવ્યના ગુણ કેવળી;
ધણે વીર્ય ઉલ્લાસે જેહ, ચોથી ક્રિયાનો મ ધર સંદેહ. ૫
નિંદા કરે વિભાવજ તણી, રાગાદિક દુઃખ દેતા ભણી;
લઘુકર્મી તેથી નિશ્ચે થાય, પંચમ ક્રિયાએ ગુણ બોલાય. ૬
ધ્યાન ધરંતો તેહનો ધણી, સ્થિર કરી સ્થાપે બહુગુણ ભણી;
ધાતિ કર્મનો છેદક તેહ, છઠ્ઠી ક્રિયા ધર ન સંદેહ. ૭
એમ લઘુતાએ ચિંતે ઘણું, ઘણા મોક્ષ ગયા હું ભમું;
તો હું હીણપણાથી બહુ, ગુણ સાતમે તે એમ સદ્દવહું. ૮
એકલો મરે એકલો જન્મીજે, સખાય કિણે નવિ નીપજે;
સુખ દુઃખ તેતો એકલો એહ, સર્વથી અળગો આઠમે તેહ. ૯
રસ સમતા તે નવમો જાણી, સર્વ ભૂત નિજ ભૂત સમાણી;
સરખા સ્વભાવ ચતુર્ગુણના કહ્યા, નવમે બોલે શિવપદ લહ્યા. ૧૦
એવા ભાવ જે ધરે મુણીંદ, કથની કથી એ ગણિ સુનિચંદ;
વિનય કરીને ભણશે જેહ, અવિચળ પદવી લેશે તેહ. ૧૧

અર્થ—શ્રવણ, કીર્તન, અને સેવન એ ત્રણ સાર ભૂત જાણ; વંદન, વચન, અને ધ્યાન મનમાં ધાર–તેમાં ચિત્ત લગાડ; વળી લઘુતા, એકતા, અને સમતા પણ ગ્રહણ કર એમ નવ પ્રકારની ક્રિયા જાણી તેમાં શુદ્ધ શ્રદ્ધાન રાખ. ૧

૧ શ્રવણઃ—જીવ દ્રવ્યનાં અનંત ગુણ કહેલ છે જે જ્ઞાન, દર્શન, સુખ અને વીર્ય–આત્મ શક્તિ એ ચારમાં સમાવેશ કરેલ છે તે બધાનું સ્વરૂપ સાંભળવા ઉદ્યમ કરે તે સર્વ પાપનો નાશ કરનારી પ્રથમ ક્રિયા છે. ૨

૨. કીર્તનઃ—એટલે આત્મસ્વરૂપ જે દ્રવ્ય ગુણ તથા પર્યાય રૂપે ભાખવામાં આવેલ છે તેની કથની અતિ ઘણી વિશેષે કરીને વારંવાર કરવી. આવી રીતે ( શુદ્ધ આત્મતત્ત્વની પ્રરૂપણા કરવામાં જેમણે વચન બળને જોડયાનો યોગ કર્યો છે–તે સિવાય અન્ય કાંઇ ઉચ્ચાર કરતો નથી એવો ) વચનયોગી પાપને દૂર કરે છે, અને આ બીજી ક્રિયા સાવધાન થઇ–કટીબધ્ધ થઇ આદરે છે–ગ્રહણ કરે છે. ૩

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૩ સંવનઃ—જે પોતાના અંતરમાં હમેશાં પ્રભુની સેવા–ભક્તિ કરે છે અને વારંવાર પ્રભુના ગુણોનું સ્મરણ કરે છે તે દુર્ગતિ–માઠી ગતિને નિશ્ચયે કાપે છે. ત્રીજી ક્રિયાનું એ પ્રમાણે સ્વરૂપ સમજવું. ૪.

૪ વંદનઃ—એટલે ચેતન દ્રવ્યના કૈવલ્ય ગુણને–કેવલી ભગવાનના શુદ્ધ સ્વરૂપને ઘણા વીર્યે ઉલ્લાસ–ઉત્સાહથી ભાવપૂર્વક વંદના કરવી; એ પ્રમાણે ચોથી ક્રિયા છે, તે વિશે લેશમાત્ર સંદેહ–સંશય રાખીશ નહિ. ( નિઃશંકપણા વિના સમકીત નથી. ) ૫

૫. વચનઃ—રાગાદિક પરભાવને દુઃખના કારણ જાણી–(જડકર્મોના ઉદયથી નીપજતા પરિણામ જાણી) તેના નિમિત્તે પોતાના આત્મામાં ઉપજતો વિભાવ તેની નિંદા કરવી, તેને દુષ્ટ જાણવું ( ને કર્મના ઉદય પ્રસંગે–સમભાવે ઉદાસીન વર્તવું.) તેથી નિશ્ચયે લઘુકર્મી થવાય છે–કર્મની નિર્જરા થાય છે; પાંચમી ક્રિયાનું આવું અદ્‌ભુત ફલ કહ્યું છે, (આ ક્રિયા કરે છે છતાં કર્મ બાંધતો નથી પણ નિર્જરા કરે છે, માટે ફલને ' અદ્‌ભુત ' કહ્યું. )

૬. ધ્યાનઃ—જે ધણી–આત્મા ધ્યાન ધરે છે તે પોતાના ચિત્તને સ્થિર કરી બહુ ગુણ વાલા પરમાત્મા (ધણી)ની માંહ્ય સ્થાપે છે; અને તેજ ધ્યાતા પુરૂષ ઘાતી કર્મ ( જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય ) ને છેદે છે. એ છઠ્ઠી ક્રિયાને નિઃશંક થઇ તું ધારણ કર. (અથવા એમાં સંશય રાખીશ નહિ.) ૭.

૭. લઘુતા—આમાં એમ ચિંતવવાનું કે ઘણા મોક્ષે ગયા છતાં હું ભમું છું તે મારા (બહુ) અતિ હીણપણા–અધમ પણાને લીધેજ છે. એમ સદ્દહવું તે સાતમો ગુણ ક્રિયા છે.* ૮

૮. એકતા—આ મારો આત્મા ( પર્યાયદષ્ટિએ ) એકલો મરે છે, એકલો જન્મે છે, તેમાં કોઇ સખા–મિત્ર સાથે આવતો નથી. પોતાના કરેલાં કર્માનુસાર સુખ દુઃખ તે પણ એકલો સહે છે એમ જે અંતઃકરણમાં ચિંતવે છે તે આ આઠમી ક્રિયાથી સર્વથી અળગો–નિરાશ્રયી થાય છે. ૯

*સરખાવો. અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાં હુંય;
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય ?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૯. સમતા—સમતા રસ તે નવમો ગુણ જાણવો. તેમાં સર્વ જીવને પોતાના [ સમ—આણી ]—આત્મવત્ ગણે છે, કારણ કે આત્માનો સ્વભાવ—જે ચાર મૂળ ગુણ ( સમ્યગ્દર્શન,—જ્ઞાન,—સુખ,—વીર્ય. ) તે નિશ્ચય નયની દૃષ્ટિએ સર્વમાં સરખા રહેલ છે. આ રીતે નવમા બોલથી—ક્રિયાથી શિવપદ—મુક્તિ લેવાય છે. ૧૦

આવા ભાવ જે ધરે તેજ સાચા મુનીશ્વર છે. શ્રી મુનિચંદ્ર મુનિએ આ કથની—કીર્તન કરેલ છે, તેને જે આદરપૂર્વક ભણશે—યથાર્થ સમજશે તે અવશ્ય અવિચળ પદવી—મોક્ષ પ્રાપ્ત કરશે. ૧૧ *

## ૩૮.

## "સમજ સમજ."

રાગ કેરબો. ( માલકોશમાં બહુ સારી રીતે ગવાશે. )

પ્રભુ ભજ લે મેરા મન ! રાજી રે,
આઠ પહોરકી ચોસઠ [1]ઘડીઆં, દો ઘડીઆં જિન સાજી રે. પ્રભુ. ૧
દાન, પુણ્ય, કછુ ધર્મ કરલે, મોહ માયા કું ત્યાજી રે. પ્રભુ. ૨
આનંદઘન કહે સમજ સમજ લે, આખર ખોવેગા બાજી રે. પ્રભુ. ૩

અર્થ—હે મારા મન ! તું પ્રસન્ન થઇને પ્રભુને ભજી લે. આઠ પહોરની એટલે એક દિવસની ચોસઠ ઘડી હોય છે તેમાંથી માત્ર સાજી= આખી બે ઘડી ( પણ ) જિનસેવા માટે રાખ. વળી મોહ—માયાને—અજ્ઞાન-મિથ્યાભ્રમને દૂર કરી દાન, પુણ્યાદિ કંઈ ધર્મ કરી લે, નહિ તો આનંદઘન કહે છે કે ચેત જલદી ચેતી લે ( બુજ[1] જલદી બુજ )

---

* સરખાવો—શ્રવણ કીરતન ચિંતવન, સેવન વંદન ધ્યાન;
લઘુતા સમતા એકતા, નૌધા ભકિત પ્રમાન.

—બનારસીદાસ સમયસાર.

ભાવાર્થ—ઉપદેવ શુદ્ધ સ્વરૂપને સાંભળવું, તેનું કીર્તન કરવું, ચિંતવન કરવું, સેવા પૂજા કરવી, વંદનસ્તુતિ કરવી, ધ્યાન ધરવું, ( નિરભિમાન થઈ અતિ નમ્રતા —વિનય—આદરપૂર્વક ઉધમના અતિશયપણાથી ) તેની સાથે તન્મયતા કરવી—તેમાં સમાધિ કરવી, એકરૂપ થઈ જવું એ નવ ભેદ વડે ભકિત પ્રમાણ થાય છે ( અથવા ભકિતના એ નવ ભેદ અવિતથ્યપણે નિર્ધાર. )

૧. એક પહોરમાં વાસ્તવિક રીતે ૭ા ઘડી હોય છે, છતાં વ્યવહારમાં ૮ કહેવાય છે, તેથી ૮ પહોરની ( ૮×૮ ) ૬૪ ઘડી કહી છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નહિ તો છેવટ બધી બાજી ગુમાવીશ. તારો નરભવ જેમાં પ્રગતિ થવાનો સંભવ છે; તે નિષ્ફળ જશે; ઉલટી પ્રગતિને બદલે અધોગતિ [૨]થશે.૧-૩.

## ૩૯.

## હવે શું વિલંબ કરે છે?

પદ. રાગ. વેલાવલ. (અથવા બિભાસ-જાગો જાગો જીવન મ્હારા, સંધ થઇ સવારે.)

ક્યા સોવે ?, ઉઠ જાગ બાઉરે.

અંજલિજલ જ્યું આયુ ઘટત હે, દેત પહોરિયાં ઘરિય ઘાઉરે-ક્યા. ૧

ઇંદ્ર, ચંદ્ર, નાગિંદ્ર, મુનીંદ્ર ચલે, કોણ રાજાપતિ સાહ રાઉરે;

ભમત ભમત ભવજલધિ પાયકે, ભગવંત ભજનવિન ભાઉ નાઉરે-ક્યા. ૨

ક્યા વિલંબ કરે અબ બાઉરે, તરી ભવજલનિધિ પાર પાઉરે;

આનંદઘન ચેતનમય મૂર્તિ, શુદ્ધ નિરંજન દેવ ધ્યાઉરે-ક્યા. ૩

અર્થ—હે બાવરા! (અજ્ઞાની જીવ), શું સૂતો છે? ઉઠ, જાગૃત થા. જો, અંજલિમાં લીધેલા જલની જેમ તારૂં આયુષ્ય ક્ષણે ક્ષણે ઘટતું જાય છે; આ પહોરીયો (ઝાલર પર ઘા મારનાર છોકરો) પણ દરેક કલાકે ઝાલર ઉપર ટકોરા મારીને તને તેજ વાતની ચેતવણી આપે છે -અથવા આ ઘડીયાળ ઘા મારીને પહોર જતા જાય છે તેમ બતાવેછે. ૧

વિચારી જો કે ઇંદ્ર (દેવોના રાજા), ચંદ્ર (ગ્રહોમાં મુખ્ય), નાગનો ઇંદ્ર અને મુનીશ્વરો પણ ચાલ્યા ગયા, તો રાજાના રાજા (ચક્રવર્તી), શેઠ શાહુકાર-બાદશાહ રાવ વગેરે પૈકીનું ગમે તે હો છતાં તે કોણ માત્ર છે? તો ભવરૂપી સમુદ્રમાં ભમતાં ભમતાં તું મનુષ્યપણું પામ્યો જ્યાં તને-સંસાર સમુદ્રથી પાર ઉતારનાર ભગવંતના ભજનરૂપી ભાવ-નાવ-હોડીની પ્રાપ્તિ છે તેને ગ્રહણ કર. તે વગર હે ભાઇ! તરવાનું નાવ નથી-કોઇ સાધન નથી. અથવા આમ પણ થઈ શકે કે-શું 'પાયકે'? "ભગવંત ભજન (રૂપી) નાઉ" તે કેવું છે? "વિન ભાઉ (ભાવ)" કે જેને ગ્રહણ કરવામાં-જેમાં બેસવા માટે એક દોકડાનો ખરચ નથી. ૨

જો તું ધર્મ પામ્યો હોય, ભગવંતની (સ્વરૂપાનુયાયી) ભક્તિ કરવી એજ ધર્મનો મર્મ છે એમ જો તું સમજ્યો હોય તો હે ગાંડા!

---

૧ સરખાવોઃ-ચંડકોશીયા! હવે તો કાંઇ બુજ!-શ્રીમન્મહાવીર.

૨ વિવેચન માટે જુઓ જૈનશ્વે. કો. હેરલ્ડ અંક નવેંબર ૧૯૧૦ પૃ. ૨૮૮.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગમારની જેમ શું પડી રહ્યો છે ? હવે શા માટે ઢીલ કરે છે ? પુરૂષાર્થ કરી ઝટ ભવરૂપી દરીઆને તરી પાર ઉતર: આનંદપૂર્ણ કેવલ ચૈતન્યરૂપ શુદ્ધ-(નિર્મળ), અને નિરંજન-(નિર્લેપ) એવા શ્રી વીતરાગ દેવનું (સિદ્ધ ભગવન્તનું) ધ્યાન કરવા મંડીજા. ( આમાં 'આનંદઘન' એ શબ્દથી કર્તા પોતાનું નામ પણ સૂચવે છે.) ૩.

## ૪૦.

## શું સુતો છે ? જાગ, પુરૂષાર્થ કર.

પદ. રાગ ભૈરવ.

જાગ રે બટાઉ ! ભઇ ભોર વેરા;
ભયા રવિકા પ્રકાશ, કુમુદ હું થયે વિકાશ;
ગયા નાશ પ્યારે ! મિથ્યા, રૈનકા અંધેરા. જાગ રે. ૧
સુતા કેમ આવે ધાટ ? ચાલવી જરૂર વાટ;
કોહી નાહિં મિત્ત. પરદેશમેં જ્યું તેરા. જાગ રે. ૨
અવસર વીત જાય, પીછે પીછતાવો થાય,
**ચિદાનંદ** નિશ્ચે, એ માન કહા મેરા. જાગ રે. ૩

અર્થ—હે બટાઉ ( છકી ગયેલા-મોહવશ ) ! હવે તો પ્રભાત વેળા થઇ, માટે જાગ !-પ્રમાદ તજ ! ( જ્ઞાનરૂપી ) સૂર્યનો પ્રકાશ થયો છે, જેથી ( ભવી જીવો રૂપી ) કુમુદો વિકાસ પામ્યાં છે-ખીલ્યાં છે, અને હે પ્રિય ! મિથ્યાત્વરૂપી રાત્રીનો અંધકાર નાશ પામ્યો છે. ૧

હવે પ્રમાદમાં પડ્યો રહીશ-સૂતો રહીશ તો ઇષ્ટ સ્થળે ( મોક્ષ નગરે ) કેમ પહોંચીશ ? રસ્તો કાપ્યા વિના કદી પહોંચાય તેમ નથી (એટલે ) વાટ-રસ્તો તો તારે અવશ્ય કાપવો પડશેજ; અને પરદેશમાં જેમ કોઇ મિત્ર ન હોવાથી જલદી સ્વદેશ પહોંચવા ઇચ્છા થાય છે તેમ અત્રે પણ તારો કોઇ મિત્ર નથી એમ સમજી સ્વદેશ તરફ (મોક્ષપંથે ) ત્વરાથી પ્રયાણ કર. ૨. *

---

* આ આખા પદમાં સુમતિ સખીનું યા અંતરાત્માનું શ્રી **ચિદાનંદ** પ્રત્યે કથન છે કે હવે તું સમકીત પામ્યો છું, માટે હવે અપ્રમત્ત થા ! અપ્રમત્ત થા ! આ કાળમાં માર્ગને પામેલો એવો એકે મિત્ર તને મળશે નહિ, કે જે તને જગાડશે. સરખાવો:—"ધીઠાઈ કરી મારગ સંચરૂં, સગું કોઇ ન સાથ."-શ્રી **આનંદઘન.**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(માટે ચેતી લે) મળેલ અવસર–અનુકૂળ સંયોગ વીતી જાય છે –તે ગુમાવીશ તો પછી પસ્તાવો થશે. શ્રી ચિદાનંદ કહે છે કે મારી આ શીખ નિશ્ચયપૂર્વક માની આળસ તજી ઉદ્યમે લાગ. ૩

૪૧.

## શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તવન.

### "જિન પ્રતિમા જિન સારખી." યા રૂપસ્થ ધ્યાનનું સ્વરૂપ.

(રંગીલે આતમા–એ દેશી)

નિરખી નિરખી તુજ બિંબને, હરખિત હુએ મુજ મન;
નિર્વિકારતા નયનમાં, મુખડું સદા સુપ્રસન્ન,
સુપાસ સોહામણા. ૧.
ભાવ અવસ્થા સાંભરે, પ્રાતિહાર્યની શોભ:
કોડિગમે દેવા સેવા, કરતા મૂકી લોભ— સુપાસ. ૨.
લોકાલોકના સવિ ભાવા, પ્રતિભાસે પ્રત્યક્ષ,
તોયે ન રાચે નવિ રૂસે, નવિ અવિરતિનો પક્ષ— સુપાસ. ૩
હાસ્ય ન રતિ ન અરતિ નહિ, નહિ ભય શોક દુગંછ;
નહિ કંદર્પકદર્થના, નહિ અંતરાયનો સંચ— સુપાસ. ૪
મોહ મિથ્યાત્વ નિદ્રા ગઇ, નાઠા દોષ અઢાર;
ચોત્રીશ અતિશય રાજતો, મૂળાતિશય ચાર— સુપાસ. ૫
પાંત્રીશ વાણી ગુણે કરી, દેતો ભવિ ઉપદેશ;
એમ તુજ બિંબ તાહરો, ભેદનો નહિ લવલેશ— સુપાસ. ૬
રૂપથી પ્રભુ ગુણ સાંભરે, ધ્યાન રૂપસ્થ વિચાર;
માનવિજય વાચક વદે, જિન પ્રતિમા જયકાર— સુપાસ. ૭

અર્થ—હે સુશોભિત શ્રી સુપાર્શ્વનાથ જિન! તારા બિંબને જેમ જેમ જોઉં છું તેમ તેમ મારૂં મન હરખ પામે છે, *તારા નયનમાં જાણે

---

*સરખાવો–અખિયનમેં અવિકારા, જિણંદા! તેરી અખિયનમેં અવિકારા;
રાગદ્વેષ પરમાણુ નિપાયા, સંસારી સવિકારા–જિણંદા!
શાંત રૂચિ પરમાણુ નિપાયા, તુજ મુદ્રા મનોહારા–જિણંદા!
—શ્રી વીરવિજયજી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નિર્વિકારતાએ વાસ કર્યો હોય તેમ કેવલ અવિકારી દેખાય છે, અને મુખતો આનંદથી સર્વદા પ્રફુલ્લિત હોય છે. ૧.

(વળી તે જોઇને) તારી ભાવ (જિન) અવસ્થા એટલે સયોગી કેવળીની દશા યાદ આવે છે: તે વારે તારા આઠ પ્રાતિહાર્યની કેવી અનુપમ શોભા બની રહી હતી! કોટી દિશાઓથી દેવતાઓ પોતાનો લોભ (વાંચ્છા) મૂકી તારી કેવી સેવા કરી રહ્યા હતા! ૨

લોક તેમજ અલોકના સર્વભાવ પ્રત્યક્ષપણે પ્રતિબિંબિત થવા છતાં તું રાચતો નહોતો, તેમ રૂઠતો નહોતો (એટલે લેશમાત્ર રાગ દ્વેષ કરતો નહોતો) તેમ અવિરતિનો-(અપ્રત્યાખ્યાનપણાનો-એટલે અભિલાષા)-તૃષ્ણાનો-તને પક્ષ નહોતો એટલે અભાવ હતો. ૩

તને હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક કે દુગંચ્છા કે કંદર્પ-કામની પીડા નહોતી, તેમ અંતરાયનો સંચય નહોતો એટલે સદ્‌ભાવ નહોતો; દર્શન મોહ, મિથ્યાત્વ (અજ્ઞાન), તથા નિદ્રાપણ તમારાથી જતા રહ્યાં હતા-એવી રીતે અઢારે દોષ તારાથી નાસી ગયા હોવાથી-તેથી રહિત થયો હોવાથી ચોત્રીશ અતિશયે કરી વિરાજતો હતો, અને મૂળ અતિશય તને ચાર [1]હતાં. ૪-૫.

ભાવજનોને પાંત્રીશ (ગુણ=) અતિશયવાળી વાણીથી તું ઉપદેશ દેતો હતો; એમ તારી પ્રતિમા જોતાં યાદ આવે છે, તેથી તારા બિંબમાં અને તારામાં લેશ માત્ર તફાવત-(ભેદ) [2]નથી. ૬.

---

૧. અઢાર દૂષણ, તથા ચાર મૂલાતિશય, તથા તેના વિસ્તારરૂપે ચોવીશ અતિશય તથા વાણીના પાંત્રીશ અતિશયની હકીકત જાણવા માટે જુઓ જૈન-તત્ત્વાદર્શ પરિચ્છેદ ૧ લો. અથવા શ્રી જિનદેવદર્શન. વળી સરખાવો શ્રી આનંદઘનજીનું ૧૯ મું સ્તવન કે જેમાં પણ અઢાર દોષ વર્ણવેલા છે.

૨. સરખાવો:-**જિન પ્રતિમા જિન સારખી**, નમે બનારસી તાહિ.

જાકે મુખ દરસસોં, ભગત કે નૈનનિકોં, થિરતાકી બાની બઢી, ચંચલતા વિનસી;
મુદ્રા દેખે, કેવલીકી મુદ્રા યાદિ આવે જહાં, જાકે આગે ઇંદ્રકી વિભૂતિ દિસે તિનસી;
જાકો જસ જપત, પ્રકાસ જગે હિરદેમેં, સોઈ સુદ્ધ મતિ હોઈ, હુતી જો મલીનસી;
કહે બનારસી સુમહિમા જાકી, **સોહે જિનકી સબી હે વિદ્યમાન જિનસી.**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આવી રીતે તારૂં રૂપ જોતાં તું પ્રભુના ગુણ સાંભરે છે-યાદ આવે છે. એવી રીતે [1]રૂપસ્થ ધ્યાનમાં પ્રભુના બાહ્યાભ્યંતર સ્વરૂપનું ચિંતવન કરવું (અથવા આવું રૂપસ્થધ્યાનનું સ્વરૂપ છે). આવી જિન પ્રતિમા માનવિજય ઉપાધ્યાય કહે છે કે જયવંતી વર્તો. ૭

## ૪૨.

## શ્રી સુપાર્શ્વજિન સ્તવન.

### પ્રભુનું વિશ્વવંદનીય સ્વરૂપ યા વિવિધ નામે પ્રભુની સેવા.

(રાગ સારંગ તથા મલ્હાર-લલનાની દેશી.)

શ્રી સુપાસ જિન વંદીએ, સુખ સંપતિને હેતુ, લલના.
શાંતિ સુધારસ જલનિધિ, ભવસાગર માંહે સેતુ, લલના. શ્રી સુ. ૧
સાત મહાભય ટાળતો, સપ્તમ જિનવર દેવ; લલના.
સાવધાન મનસા કરી, ધારો જિનપદ સેવ. લલના. શ્રી સુ. ૨
શિવ, શંકર, જગદીશ્વરૂ, ચિદાનંદ ભગવાન; લલના.
જિન, અરિહા, તીર્થંકરૂ, જ્યોતિ સ્વરૂપ અસમાન. લલના. શ્રી સુ, ૩
અલખ, નિરંજન, વચ્છલૂ, સકળ જંતુ વિશ્રામ; લલના.
અભયદાન દાતા સદા, પૂરણ આતમરામ. લલના. શ્રી સુ. ૪
વીતરાગ મદ કલ્પના, રતિ અરતિ ભય સોગ; લલના.
નિદ્રા તંદ્રા દુરંદસા, રહિત અબાધિત યોગ. લલના. શ્રી સુ. ૫
પરમ પુરૂષ પરમાતમા, પરમેશ્વર પરધાન; લલના.
પરમ પદાર્થ પરમેષ્ટી, પરમદેવ પરમાન. લલના. શ્રી સુ. ૬
વિધિ વિરંચી વિશ્વંભરૂ, હૃષિકેશ જગનાથ; લલના.
અઘહર અઘમોચન ધણી, મુક્તિ પરમપદ સાથ. લલના. શ્રી સુ. ૭
એમ અનેક અભિધા ધરે, અનુભવ ગમ્ય વિચાર; લલના.
જેહ જાણે તેહને કરે, આનંદઘન અવતાર. લલના. શ્રી સુ. ૮

---

૧. સર્વ અતિશયોથી પરિપૂર્ણ, કેવલજ્ઞાનથી શોભતા, અને સમવસરણમાં રહેલા અરિહંત પરમેષ્ઠિના રૂપનું અવલંબન લઇ જે ધ્યાન કરવું તેને રૂપસ્થ ધ્યાન કહે છે. —યોગશાસ્ત્ર ૮ મો પ્રકાશ.

પ્રભુ સંયોગી-સદેહી-રૂપી હોવા છતાં સિદ્ધ સમાન હતા, એમ વિચારી તેમના ભાવસ્વરૂપની સાથે આપણા આત્માની એકતા કરવી તે રૂપસ્થ ધ્યાન છે. —આગમસાર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અર્થ—મોક્ષરૂપી સ્વાભાવિક સુખ અને સંપત્તિ પામવાને માટે શ્રી સુપાર્શ્વનામના સાતમા તીર્થંકર મહારાજને વંદના કરીએ. હે લલના !–સુમતિ ! આ સુપાર્શ્વનાથ પ્રભુ શાંતરસ અમૃતના સમુદ્ર છે; અને ભવરૂપી દરીઆમાં પૂલ અથવા પાજના જેવા છે. ૧

સાત મોટા ભયને (કામ, ક્રોધ, મદ, હર્ષ, રાગ, દ્વેષ અને મિથ્યાત્વના ભયો) ટાળનાર આ સાતમા જિનેશ્વર પ્રભુ છે; માટે મનને સાવધાન કરી ઉપયોગને સ્થિર કરી આ ભગવાનના ચરણકમલની સેવા કરો. ૨

(હવે જુદે જુદે નામે માણસો એજ જિનેશ્વરની સ્તુતિ કરે છે તે બતાવે છે.) શિવ–કર્મના ઉપદ્રવને ટાળનાર, શંકર–સુખનો કરનાર, જગદીશ્વર–જગતના નાથ, ચિદાનંદ–જ્ઞાનાનંદરૂપ, ભગવાન્–ઐશ્વર્યવાન્, (ભગ શબ્દના બાર અર્થ છે, તેમાં યોનિ અને સૂર્ય એ બે અર્થ બાદ કરી બાકીના સર્વ ગુણોવાળા.), જિન–રાગદ્વેષ શત્રુઓને જીતનાર, અરિહા–કર્મશત્રુને હણનાર, તીર્થંકર–ધર્મતીર્થના પ્રવર્તાવનાર, જ્યોતિસ્વરૂપ–શુભ ચૈતન્યરૂપ–એ સર્વ ગુણે કરી યુક્ત આપ પ્રભુ છો કે જેની સમાન કોઇ નથી. ૩

વળી અલખ—લખ્યો (જાણ્યો) ન જાય તેવા, નિયંજન–અંજન એટલે લેપ વગરના વચ્છલ–વત્સલ એટલે સર્વ પ્રાણીઓને હિતકારી, સર્વ પ્રાણીઓના વિશ્રામ–સત્તા પામવાના સ્થાનક, હમેશાં ભયથી બચાવનાર, પૂર્ણ–સંપૂર્ણપણું પામેલા અને આત્મરામ એટલે આત્મામાં રહેલા એવા પણ આપજ છો. ૪

હે પ્રભુ ! આપ વીતરાગ—રાગ જેનામાંથી ગયો છે એવા, અને મદ–ગર્વ, કલ્પના, રતિ–પ્રીતિ, અરતિ–પીડા, ભય તથા શોક એ માનસિક વિકારોથી, તથા નિદ્રા, તંદ્રા (આળસ), દુર્દશા (દુષ્ટ સ્થિતિ) એ શારીરિક વિકારોથી રહિત છો. વળી અબાધિતયોગી એટલે મન, વચન, અને કાયા એ ત્રણેના યોગથી અબાધિત છો. ૫

આપ પરમપુરૂષ, પરમાત્મા, પરમેશ્વર, પ્રધાન–શ્રેષ્ઠ, પરમ–ઉત્કૃષ્ઠ પદાર્થ જે મોક્ષ તે સ્વરૂપ, પરમેષ્ટી–સર્વોત્કૃષ્ટ, પરમદેવ, અને પ્રમાણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એટલે સ્વસંસિદ્ધ પ્રમાણરૂપ છો—અથવા એમ સર્વ પ્રાણી **પરમાન** એટલે પ્રમાણ કરો !—આપને અવધારો ! માનો. ૬

આપજ વિધિ—વિધાતા, વિરંચી—બ્રહ્મા, વિશ્વંભરૂ—વિશ્વનું પોષણ કરનાર, હ્રષીકેશ—હ્રષીક—(ઇંદ્રિયો)ના ઇશ એટલે સ્વામિ, જગના નાથ, અઘ—પાપને હરનાર, અઘ—પાપને તોડનાર, ધણી છો અને **પરમપદ** એવા મોક્ષના સાથ એટલે સંઘાતી છો. ૭

આવી રીતે અનેક અભિધા—નામોને આપ ધારણ કરનાર છો. એ જુદા જુદા નામથી માણસો આપનુંજ સેવન કરે છે. (આપની સેવામાં એ સર્વેનું સેવન અંતર્ભૂત છે) આ વાતનો પરમાર્થ અનુભવથી સમજવા યોગ્ય છે જે તેના મર્મને—રહસ્યને—જાણે છે—પામે છે તેનો અવતાર આ પ્રભુ પરમાનન્દપ્રપૂર્ણ કરે છે. (એટલે તે પરમાનન્દ જે મોક્ષપદ તેને પામે છે). ૮

## ૪૩.
## અવિરૂદ્ધ દેવસ્વરૂપ.
### રાગ આશાવરી.

**રામ** કહો રહેમાન કહો કોઉ, કહાન કહો મહાદેવરી;
**પા**રસનાથ કહો કોઉ **બ્રહ્મા**, સકલ બ્રહ્મ સ્વયમેવરી. રામ. ૧
ભાજનભેદ કહાવત નાના, એક મૃત્તિકારૂપરી;
તૈસે ખંડ કલ્પના રોપિત, આપ અખંડા સ્વરૂપરી. રામ. ૨
નિજપદ રમે **રામ**સો કહિયે, રહમ કરે **રહ**માનરી;
કર્ષે કરમ **કા**ન સો કહીએ, **મ**હાદેવ નિર્વાણરી. રામ. ૩
પરસે રૂપ **પા**રસ સો કહિયે, બ્રહ્મ ચિન્હે સો **બ્રહ્મ**રી;
ઇહિવિધ સાધો આપ **આ**નંદઘન, ચેતનમય નિઃકર્મરી. રામ. ૪

અર્થ—પ્રભુને ભલે કોઈ **રામ** કહો, કોઇ **રહેમાન**, **કોઈ કહાન**, કોઇ **મ**હાદેવ કહો; કોઇ **પાર્શ્વ**નાથ, કોઇ બ્રહ્મા કહો પણ સર્વ પોતાના સ્વભાવે બ્રહ્મરૂપ છે. ૧

જેવી રીતે આકારના ભેદને લીધે વાસણો જુદે જુદે નામે ઓળખાય છે, છતાં સર્વ એક મૃત્તિકા (માટી) રૂપજ છે, તેવી રીતે પ્રભુના જુદા જુદા અંશ—ગુણની કલ્પનાથી આ વિવિધ નામે તેનું સ્મરણ કર-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વામાં આવે છે, પણ પરમાત્માતો એ સર્વે ગુણોના સમૂહરૂપ એક અભેદ–અખંડ સ્વરૂપ છે.

જુઓ પોતાના પદમાં–સ્વરૂપમાં જે રમે તે **રામ** છે, રહમ–દયા કરે તે **રહમાન** છે, જે કર્મને કર્ષે–છેદે તે કહાન–કૃષ્ણ અને જે નિર્વાણ પામેલ છે તે **મહાદેવ** છે, પોતાના રૂપને જે પરસી–સ્પર્શી તદ્રુપ રહ્યા છે તે **પારસનાથ** છે. જેણે આત્માને ઓળખ્યો છે–સાક્ષાત્કાર કર્યો છે–તે **બ્રહ્મ** છે. એમ જુદી જુદી દૃષ્ટિએ પોતાના આનંદપરિપૂર્ણ ચેતન-મય અને કર્મમલરહિત સ્વરૂપને સાધો. ૩–૪.

## ૪૪.

## સમ્યક્‌ત્વ રત્ન વિના સર્વ ક્રિયા નકામી.

રાગ વેલાવલ.

જબ લગ સમકિત રત્નકું, પાયા નહિ પ્રાણી;
તબ લગે નિજગુણ નવિ વધે, તરૂવિણ જિમ પાણી. જ. ૧
તપ સંયમ કિરિયા કરો, ચિત્ત રાખો ઠામ;
દર્શન વિણ નિષ્ફલ હોએ, જિમ વ્યોમે ચિત્રામ. જ. ૨
સમકિત વિરહિત જીવને, શિવસુખ હોએ કેમ ?
વિણ હેતે કાર્ય ન નીપજે, મૃદ્ વિણ ઘટ જેમ. જ. ૩
પરંપરા કારણ મોક્ષકો, એહે સમકિત મૂલ;
શ્રેણિક પ્રમુખ તણી પરે, હોય સિદ્ધિ અનુકૂલ. જ. ૪
ચારે અનંતાનુબંધીઆ, ત્રિક દર્શન મોહ;
જ્ઞાન કહે જે ક્ષય કરે, વંદુ તેહ જીતકોહ. જ. ૫.

અર્થ—હે (પ્રાણી) ભવ્ય ! જ્યાં લગી સમ્યક્‌ત્વ રૂપી રત્નને મેળવ્યું નથી, ત્યાં સુધી જેમ પાણી વગર ઝાડ ન વધી શકે તેમ પોતાના આત્માના ગુણ વધી શકતા નથી.

(ભલે!) તપ, સંયમ, ક્રિયા (સામાયિક પ્રતિક્રમણાદિ) કરો, અને મનને સ્થિર રાખો, પણ સમકિત વગર તે સર્વે, આકાશમાં ચિત્રામણ કરવાની પેઠે નિષ્ફળ થાય છે. ૨

સમ્યક્‌ત્વ વગરના જીવને શિવ એટલે મોક્ષનું સુખ કેમ હોઇ શકે ? કારણકે જેમ મૃદ્–માટી વગર ઘડો બની શકતો નથી, તેમ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હેતુ (કારણ) વગર કાર્ય નીપજી શકતું નથી. મોક્ષ સુખ એ કાર્ય છે અને તેનું પરંપરા કારણ સમ્યકત્વનું મૂળ છે. શ્રેણિક આદિ રાજાની પેઠે તેનાથી સિદ્ધિ–મોક્ષ અનુકૂળ થાય છે. ૬–૪.

અનંતાનુબંધી ચાર કષાયનો અને ત્રણ દર્શન મોહની (સમકિત મોહની, મિથ્યાત્વ મોહની, મિશ્ર મોહની) નો જે ક્ષય–નાશ કરી ક્ષાયિક સમકીત પામે છે તે જીતકષાયને (તે જીતક્રોધને) જ્ઞાનવિમલસૂરિ કહે છે કે હું વંદુ છું. ૫.

## ૪૫.

## શ્રાવકના ૨૧ ગુણ.

ચોપાઈ.

સદ્‌ગુરૂ કહે નિસુણો ભવિ લોક! ધર્મ વિના ભવ હોયે ફોક;
ગુણ વિણ ધર્મ કીધો પણ તથા, આંક વિના મીંડા હોય યથા. ૧
ધર્મરત્નને તેહજ યોગ, જેહને અંગે ગુણ આભોગ;
શ્રાવકના ગુણ તે એકવીશ, સૂત્રે ભાંખ્યા શ્રી જગદીશ. ૨
પહેલે ગુણે છલ છળીઓ ન હોય, બીજે ઇંદ્રિયપટુતા જોય;
ત્રીજે સૌમ્યસ્વભાવી જાણ, ચોથે લોકપ્રિય શુભવાણ. ૩
ચિત્તસંકલેશ તજે પાંચમે, છટ્ઠે અપજશથી વિરમે;
પરને વંચક નહિ સાતમે, દાક્ષિણ્યવંત હોયે આઠમે. ૪
લજ્જાવંત નર નવમે કહ્યો, કરૂણાકારી દશમે લહ્યો;
એકાદશમે હોયે મધ્યસ્થ, દ્વાદશમે ગુણરાગી પ્રશસ્ત. ૫
ધર્મકથાવલ્લભ તેરમે, શુભપરિવારસહિત ચૌદમે;
ઉત્તરકાલે નિર્જહિતકાર, કરે કાજ પનરમે વિચાર. ૬
ષોડશમે ગુણદોષ વિશેષ, જાણે નિજપર સમોવડ લેખ;
સદાચાર જ્ઞાનાદિક વૃદ્ધ, સત્તરમે સેવે તે સિદ્ધ. ૭
અડદશમે ગુણવંત મહંત, તેહનો વિનય કરે મન ખંત;
ન વિસારે કીધો ઉપકાર, શ્રાવક ગુણ ઓગણીશમો સાર. ૮
ગીતાર્થ સાથે પર અર્થ, વીશમા ગુણનો ધારો અર્થ;
ધર્મકાર્ય કરવે હોય દક્ષ, એકવીશમો ગુણ એ પ્રત્યક્ષ. ૯

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એ માંહેલા ઓગણીશ વિરહિતિ, શ્રાવક ધર્મની નહિ પ્રતિપત્તિ;
ચોથા ચૌદશમા ગુણ વિના, અંગિ કર્યો પણ હારે જના. ૧૦
તે માટે ગુણ અંગે ધરો. જેમ શ્રાવકપણું સુલું વરો;
પંડિત શાંતિવિજયનો શિષ્ય, માનવિજય કહે ધરી જગીશ. ૧૧

દુર્ગતિમાં પડનાર પ્રાણિયોને (પડતાં) ધરી રાખે, અને શુભગતિમાં પહોંચાડે તે ધર્મ. આ ધર્મ વગર ભવ નકામો છે. તો આવા ધર્મરૂપી રત્નને પ્રાપ્ત કરવા માટે યોગ્યતા પ્રથમ હોવી જોઇએ. તે યોગ્યતા ૨૧ ગુણો મેળવવાથી પ્રાપ્ત થાય છે. જેમ મહેલ બાંધતાં પહેલાં જમીન સાફ કરી પાયાની મજબૂતી કરવી ઘટે છે, તેવીજ રીતે ધર્મની ઇચ્છા કર્યા પહેલાં આ ગુણો બરાબર પ્રાપ્ત કરવાના છે. જેમ એકડા વગરનાં ગમે તેટલાં મીંડાં હોય તો તેની કિંમત કાંઈપણ નથી, તેમ ગુણ વગર ધર્મ પળાતો નથી. આ ૨૧ ગુણો નીચે પ્રમાણે છેઃ-

૧. અક્ષુદ્ર-ગંભીર, ઉછાંછળી બુદ્ધિ વગરનો, સૂક્ષ્મ બુદ્ધિવાળો. તેથી સ્વ અને પરને ઉપકાર આવા ગુણવાળો કરી શકે છે. આમાં છળકપટ હોતું નથી. ૨ રૂપવાન્-સંપૂર્ણ અંગોપાંગવાળો, પાંચ ઇંદ્રિયોથી સુંદર દેખાતો, અને સારા બાંધાવાળો. આવો તપસંયમાદિક અનુષ્ઠાન કરી શકે છે. ૩ સૌમ્ય-શાંત સ્વભાવવાળો. આવો પ્રાયે પાપથી ભરેલા કામમાં નહિ પ્રવર્તે અને સુખે સેવાઇ શકાય તેમજ બીજાઓને પણ શાંતિનો આપનાર થઇ પડે છે. ૪. લોકપ્રિય-જે દાન વિનય અને શીલથી યુક્ત હોઇ આ લોક અને પરલોકથી વિરૂદ્ધ કામો ન કરવાથી લોકોને પ્રિય થાય તે. આ લોકોને ધર્મમાં બહુ માન ઉપજાવે છે. ૫. અક્રૂર-ક્રૂર એટલે કિલષ્ટ પરિણામી હોય નહિ તે. અહિં કિલષ્ટ પરિણામી એટલે મત્સરાદિકથી દુષ્ટિત પરિણામ વાળો. ૬. ભીરૂ-આ લોકના અને પરલોકના સંકટો વિચારીનેજ જે પાપમાં નહિ પ્રવર્તે અને અપજશના કલંકથી ડરતો રહે તે. ૭. અશઠ-બીજાને જે ઠગતો નથી તે. આ વિશ્વાસ કરવા યોગ્ય અને વખાણવા યોગ્ય રહે છે, અને ભાવપૂર્વક ઉદ્યમ કરે છે તેથી તે ધર્મને યોગ્ય છે. ૮. સુદાક્ષિણ્ય-પોતાનું કાર્ય મૂકીને બીજાને ઉપકાર કરતો રહેનાર. આનું વાક્ય સૌ કોઇ કબૂલ રાખે છે તેથી તે ધર્મને યોગ્ય છે. ૯. લજ્જાળુ-નાનામાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નાનાં અકાર્યને પણ દૂર રાખનાર. આવો સદાચાર આચરે છે અને સ્વીકારેલ વાતને કોઈ પણ રીતે મુકતો નથી. ૧૦. દયાલુ–કરૂણાવંત. ૧૧. મધ્યસ્થસૌમ્યદૃષ્ટિ–આ ખરા ધર્મ વિચારને સાંભળી શકે છે, અને ગુણોના સાથે જોડાઇ દોષોને દૂર તજી શકે છે. ૧૨. ગુણરાગી –ગુણવાન્ જનોનું બહુમાન કરે છે, નિર્ગુણીઓની ઉપેક્ષા કરે છે, ગુણનો સંગ્રહ કરવામાં પ્રવર્તે છે અને પામેલા ગુણને મલિન કરતો નથી. ૧૩. સત્કથ–શુભ કથા–ધર્મ કથા કરનાર. અશુભ કથાના પ્રસંગથી મન કલુષિત થાય છે અને વિવેકરત્ન નાશ પામે છે અને ધર્મ તો વિવેક પ્રધાન રહેલ છે. તો ધર્મના અર્થીએ સત્કથ થવું જોઇએ. ૧૪ સુપક્ષ– અનુકૂળ અને ધર્મશીલ પરિવાર સહિત સદાચાર યુક્ત. આવો પુરૂષ નિર્વિઘ્નપણે ધર્મ કરી શકે છે. ૧૫. દીર્ઘદર્શી–લાંબી દૃષ્ટિ (વિચાર) વાળો. આવો પુરૂષ જે જે કામ પરિણામે સુંદર હોય–બહુ લાભ અને થોડા ક્લેશવાળું હોય અને ઘણા જનને વખાણવા લાયક હોય તે તે કામજ શરૂ કરે છે. ૧૬. વિશેષજ્ઞ–અપક્ષપાતપણે કરી વસ્તુઓના ગુણ દોષ જાણી શકે છે માટે પ્રાયે કરીને તેવો પુરૂષજ ઉત્તમ ધર્મને યોગ્ય છે. ૧૭. વૃદ્ધાનુગ–સદાચાર જ્ઞાનાદિથી જે વૃદ્ધ હોય છે તે પાકી બુદ્ધિવાળો હોવાથી પાપાચારમાં નહિજ પ્રવર્તે–એવાની પાછળ ચાલનાર હોય તે. આવો પણ પાપાચારમાં પ્રવર્તતો નથી, કારણ કે સોબત પ્રમાણે ગુણ આવે છે. ૧૮. વિનયી–વિનય એજ સમ્યગ્જ્ઞાન– દર્શન વગેરે સઘળા ગુણોનું મૂળ છે, અને તે ગુણોજ સુખનાં મૂળ છે. તેથી વિનીત તે પ્રશસ્ત છે. વિનયી જે ગુણવંત મહંત છે તેનો વિનય કરે છે તેથી પોતે ગુણવંત અને મહાન્ થાય છે. ૧૯, કૃતજ્ઞ–ધર્મગુરૂ વગેરેને ખરી બુદ્ધિથી પરમોપકારી ગણી તેમના ઉપકાર ભૂલતો નથી. તેમનું બહુમાન કરે છે તેથી ગુણોની વૃદ્ધિ થાય છે, માટે કૃતજ્ઞજ બીજા ગુણોને યોગ્ય ગણાય છે. ૨૦. પરહિતાર્થકારી–પરનું હિત સાધવામાં તૈયાર રહેનાર. આવો પુરૂષ નિઃસ્પૃહ હોઇ મહાસત્ત્વવાન્ રહી બીજાઓને પણ માર્ગમાં સ્થાપે છે. ૨૧. લબ્ધલક્ષ્ય–લક્ષ્ય એટલે શીખવા લાયક અનુષ્ઠાન જેને પ્રાપ્ત થયું છે તે. આ ધર્મકાર્ય કરવામાં દક્ષ–ડાહ્યો હોય છે.

**સમાપ્ત.**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust